

સફરનામા : પુસ્તક શ્રેણી : પુસ્તક-૩
સફરનામા
ઉત્તર ગુજરાત
: લેખન :
સરૂપ ધ્રુવ
: પ્રકાશન :
'દર્શન'
અમદાવાદ



સફરનામા : પુસ્તક શ્રેણી : પુસ્તક-3

# સફરનામા

## ઉત્તર ગુજરાત

•

•

: લેખન :

સરૂપ ધ્રુવ

: પ્રકાશન :

**‘દર્શન’**

અમદાવાદ

**SAFARNAMA : PUSTAK SHRENI : PUSTAK - 3**

**UTTAR GUJARAT**

by Saroop Dhruv

© Saroop Dhruv

**આવૃત્તિ- 1**

**વર્ષ : 2015**

**નકલ : 500**

| | | |
|---|---|---|
| **સહયોગ રાશિ :** | : | Rs. 150.00 |
| **વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** | : | Rs. 75.00 |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | **કે. શ્રીનિવાસ.** |
| **લે-આઉટ** | : | **ઈશ્વરભાઈ પ્રજાપતિ** |
| **મુદ્રક** | : | **સત્યમ્ પ્રિન્ટ** |

**પ્રકાશક-વિતરક :** **'દર્શન'**, 19-બી, પહેલો માળ, વિશ્વનગર સોસાયટી, વિશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ-380051

**રજી. સરનામું :** 9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક વિસ્તાર, પો. વેજલપુર, અમદાવાદ -380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : **darshan.org@gmail.com**

**વેબ સાઈટ** : **www.darshanahmedabad.org**

## અમે આભારી છીએ

- 'પ્રેમલ જ્યોતિ' પરિવાર (ગુજરાત જેસુઈટ સોસાયટી).
- 'સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ'નાં તાલીમાર્થી (યુવા) સાથીઓ.
- 'સાઝા સાંસ્કૃતિક અભિયાન' અને 'ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવ' ના બિરાદર સાથીઓ.
- 'જનવિકાસ; ઉત્થાન; સફર; અમન સમુદાય અને અન્ય સ્વૈચ્છિક સંગઠનોનાં સાથીઓ.
- 'સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ' - સૂરતના ડો.કિરણ દેસાઈ અને ડો. સત્યકામ જોષી.
- સાંસ્કૃતિક અભ્યાસુ શ્રી સંજય ચોક્સી (સૂરત).
- શ્રી ચંદ્રકાંત કડિયા
- **Mensen met een Missie** (નૅધરલેન્ડ)
- કેટલાંક વિદેશી અને ભારતીય સંસ્કૃતિ અભ્યાસુઓ.
- 'દર્શન'નાં સહકર્મીઓ - કે.શ્રીનિવાસ; નિયતિ ગાંધી.
- બિરાદર ઈશ્વરભાઈ પ્રજાપતિ.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે... : હિરેન ગાંધી** | | 1 |
| | ... થોડુંક પહેલાં | 4 |
| **મુકામ - 1.** | શામળાજી - મંદિર એટલે?... | 12 |
| **મુકામ - 2.** | પોળો ભણી | 32 |
| **મુકામ - 3.** | સાબરકાંઠાને સીમાડેથી | 43 |
| **મુકામ - 4.** | કુંભારિયાનાં જૈન મંદિરો - અંતરિયાળ અલૌકિકતા | 50 |
| **મુકામ - 5.** | અંબાજી | 56 |
| **મુકામ- 6.** | બાલારામ થઈને તારંગા | 70 |
| **મુકામ- 7.** | તારંગા | 73 |
| **મુકામ- 8.** | તારણમાતા-ધારણમાતા - કોની કોની માતા? | 84 |
| **મુકામ- 9.** | વડનગર - જૂના સોના ઉપર નવો ગિલેટ! | 91 |
| **મુકામ - 10.** | સિદ્ધપુર - એક ઉપર એક ઉપર એક ઉપર એક... | 105 |
| **મુકામ - 11.** | ઊંઝા - ઊમિયા માતા | 116 |
| **મુકામ - 12.** | મીરા દાતાર | 121 |
| **મુકામ - 13.** | પાટણ | 134 |
| **મુકામ - 14.** | મોઢેરા - ભૂંસાયેલા દેવતાનું ભવ્ય ખંડેર | 162 |
| **મુકામ - 15.** | બહુચરાજી / બેચરાજી - સમજણની સીમાઓ વિસ્તરતી જાય છે... | 176 |
| **મુકામ - 16.** | ઊંટેશ્વરી માતા - ભારતીયકરણ, હિંદુકરણ કે ગુજરાતીકરણ? | 187 |
| **મુકામ - 17.** | અડાલજ - વાત અધૂરી - વાવ અધૂરી | 199 |
| ... અને થોડુંક પછી - (સમાપનઃ ઉત્તર ગુજરાત) | | 206 |
| **પરિશિષ્ટ -1.** | પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ | 212 |
| **પરિશિષ્ટ** -2. | સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ | 221 |
| **પરિશિષ્ટ -3.** | ઉત્તર ગુજરાત સંદર્ભ સૂચિ | 225 |
| **દર્શનનાં પ્રકાશનો** | | 226 |




## એક લટાર : સંસ્કૃતિની વાટે-ઘાટે...

આ પુસ્તિકાશ્રેણી એક લટાર છે- ગુજરાતની સદીઓ પુરાણી ભાતીગળ અને સહિયારી સંસ્કૃતિઓની. અત્યંત રોચક અને અલ્હાદક છે- આ લટાર; પણ સાથે સાથે એ અનેક તીખા, તૂરા અને કડવા સવાલો પણ ઉજાગર કરતી જાય છે. અને એ સવાલોના મૂળમાં છે - છેલ્લા થોડા દાયકાથી ગુજરાતની સંસ્કૃતિઓ સાથે થઈ રહેલ - રાજનીતિની સેળભેળ. ગુજરાતની 'મહાજન'ના નામે ઓળખાતી 'વ્યાપારી સંસ્કૃતિ'એ સર્જેલી એક નોંધપાત્ર વિડંબના ભણી પણ આપણું ધ્યાન ખેંચે છે. છેક પુરાણકાળથી માંડીને વીસમી સદી સુધીમાં ગુજરાતના સાહસિક શ્રમજીવીઓ, કલાકારો, કારીગરો, ખલાસી-ખારવાઓ, વ્યાપારીઓ અને શાસકોએ ગુજરાતની વિવિધતાપૂર્ણ ભૌગોલિક વાસ્તવિકતાઓને આધાર બનાવી સર્જેલા ભાતીગળ અને સહિયારા સાંસ્કૃતિક વારસાઓમાંથી કેટલાંક વારસાઓ પ્રત્યે આજના ગુજરાતીઓ અને શાસકો સદંતર આંખ આડા કાન કરતા રહે છે અથવા પછી એને તદ્દન અવાવરૂ બનાવી દેવાની તજવીજો કરે છે; અને બીજી તરફ બીજા કેટલાક પસંદગીના વારસાઓને ચોક્કસ રંગેરૂપે રંગી, એમાં ચોક્કસ પ્રકારના સંદર્ભોનું આરોપણ કરી નવા ઘાટઘૂટ સાથે આકર્ષક પેકેજીસમાં પેકેજીંગ કરી એનો આધુનિક ઢબે મોટાપાયે પ્રચાર-પ્રસાર કરાઈ રહ્યો છે- અને એ પણ કાં તો 'પ્રવાસન ઉદ્યોગ'ના વિકાસ માટે કાં પછી એકરંગી સંસ્કૃતિના ભ્રામક ખ્યાલને વાસ્તવિકતા તરીકે ઠસાવવા માટે.

આજના ગુજરાતના આવા 'પ્રોસેસ્ડ કલ્ચર' (નિશ્ચિત સાંસ્કૃતિક પ્રક્રિયાઓ વડે હકીકતો સાથે શક્યતા - સંભાવનાઓ, વાયકાઓ, ભ્રમણાઓ, દુરાગ્રહો-

પૂર્વગ્રહો વગેરેની ભેળસેળ કરી તૈયાર કરાયેલ સાંસ્કૃતિક પેકેજીસ)ની પ્રચાર દોડ અને બજારદોડમાં એ સહિયારી અને ભાતીગળ સંસ્કૃતિઓની 'ઓર્ગેનિક' (પ્રાકૃતિક) 'ખુશ્બૂ' અને તેનાં 'સ્વાસ્થ્યપ્રદ' તત્વોને તદ્દન નામશેષ કરી દેવાયેલ છે. સવાલ એ ઊભો થાય છે કે- કેમ આ 'પ્રોસેસ્ડ કલ્ચર' બતાડાય છે, સંભાળાવાય છે? કોણ રમી રહ્યું છે આ સાંસ્કૃતિક રાજનીતિની રમત? આજની બજાર સંસ્કૃતિ? ગુજરાતમાં વધતી જતી સાંસ્કૃતિક કટ્ટરતા? સંસ્કૃતિ અને રાજનીતિની ભેળસેળ? આ લટારનો હેતુ આ અને આવા સવાલોના ઉત્તરો આપવાનો નથી; પરંતુ આવા સવાલો ઉજાગર કરવાનો જરૂર છે.

આ સફરનામાઓ આપણને બૌધ્ધ, જૈન, ઇસ્લામી, હિન્દુ, ખ્રિસ્તી જેવી ધાર્મિક સંસ્કૃતિઓની સાથે સાથે વૈષ્ણવ, સ્વામિનારાયણ, સૂફી અને ભગત સંપ્રદાયોની સાંપ્રદાયિક સંસ્કૃતિઓનો પરિચય પણ કરાવે છે. એ ગુજરાત અને સિંધ પ્રદેશના પેટાળમાં છૂપાયેલી ભવ્ય સિંધુ સભ્યતાની હડપ્પા અને મોંહે - જો - દડો જેવી આર્યેતર સંસ્કૃતિઓની પણ ઝલક તાદૃષ્ય કરે છે. સફરોના આ અહેવાલોમાં ઇતિહાસ પણ છે, વર્ણનો પણ છે, માહિતી પણ છે, વિશ્લેષણ પણ છે અને સંસ્કૃતિઓને જોવા-સમજવાનો નિખાલસ, તટસ્થ અને વૈજ્ઞાનિક ઢબનો દૃષ્ટિકોણ પણ છે. આ દૃષ્ટિકોણ કોઇ વિદ્વાન અધ્યાપકનો કે શૈક્ષણિક સ્વરૂપનો નથી. એ જીજ્ઞાસુ અભ્યાસુનો છે, સાંસ્કૃતિક પ્રવાસીનો છે, જનવાદી સાંસ્કૃતિક કર્મશીલનો છે. વળી એ આલેખાયા છે- જનવાદી સર્જકની કેળવાયેલી કલમ વડે અને એથી જ એ કેટલાક સીધા-સોંસરા સવાલો-વિધાનોને અત્યંત માર્મિક અને કલાત્મક સ્વરૂપે નિરૂપી શકાઇ છે.

દેખીતી રીતે પ્રવાસવર્ણન જેવા લાગતા આ સફરનામાઓમાં પાત્રો છે, સંવાદો છે, પાત્રોના મનોભાવો છે, મત-મતાંતરો છે, ચર્ચાઓ છે અને વળી ક્યાંક ક્યાંક લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને શિષ્ટ ગુજરાતી સાહિત્યનો છંટકાવ પણ છે. આ સફરનામાઓમાં મોટાભાગનાં પાત્રો વાસ્તવ અને કલ્પનાના મિશ્રણ વડે સર્જાયાં છે. તો વળી રૂપેણ બંદરનાં ફાતમાબેન, કેવડિયાના મૂળજીકાકા, સરદાર સ્ટેચ્યૂના વિસ્તારોના સક્રિય કર્મશીલ લખનભાઇ જેવા પાત્રો તદ્દન





વાસ્તવિક છે. આ તમામ લાક્ષણિકતાઓના કારણે આ સફરનામાઓની રજૂઆતની શૈલી-પ્રસ્તુતિ-ખાસ્સી જીવંત અને રસપ્રદ બની છે.

છેલ્લા થોડા દાયકાથી કેટલાંક કટ્ટરવાદી સાંસ્કૃતિક સંગઠનો-પરિબળોએ ગુજરાતની વૈવિધ્યસભર, રંગબેરંગી સંસ્કૃતિઓને એક જ રંગમાં રંગવાના ખતરનાક, જીવલેણ અખતરા(પ્રયોગો) શરૂ કર્યા છે અને બીજી તરફ 'વિકાસ ભૂખ્યા' ગુજરાતીઓએ આજની યુવા પેઢીને સંસ્કૃતિઓને એક 'પ્રોડક્ટ' તરીકે જાણતી-નાણતી કરી દીધી છે ત્યારે, છેલ્લાં પાંત્રીસ વર્ષથી સતત યુવા અભ્યાસુ મંડળીઓ સાથે ગુજરાતની 'સાંસ્કૃતિક સફરો' ખેડતાં સાંસ્કૃતિક કર્મશીલ ડૉ.સરૂપ ધ્રુવનો આ સાંસ્કૃતિક હસ્તક્ષેપ સમયસરનો અને સચોટ લાગે છે. આ હાથપોથીઓ જરૂરથી સાંસ્કૃતિક, સામાજિક અને રાજનૈતિક બાબતોમાં રસ ધરાવતા યુવાઓ, અભ્યાસુઓ, તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ તેમ જ કર્મશીલો માટે નવા સાંસ્કૃતિક ઉઘાડની દિશા ચીંધનાર દીવાદાંડી તરફની લટાર પૂરવાર થશે.

ગઇ સદીમાં હિટલરના સમયના જર્મનીએ આપણને (સમગ્ર માનવજાતને) શીખવેલો પેલો પાઠ આપણે કદી ભૂલી ન શકીએ. 'ફાસીવાદ હંમેશા સંસ્કૃતિના માર્ગે આવે છે અને પછી તે આખાયે સમાજના દિલો-દિમાગ ઉપર કબ્જો જમાવે છે.' જર્મનીના એ કાળમાં જ બર્તોલ્ત બ્રેખ્ને આ હકીકતને હંમેશા માટે યાદ અપાવવા જ પેલી પ્રસિધ્ધ કાવ્યપંક્તિ સર્જી હતી-

"શું અંધકારનાં પણ ગીત ગવાશે?...

હા! અંધકારમાં અંધકારનાં પણ ગીત ગવાશે...!"

આ સફરનામા 'અંધકારમાં અંધકારનાં ગીત' સમાન છે.

**હિરેન ગાંધી**

22 મે, 2015.

## ... થોડુંક પહેલાં

સાંસ્કૃતિક તાલીમાર્થીઓની સાથે બેસીને ચિંતન અને રચના ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસની ભૂમિકા ચર્ચી રહ્યાં હતાં. સ્વાભાવિક રીતે જ જૂથમાંથી પ્રશ્ન આવ્યો કે આને આપણે શા માટે 'સાંસ્કૃતિક પ્રવાસ' કહીએ છીએ?

જવાબમાં રચનાએ કહ્યું કે આ પ્રવાસનો મુખ્ય હેતુ ગુજરાતની સંસ્કૃતિનો પરિચય આપવાનો નાનકડો પ્રયાસ છે.

શેખરના મનમાં લાગલો સવાલ ઊઠ્યો અને એ તેણે બધાંની વચ્ચે મૂક્યો: ''આ 'સંસ્કૃતિ' તે 'કોની' સંસ્કૃતિ? ગુજરાત તો ભાતીગળ પ્રદેશ છે છતાં પણ અમુક સંસ્કૃતિને જ 'મુખ્ય પ્રવાહની સંસ્કૃતિ', 'આ જ તો છે ગુજરાતની સંસ્કૃતિ' એમ કહીને સમાજના તમામ વર્ગો- સમુદાયો ઉપર લાદવામાં આવી છે... તો પછી આપણે પણ..?''

''શેખર, આમ તો તારી વાત સાચી છે; આપણે કદાચ ઉપર ઉપરથી તો કહેવાતા મુખ્ય પ્રવાહની સંસ્કૃતિને ઓળખવાનો પ્રયાસ કરવાનાં છીએ પણ એમ કરતાં કરતાં સ્વાભાવિક રીતે જ એની સમાંતરે અને તેનાથી સામા પ્રવાહે ચાલતી લોકસંસ્કૃતિઓ અથવા તો હાંસિયા ઉપર ધક્કેલી દેવાયેલા લોકસમુદાયોની સંસ્કૃતિઓ વિશે પણ સીધી યા આડકતરી ઓળખ મળવાની જ છે. ખરેખર તો એ સવાલો મહત્વના છે કે આ પ્રયાસથી સંસ્કૃતિ વિશેની આપણી સર્વસાધારણ (જનરલ) સમજદારીમાં શો ઊમેરો થશે? કેવા પૂર્વગ્રહો-ગેરસમજો ઓગળશે? આખરે તો આપણે સૌ સાંસ્કૃતિક ફાસીવાદનો





સામનો કરી રહ્યાં છીએ; તો એ સંદર્ભે આ પ્રવાસ આપણી સજ્જતામાં શો વધારો કરી શકશે એ નોંધવાનું છે.''

મીના અને યાસ્મિન અંદરોઅંદર કંઇક ગૂસપૂસ કરી રહ્યાં હતાં. ચિંતને પૂછ્યું: ''અરે, અંદર અંદર કેમ મૂંઝાઓ છો? કંઇ પૂછવું છે તમારે?''

છેવટે મીનાએ મૌન તોડ્યું: ''ચિંતનભાઇ, આ સંસ્કૃતિ શબ્દ જરા બરોબર સમજાવો ને!''

### *સંસ્કૃતિ અને સભ્યતા એટલે?*

ચિંતને મંડળી તરફ ભરપૂર નજર નાંખીને શરૂ કર્યું: ''માનવ સમાજના વિકાસની સાથે સંકળાયેલા બે મહત્વના મુદ્દા છે- સભ્યતા અને સંસ્કૃતિ.''

મંડળીમાં વળી ગણગણાટ શરૂ થયો: ''સંસ્કૃતિની વાત કરતાં હતાં એમાં આ 'સભ્યતા'વળી ક્યાંથી આવી?''

''સભ્યતા એટલે તો સારી રીતભાત-ને?''

''પેલું રીક્ષામાં લખેલું હોય છે ને... 'સભ્યતાથી બેસવું!''

''તે એને ને આ સંસ્કૃતિને શું લાગેવળગે?'' થોડાક સ્ફૂટ અને થોડાક અસ્ફૂટ સવાલો તરતા થયા.

લાક્ષણિક સ્મિત સાથે ચિંતને આગળ ચલાવ્યું: ''એક શબ્દના ઘણી વાર એક કરતાં વધારે અર્થો નીકળતા હોય છે.મોટેભાગે એકબીજા સાથે સંકળાયેલા પણ હોઇ શકે. આપણા સંદર્ભમાં 'સભ્યતા'નો અર્થ જોઇએ તો, જીવનને સરળ અને આરામદાયક બનાવવાની ટેક્નીક તે સભ્યતા. જેમાં રહેઠાણો બનાવવાં, પોષાક પહેરવા અને તે બનાવવા, રસોઇ કરવી ને જમવી, નાનાં મોટાં ઓજારો-સાધનો ઘડવાં ને વાપરવાં, વાહનો બનાવવાં અને તેનો ઉપયોગ કરવો, આરોગ્ય જાળવવા સફાઇ-ઇલાજથી માંડીને ઓપરેશન ને ટ્રાન્સપ્લાન્ટ સુધીની ટેક્નીકો વગેરે 'સભ્યતા' ના રૂપો છે. ટૂંકમાં, જીવન જીવવાનાં

સંસાધનો(મિકેનિઝમ-રિસોર્સિઝ)... જેનો ક્રમિક વિકાસ થતો રહે અને વિજ્ઞાન-ટેક્નોલોજી સાથે તે આગળ વધતાં રહે તે સભ્યતા.''

રચનાએ જોડ્યુંઃ ''... અને માનવસમાજનાં વલણો, વર્તનો, આશાઓ, ટેવો-આદતો, ભાષા-બોલીઓ ઉપરાંત અભિવ્યક્તિની અલગ અલગ રીતો-ગાવું, નાચવું, વાદ્યો વગાડવાં, માત્ર રહેઠાણ સિવાયનાં મકાનો બાંધવા, કળા-સ્થાપત્ય ઉપરાંત આસ્થા-શ્રદ્ધા, એને જીવંત રાખવાની પરંપરાઓ, વિધિઓ, રૂઢિ-રિવાજો, તહેવારો... આ બધાંને આપણે 'સંસ્કૃતિ'નાં રૂપો કહીશું. જેના ઘડતરમાં અને પ્રસારમાં ધર્મોનો મોટો ફાળો હોઇ શકે. આમ જુઓ તો સભ્યતા અને સંસ્કૃતિ જીવંત તત્વો છે અને માનવ સમાજ સાથે હંમેશા સંકળાયેલાં હોય છે.''

આ સાંભળીને ધીરજને પ્રશ્ન થયોઃ ''બહેન, સંસ્કૃતિ એટલે તો જે કાંઇ બાપદાદાના વારાથી ચાલતું આવે છે, જૂનવાણી છે - એ નહિ?'' રચનાથી હસી દેવાયું, ''સારું કર્યું પૂછી લીધું- પણ હવે આ સુધારી લેવા જેવી ભૂલ છે. આ માટે 'ઇતિહાસ', 'પરંપરા'વગેરેની સમજણ પણ સ્પષ્ટ કરી લઇએ. ઇતિહાસ એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે- જેનો અર્થ છે- ઇતિ હ આસ- એટલે કે આમ બન્યું હતું. સ્વાભાવિક રીતે આ હકીકત, તથ્ય સાથે જતો મુદ્દો છે અને ભૂતકાળનો મુદ્દો છે. એ વાત સાચી કે માનવસભ્યતા અને સંસ્કૃતિનો પણ ભૂતકાળ હતો પણ એ આજે પણ જીવે છે તે એના એ રૂપે નહિ; બદલાય પણ છે અને અમુક વખત સદંતર લોપાઇ જાય છે- ભૂંસાઇ જાય છે. પરંપરાનો મતલબ છે 'સાંકળ'... જે એકધારી ચાલતી આવે છે. કેટલીક પરંપરા ઐતિહાસિક છે તો કેટલીક જીવંત-હજી ચાલુ છે. જેમ કે ભારતમાં સતી થવાનો રિવાજ હવે ઐતિહાસિક પરંપરા બની ગયો છે પણ દિવસમાં પાંચ વખત નમાઝ પઢવી તે એક જીવંત પરંપરા છે. આવાં ઉદાહરણો તમે જાતે શોધી શકો.''

ચિંતને આગળ કહ્યું: ''આપણા આ પ્રવાસને લાગેવળગે છે ત્યાં સુધી આ પ્રવાસમાં તમને ઇતિહાસ, પરંપરા, જીવંત સભ્યતા-સંસ્કૃતિ બધાંને જોવા





તપાસવાના મોકા મળશે. બધું જોતાં-સમજતાં તમે આ બધાં વચ્ચેનો સંબંધ અને તફાવત પણ ઓળખતાં થશો અને ખાસ તો, સ્થાપિત હિતો, સંસ્કૃતિ-પરંપરા-ઇતિહાસ વગેરેનો ઉપયોગ કે દુરૂપયોગ કેવી રીતે પોતાને મનફાવતી રીતે કરે છે તે પણ સમજતાં થશો. સરવાળે, આ પ્રવાસ તમારી અંદરના સવાલોને બહાર લાવશે.''

રચનાએ પૂરું કરતાં કહ્યું, ''... અને આ સવાલોના જવાબોની શોધ આપણી સહિયારી હશે. જવાબો પણ બધા જ મળી જશે એવી ખાત્રી ન અપાય....કદાચ નવા સવાલો ઊભા થશે, એટલું અચૂક! સંસ્કૃતિ મહાન જ હોય, એનું ગૌરવ કરવું જ પડે, એને માન આપવું જ પડે એવી શિખામણો અને માન્યતાઓથી મુક્ત થઈને, સંસ્કૃતિ સામે સવાલો પૂછતાં થઇએ એની આ શોધયાત્રા બનશે, એટલું નક્કી.'' ચિંતને બધાંને પૂછ્યું- ''હજી કોઇને કંઇ પ્રશ્ન હોય તો પૂછો.ચાલુ પ્રવાસે બહેન તમારી સાથે વાતો તો કરશે જ, છતાંય પૂર્વભૂમિકા સંદર્ભે બાકી રહેતું હોય તો નિઃસંકોચ અત્યારે જ પૂછી લેશો તો સરળતા રહેશે.''

## *'ગુજરાત' એટલે?*

બાદલે સહેજ સંકોચ સાથે સવાલ કર્યો, ''આમ તો ગુજરાત વિશે વધુ જાણવા-સમજવા તો મળવાનું જ છે પણ એક પાયાનો મુદ્દો રહી જતો લાગે છે. આ 'ગુજરાત' નામ કેવી રીતે પડ્યું હશે? દરેક નામની પાછળ કોઇ ને કોઇ મતલબ તો હોય જ ને? જેમ કે, મોટું રાષ્ટ્ર તે 'મહારાષ્ટ્ર', રાજાઓનું સ્થાન તે 'રાજસ્થાન', દેશની બરોબર મધ્યમાં આવ્યો તેથી 'મધ્યપ્રદેશ'... તો ગુજરાતનું શું?''

વંદનાએ વચ્ચે જ કહ્યું, પણ એના અવાજમાં સંકોચ હતો- ''મને થોડોક ખ્યાલ છે, કહું? અમે ગુજરાતી ભાષાવિજ્ઞાન ભણતાં ત્યારે આ જ મુદ્દો નીકળેલો તેથી યાદ છે. 'ગુજરાત'શબ્દ 'ગુર્જર રાષ્ટ્ર' માંથી ઊતરી આવેલો શબ્દ છે. ગૂર્જરજાતિના લોકોએ વસાવ્યું તેથી 'ગૂર્જરરાષ્ટ્ર'- એમ માનવામાં આવે છે.''

હમિદના કાન ચમક્યા ‘‘યહ ગૂર્જર લોગ તો વે જાટ- ગુજ્જર કહે જાતે હૈં, વહી ના?’’

‘‘હા, એ જ લગભગ.’’

‘‘પણ હાલમાં તો ગુજ્જરો હરિયાણા ને પંજાબમાં વસે છે ને?’’

‘‘હા, પણ પ્રજાઓ અને અનેક જાતિ-સમુદાયોની અવરજવર તો હજારો વર્ષોથી અહીં થતી રહી છે. ત્રણ તરફ સમુદ્ર અને એક તરફ હિમાલયવાળા આ ભૂખંડનું બહુરંગીપણું તેની ભૌગોલિક સ્થાન- સ્થિતિને પણ આભારી છે.’’

‘‘બહેન, તમે કેમ ભૂખંડ શબ્દ વાપર્યો? - દેશ નહિ?’’ મીનાના સાદા સવાલનો જવાબ ચિંતને આપ્યો ત્યારે સમજાયું કે ખરેખર, દેશ-રાષ્ટ્ર-રાજ્ય... જેવા શબ્દો સમજવાની પણ જરૂર હોય છે. ‘‘આપણો દેશ ‘ભારત’ એક રાષ્ટ્ર તરીકે તો દોઢ સોએક વર્ષથી જ ઓળખાય છે. અને આપણે જેને ‘રાષ્ટ્ર’કહીએ છીએ તે અભિગમ(ખયાલ) મૂળે આધુનિકતાની દેણ છે. મતલબ રાષ્ટ્ર-રાજ્યની ભાવના-વિભાવના લગભગ દોઢ સો - બસો વર્ષ દરમ્યાન જ ઘડાતી આવી છે. પણ સદીઓથી અહીં કેટલીયે પ્રજાતિઓ આવતી રહી છે, વસતી રહી છે, સ્થળાંતર કરતી રહી છે. ભારતની ત્રણ બાજુએ દરિયો છે, અને ઉત્તરે પર્વતમાળાઓ છે. આ તમામ રસ્તેથી આર્યો, શકો, હૂણો એવા અનેક સમુદાયો અહીં આવ્યા, અહીંના નદીકિનારાનાં ફળદ્રૂપ મેદાનોમાં વસવાટ કર્યો, ખેતી કરી, ગામ વસાવ્યાં... સભ્યતા અને સંસ્કૃતિ- બંને ખિલવ્યાં. આ ગૂર્જરો વિશે પણ કેટલાક વિદ્વાનોના મત છે કે તેઓ મધ્યએશિયા અને રશિયાની દક્ષિણે આવેલા જ્યોર્જિયા નામે પ્રદેશમાંથી દોઢેક હજાર વર્ષ પહેલાં પોતાનાં પશુધન સાથે અહીં ઊતરી આવ્યાં હતાં અને પશ્ચિમ ભારતના આ વિસ્તારોમાં વસ્યા. જે ગૂર્જરો અહીં વસ્યા, તેમના નામ ઉપરથી આ વિસ્તારને ‘ગૂર્જરદેશ’ કે ‘ગૂર્જર રાષ્ટ્ર’ નામ મળ્યું. ઉચ્ચારભેદે, લોકજીભે ઘસાતાં ઘસાતાં એ ગુજરાત બન્યું તે પણ છેક 13-14 મી સદી પછી. 11મી સદીમાં મોહમ્મદ ગઝની સાથે આવેલા તેના ઇતિહાસકાર બરનીએ પોતાના





ઇતિહાસમાં આ પ્રદેશને ‘ગુજ્જેરાત’ તરીકે ઓળખાવ્યો. અંગ્રેજોથીયે પહેલાં અહીં પોર્ચુંગીઝો આવેલા, તેઓ વળી ‘ગુઝેરાટ’ બોલતા અને લખતા. આમ ફક્ત 600 વર્ષથી આ પ્રદેશ ‘ગુજરાત’ તરીકે ઓળખાયો એમ કહેવાય.’’ ચિંતને નામકરણની વિગતો આપી.

રચનાએ ઊમેર્યુંઃ ‘‘જો કે આજે જેને ‘ગુજરાત’ કહીએ છીએ એ એની રાજકીય ઓળખ છે અને 1960માં ઓફિશ્યલી આ વિસ્તારને આ નામ મળ્યું એમ કહેવાય. આજે એના અલગ અલગ ભૌગોલિક વિભાગો છે, તે મધ્યકાળથી સ્વાતંત્ર્ય સુધી વળી અલગ અલગ પ્રાદેશિક રાજ્યો / રજવાડાં હતાં; જેમ કે ઉત્તર ગુજરાતમાં વડનગરથી સાબરમતી સુધીનો પ્રદેશ આનર્ત કહેવાતો; જે પુરાણોમાં ઇ.સ.5મી થી 11મી સદી દરમ્યાન, ઓળખાયો છે. નર્મદા કિનારાથી છેક મહારાષ્ટ્રના નાલા સોપારા સુધીના પ્રદેશને ‘લાટ’ કહેવાતો. જૈન પ્રબંધોમાં આ નામ જાણીતું છે. પુરાણો અને મહાભારતમાં જેને ‘સુરાષ્ટ્ર’ કહ્યો છે તે આજનું સૌરાષ્ટ્ર છે. ‘કચ્છ’નો કોઇ પ્રાચીન ઉલ્લેખ નથી. ફક્ત મધ્યકાલીન ઇતિહાસમાં કચ્છ તો સિંધના એક ભાગ તરીકે ઓળખાતો અને એ સિંધ તો આજે પાકિસ્તાનમાં છે. અને ખરું પૂછો તો આ તો નજીકનો બે-અઢી હજાર વર્ષનો જ ઇતિહાસ છે; એથીયે પહેલાં મોંએં-જો-દડો અને લોથલ, ધોળાવીરા ને દેશળપરની વાત કરીએ તો વળી સિંધુસભ્યતા દરમ્યાન આ ભૌગોલિક વિસ્તારનું નામ વળી શુંએ હશે?... લિપિ સમજવાના અભાવે કે લેખિત ઇતિહાસના અભાવે આપણે એ સમય વિશે તો અંધારામાં જ છીએ! એ પણ ‘ગુજરાત’ના ભૌગોલિક સીમાડા કહેવાય!’’

‘‘હજી વિગતોમાં થોડાં ઊંડાં ઊતરીએ તો આખો સૌરાષ્ટ્ર તો 300 થી યે વધુ રાજ્યો- રજવાડાંનો પ્રદેશ હતો. જેના મુખ્ય ભાગો જાણીતા છે તે કહું તો જૂનાગઢને ‘સોરઠ’ કહેતા, અમરેલીને ‘બાબરિયાવાડ’, જામનગર તે ‘હાલાર’, સુરેન્દ્રનગર તે ‘ઝાલાવાડ’, ભાવનગર તે ‘ગોહિલવાડ’, રાજકોટ-પોરબંદર તે ‘બારાડી’, અને દ્વારકા તે ‘ઓખો’ નામે ઓળખાતાં. અને આખું સૌરાષ્ટ્ર ‘કાઠિયાવાડ’ કેમ કહેવાય તે જાણો છો?- હજારો વર્ષ પહેલાં ભૂમધ્ય

સમુદ્ર તરફથી ઊતરી આવેલા સિથિયનો તે કાઠીઓ કહેવાયા અને એમનો પ્રદેશ તે કાઠિયાવાડ! હવે કહો, કેટકેટલા સમુદાયોની મા-ભોમ છે આ કહેવાતું ગુજરાત?!''

''અચ્છા... એનો મતલબ એ કે આજે જે ગુજરાત કહેવાય છે એના તો અનેક ટુકડા હતા...'' શેખરે પોતાની રીતે સમીકરણ માંડ્યું.

''એને ટુકડા કેમ કહેવાય? એ બધા અલગ રાજકીય વિભાગો હતા. અમુક અંશે ભૌગોલિક વૈવિધ્ય પણ હતું જ... અને આજે પણ દરેક વિસ્તારમાં કંઇક આગવી ખાસિયતો બચી ગઇ છે. આપણને આ વૈવિધ્ય પણ જોવા મળશે.'' રચનાએ કહ્યું.

''સરવાળે, એક વાત યાદ રાખવા જેવી ખરી કે આપણે અમુક-તમુક વિસ્તારની સંસ્કૃતિ વિશે અભિમાન રાખતાં હોઇએ છીએ કે આ તો 'અમારી આગવી'સંસ્કૃતિ! હવે વિચારો- અહીં કેટકેટલું મિશ્રણ અને કેટકેટલો પરસ્પરનો પ્રભાવ પડ્યો છે તે સમજવા જેવું છે! 'આગવું'એટલે શું- એ પણ વિચારતાં રહેજો. સભ્યતા અને સંસ્કૃતિ વિવિધ સમયગાળે, વિવિધ પ્રકારની માનવજાતિઓ વચ્ચેના સંબંધો-સંપર્કો અને આદાન-પ્રદાનથી જ આકાર લેતી હોય છે. માનવજાતનો આખો ઇતિહાસ આવા મેળાપો અને મિશ્રણોનો જ ઇતિહાસ છે. એમાં શુદ્ધ, શ્રેષ્ઠ, ઉચ્ચ, પવિત્ર... એવું બધું કંઇ નથી- ન હોઇ શકે; અને જે લોકો આવી વાતો કરે છે, આવા હઠાગ્રહો રાખે છે તેમનો એમાં કંઇક સ્વાર્થ હોય છે એ પણ પકડજો.'' ચિંતને જાણે નવી કેડી ચિંધી આપી.

રચનાએ સમેટતાં કહ્યું, ''અમને લાગે છે કે આપણો આ પ્રવાસ આ તબક્કે કંઇક નવી સમજ અને કંઇકંઇ નવા પ્રશ્નો ઊભા કરશે... જરૂર પડશે આંખ, કાન, મન અને મગજને ખુલ્લાં રાખવાની- હું તો કહીશ- ખુલ્લાં હૈયે જોજો ને જાણજો. મનમાં જે લાગે તે નિખાલસતાથી બોલજો. 'સંસ્કૃતિ' સામેના મૌનની સંસ્કૃતિ આપણે તોડવાની છે, એ છે આપણા પ્રવાસની પહેલી તૈયારી. ફિડબેક મિટીંગ લગભગ રોજેરોજ થશે. બધાં ભાગ લેજો અને વિચારોના





આદાનપ્રદાનનો લ્હાવો લેજો. બીજા સામાન વિશે કોઇ સૂચના નથી આપવાની પણ ડાયરી-પેન-ગમે તો ચિત્રપોથી-હોય તો કેમેરા સાથે રાખજો અને સતતનું દસ્તાવેજીકરણ કરતાં રહેજો. મોકળા રહેજો ને મોકળાશની મજા માણજો.''

ચિંતને જાણે છેલ્લી વાત કરી- ''આનંદ સાથે જાણકારી મળશે અને જાણકારીનું વિશ્લેષણ થતું રહેશે. ટૂંકમાં કહું તો જાગૃત નાગરિક બનવાનો આ એક મઝાનો મોકો છે... તો પછી... ઝંપલાવો!''

★★★

## મુકામ - 1

# શામળાજી

### *મંદિર એટલે?...*

"મને કોઇ પૂછે કે મંદિર એટલે શું? - તો હું એને આ મંદિર બતાવતાં બતાવતાં જવાબ આપવાનો પ્રયત્ન કરું" - રચના આ વાત મંડળીને કહી રહી હતી. સાબરકાંઠાના પૂર્વ છેડે, અરવલ્લીની પર્વતમાળાના એક ખૂણે, મેશ્વો નદીને તટે, ખોબા જેવડી વનરાજિની વચ્ચે ઊભેલા શામળાજીના મંદિરના ચોકમાં સૌ પહોંચી ગયાં હતાં. સૂરજ ઊંચે ચડી રહ્યો હતો. ઉત્તર ગુજરાતના પ્રવાસની આ પહેલી સવાર હતી. બધાં તાજાંમાજાં હતાં, ઉત્સુક પણ.



**શામળાજીનું મંદિર**

મધ્યમ કદનું છતાં પરિપૂર્ણ લાગતું ઘાટીલું મંદિર તડકે રસાઇ ચૂક્યું હતું. ગૂર્જર નાગર શૈલીનું સ્થાપત્ય મૂળમાં કદાચ જૂનું હશે પણ અત્યારે ઊભું છે તે 250-300 વર્ષથી વધુ જૂનું નહિ હોય, તે પણ





વખતોવખતની મરમ્મત પછી. પાંચ મજલાનું કહેવાતું મંદિર ખરેખર ત્રણ મજલાનું છે. સૌથી નીચે જગતી (બેઝ) તેની ઉપર ભમતીમાં વિવિધ સ્તરોમાં શિલ્પ અને ઉપર બે શિખર - આગળ સભામંડપ ઉપરનું સંવરણ શિખર અને પાછળ અંતરાલ અને ગર્ભગૃહને આવરી લેતું વિમાનાકૃતિ શિખર ને ઉપર ધ્વજદંડ. મંદિર ફરતો પથ્થરનો પ્રમાણમાં ઘણો સ્વચ્છ ચોક છે. પ્રાંગણમાં એક તરફ વિસામા માટે શેડવાળા બાંકડા અને બીજી તરફ ઓફિસ - ભેટ ધરવા, જમણની કૂપન લેવા અને ગેસ્ટહાઉસમાં બુકિંગ કરાવવા - ધર્મ અને વ્યવહારનું મિશ્રણ!

પરિસરમાં આવવા માટે, બહાર સરિયામ શેરીમાં પડતું મોટું દ્વાર છે.લાકડાનાં પારંપરિક કમાડ છે.આજુબાજુ હાથીનાં મોટાં શિલ્પ છે, જે ગુજરાતનાં મંદિરોની લાક્ષણિકતા છે. તોરણ ઉપર, મુખ્ય દેવની નિશાની તરીકે વિષ્ણુની ચતુર્ભુજ મૂર્તિ છે - શંખ, ચક્ર, ગદા, પદ્મવાળી.આ મંદિરને ગદાધર શામળાજીનું મંદિર કહેવાય છે. વાયકા મુજબ મંદિર 500 વર્ષ જૂનું છે.

"બહેન, સામાન્ય રીતે આદિવાસી કહેવાતા વિસ્તારમાં સ્થપાયેલા શામળાજી કોઇ આદિવાસી દેવ તો નહિ હોય ને, જેમનું કહેવાતું ઊજળિયાત નામકરણ થઇ ગયું હોય?" "શેખર, તને જે ધારણા થઇ તેને સૈદ્ધાંતિક રૂપ આપવાની કોશિશ પણ ચાલી હતી. 'નવી' વાયકાઓ પણ ચાલી હતી કે આદિવાસીઓને જમીન ખોદતાં મળેલા આ દેવ છે ને ઊજળિયાતોએ પડાવી લીધા... વગેરે. પણ શામળાજી - વિષ્ણુની આ મૂર્તિ આપણે દ્વારકામાં જોઇ અને ડાકોરમાં જોવાનાં...એ પ્રકારની - ચાર હાથવાળી મૂર્તિ છે.પુષ્ટિ કે સ્વામીનારાયણના મૂળમાં રહેલો અસાંપ્રદાયિક ભાગવત્ વૈષ્ણવપંથ આવા નારાયણ - વિષ્ણુ ને ભજે છે જે જૂનાગઢના દામાકુંડમાં અને નરસિંહ મહેતાના ઘરની પ્રતિમારૂપે આપણે જોઇ ચૂક્યાં. આવો વિવાદ ઊભો શા માટે કરવો? આદિવાસીઓનો ધર્મ -પૂજાવિધિ બધું અલગ છે; આપણને જોવા-જાણવા મળવાનું જ છે. આ સ્થળને વિષ્ણુધામ તરીકે જ જોઇએ."

"કોણે બંધાવ્યું હશે, બહેન?"

''પરમાર વંશના શાસનમાં 14મી સદીમાં આ મંદિર બંધાયું હોવાના પ્રમાણ આપણા ઈતિહાસકારો આપે છે. વળી અંદર ગર્ભગૃહના કમાડ પર એક તામ્રપત્ર ઉપર લેખ પણ છે જેમાં વિક્રમ સંવત 1789 માં જિર્ણોદ્ધાર થયાનું નોંધાયું છે.મતલબ કે 17મી સદી પહેલાં ઓલરેડી બની ચૂક્યું હતું.''

''કૈસા હૈ બેન! હમ કિતની ભી કોશિશ કર લે, સાફ સાફ ઐતિહાસિક માહિતી મિલતી હી નહીં હૈ...'' હમિદ બોલ્યો... કંઈક અફસોસ સાથે!

''એ મોટેભાગે હિંદુ ઈમારતો ને તેય જૂની- 18 / 19મી સદી પહેલાંની હોય તો ઈતિહાસના દોર નથી પકડાતાં. ઈતિહાસ લેખનની શીખ તો આપણને ઈસ્લામી શાસકો પાસેથી મળી... પણ એટલું જરૂર કહેવું જોઈએ કે મૂળમાં અને વખતોવખતના જિર્ણોદ્ધારોમાં મંદિરનું શાસ્ત્ર બરોબર જળવાયું છે જે પણ એક રીતે કલાની સાથોસાથ આધ્યાત્મિક સજ્જતાની ખાત્રી આપે છે.

આટલી સજ્જતા સાથે મંડળી મંદિર તરફ આગળ વધી. પહેલાં દર્શન પછી શિક્ષણ - એ ક્રમ રાખ્યો. અંદર પ્રવેશતાં, ડાબે-જમણે નવા શિલ્પમાં એક તરફ કૃષ્ણનું નાગદમનનું ચિત્ર કોર્યું છે તો બીજી બાજુ વસુદેવ માથે ટોપલીમાં બાલકૃષ્ણને જમના પાર કરાવે છે તે ચિત્ર કોરેલું / ઉપસાવેલું છે. ''વિષ્ણુ-કૃષ્ણનાં મંદિરોમાં આ પ્રકારની સેળભેળ થાય છે.શાસ્ત્ર અને લોકશ્રદ્ધા આમ જ અલગ પડે છે છતાં સાથે પણ રહે છે.''

સભામંડપ અષ્ટકોણ આકારનો છે. દીવાલો ઉપર આછી ફૂલવેલની કોતરણી છે. વચ્ચે કાળા પથ્થરની વિષ્ણુની સમ્મુખ નમસ્કાર-મુદ્રામાં બેઠેલા ગરૂડની પ્રતિમા છે. ''આ ગરૂડ. વિષ્ણુનું વાહન ગણાવ્યું છે. જેમ શિવનું વાહન પોઠિયો અને આપણે જોયેલાં શિવમંદિરોમાં આમ જ આગળ મૂકેલો જોયાનું યાદ હશે.'' ''બહેન, પણ દ્વારકાના મંદિરમાં તો ગરૂડ નહોતું. એવું કેમ?'' વંદનાએ કહ્યું.

''તને ઠીક યાદ રહ્યું છે વંદના. આમ પણ દ્વારકાને વલ્લભાચાર્યની અસરોને લીધે પુષ્ટિમાર્ગનો પાસ ખાસો બેઠો છે. મૂર્તિના સ્વરૂપ સિવાય એને લગભગ કૃષ્ણમંદિર જ બનાવી દીધું છે.''





શામળિયા વિષ્ણુ-કૃષ્ણની ચતુર્ભુજ મૂર્તિને સરસ શણગાર ઉપરાંત ફૂલમાળાઓ પણ ધરાવી હતી. એમના ને દ્વારકાધીશના પોષાકમાં થોડો ફરક દેખાયો. દ્વારકાધીશે પગમાં ચોરણી (સુરવાલ) પહેરેલી; જે કાઠિયાવાડના પુરુષો પહેરે છે પણ શામળાજીએ ધોતિયું પહેરેલું છે. બાકી અંગરખા-મુગટ બધું સરખું છે.

''આ સ્થાનિકતા છે, જે આપણે જ દેવો ઉપર સ્થાપીએ છીએ.'' ગર્ભગૃહમાં ઘીના દીવા ઉપરાંત વીજપ્રકાશ પણ ઝળકતો હતો. પૂજારી મૂર્તિને ફૂલમાળા ચડાવી રહ્યા હતા, જે ભક્તોએ ભેટ ધરી હતી. ભક્તિમય વાતાવરણમાં થોડી મિનીટો ગાળી એમાં એક તથ્ય હાથ લાગ્યું કે બહેનો દર્શન કરતાં કરતાં કંઈને કંઈ પદ-ભજન કે સ્તુતિ-પ્રાર્થના ગણગણતી રહે છે. ભાઈઓ મોટેભાગે શાંત-મૌન હોય છે. ઈશ્વર સાથેની તદ્રૂપતા(ઈન્વોલ્વમેન્ટ) માં ફરક હશે?'' બાદલનું નિરીક્ષણ રસપ્રદ હતું.

બહાર આવીને, રચના સાથે મંદિર એટલે શું - તે શીખવા ચોતરફ ફર્યા, ધીમેધીમે જોતાં જોતાં... ''આવો, મિત્રો, ખરેખર આ મંદિરનું સ્થાપત્ય શું કહેવા માંગે છે તે સમજવાનો પ્રયાસ કરીએ. પહેલાં પણ કદાચ મેં કહ્યું હશે કે મંદિરના બાંધકામનું પ્રાચીન શાસ્ત્ર છે, જે સાતમી સદીમાં રચાયું હતું અને તે પછીથી કે ત્યારથી એ સિદ્ધાંતો પ્રમાણે મંદિરો રચાતાં થયાં છે.''

''એ પ્રમાણે જ રચવાં પડે?... ને એનાથી ફેરફાર થાય તો?'' મીનાને પ્રશ્ન થયો.

''આમ તો લગભગ હજાર-પંદરસો વર્ષ પરંપરા જળવાઈ રહી; પછી નવાં મંદિરોમાં કંઈકંઈ પ્રયોગ થતા રહ્યા... આપણે પણ જોયાં ને! માતાનો મઢ, સોમનાથ, નાગેશ્વર વગેરે મૂળ તત્વ કાયમ રાખીને નાનામોટા બદલાવવાળાં મંદિરો છે ને?'' રચનાએ કહ્યું.ધીરજને નવો પ્રશ્ન થયો- ''એમાં આખા દેશમાં એક સરખાં જ મંદિરો બનાવવાં પડે?'' ''તદ્દન સરખા તો નહિ. સ્થાનિક રંગ એ સ્થાપત્યની મોટી વિશેષતા છે. દક્ષિણ ભારતનાં મંદિરોનાં શિખરો તદ્દન અલગ ભાતના હોય છે અને મહારાષ્ટ્રના વળી અલગ. એ પણ મધ્યકાળમાં બંધાયાં છતાં સ્થાનિકતા મુખ્ય રંગ હતો.'' ''ને એ પ્રમાણે ન બાંધીએ તો?...''

મીનાએ ફરી પ્રશ્ન પૂછ્યો. ''કંઇ નહિ! એવો કોઇ કિસ્સો મેં લેખિત કે મૌખિક ઇતિહાસમાં જાણ્યો તો નથી... કે અમુકને દંડ થયો... વગરે! સરવાળે આ મંદિર પારંપરિક છે, સુંદર છે.'' બાદલે પૂછ્યું: ''બહેન, તમે મુદ્દો ઉઠાવ્યો કે મંદિર એટલે શું... પણ અમારા જેવા માટે તો આ કોઇ મુદ્દો જ નથી. અમે તો સાંભળતાં આવ્યાં છીએ અને માની લીધું છે કે મંદિર એટલે ભગવાન કે ઇશ્વર કે દેવી દેવતાને રાખવાની જગ્યા, જ્યાં બધાં દર્શન કરવા, ભક્તિ કરવા, આશીર્વાદ માગવા જાય. બસ! અને મોટેભાગે તો મંદિર બાંધનાર-સોરી! બંધાવનાર એ ધર્મ પાળનાર રાજા હોય, મંત્રી હોય, શેઠિયા હોય.બસ...!''

''એક રીતે તારી વાત સાચી છે, બાદલ! પણ આપણે આગળ પણ ક્યાંક વાત થઇ ગઇ છે કે માણસ પોતાનાં ઘર કરતાં મંદિર વધારે સુંદર, કિંમતી અને મોટું બનાવડાવે છે, કારણ કે ઇશ્વરના કર્યા કરાવ્યાથી પોતે છે - જીવે છે એનો આભાર માનવા મંદિર શ્રેષ્ઠ ને ચઢિયાતું હોવું જરૂરી. વળી બીજાઓને આકર્ષવા માટે પણ એ સુંદર હોવું જોઇએ. ધર્મના પ્રચાર માટે પણ મંદિરનો મહિમા મોટો હોવો જોઇએ; જેને માટે વિશાળતા, સુંદરતા વગેરે ગુણો હોવા જરૂરી.'' રચનાએ હેતુને વિસ્તાર્યો.

''વળી બંધાવનારને પણ મનમાં એવી ઝંખના હોય ને કે આ સ્થળ સાથે મારું નામ અમ્મર થઈ જાય એટલે ટકાઉ અને મજબૂત પણ બનાવે. જેમ કે ઘરો ગારમાટીનાં પણ મંદિર તો આરસપહાણનું!'' ધીરજે મહત્વનો મુદ્દો કહ્યો.

''બિલકુલ! બીજી એક વિચારસરણી એ પણ છે કે મંદિર એટલે આ સૃષ્ટિ અને એની વચ્ચે આપણું જીવન અને એનીયે કેન્દ્રમાં આ સૃષ્ટિનો સર્જક એટલે કે ઇશ્વર-ભગવાન-દેવી-દેવતા. મતલબ કે, મંદિર બહારથી સુંદર - ભવ્ય... જેમ કે આપણી સૃષ્ટિ છે - કુદરતનાં તત્વો છે; અને અંદરથી અર્થપૂર્ણ; જેમ કે માનવદેહ છે - જેની અંદર શક્તિઓ છે- ભાવનાઓ છે- ચેતના છે એવી રીતે ઇશ્વરની મૂર્તિ છે! બહારથી આકર્ષાઇને ભકતો અંદર જાય તો જીવન પામે, ચેતના પામે, જાગૃતિ ઉજાગર થાય.''





''ઓહો! આટલું બધું તો અમે વિચાર્યું જ નહોતું. મંદિરને દેવો સાથે અને એથી આગળ વધીને શિલ્પ-સ્થાપત્યની શૈલીઓ-વૈવિધ્ય સાથે જોડતાં થયાં છીએ!'' વિલ્સને કહ્યું.

''પન હમ તો શિલ્પ-સ્થાપત્ય વગૈરા પન ઇતના નહીં જાનતે હૈં કિ યે કિસ સ્ટાઇલકા હૈ- કિસ એરિયે કા હૈ- ઇસ કે સિમ્બલકા મતલબ ક્યા હૈ...'' આમિર નિખાલસતાથી બોલ્યો!

''હમેં તો યાં પરસે હી શુરૂઆત કરની હૈગી.'' યાસ્મિનને પણ લાગ્યું.

''બહેન, છૂટીછવાઇ તો સોમનાથ-દ્વારકામાં મંદિર વિષે વાતો ચાલ્યા કરતી હતી પણ વ્યવસ્થિત, સૈદ્ધાંતિક ભેદથી વાત નથી થઇ.'' શેખર બોલ્યો.

''એક કોમ્પેક્ટ નમૂનો સામે હોય જે કોંક્રીટ પણ હોય તો વાત કરવી, વિગતો આપવી સારી પડે. શામળાજી એવું મંદિર છે જેની અપેક્ષા હોય. ચાલો ત્યારે, માંડીને વાત કરીએ. શરૂઆત બહારના સ્ટ્રકચરથી કરવી જોઇએ.''

ચોકના એક ખૂણે જઇને રચનાએ શરૂઆત કરી: ''તમે જોઇ શકો કે પહેલી નજરે જોતાં મંદિરના ત્રણ વિભાગ દેખાય. સભામંડપ કે નૃત્યમંડપ, અંતરાલ અને ગર્ભગૃહ. ત્રણે ભાગને ઢાંકતાં બે કે ત્રણ શિખર હોય: ગોળ-પંચકોણ-ત્રિકોણ કે શંકુ આકારનું.

''આખું મંદિર જેના ઉપર ઊભું છે તે બેસણીને 'જગતી' કહે છે. જગતી ઉપર ચોરસ / ચતુષ્કોણ કે અષ્ટકોણ માળખું હોય છે. તેની બહાર ફરતી બહારની દીવાલોને 'ભમતી' કે 'જંઘા' કહેવાય. જગતી અને જંઘા / ભમતી વિવિધ સ્તરો / થરોથી શોભાવવામાં આવે છે. જેમાં જળ-સ્થળ-આકાશ-અંતરીક્ષ જેવાં પાસાં વિશેના વિચારોને શિલ્પો ઘડીને સાકાર કરવામાં આવે છે. માનવે જે રીતે સૃષ્ટિને જોઇ છે તેનું જ નિરૂપણ એણે મંદિરમાં કર્યું છે.એની પાછળની ભાવના એ છે કે હે ઇશ્વર, તમે જે કંઇ દુનિયામાં સરજ્યું છે તેનો આભાર, એનું સફળ સારરૂપ તે આ- તમારે માટે! વેદોમાં યજ્ઞોની શરૂઆત પણ આ જ ભાવનાથી થઇ હતી.''

ધીરજે સહજ સવાલ કર્યો- ''દુનિયામાં જે કંઇ છે તે બંધુય એક ઈમારતમાં શી રીતે સમાવી શકાય?''

''ના, પણ તે તત્વોનાં પ્રતિનિધિ જેવાં પ્રતીકોને પસંદ કરીને, એનો કલાત્મક ઘાટ ઘડીને તો મૂકી શકાય ને? જેમ કે બેસણીના સૌથી નીચેના સ્તરને 'જળથર' કહે છે. પૃથ્વી ઉપર પાણીનું પ્રમાણ સૌથી વધુ છે તેથી તે ચોમેર લહેરો, તરંગો અને કમળની પાંદડીઓના પ્રતીક દ્વારા મૂર્ત કરવામાં આવે છે. કમળ વળી પૂર્ણતાનું પ્રતીક છે. એના ઉપર મકર / મગરનાં મોંઢાને કલાત્મક રીતે મૂકીને જળમાં થયેલા જીવનને રજૂ કરવામાં આવ્યું. જે જળ - સ્થળ(જમીન) બંનેનું પ્રતિનિધિત્વ કરે છે. તે પછીનો થર તે વનથર- વાઘ, સિંહ, હાથી કે ઘોડા મૂકીને તેને અશ્વથર કે ગજથર નામ આપવામાં આવ્યું છે.પછી ફૂલવેલ, વૃક્ષો, પાન, મોર, હંસ વગેરેની આકૃતિઓ દ્વારા પૃથ્વી અને આકાશ દર્શાવવામાં આવે છે. એની ઉપરના થરને, જે મંદિરના વચ્ચેના ભાગ-જંઘાને શોભાવે છે તે 'નરથર' કહેવાય. ખરેખર તો એમાં નર-નારી તમામ હોય છે.એટલે એને 'માનવથર' કહેવો જોઇએ, પણ પુરાણકાળ-મધ્યકાળમાં જ્યારે મંદિરો બનતાં હશે ત્યારે સમાનતાલક્ષી દૃષ્ટિકોણ ક્યાં હતો?''

''નરથર / માનવથરમાં શું શું હોય બહેન?'' વંદનાને ખૂબ કુતૂહલ હતું.

''અરે જાતજાતની માનવપ્રવૃત્તિઓ કંડારેલી હોય છે. મોટા ભાગનાં મંદિરો સામંતયુગમાં બંધાયા(રાજાશાહી) એટલે સવારી, યુદ્ધોનાં દશ્યો ખાસી બધી જગ્યા રોકતાં હોય. એમાંથી જેને ઝીણવટથી અભ્યાસ કરવો હોય તે જાણી શકે કે અમુક યુગમાં લોકો કેવાં કપડાં પહેરતાં, કેવાં શસ્ત્રો વાપરતાં... યુદ્ધમાં ક્યાં પશુઓને ઉપયોગમાં લેવાતાં... વગરે. બીજા શિલ્પો શિકારનાં જોવા મળે. સિંહ-વાઘ-હાથી-હરણનો શિકાર જોવા મળે. મલ્લકુસ્તી પણ જોવા મળે. ''મંદિર એક રીતે જે તે સમયનું દસ્તાવેજીકરણ પણ છે.'' ''લો, સારી મર્દોવાલી મૂર્તિયાં! ઔરતો કી કોઇ મૂર્તિ નહીં?'' પરવીનનો પ્રશ્ન. ''હૈ તો સહી. દેખતી નહીં હો- યે નાચનેવાલી, ગાનેવાલી, તંબૂરા બજાનેવાલી...?''





આમિરના અવાજમાં ધાર હતી. રચનાને મજા પડી- યુવાનો નવી રીતે વિચારી શકે છે!

''હા, મૂળગત રીતે સમાજે સ્ત્રીઓને 'જોવાની ચીજ' તરીકે જ જોઇ એટલે શિલ્પો પણ એવાં જ થયાં- કૂવાંમાં હોય તે જ હવાડામાં આવે ને? જો કે માનવથરમાં ક્યાંક સ્ત્રીઓની બીજી દૈનિક ક્રિયાઓ પણ જોવા મળે છે જેમ કે વલોણું, માથે ઘડા અને હાથમાં પૂજાનાં ફૂલ લઇ જતી સ્ત્રીઓ, વસ્ત્રો પહેરતી, કાનમાં ઘરેણું પહેરતી, પગમાં પાયલ પહેરતી, માથું ઓળતી, કાજળ લગાવતી... સુંદરીઓ-નર્તકીઓ વિવિધ ક્રિયા કરતી બતાવાઇ છે.અહીં પ્રસૂતિનું પણ એક શિલ્પ છે.'' બધાંના મોંમાંથી સરી પડ્યું: 'ઓહ!'' એ સિવાય અહીં અને મોઢેરામાં જંઘામાં જ રામાયણ અને મહાભારતનાં શિલ્પ કોતરાયાં છે.''

''કેમ, ધર્મગ્રંથોના ચિત્રો?'' વિલ્સનને સવાલ થયો.

''કેમ નહી, વિલ્સન? તેં તો ચર્ચમાં આવાં ધાર્મિક પ્રસંગોનાં અસંખ્યચિત્રો જોયાં છે, દીવમાં તું જ અમને સમજાવતો હતો... જેમ ચિત્રો દ્વારા ધર્મનું દર્શન ફેલાવવામાં આવે તેમ જ શિલ્પ દ્વારા પણ. મોટાભાગના ધર્મોમાં આ અભિવ્યક્તિની એક લાંબી પરંપરા છે. વળી મારો એક બીજો તર્ક પણ છે. મોટાભાગનાં લોકો વાંચી શકતાં નહોતાં, આજે પણ એમ છે; એટલે નજરે જોતાં જોતાં તમે જેને ધાર્મિક ગ્રંથો કહો છો પણ ખરેખર એ સાહિત્ય છે- તે વિશે જોવા મળે!''

''યે તો પિક્ચર ઔર ટી.વી.કી રીત હુઇ ના? ઔર ઈન્ટરેસ્ટ ભી જયાદા પડતા હૈ!'' આમિરે જોડી આપ્યું.

વંદનાએ જરા સંકોચથી વાત મૂકી- ''અમે પાલિતાણા, ગિરનારનાં જૈન દેરાસર જોયાં, સોમનાથનાં નવા ને જૂનાં મંદિરની નવી ને ખંડિત મૂર્તિઓ જોઇ ત્યારે એક પ્રશ્ન સતત થતો રહ્યો કે આ મૂર્તિઓમાં દેવ, દેવી કે સ્ત્રી-પુરુષો - બધાંએ જાણે કપડાં જ ના પહેર્યાં હોય અને ઘણાં બધાં ઘરેણાંથી જ અંગો ઢાંક્યાં

હોય એવું કેમ દેખાય છે?'' વાત નીકળી એટલે યાસ્મિને પણ સંકોચ છોડીને પૂછી લીધું કે ''યા તો ફિર મર્દ-ઔરત દોનોં ને નીચે કુછ ધોતી જેસા છૂટ્ટા કપડા લપેટા હૈ પર ઉપર કહીં કુછ નહીં હૈ- ઐસા ક્યોં?''

''અમે તો મંદિરે જઇએ છીએ, ક્યારેક બહારની દીવાલો પર આવી મૂર્તિઓ જોવા મળે ત્યારે ખરેખર સંકોચ થતો હોય છે અને ન સમજાય એવી મૂંઝવણ પણ''- બાદલે મુદ્દો મૂક્યો.

હમિદે પણ સંકોચ છોડ્યો- ''ઔર હમ તો શાયદ મંદિરોં ઔર ઐસે મઝહબકો ભી 'હેટ'કરતે હૈં! મઝહબ તો મોરાલિટી હૈ નાં- પવિત્રતા હૈ- ફિર ઇસ મેં ઇતના નંગાપન ક્યોં?'' આ પ્રશ્ન હમિદને જ નહિ; ઘણા મુસલમાનોને થતો હશે!

''આમ તો જૈનધર્મમાં કેટલી બધી નૈતિક્તાની વાતો થાય છે, પણ દેરાસરની સ્ત્રી મૂર્તિઓ સાવ નિર્વસ્ત્ર જેવી લાગી!'' ધીરજની ધીરજ જાણે ખૂટી ગઇ હતી.

''પાલિતાણામાં ઉપર, ડુંગર ઉપરનાં દેરાસરમાં અમે તો આવી મૂર્તિઓને શું નામ આપ્યું'તું જાણો છો- ''દિગમ્બર દેવી!'' શેખરે ટીખળ કરી જ લીધું પણ કોઇ હસ્યું નહિ- બધાં જ ખરેખરી / જેન્યુઇન મૂંઝવણમાં હતાં!

બીજા દર્શનાર્થીઓનું ધ્યાન આ મંડળી ઉપર આમ પણ દોરાયું હતું, એમાં પાછી લાંબા વખતથી ચાલતી આ ચર્ચા સાંભળીને કેટલાંક નજીક ખેંચાઇ આવ્યાં. હવે મિત્રો જરા સભાન થઇ ગયાં- વંદનાએ કહ્યું, 'બહેન, વાંધો નહિ, રાતની મિટીંગમાં આ મુદ્દા ચર્ચીશું.'' ''કેમ?'' આ જુઓને, લોકોયે ટોળે વળી ગયાં છે!''

''તે છોને ઊભાં! એમને મૂંઝવણ હશે તો એય દૂર થશે.'' ધીરજે કહ્યું. શ્રોતાઓ ખરેખર ઉત્સુક હતાં. રચનાએ જરા ખોંખારીને શરૂ કર્યું: ''આમ તો હું આવા સવાલોની રાહ જ જોતી હતી. ખેર, યાદ કરો- મંદિર એટલે?.. જો જીવનમાં જે કંઇ હોય તે મંદિરમાં હોય, તો વિચારીએ કે એવું કંઇક હતું જેને





કારણે મૂર્તિઓ નિર્વસ્ત્ર હતી.'' શેખરે જરાક વિચારીને કહ્યું- ''હું સિવેલાં કપડાં પહેરવાનું શરૂ જ નહીં થયું હોય!''

''રાઇટ! આ મંદિરો મોટેભાગે મધ્યકાળમાં મતલબ કે 9મી થી 15મી સદી દરમ્યાન બંધાયાં છે. ભારતવર્ષમાં કાપડકળાતો સદીઓથી વિકસી હતી- આપણે લોથલમાં પણ કપાસ વિશે જાણ્યું પણ સિવવાની કળા ખિલી નહોતી. રાજાથી માંડીને રંક સુધીનાં વિંટાળીને, ગાંઠ બાંધીને કે પછી કસો / પાતળી દોરી જેવું બાંધીને વસ્ત્રો પહેરતાં. એટલે એ કાળ દરમ્યાન ઘડાયેલી આ મૂર્તિઓ એ જ પ્રકારનાં કપડાં પહેરેલી પણ જરાક કલાત્મક સ્ટાઇલમાં બતાવાઇ છે.'' ''ઓ... અચ્છા... આઇ સી... લો... જેવા ઉદ્ગારો મંડળીમાંથી સરી પડ્યા.

''હવે રહી વાત મૂર્તિઓના કલારૂપની- તો મૂર્તિકલાનું પણ શાસ્ત્ર(આઇકોનોગ્રાફી) એ જ અરસામાં રચાયું- (7થી 10 મી સદી) એમાં માનવ કે દેવમૂર્તિના ઘાટઘૂટ અને સૌંદર્યની ચોક્કસ વ્યાખ્યાઓ નક્કી કરાઇ છે. પુરુષો-સ્ત્રીઓની અને દેવ-દેવીઓની ઊંચાઇ-જાડાઇ-અંગોની લંબાઇ-ગોળાઇ વગેરે વાસ્તવિક કરતાં વધુ આદર્શ કલ્પવામાં આવ્યું. વાસ્તવિકતામાં જરાક કલ્પના ઊમેરીએ તો જ કલાકૃતિ બને એ નિયમ ગણાયો; જેમ સોનાનો દાગીનો બનાવવો હોય તો બીજી ધાતુ જરાક ભેળવવી જ પડે.''

આમિરે જરાક સંકોચથી કહ્યું- ''જૈસે ફેશનપરેડમાં, મોડેલોં કે લિયે 36-24-36 હૈ વૈસે હી ના?'' મંડળીમાં અને અન્ય શ્રોતાઓમાં હસાહસ... આમિર-આમિરના પોકાર... રચનાએ એને બચાવ્યો- ''અરે, બિલકુલ સાચી વાત.એણે જે કહ્યું એ જ રીતે મૂર્તિકળાના નિષ્ણાતોએ વિચાર્યું અને એના નિયમો બનાવ્યા. તમે જોશો કે મૂર્તિઓ આમ પાછી મોનોટોનસ(એકસરખી) દેખાતી હોય છે. જો કે હિંદુ દેવી-દેવતાની પૌરાણિક કથાઓમાં વિવિધ ભૂમિકા(રોલ) હોય છે એ પ્રમાણે એમને અલગ અલગ વાહન ઉપર બેસાડવામાં આવે, હાથમં શસ્ત્ર કે કમળ જેવાં પ્રતીકો આપવામાં આવે. આ રીતે સૌન્દર્યના માપદંડ ઉપરાંત પ્રત્યેકની ઓળખ પણ નિશ્ચિત થઇ. આપણે

માનવથરની વાત કરતાં હતાં અને નગ્નતાનો મુદ્દો નીકળ્યો. તે સિવાય પણ બીજા પ્રશ્નો તમને થશે. જોયા પછી ચર્ચી શકાય. પણ અહીં દેવોની ઓળખની વાત નીકળી એટલે કહી દઉં કે માનવથર પછી અપ્સરા-નર્તકી થર જેને 'ગંધર્વથર' પણ કહેવાય છે અને તેની ઉપર કે તેની સાથે દેવ-દેવી થર હોય છે. જેની ઓળખ ઉપર કહ્યા મુજબની હોય છે અને આ મંદિરનો છેલ્લો જિર્ણોદ્ધાર થયો ત્યારે લાગભગ દેવ-દેવીની નીચે એમનાં નામ પણ કોતરેલાં જોવાં મળશે.

''દેવ-દેવી થર પછી થોડાં સુશોભન હોય ને પછી ઝરૂખા ને ઉપર શિખરો. આગળ કહ્યું તેમ સંવરણ (પંચકોણ-અષ્ટકોણ છાપરાં જેવું), આમલક(ગોળ ઘુમ્મટ જેવું; આમળા જેવું) અને વિમાન એમ ત્રણ પ્રકારનાં શિખરો સાધારણ રીતે હોય છે. જો કે અમુક મંદિરોમાં આમલક ને વિમાન હોય, અમુકમાં સંવરણ ને વિમાન હોય. વિમાન તો હોય- હોય ને હોય.'' ''કેમ?'' ''ભક્તોને મોક્ષ અપાવનાર આ મંદિર છે. મોક્ષ મળે એટલે સ્વર્ગમાં જવાનું- ત્યાં જવા વિમાન તો જોઈએ ને?'' શેખરે યોગ્ય કહ્યું. ''કળશ પૂર્ણતા- સભરતાનું પ્રતીક છે. ઘણા ધનિક શ્રદ્ધાળુઓ સોનાના કળશ ભેટમાં આપે છે.''

''મંદિરો પણ હવે સોને મઢાય છે નહિ? સોમનાથમાં જોયું'ને આપણે!'' ધીરજ.

''હજી તો લગભગ આખું સોને મઢવાનું છે એવું મંદિર પણ આપણે જોવાનાં. ચાલો હવે... ફરીને મંદિરની બહારની સુંદરતા અને કલા જોઈશું.?''

મંડળીએ ફરતાં ફરતાં જંઘા-પટ્ટી જોવા માંડી. કમળની પાંદડીઓ પર ગજથર જોયો. શામળાજીમાં હાથીઓનાં શિલ્પ ખૂબ ઘાટીલાં છે. સામસામી સૂંઢ ભેરવીને ઊભેલા હાથીઓથી પ્રત્યેક ખૂણાને શણગારવામાં આવ્યા છે. ત્યાર પછી સવારીઓ અને યુદ્ધો, શિકાર અને કુસ્તી જોતાં જોતાં જરાક આગળ ગયાં ત્યાં દેવ-દેવી થરની દેવીની બે મૂર્તિઓને રંગીન કાગળથી કબજા પહેરાવેલા! ખૂબ રમૂજ ચાલી- શેખરે કહ્યું પણ ખરું કે ''તાજેતરમાં કોઇ ચોખલિયા ભગત





આવ્યા લાગે છે!'' ત્યાર પછીના થરમાં તપસ્વી ઋષિઓની વચ્ચે નાવડીમાં બેઠેલા રામ-સીતા અને લક્ષ્મણ ઓળખાયાં.એક જગાએ આવતાં કેટલાક રાજવી પોષાકવાળા પુરુષો, ઊંચી બાજઠ(સ્ટૂલ) ઉપર ચોપાટનાં સોગઠા ખેલી રહ્યા હતા. વંદના તરત બોલી ઉઠી- ''અરે આ તો મહાભારતનો જુગાર- પ્રસંગ.'' મહાકાવ્યોના પ્રસંગો આગળ ચાલ્યા. બરોબર મંદિરના જમણા પડખામાં જંઘા ફોડીને, મોં ફાડીને મકર મુખનું શિલ્પ શોભતું હતું. નીચે પાણીનો કુંડ હતો.

''શામાળાજીનું સ્નાન કરેલું પાણી આ મગરના મોંમાંથી, કુંડમાં પડે. શ્રદ્ધાળુઓ 'પ્રસાદી' સમજીને માથે ચડાવે. ઉપર જુઓ- પૂર્વ દિશામાં દેવ ઈન્દ્રની મૂર્તિ છે. નીચે નામ છે. પાછળ દક્ષિણ દિશામાં યમ, પશ્ચિમમાં વરૂણ અને ઉત્તરમાં કુબેર- એમ ચાર દેવો ચાર દિશાઓનું રક્ષણ કરે છે- મતલબ, મંદિરનું રક્ષણ આ ચારેય દિશાઓના દેવો કરે છે. તમામ મધ્યકાલીન મંદિરોમાં આ નિયમ છે.''

''ભગવાનના ઘરની રક્ષા પાછી જરૂરી!... ને તોય તોડનારા તોડી જ ગયા!'' શેખર.

પાછલી પછીતે રામાયણનાં વધુ શિલ્પ હતાં- ધનુષભંગ, સીતાસ્વયંવર, વનનાં વાનરો, સેતુબંધ વગેરે. પાછળના ખૂણાની જંઘાપટ્ટી પર પહોંચ્યા-જોયું-થોડાં આમનેમ ડાફોળિયાં ને આઘાપાછા થવા માંડ્યા. રચનાએ જોયું, એમની પાસે ગયા વગર પોતે એક તરફ જઈને બેઠી. મંડળી પાછી પેલા ખૂણે પહોંચી ગઈ. થોડીક ગુસપુસ, થોડુંક ખીખી ચાલ્યું. પછી એકબીજાંને કોણી - ધક્કા મારતાં આગળ આવ્યાં. રચનાએ આ જોયું, બધાંને બોલાવ્યા ને એક શિલ્પ આગળ ઊભાં રાખ્યાંઃ એ પ્રસૂતિનું શિલ્પ હતું- બે દાયણોની મદદથી એક સ્ત્રીને પ્રસવ થઈ રહ્યો હતો. મંડળી સમજી અને સ્તબ્ધ! ''કૈસા અજીબ હૈ યે દુનિયા કા ખેલ?'' આમિર ગણગણી ઊઠ્યો.

''હા, અને એ પરિણામ છે સંભોગલીલાનું; જેનાં શિલ્પ તમે જોઈ લીધાં.''

વળી પાછી છોકરીઓ ખી-ખી કરતી શરમાઇને નીચું જોઇ ગઇ, છોકરાઓ નજર બચાવવા લાગ્યા. પણ કોઇ ત્યાંથી ખસ્યું નહિ. ત્યાં જ ઊભાં રહીને બધાંને જાણે કંઇક કહેવું હતું- સાંભળવું હતું. છેવટે બધાંના વતી શેખરે મૌન તોડ્યુંઃ ''આવી મૂર્તિઓ વિશે પેપરમાં ઘણીવાર વાંચેલું- ક્યાંક ફોટા જોયાનો ખ્યાલ પણ છે પણ નજરોનજર જોયું ત્યારે ખરેખર, બહુ વિચિત્ર લાગ્યું!''

બાદલે આગળ વધાર્યું- ''વિચિત્ર તો ખરું જ પણ વલ્ગર (બિભસ્ત) પણ લાગે છે.નિર્વસ્ત્ર મૂર્તિઓ સમજયાં પણ આ? મંદિરમાં કામસૂત્ર?!''

રચનાને લાગ્યું - ખાસ્સી ગરમી છે; ઠીકઠીક સમજાવવા પડશે. ''દોસ્તો! આજની ચર્ચાની શરૂઆત શાનાથી થઇ હતી? - જે જીવનમાં તે મંદિરમાં.અને મંદિર એટલે જીવનદર્શન. હિંદુ તત્વજ્ઞાનમાં મોક્ષ / મુક્તિનું ઘણું મહત્વ છે.મોક્ષ માટે માણસે ધર્મનું પાલન તો કરવાનું જ છે, જીવનનું-પરિવારનું ગુજરાન ચલાવવા આર્થિક પ્રવૃત્તિ તો કરવી પડે. સાથોસાથ સૃષ્ટિની વૃદ્ધિ માટે, પોતાનો વંશવેલો વધારવા માટે કામજીવન (સેક્સ લાઇફ) પણ એટલી જ મહત્વની છે. તત્વજ્ઞાનનું સૂત્ર છે- ધર્મ-અર્થ-કામ=મોક્ષ.આ મૂર્તિઓને 'ભોગમૂર્તિઓ'કહે છે.કામસૂત્ર ગ્રંથના લેખક વાત્સ્યાયન મુનિ તો કામને મનુષ્યનો અધિકાર કહે છે, માત્ર સંતાનપ્રાપ્તિ માટે નહિ, સુખ માટે પણ ભોગ જરૂરી. આ સૂત્રને સાકાર કરવા મધ્યકાળનાં મોટાં મંદિરોમાં ભોગમૂર્તિઓ કોતરવામાં આવે છે.'' ''આમ તો અમે સોમનાથનાં ખંડેરોવાળા મ્યુઝિયમમાં પણ જોઇ'તી, કચ્છ મ્યુઝિયમની બહાર પેલા ટુકડા રાખેલા ત્યાંય જોઇ'તી... પણ બહુ ખ્યાલ ન'તો આવ્યો. આજે આમ ઉઘાડેછોગ, બીજાં દેવ-દેવીઓની, રામાયણ-મહાભારતની મૂર્તિઓ સાથે આને પણ જોઇ તેથી રહેવાયું નહિ!'' ધીરજે કહ્યું.

''આવી મૂર્તિઓ મંદિરમાં શા માટે- એની ચર્ચાઓ પેલા અંગ્રેજ-યુરોપિયન વિદ્વાનોએ જ શરૂ કરી હતી. આપણા પંડિતોએ એના જવાબો આપેલા, પણ જાતજાતની ધારણાઓ કરીને; જેથી ચિત્ર ધૂંધળું જ રહ્યું.

''બીજી કઇ ધારણાઓ છે?''





''કેટલીક તો અંધશ્રદ્ધાથી ભરપૂર છે; જેમ કે મંદિરના ખૂબ સુંદર શિલ્પને નજર ન લાગે તેથી આવાં શિલ્પો મૂકાયાં છે. ગોરા ગોરા બાળકને ગાલે કાજળનું ટપકું કરે છે, તેમ. પછી એમ પણ કહેવાયું છે મંદિર ઉપર કુદરતી આફત ન આવે માટે મૂક્યાં છે. કોઇ કહે છે કે બંધાવનારા શાસકો કે બાંધનારા શિલ્પીઓની રોમાંટિક રસિકતાને કારણે મૂર્તિઓ મૂકાય છે અથવા તો દર્શન કરવા આવનારની કસોટી કરવા આવાં શિલ્પો મૂકાય છે. તો ક્યારેક દર્શનાર્થીઓ જો સંસારથી ભાગી છૂટવા માંગતા હોય તો એમને રોકવા, રસ જગાડવા આવાં શિલ્પો મૂકાય છે અને એક જરા મૌલિક જેવો વિચાર છે કે સામાન્ય રીતે સૃષ્ટિના સર્જનમાં ઈશ્વરનો હાથ છે એમ માનવામાં આવે છે પણ એ માન્યતા કે ભ્રમ ભાંગવા માટે (ડિમિથિફિકેશન / ડિમિસ્ટિફીકેશન) આવી મૂર્તિઓ દ્વારા સૃષ્ટિના રહસ્યનું મૂળ કર્મ - કામલીલાનું એક જાતનું ડેમો (નિદર્શન) કરવામાં આપ્યું છે. મૂળગત રીતે આ હિંદુ જીવન દર્શન છે જેમાં કહેવાતા સુધરેલા ધર્મોને વાંધો પડવા લાગ્યો. જૈન, પુષ્ટિ કે સ્વામીનારાયણ ત્રણેએ પોતાના મંદિરોમાંની સ્તરપ્રથા કાં તો બદલી નાખી, કાં તો નાબૂદ કરી છે.''

''અથવા પછી કચ્છના માતાના મઢમાં બીજું બધું પારંપરિક છે પણ આ નથી.'' વંદનાની ગૂંચ ઊકલવા લાગી હતી.

મીનાને વધુ કૌતુક થયું - ''બહેન, ભારતમાં બીજાં મંદિરોમાં પણ આવી મૂર્તિઓ છે?''

''હા, ખજૂરાહો - જે હાલ મધ્ય પ્રદેશમાં છે, ત્યાંની ભોગમૂર્તિઓ વિશ્વવિખ્યાત છે.તે કંઇ આવી નાની રમકડાં જેવી નથી- પચીસ ફૂટ - પંદર ફૂટની - ફુલસાઇઝની છે. જગન્નાથપુરી, કોણાર્ક જેવાં ઓડિશાનાં મંદિરોમાં પણ છે. તમે જોયાં એ પ્રાચીન મંદિરોમાં છે... થોડા દિવસ પછી આપણે મોઢેરા જઇશું ત્યાં પણ જોઇશું.'' ''ભઇ, જો ભી હો, ઐસા મુદ્દા હમારે જૈસે લોંગેં કે ગલે બિલકુલ ઉતરેગા નહિ.'' હમિદનો અણગમો સ્પષ્ટ હતો. યાસ્મિન-પરવીન પણ હજી ગૂંચવાયેલાં જ હતાં. ''જે હોય તે,



**શામળાજી મંદિરના સ્તર**

આજના દિવસની પહેલી મુલાકાતમાં ખૂબ જાણવા મળ્યું. ધર્મને સામાન્ય લોકોના મનમાં ઠસાવવા માટે આવું આકર્ષક મંદિર ખૂબ અસરકારક બની શકે એનો ખ્યાલ આવ્યો. મંદિર માણસના જીવનમાં કેટલી મહત્વની ભૂમિકા ભજવી શકે છે!'' વિલ્સને ધીમે ધીમે સારાંશ કાઢ્યો.

''એટલેસ્તો પેલા લોકો ગરજી ગરજીને લઇ મંડ્યા છે - હમ મંદિર વહીં બનાયેંગે- શેખરે કહ્યું પછી ઉમેર્યું પણ ખરું કે, ''મારે મન આ મંદિર એક પાઠશાળા જેવું બની ગયું!'' આમિરે તરત જોડ્યું- ''મસ્તી કી પાઠશાલા?!''

''રચનાએ મુદ્દો સમેટતાં કહ્યું- ખરેખર તો મને લાગે છે કે- સમાજમાં, સંસ્કાર અને સંસ્કૃતિકરણ જે રીતે થયું છે તેને કારણે તમને આવા સવાલ થયા છે.''

★★★





## એક અણમાનીતું મ્યુઝિયમ

''અરે! આ ધામમાં આવું એક મ્યુઝિયમ છે એ વિશે અહીં આવનારાં યાત્રાળુઓ જાણતા હશે કે કેમ, એ પણ એક સવાલ છે!'' એક સરકારી સંગ્રહાલયની તમામ ખાસિયતો સાથે ઊભા કરવામાં આવેલા પુરાતત્વ અને નૃવંશીય(જનજાતિઓને લગતા) સંગ્રહાલય તરફ જતાં વંદનાએ પ્રશ્ન કર્યો. મંદિરની પાછળની ગલીમાં, બિસ્માર રસ્તા ઉપરથી છેક છેવાડાનું મકાન છે. જો કે ભોંયતળિયાના ચારેક મોટા ખંડોમાં ગોઠવેલી સામગ્રી વ્યવસ્થિત રીતે, વર્ગીકરણ કરીને, માહિતીની કાપલીઓ ચોંટાડીને મૂકી છે એમાં ના નહિ.

''આદિવાસી વિસ્તાર એ શામળાજીની ભૌગોલિક અને સાંસ્કૃતિક વાસ્તવિકતા છે. ભીલોની ભૂમિ છે આ. અહીં શામળાજી કેટલા પ્રસ્તુત છે એ વાત જવા દઈએ તો પણ મંદિર અને સંગ્રહાલય વચ્ચે જાણે કોઇ મેળ બસતો નથી.'' રચનાએ ભૂમિકા બાંધીને મિત્રોને સંગ્રહાલયમાં દોર્યા.

પહેલા ખંડમાં શામળાજી વિસ્તારનાં ભીલોનાં ઘર, ઘરવખરી અને રોજિંદી પ્રવૃત્તિઓ સહિત તૈયાર કરેલાં થોડાંક શો-કેસમાં ભીલોનાં પ્લાસ્ટર ઓફ પેરિસનાં પૂતળાં હતાં. પોષાક, દાગીના, સાધનો-ઓજારો બધું આબેહૂબ બનાવ્યું હતું. કચ્છના મ્યુઝિયમમાં એ રીતનું પ્રદર્શન જોઇને ટેવાયેલાં મિત્રોને ગમ્યું. પથ્થર, ગારમાટી, વાંસ અને ચાંદીનું એ સંસ્કૃતિમાં બાહુલ્ય છે તે વરતાય છે. આર્થિક રીતે ખાસ સદ્ધર નહિ થયાં હોય એવું ચિત્ર અહીંથી તો ઉપસે છે! વાસ્તવિકતા બદલાઇ છે. 'મ્યુઝિયમ એટલે જૂના જમાનાનું પ્રદર્શન' એ અહીં ખરું પડે છે.

બીજા ખંડમાં આ વિસ્તારનાં મધ્યકાલીન મંદિરો- નગરોના અવશેષો છે જેમાં તૂટેલાં મંદિરના વિવિધ હિસ્સા છે. રાજપૂતકાળનો સંદર્ભ સમજાય તેવો છે; જે વળી આદિવાસીઓની હકીકતને ધુમ્મસમાં જ રાખે છે!

ત્રીજા ખંડમાં મેશ્વો અને સાબરમતીના તટે, આ વિસ્તારોનો બૌદ્ધ ભૂતકાળ તાદશ્ય કરવાના પ્રયત્ન છે. વલભીપુર, ગિરનાર, તળાજા ઉપરાંત અહીં

દેવની મોરી નામના ગામે ’60 દરમ્યાન ખોદકામ થયેલું ત્યારે મળેલા મહત્વના બૌદ્ધ અવશેષો રાખેલા છે. અહીં એક સ્તૂપ મળી આવ્યો હતો, જેમાં ભગવાન બુદ્ધનો દાંત સાચવવામાં આવ્યો હતો.

આટલું વાંચતા જ મંડળી સળવળી- “અજીબ હૈ, દાંત પર ભી સમાધિ?!” “આ દેશમાં સ્તૂપો જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ભગવાન બુદ્ધના કંઇ ને કંઇ દેહાવશેષો દાટેલા મળ્યા છે. આ બૌદ્ધ સ્મારકની પરંપરા હતી. આમ તો બુદ્ધે પોતાને ભગવાન કહેવડાવવા વિશે કે સ્મારક - મંદિર કશું પણ બનવાવા વિશે ઉદાસીનતા સેવી હતી પણ વિચાર જ્યારે સંપ્રદાય(કલ્ટ) બને છે ને સંસ્થાગત થાય છે ત્યારે આવા જરાક હાસ્યાસ્પદ લાગે એવા સ્મારકો બની જાય છે જે મૂળ ભૌતિકવાદી કહેવાતી વિચારધારાની મજાક જ છે!”

“બહેન, આ ખરેખર પ્રાચીન સ્મારક છે? કે ઊભું કરવામાં આવ્યું છે?” શેખરને શંકા થઇ.

“ના, ના, ઘણું પ્રાચીન. ઇ.પૂ.200થી યે વધારે વર્ષ જૂનું. પ્રાચીન ગ્રંથો, લેખિત ઇતિહાસ-બધામાં એનો ઉલ્લેખ છે. કેમ પૂછવું પડ્યું?”

“આ તો થોડા વખત પહેલાં દલાઇ લામા ગુજરાતમાં આવ્યા, તેમને બતાડવા માટે અને એ રીતે રાજકીય ક્ષેત્રે મોટાભા બનવા તો તે સમયના મુખ્યમંત્રીએ નહિ ઊભું કર્યું હોય ને?”

“અં... ઊભું તો નથી કર્યું પણ સુષુપ્ત અવસ્થામાં હતું તેને જાગૃત ચોક્કસ કર્યું છે.અને એનો હેતુ તેં કહ્યો તે હોઇ શકે?” થોડીવાર પછી કંઇક કહેવા જેવું હતું તે આગળ કહ્યું”આ દેશમાં મુખ્ય પ્રવાહના ધર્મો સાથે તો ઘાલમેલ થતી આખા પ્રવાસમાં જોવા મળે છે પણ બૌદ્ધધર્મને પણ આ ધર્મ અને રાજકારણના ખેલાડીઓ છોડતા નથી એ શંકા ખોટી નથી. જો કે એક માહિતી આપું - આ સ્તૂપ ખરેખર તો મેશ્વો નદી પર ડેમ બંધાયો ત્યારે ક્યારનો ડૂબમાં ગયેલો. તે પહેલાં નિષ્ણાતોએ ખોદકામ કરીને સ્મારક કઢાવ્યું હતું - એના વિશે જાહેર કરવામાં આવ્યું હતું અને આ અવશેષો પણ જાહેરમાં મૂક્યા હતા. જો કે પછી





પુરાતત્વની નિષ્ક્રિયતા અને બેકાળજીને લીધે બધું જાણે ખોવાઇ ગયું હતું. નરેન્દ્ર મોદીએ આ બધું સાફ કરાવ્યું વગેરે ખરું પણ હેતુ કંઇ અહિંસાના પૂજારી થવા માટેનો નહિ!”

દેવને મોરીના દેખાડવાના અને ચાવવાના અલગ દાંતનો ભેદ પામીને મંડળી છેલ્લા ખંડમાંથી નીકળી ત્યારે એક સરસ શિલ્પ નજરે ચડ્યુંઃ રાખોડી પથ્થરની લાંબી પાટનો ખંડિત અવશેષ હતો- સાત દેવીઓનાં માત્ર માથાં અને થોડાક છાતીનો ભાગ દેખાતો હતો- મૂર્તિઓ ખૂબસૂરત નહિ પણ ભવ્ય તો હતી. “આ સપ્ત માતૃકની મૂર્તિ છે. પુરુષવાદી હિંદુધર્મ પહેલાં, માતૃમૂલક આસ્થાનો યુગ હતો. આ દેવીઓને જો કે મુખ્ય પ્રવાહની દેવીઓના નામે જ ઓળખાય છે પણ એનાં ઘાટઘૂટ વગેરે જોતાં એ જાણીતી મૂર્તિકળા કરતાં જૂની અને જૂદી છે. આ સાતે દેવીઓને શંકરના પુત્ર કાર્તિકેયની માતા કહેવામાં પણ આવે છે- એક હિંદુ પૌરાણિક દંતકથા અનુસાર!”

“અને એ જ કથા ચાલતી હશે નહિ?” વંદનાએ પૂછ્યું કે કહ્યું?!

★★★



**મેશ્વો ડેમમાં ડૂબેલું બૌદ્ધ સ્મારક**

મ્યુઝિયમમાંથી નીકળીને મંડળી મેશ્વો ડેમ ઉપર પહોંચી. સાબરકાંઠો કંઇ બહુ હરિયાળો ને ખેતીની છતવાળો પ્રદેશ ન કહેવાય. '60 દરમ્યાન આ ડેમ બાંધીને જમીનને હરિયાળી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. અરવલ્લીના લીલા ડુંગરા વચ્ચે આ સરોવર રળિયામણું તો છે જ, ઉપયોગી પણ છે. સરોવરમાં નાવડીઓ તરતી હતી, માછીમારો જાળ નાખીને રાહ જોતા હતા અને બાળકો ધૂબકાં મારતાં હતાં. મંડળીના કેમેરાની ચાંપો ફટાફટ દબાઇ. વિલ્સને એકદમ બૂમ મારી-

"એ... પેલું કોઇ મંદિર ડૂબી ગયું'તું કે શું?"

"મંદિર નહિ પણ પેલાં બૌદ્ધ સ્મારકના ખોદકામની સાઇટ! વિકાસનાં વિસ્થાપિતોમાં બુદ્ધ ભગવાનનું નામ સામેલ કરી દો, ભાઇ!"

"ત્યાં ધજા રોપીને એ લોકો શું સાબિત કરવા માંગે છે?"

"સર્વધર્મસમભાવ!" શેખરની લપડાકે બધાંને હસાવી દીધાં.

ત્યાં એક તરફ જઇને રચનાએ બૂમ મારીને બધાંને બોલાવ્યાં હસી લો બધાંય પછી જરાક ગંભીર વાત કહેવી છે."

બધાં કુતૂહલપૂર્વક એ તરફ પહોંચ્યાં. "અહીં જરાક અંદરના ભાગમાં 'નાગધરો' છે. દર કારતક મહિનાની પૂનમે અહીં આદિવાસીઓનો મેળો ભરાય છે, જે આમ તો શામળાજીના મેળા તરીકે જ ઓળખાય છે."

વંદના ટહૂકી - " શામળાજીના મેળે રણઝણિયું ને પૈંઝણિયું વાગે..." એ જ મેળો ને? "એ જ. પણ દિવસ દરમ્યાન આ ધરામાં જે વિધિ થાય છે એનું લોકગીત કેમ નથી થયું એની નવાઇ છે!" સૌ કૂતૂહલથી જોઇ રહ્યાં "આ વિધિ સ્ત્રીઓ માટે, ખાસ તો આદિવાસી સ્ત્રીઓ માટે બહુ અપમાનજનક અને શોષણ કરનારી છે. અહીં ભૂવાઓ હોય છે. લોકો માનસિક રીતે અસ્વસ્થ કે નિઃસંતાન સ્ત્રીઓને લઇને અહીં વિધિ કરાવવા આવે છે. ભૂવો આવી સ્ત્રીને





એક વસ્ત્ર પહેરાવીને કાં તો સાવ નિર્વસ્ત્ર કરીને, એના વાળ પકડીને પાણીમાં ડૂબાડે છે- પછી તમે સમજી શકો છો, શું થતું હશે!"

" તો કોઇ કંઇ કહેતું નથી? એ સ્ત્રીઓ કદાચ ના કહી શકે, પણ ઘરના પુરુષોનું શું?"

"મીના, આ આદિવાસીઓ એટલા ધર્મભીરૂ છે કે ભૂવાની સામે થવાનો તો વિચાર પણ ના કરે . વળી માનસિક રોગ એ આદિવાસીઓની જાણકારીનો વિષય જ નથી એને એ લોકો વળગાડ કે મેલી વિદ્યા જ માને; એટલે દવાખાનું-ડોક્ટરની તો વાત જ ક્યાંથી કરવી? ભૂવા જ સર્વસ્વ અને એ જે કહે તે બ્રહ્મસત્ય!"

"આદિવાસી ના હોં વૈસે લોગ ભી યે રિવાઝ બંદ કરવા સકતે હૈં ના?"

"કર્યો'તો. અમદાવાદની જ કર્મશીલોની એક ટુકડીએ અહીં આના ઉપર ઊહાપોહ કર્યો, ફોટા પાડ્યા ને ધર્મનિરપેક્ષ કહેવાતી સરકાર આગળ રજૂઆત કરી હતી પણ શું થયું જાણો છો! - આદિવાસીઓએ જ નહિ, સ્થાનિક પોલીસોએ પણ એમને મારી મારીને ભગાડી મૂક્યાં હતાં!"

"તો આ છે આપણે બિનસાંપ્રદાયિક સરકારની વહીવટલીલા!"

"... અને તોય, ધાર્મિક સ્થળો ઉપર સૌથી વધુ ભીડ કોની- સ્ત્રીઓની!" વંદનાના સ્વરમાં કટાક્ષ હતો કે પીડા?!

★★★

## મુકામ - 2

# પોળો ભણી

શામાળાજી મંદિરના અન્નસત્રમાં લાડુ-દાળ-ભાત. જમીને મંડળી પોળો તરફ રવાના થઇ. કનુભાઇને એ જગ્યાનું નામ કહ્યું કે એ ગૂંચાયા. ''બેન તો કેવી કેવી જગ્યાએ પોગ્રામ ગોઠવે છે! અમે તો કદી એ બાજુ ગયા નથી.'' ''અરે , વાતમાં શું માલ છે? હમણાં હમણાંથી તો પેપરમાં આ જગ્યા વિશે બહુ બહુ માહિતી આવવા માંડી છે. જુવાનિયાં તો અહીં ફરવા ને ફોટા પાડવા આવતા હોય છે.'' ''તે હવે ઇવડા ઇ તો એમની બાઇકું લઇને આવે અને શેઠિયાવ ઘરની ગાડિયું લઇને આવે. અમારા જેવાની બસુંમાં કંઇ આવા પેસેન્જર નો મળે!'' કનુભાઇની વાતમાં દમ હતો.પ્રવાસની વ્યાખ્યા દરેકની અલગ અલગ હોય છે. નવી પેઢી અને જૂની પેઢીની રુચિ અને રસમમાં ઘણો ફરક પડી જાય. ''બેન, તમે તો કીધું કે આપણે પોળોના મંદિરે જઇએ છીએ, તો પછી લોકો અહીં દર્શન કરવા નહીં આવતા હોય?'' મીનાને સવાલ થયો.

''અરે, સોરી-સોરી મીના! હું કદાચ કહેવાનું ચૂકી ગઇ હોઇશ- આપણે પોળોનાં મંદિરોનાં ખંડેર જોવા જઇએ છીએ!'' રચનાએ કાન પકડ્યા.

''બેન, આ ભિલોડા બાયપાસ આઇગ્યું.હવે કઇ બાજુ?''

''આંતરસુંબા તરફ.પણ આ તરફથી જઇશું તો પોળો પહેલાં આવશે! રસ્તો ઢાળવાળો છે પણ પછી પાકો રોડ મળી જશે.''





આસપાસ અરવલ્લીની પર્વતમાળા, ખાખરા-સાગ-સાદડનાં વૃક્ષો, ક્યાંક ઘેઘૂર ઘટામાંથી પસાર થતી, વનપ્રવાસનો આનંદ માણતી મંડળીને વંદનાએ ગીત ગૂંજતી કરી દીધીઃ ''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા...''

જંગલ-ઝાડીની વચ્ચે જ સરસ રોડ નજરે ચડ્યો. કનુભાઇ ખુશ થઇને સરપટ ચલાવવા લાગ્યા, ત્યાં જ રચનાએ અટકાવ્યા - ઊભા રો' ઊભા રો- આમ, જમણી બાજુ, જરાક ઢાળમાં દબાવીને ઊભી રાખી દો. આપણે આવી ગયાં.'' ''આંય! આંય તો નર્યાં ઝાંખરાં છે! તમે ક્યો તો એમ! લ્યો, આ આવી ગયાં!'' આમ છેવટે જુગલબંદી પૂરી થઇ. ઢાળ નીચે, સૂકી નદી કે સૂકાયેલ વહેળાની નિશાની સમા ગોળ લીસ્સા પથ્થર હતા અને ઉપર પાપડી (સિમેન્ટ કે પથ્થરનો બનાવેલ કામચલાઉ પુલ) હતી. ''આ હરણાવ નદી. આગળ સરસ ડેમ પણ છે.'' પાપડી પસાર કરીને ઉપર આવ્યાં ત્યારે જાણે કોઇ ખોવાયેલી માયાનગરીનાં ખંડેરોમાં પહોંચી ગયાં હોઇએ એવું લાગ્યું. સાગ અને ખાખરાનાં વૃક્ષોની વચ્ચે ચાર-પાંચ ખંડેરો દેખાયાં. આમ છૂટાં છવાયાં હતાં પણ આમ જાણે એક જગ્યાએ ઊભો કરેલો મંદિર-સંકુલ હોય એવું લાગતું હતું. ચોપાસ ડુંગરોની દીવાલોથી સુરક્ષાયેલાં હોવા છતાં સાવ ભાંગીતૂટી હાલતમાં હતાં.

''પોળોના નામે ઓળખાતાં આ મંદિરોનું ઝૂમખું આ રીતે આગળ પણ જોવા મળે છે. કોઇ આને 'રોડા'નાં મંદિરો કહે છે, કોઇ 'અભાપરા' નાં તો કોઇ 'પોળો'નાં. હવે જો કે 'પોળો' નામ સર્વસ્વીકૃત છે.''

''આ કેવું! જગ્યાનું કોઇ એક નિશ્ચિત નામ નહિ?'' વંદનાને આશ્ચર્ય થયું. '' આ હરણાવ નદીને કાંઠે કાંઠે છેક ડેમ સુધી પહોંચતા શરણેશ્વર (સારણેશ્વર), વીરેશ્વર, સદેવંત-સાવળીંગા વગેરે વિવિધ ધર્મસંપ્રદાયનાં દેવાલયો છે, રજવાડી છત્રીઓ છે, નદીકિનારે વિરામસ્થાન જેવી પાટો છે.પણ એક પણ જગ્યાએ સ્પષ્ટ લેખિત રૂપે જણાવવામાં નથી આવ્યું કે આ ઇમારતો કોણે-કોના શાસનકાળમાં- ક્યારે બંધાવી? એનો મહિમા શો હતો? એનો નાશ કેમ થયો?... દેખીતાં ઐતિહાસિક સ્થળો વિશે ઇતિહાસ-પુરાતત્વનાં વિદ્વાનો પણ

દંતકથાઓના હવાલા આપે છે! સાધારણ રીતે જૈન પ્રબંધોમાં 75% ઐતિહાસિક માહિતી મળી જાય, પણ આના વિશે કંઇ નથી.''

પરિસરમાં આગળ વધતી મંડળીએ તારની વાડ ને નાની ઝાંપલી વટાવી પ્રવેશ કર્યો.સંકુલની સારી એવી સફાઇ દેખાઇ. રંગીન સિમેન્ટનાં ચોસલાંવાળી નવી ફરશબંધી ચોમેર ચમકતી હતી. ચાર-પાંચ તૂટેલાં મંદિરોની આગળ કંઇ માહિતીનાં સરસ દેખાતાં પાટિયાં પણ હતાં. વાતાવરણ માટે 'ભવ્ય સુંદર' વિશેષણ આપી શકાય. બધાં નજર ભરીને આખું સંકુલ જોઇ રહ્યાં.

તરત ડાબી બાજુએ એક મોટા મંદિરનાં ભગ્નાવશેષો હતા. તૂટેલો મોટો ઓટલો એક વેળા જગતી હશે. થોડાક તૂટેલા સ્તંભો આમતેમ પડેલા. સભાગૃહ કે ગર્ભગૃહ કંઇ સાબૂત નહોતું. ઓટલાના ઉપલા ભાગે એક નાનું ચોકઠું ને એમાં પાસાદાર કાળો પથ્થર ઊભો રોપેલો; એને શિવલિંગ સાબિત કરવાનું બીજું કારણ નહોતું. એ ઓટલા પર તૂટેલા માનવથરમાં થોડી સાવ ઘસાઇ ગયેલી આકૃતિઓ દેખાતી હતી, નર્તકીનું ખંડિત સૌન્દર્ય જરાક ઉકેલી શકાતું હતું. 11થી 15મી સદીના મંદિરની નિશાની આપે એવો એનો કુંડ, પાછલા ભાગમાં શોભતો હતો. ખરેખર તો કુંડ બાજુમાં કે આગળ હોય; જેમાં નાહીને લોકો દર્શન કરે; પણ પ્રવાસન-પુરાતત્વે મંદિરની પછીતનો ભાગ પહેલો સાફ કરાવ્યો છે! કુંડનાં પગથિયાં પહોળાં હતાં. કુંડ ઊંડો હતો. આ સંકુલ ખરે જ મોટું ધામ હોવની ધારણા થાય છે. મંડળી કુંડમાં ઉતરી-ચડી-ફોટા પાડ્યા. પાણી પેલી હરણાવ નદીમાંથી વાળવામાં આવતું હશે તે ગરનાળાં પણ કોતરણીવાળાં હતાં. શૈલી તો સમગ્ર ગૂર્જર શૈલી જ હતી. પાસે મૂકેલા પાટિયામાં ફક્ત એમની સંખ્યા, કુંડ, પીઠ, જગતી... આટલું લખીને શિલ્પનું વર્ણન લખેલું વાંચવા મળ્યું. બીજી કોઇ માહિતીની અપેક્ષા સંતોષાઇ નહિ. રચનાએ 15 થી વધુ વખત જોયેલી આ જગ્યાનો કોયડો અકબંધ હતો.

એ એકમ પૂરું કરીને આગળ વધ્યાં ને જે જોયું તે કદાચ પેલા કરતાં મોટું- ઊંચું- લાંબું પહોળું અને પ્રમાણમાં સાબૂત મંદિર હતું. બાકાયદા કમાન, તોરણ, તૂટેલા દરવાજાની બારસાખો ને નીચે, ઊંચા મંદિર તરફ જવાનાં પગથિયાં







**પોળોનાં ખંડેર**

ચઢીને ગયાં તો લો! ખુલ્લો ચોક! ઉપર અષ્ટકોણાકાર છતની આરપાર દેખાતું આકાશ! આખી છત કે અષ્ટકોણ સંવરણ શિખર ગાયબ હતું! નીચે અષ્ટકોણને ટકાવતાં સ્તંભો મરમ્મત કરીને ઊભા રાખેલા. અને એ શિખર વિનાનું સંભવિત સભાગૃહ વટાવતાં આવ્યાં પગથિયા, અંતરાલ અને ગર્ભગૃહ. પણ ત્યાં જતાં પહેલાં, જમણી તરફ સળંગ એક પરસાળ જોઇ અને એમાં તીર્થંકરોની ખંડિત મૂર્તિઓ લાઇનબંધ ગોઠવેલી. કોઇ પણ પૂજા મૂર્તિ નહોતી. હાથ-માથાં ગાયબવાળી મૂર્તિઓ ક્યારે તૂટી હશે? કોણે તોડી હશે? આમ ગોડાઉનમાં ગોઠવી હોય એમ કેમ મૂકી હશે? સવાલો તો ઘણા હતા પણ જવાબ ક્યાંય નહિ-નદારદ!

ગર્ભગૃહ તો ખાલી હતું. વચ્ચે ખાડો હતો- ''આ તો મૂર્તિ નીચે ખજાનો દાટ્યો હશે એની નિશાની! કોઇ મૂર્તિ તોડી- ખજાનો લૂંટી ગયું હશે!'' વિલ્સનની ધારણા.''એ ભાઇ! તારી ધારણા તો સાચી લાગે છે પણ જેમ સોમનાથનો ઇતિહાસ લખનારાઓએ, નવલકથા લખનારાઓએ આવા ખાડાનોયે

ઇતિહાસ લખ્યો છે એવો આ ખાડાનો પણ કંઇક છેડો મળવો જોઇએ ને?! છે સાબિતી તારી પાસે?!'' શેખરના પ્રશ્નના પડઘા ભેંકાર ગર્ભગૃહમાં ઉડતાં ચામચિડિયાં અને પાંખો ફફડાવતાં કબૂતરોએ પાડ્યા.

બહાર ફરી રહેલી મંડળીએ વળી નવા પ્રશ્નો ઊઠાવ્યા. મંદિર બહારથી તો દેખીતી રીતે આખું દેખાતું હતું પણ જગતી-જંઘામાં ક્યાંય થર પરંપરા નહોતી પળાઇ. જળથર હતો, મકરમુખ હતાં પણ અપ્સરાથર, દેવથર નહોતાં, માનવથર તો નહોતો જ! એની ઉપરની જાળીઓ, જે મંદિરનાં બંને પડખે હતી તે નરી ભૌમિતિક આકૃતિઓવાળી હતી. બાદલને તો શંકા ગઇ- ''આવું મસ્જિદ જેવું કામ કેમ દેખાય છે! આ ઘુમ્મટો પણ સાવ સાદા અને ગોળ છે. શિખર છે પણ ડિઝાઇનનો લગભગ અભાવ છે. આટલું સાદું મંદિર?''

પાછળના વિસ્તારમાં ત્રણ નાનાં મંદિરો દેખાયાં. એક લાંબો ઓટલો ચણીને ત્રણેને એની ઉપર આવરી લેવામાં આવ્યાં છે. શિખરો, પડખાં બધું જ સાવ ભગ્ન હાલતમાં છે.પણ બારસાખ ઉપરનાં જરાતરા કળી શકાતા ચિહ્ન ઉપરથી જાણ થઇ કે આ પણ જૈન મંદિર છે- ત્રણે એમ જ હોઇ શકે.

સામે એક પાટિયું ફરી જોયું. 15મી સદીનું જૈન સ્થાપત્ય, ટોડલા ને થાંભલાનું વર્ણન હતું.બાકી બધું જય જિનેન્દ્ર.

ખાસી એવી વાર ત્યાં ગાળીને, મંડળી આગળ વધી. પેલા વચ્ચેવાળા જૈન દેરાસરથી ડાબી બાજુએ વાવના અવશેષો દેખાયા. પગથિયાં પૂરી દીધાં હતાં પણ ઉપરના પાટડા સૂચવતા હતો કે નીચે વાવ હતી. ક્યાંય એના નામનું પાટિયું નહિ!

રચનાએ વાવ જોઇને, એક અન્ય દંતકથા કહી, જે હાલમાં જ પ્રવાસને બહાર પાડેલી રંગીન પત્રિકામાં વાંચવા મળી હતીઃ ''આ વિસ્તારમાં લાખો વણઝારો ખૂબ ખ્યાતનામ ધનવાન વેપારી હતો. મૂળે રાજસ્થાનનો એટલે કે પાડોશી પ્રદેશનો. એ અને એની દીકરી આ બાજુ આવ્યાં હતાં. એમણે પાછળવાળાં પેલાં ત્રણ દેરાં જોયાં ને થયું કે આવાં નાનાં દેરાં? આ તો આપણી બદનામી





કહેવાય! આથી પિતા-પુત્રીએ આ મોટું જિનાલય બંધાવ્યું અને પાસે વાવ ખોદાવીઃ વણઝારી વાવ.''

''આ વાર્તા પાછી મૌખિક જ હશે ને?'' ધીરજે સાચી શંકા કરી હતી. ''ઔર વહ જો મસ્જિદ જૈસા દિખતા હૈ?'' હમિદનો પ્રશ્ન.

''આખા વિસ્તારનો ઇતિહાસ કંઇ જ નથી લખાયો. બની શકે કે એક ધર્મની બીજા ધર્મ ઉપર સરસાઇ!''

''મતલબ કિ મુસ્લિમ બાદશાહોંને જૈન મંદિરોકી તોડફોડ કરકે અપનેવાલી કી થી?'' આમિરે નિઃસંકોચ મુદ્દો મૂક્યો.

''કંઇ જ કહી શકાય નહિ. કશો લેખિત ઉલ્લેખ નથી અને શૈલીના મુદ્દે કહી શકું કે આપણે કાલ-પરમ કુંભારિયાનાં જૈનમંદિર જોઇશું; તે પણ બહારથી આવાં સાદાં ને સપાટ છે.'' ''કદાચ 15મી સદીમાં વિધર્મીઓને 'છેતરવા' માટે સાદાં જિનાલય બંધાતાં હશે- જેમ પેલી હવેલીઓ બંધાઇ?!'' વંદનાએ જોડ્યું. ''મને તો એ વિચાર આવે છે કે આના વિશે તો કંઇ નથી પણ પેલા શામળાજી મંદિરના ઇતિહાસનુંયે ઠેકાણું નથી છતાંય હજી કોઇએ એવું નથી લખ્યું કે મુસલમાનોએ તોડ્યું ને એનો જિર્ણોદ્ધાર થયો! આ તરફ એ શક્યતા લાગતી નથી.''

''બહેન, બીજી નવાઇ એ લાગી કે આ એક જ સ્થળમાં શિવ-જૈન-ભેગાં મંદિરો છે.'' વિલ્સને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

''એમાં ખાસ નવાઇ જેવું નથી. હિંદુ રાજપૂત રાજાઓ- ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં જાણીતા સોલંકી, પરમાર, વાઘેલા ચાવડા જેવાં વંશોમાં કુળદેવતા શંકર હતા પણ સાંસ્કૃતિક રીતે જૈનધર્મનો પ્રભાવ સારો એવો હતો. એ રાજાઓનાં મનમાં જૈનો અને જૈન સાધુઓ પ્રત્યે સન્માનની ભાવના હતી. છેક વનરાજ ચાવડાની વાત કરીએ તો શિલગુણસુરિ નામે જૈન મુનિએ એની માતાને સંભાળીને પ્રસૂતિ કરાવી ત્યારે વનરાજ

જન્મ્યો. સાધુએ બાળપણમાં તેને સંસ્કાર આપ્યા હશે. પાટણની ગાદીએ જે કોઇ આવ્યા તેમણે શૈવ-જૈનમાં કોઇ ભેદભાવ નથી રાખ્યો. રાજા કર્ણદેવ સોલંકી કર્ણાટકની જૈન કુંવરી મીનળદેવીને પરણ્યો હતો. એનો પુત્ર સિદ્ધરાજ; જૈન ગુરૂ હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજના રાજગુરૂ જેવા હતા. આપણે સોમનાથ જોયું ત્યારે મેં વાત કરી કે નહિ, હું ભૂલી ગઇ છું - પણ એ જ જૈન રાજમાતા મીનળદેવીએ સોમનાથમાં લેવાતો યાત્રાળુ ઉપરનો વેરો / ટેક્સ રદ કરાવ્યો હતો.''

આમ તો રાજાઓ અને ધનિકોનો પરસ્પર આર્થિક સંબંધ આમાં કારણરૂપ હશે, નહિ?''

''મોટેભાગે- પણ પરસ્પર સાંસ્કૃતિક વહેવાર પણ ભૂલાય નહિ. કલાઓ, ભાષા, સ્થાપત્ય!... જૈનધર્મ ભલે ભારતભરમાં વ્યાપેલો હોય, ગુજરાતનું ચારિત્ર્ય ઘડવામાં એનો મોટો ફાળો છે.''

''આ 'પોળો' તો ભઇ, આપણા પ્રવાસનો મોટામાં મોટો ઐતિહાસિક કોયડો કહેવાય!'' બાદલે કહ્યું અને સૌ એ પરિસરમાંથી બહાર નીકળ્યાં. કનુભાઇ ચૂપચાપ બધું માણતાં માણતાં સાથે જ ચાલી રહ્યા હતા. બહાર નીકળીને ગાડીમાં બેઠાં, ડેમ તરફ આગળ વધ્યાં. રજવાડી છત્રીઓ આગળ રોકાયાં. આમ તો આ છત્રીઓ પણ રાજસ્થાની-ગૂર્જર શૈલીની હતી. કદાચ પેલા રાજકુટુંબનું આરામગૃહ હશે? લાખા વણઝારાએ બનાવડાવી(!) હશે... એમ ધારણાઓ ચાલી. સૌથી વધુ વિચિત્ર તો એ લાગ્યું કે છત્રીઓ નીચે સાવ અણઘડ અને આડેધડ મૂકેલા પાળિયા! ઉપર સ્ત્રીઓનાં આકારો! સ્થાનિક દંતકથા ચાલતી હશે? શી ખબર?!

બસમાં થોડે જ આગળ ગયાં ત્યાં અતિપ્રાચીન મનાતું શરણેશ્વર-સારણેશ્વરનું શિવમંદિર આવ્યું. 11મી કે 12મી સદીનું આ મંદિર અમુક જગ્યાએથી ભાંગેલું છે પણ કામચલાઉ મરમ્મત કરીને એને 'ચાલુ'મંદિર બનાવ્યું છે. બાકાયદા પૂજા ચાલે છે - આને ખંડેર નહિ કહેવાય પણ





પૂજારીની અને રડ્યાખડ્યા સ્થાનિકોની આસ્થા સિવાય આવી જગ્યાએ મંદિર જીવતું રાખવાનું કોઇ લોજીક નથી. અત્યંત સુંદર, પારંપરિક થરવ્યવસ્થા આજે પણ કળી શકાય છે. હાથી, અપ્સરાઓ, દેવતાઓ - બધું જોતાં મંડળી ઘૂમી વળી. માનવથરનું વૈવિધ્ય પણ દેખાતું હતું. મિથુનમૂર્તિઓ આગળ મિત્રો અટક્યાં હતાં; કનુભાઇએ પાછળથી ડોકિયું કર્યું ને ડોળા તતડાવ્યા- ''આવું બધું નો જોવાય- આગળ હાલો!'' વિલ્સન એમને એનું તત્વજ્ઞાન સમજાવવા ગયો એટલે ધીરજે રોક્યો- ''ભઇ, એમની આગળ હરણની સીતા નહિ... પેલી બીજી કહેવત લાગુ પડશે! સવારે બહેન બધું સમજાવતા હતા ત્યારે ક્યા હતા, કનુભાઇ?''

''હું તો પાર્કિંગમાં જ હતો- શામળાજીમાં પાર્કિંગની બઉ મારામારી રિયે! હશે, મારે કાંય જોવું'ય નથૂને હમજવુંએ નથી! ઇના વન્યા કની ખિચડી કાચી રઇ છે?'' મિત્રો ભાંગેલા ઓટલે બેસીને ઢળતી સાંજે સ્થાપત્યનું સૌન્દર્ય માણી રહ્યાં હતાં... સ્થળનું આકર્ષણ જ એવું હતું કે ઊઠવું ના ગમે... પણ ઉતારે પહોંચવું પણ જરૂરી હતું.

## ***જંગલનો જાદૂ અને અંધારામાં ગોળીબાર***

ઉતારો હતો કેમ્પમાં.રાજ્યના વનવિભાગે અહીં પર્યટકો, ટ્રેકરો અને વિદ્યાર્થીઓ માટે તંબુ-કોટેજમાં વ્યવસ્થા કરી છે. પર્યાવરણપ્રેમીઓ અહીં અભ્યાસ કરવા આવે છે. શાળાનાં બાળકો પણ પ્રવાસે આવે છે. અહીં નેચર-મ્યુઝિયમ જેવું પણ કરવામાં આવ્યું છે. તાલીમ- શિબિરો રાખવામાં આવે છે. મંડળીનો ઉતારો પણ તંબુમાં રાખ્યો હતો. સૌને ખૂબ રોમાંચ હતો. સાધારણ છતાં સ્વચ્છ કહેવાય એવી સગવડ હતી. તાજાંમાજાં થઇ, કેમ્પમાં મળતું સાદું ભોજન લઇને સૌ ફિડબેક મીટીંગ માટે ગોઠવાયાં.

ઉત્તર ગુજરાતના પ્રવાસની આ પહેલી ફિડબેક મિટીંગ હતી. આમ તો સ્થળો જોતાં જોતાં ખાસી ચર્ચા થતી રહી હતી છતાં જાણે સૌને કંઇક કહેવાનું હતું. જો કે શરૂઆત તો નિરવ શાંતિથી થઇ. વિવિધ પંખીઓના ટહૂકા, તમરાંની ત્રમ્ ત્રમ્ ને નજીક વહેતી હરણાવની ખળખળ સાંભળી રહેલાં મિત્રો ઉપર જાણે

જંગલનો જાદૂ છવાયેલો હતો. આ નિરવતા માણતાં રહીએ એવો સૌનો મૂડ હતો.

છેવટે બાદલે મૌન તોડ્યુંઃ "આમ જોઇએ તો આજનો દિવસ કુદરતી સુંદરતા અને ભવ્યતાની સાથોસાથ માનવસર્જિત સુંદરતા - ભવ્યતા જોવા - માણવામાં ગયો.બંનેની કમાલ કલાકૃતિઓ જોવા મળી."

"એ પણ સમજાયું કે માણસ ફક્ત કુદરતી સૌન્દર્યથી ધરાતો નથી. એના પોતાનાંમાં પણ પ્રકૃતિની સુંદરતા જોઇને કદાચ કંઇનું કંઇ સર્જવાની ઇચ્છા થતી હશે, તેથી જ સુંદર કુદરતી ધામની વચ્ચે મનને શાંતિ આપનારાં ધર્મસ્થળો બનાવીને પેલી શાંતિને વધુ ઉંડાણ આપ્યું છે." વંદનાનું આ નિરીક્ષણ સૌએ વધાવી લીધું.

"પણ એ જાણીને દુઃખ થયું- ટ્રેજેડી લાગી કે, માણસને માણસે ઘડેલા સૌન્દર્યની કદર નથી, કિંમત નથી! નહિ તો પોળો જેવા સ્થળના ઘડનારાં આવા અંધારામાં રહી જાય કંઇ?" વિલ્સનનો બળાપો આખા દિવસના સારરૂપ હતો.

"બહેન, ઇતિહાસના વિદ્વાનો આ બધું શોધવાનો પ્રયત્ન જ નહિ કરતા હોય?" "કરે જ છે પણ બધાંનાં દસ્તાવેજી પુરાવા નથી હોતા. હોય તો ભાષા ઊકેલી શકાતી નથી- સિંધુસભ્યતાની જેમ! અને બીજી તકલીફ છે મૌખિક ઇતિહાસની. દંતકથાઓ, ચમત્કારો, અમુકતમુક સમાજનું વર્ચસ્વ... બધાંને લીધે વિદ્વાનો પણ મૌખિક ઇતિહાસને આધાર રાખી બેસે છે. સ્થળ અને કાળ વચ્ચે જોડવું જોઇએ તે જોડવાનું કામ ન થાય ત્યારે સ્થાનિક લાગણીઓ પંપાળવાનું ચાલે. રાજ્ય પણ, પ્રવાસન પણ આવા વિદ્વાનોને પોતાની રીતે વિચારવા ન દે ત્યારે આવાં સરસ સ્થળો પણ અવગણાનાનો ભોગ બની જાય!"

"એક મુદ્દો તમે વાત છેડી હતી એમાંથી નીકળ્યો છે, બહેન! હમણાં હમણાંથી યુવાનો, વિદ્યાર્થીઓ, શિબિરો માટે ને પિકનીક માટે અહીં બહુ આવે છે... એ લોકો આ સ્થળોને શી રીતે જુએ છે?" શેખરે ભૂતકાળને વર્તમાન સાથે સાંકળ્યો.





"દર્શનની રીતે." રચનાએ તડ્ દઇને કહ્યું. મિત્રો જરાક વિચારમાં પડ્યાં- "એટલે?" "આપણે છેક પહેલા દિવસથી જોતાં આવ્યાં છીએ કે લોકો દ્વારકા-સોમનાથ વગેરે સ્થળે દર્શન કરવા જાય છે ત્યારે એમને ઇતિહાસ જાણવાની, ચર્ચા કરવાની કોઇ પડી નથી હોતી - જરૂર પણ પડતી નથી હોતી. એમને મન શ્રદ્ધા - ભક્તિ - પુણ્ય - દાન મહત્વનાં છે. એ જ રીતે, જે લોકો પિકનીકના આશયથી આવે છે તેમને માટે કુદરતી સૌન્દર્ય, રૂટિન જીવન કરતાં શાંત વાતાવરણ અને મનગમતાં મિત્રોનો સાથ મહત્વનાં હોય છે. એમને ઇતિહાસની નહિ, એક 'હટકે' માહૌલની જરૂરિયાત હોય છે જે 'પોળો' કે 'દીવ' જેવી જગ્યાએ સહેજે ઊંડા ઊતર્યા વગર પણ પૂરી થઇ જાય છે. છેલ્લી વાત આ પર્યાવરણવાળા પણ જંગલનાં ઝાડ-છોડ-પશુ - પક્ષીને પ્રાયોરિટી માને, એમને અનુકૂળ પરિસરની એમનાં વર્તુળ પૂરતી ચર્ચા કરે.શૈક્ષણિક અભિગમ હોય ખરો પણ એમના પૂરતો. આમેય જાણકારી-માહિતી મહત્વનાં થઇ ગયાં છે; જ્ઞાનની જરૂર વગર, માહિતી વિસ્ફોટના આ યુગમાં બધું જ શક્ય છે."

"પણ પેલું દર્શન...? મીનાને વધુ સમજવું'તું.

"અરે, દર્શન કરતી વખતે આપણે 'કશું' કરવાનું નથી હોતું- દિમાગથી નહિ, દિલથી કામ કરવાનું હોય છે. પિકનીકમાંયે એવું જ... નિષ્ક્રિયતાની મજા એટલે દર્શન!"

"આઈ બાત સમજમેં?" આમિર, બીજું કોણ?

"ખરેખર, બહેન! આપણે બધાં બહુ કાપકૂપિયું - કંપાર્ટમેન્ટલાઇઝ જીવીએ છીએ નહિ?!" વિલ્સને બહુ ઊંડા ઉતરીને જાણે કહ્યું.

"સહી કહા વિલ્સન! આજ સે પહલે હમ ભી હિંદુધર્મ - મૂર્તિયાં - મંદિર સે કટે હુએ થે. શાયદ આજ પતા ચલા કિ ધર્મકો ઐસી નઝર સે ભી દેખ સકતે હૈં. હાલાંકિ એકદમ તો સોચ બદલના ઇઝી નહીં હૈ, ફિર ભી... એક નયી રોશની ઝરૂર મિલી હૈ" - હમિદ. "જો કે મને મંદિરોમાં નિર્વસ્ત્ર સ્ત્રીઓ, ભોગમૂર્તિઓ

બધું જોઇને એક વિચાર આવ્યો છે કે સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે જોવાની દૃષ્ટિને આવું બધું કલાને નામે ઉકસાવે / ઉશ્કેરે છે. સ્ત્રીદેહનો આટલો બધો મહિમા થતો હોય એ સમાજ પછી તો સ્ત્રીને ફક્ત દેહ તરીકે જ જુએ ને!... તેય ધર્મના ઓઠા હેઠળ?'' વંદનાએ તદ્દન નવી જ વાત કરી. વાતાવરણમાં થોડો સોપો પડી ગયો! રચનાને લાગ્યું કે કોઇ બીજું કંઇ બોલે તો સારું... ને થયું પણ એવું જ! શેખરે જરાક જુદી વાત કરીઃ ''વંદના, તારી વાતમાં મુદ્દો છે. પણ આ દેવો અને ભોગમૂર્તિઓમાં તો પુરૂષો પણ નિર્વસ્ત્ર દેખાડ્યા છે અને સેક્સ પુરુષો પણ કરે છે. આદર્શ સૌન્દર્યનાં માપ પુરુષોનાં પણ બતાડવામાં આવ્યાં છે. પણ પુરુષો પ્રત્યે સમાજની દૃષ્ટિ 'એવી' નથી થઇ.કેમ? કેમ કે સમાજે પારંપરિક રીતે પુરુષસત્તા, પૌરુષી માનસિકતાને પંપાળી - પોષી છે; એમાં માત્ર મંદિરો ને મૂર્તિઓનો ફાળો નથી.'' બાદલે જરાક આક્રમક રીતે કહ્યું- ''અરે, જે ધર્મમાં મંદિરેય નથી ને મૂર્તિઓય નથી એ ધર્મના પાળનારાઓ પણ સ્ત્રીઓ ઉપર અત્યાચાર નથી કરતા કે ખોટી નજરે નથી જોતા એવું ખાત્રીપૂર્વક કહી શકાય?!'' ચારેય મુસલમાન મિત્રો જરાક સમસમી ગયાં અને બાકીનાં મિત્રોમાંય થોડો સોપો પડી ગયો. ત્યાં જ પરવીને હિંમતપૂર્વક કહ્યું- ''બાદલ કી બાત જૂઠ હૈ ઐસા તો નહીં હૈ. ઔરતોં કી ઓર ગંદી નઝર રખને કે રિઝન તો ઔર ભી કઇ સારે હૈં ઔર હમ યે જાનતે ભી હૈ; ઔર વૈસે દેખા જાયેં તો કોઇ ભી રિઝન ના હોં તો ભી જો હોતા હૈ વહ તો હો કે હી રહતા હૈ. હૈ ના? બોલો, ઐસા ક્યોં?'' પરવીનના ધડાકાથી વાતાવરણ ટાઢું પડી ગયું. રચનાએ વાત વાળી. ''ચાલો, ચાલો, આપણે જરા વધુ પડતાં ઊંડે ગયાં ને આળાં થઇ ગયાં. જો કે સંસ્કૃતિનો અભ્યાસ કરનારાં આપણા જેવા માટે આવી છણાવટ જરૂરી છે. લાગણી દૂભાવાના ડર વગર પણ તંદુરસ્ત રીતે આવી ચર્ચા થવી જ જોઇએ અને જે સવાલ પરવીને કર્યો તે પૂછતાં રહેવું જોઇએ કે - ઐસા ક્યોં?''

★★★





**મુકામ - 3**

# સાબરકાંઠાને સીમાડેથી

પોળોથી નીકળીને તો જવાનું હતું અંબાજી પણ સાબરકાંઠાનો થોડોક વધારે પરિચય થાય તે જરૂરી હતું. સ્વાભાવિક રીતે સાબરમતી નદીની આસપાસનો કાંઠા વિસ્તાર તે સાબરકાંઠો એ તો સમજાય તેવું છે. અહમદશાહ બાદશાહે પાટણ અને અમદાવાદની વચ્ચે એક મથક બનાવ્યું અહમદનગર - તે આજનું હિંમતનગર. શહેર વચ્ચેથી વહેતી હાથમતી નદીના કિનારે સ્થાનિક રાજાઓનો દરબારગઢ છે. 600 વર્ષથી લગભગ આ શહેરમાં મિશ્ર વસ્તી છે. હિન્દુ-મુસ્લિમ બંને કોમો પાસે ખેતી ઉપરાંત નાના ઉદ્યોગો છે. આ વિસ્તારમાં મોટી રોજગારી ટ્રાન્સપોર્ટના ધંધામાં છે.

સાબરકાંઠાનું બીજું મહત્વનું શહેર છે ઇડર. જૂનું રજવાડું. રાજસ્થાન સાથે રાજકીય-સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો પણ પાકા. અરવલ્લીની પર્વતમાળાનો એક અનોખો ડુંગર ઇડરની વચ્ચોવચ ઊભો છે. કદાચ અગ્નિકૃત ખડકોથી બનેલો આ પથ્થરનો અનોખો ખજાનો છે. છેક ઉપર રાજગઢ છે, કુમારપાળે બંધાવેલાં જૈનમંદિરો પણ છે. હજાર-બારસો વર્ષનો ઇતિહાસ સંઘરીને આ ઇડરિયો ગઢ બેઠેલો છે.

ખેડબ્રહ્માને નવું-જૂનું યાત્રાધામ બનાવાયું છે. મૂળમાં બ્રહ્માનું મંદિર છે, જેને માટે કહેવાય છે કે અજમેર પાસે પુષ્કર પછીનું આ બીજું મંદિર છે. ફક્ત બે જ સ્થળે બ્રહ્માની પૂજા થાય છે. દેવોએ બ્રહ્માને શાપ આપ્યો કે તમે નહિ પૂજાઓ.કારણ કે બ્રહ્માએ પોતાની પુત્રી સરસ્વતી ઉપર કુદૃષ્ટિ કરી હતી!

અત્યારે તો નાનકડું નગર લાગે છે પણ 'વડાલી' બૌધ્ધકાલીન નગર છે. ચીની બૌદ્ધ સંન્યાસી હ્યૂ એન સંગ ધમ્મનો અભ્યાસ કરવા વલભીપુર ગયો હતો તે જ રીતે વડાલી પણ આવ્યો હતો. 'દેવની મોરી'નો બૌદ્ધ સ્તૂપ જાણીતો છે. વડાલીના તંતુ છેક ઇ.પૂ.બીજી સદી સુધી લંબાય છે.

રસ્તામાં જ આ બધા ઉલ્લેખો ચાલતા હતા. વિલ્સને વચમાં જ પૂછ્યુંઃ "બહેન, 2002માં જ્યારે હત્યાકાંડ થયો ત્યારે સાબરકાંઠામાં મુસ્લિમો પર બહુ અત્યાચાર થયા હતા, નહિ?"

"હું એ વાત છેડવા જ જતી હતી. ખેર, બહુ વિચિત્ર પણ હકીકત છે કે સાબરકાંઠામાં મુસ્લિમોની કતલ થઇ છે પણ ઓછી; અહીં મુસ્લિમોની કમ્મર તોડી નાખી- પગ ભાંગી નાખ્યા- એમના રોજગાર ખતમ કરીને! મેં અગાઉ કહ્યું તેમ હિંમતનગર - વડાલી - ઇડરના મુસ્લિમો પાસે પણ ખેતીવાડી, દુકાનો, નાના ઉદ્યોગો, ગેરેજ, ટ્રાન્સપોર્ટ વગેરે ખાસા એવાં.કોમ પગભર જ નહિ સદ્ધર પણ કહેવાય. કોઇ પણ સમુદાયને ખતમ કરવો હોય તો એની આર્થિક પ્રવૃત્તિઓ ખતમ કરવી અને સ્વમાન ઉપર આઘાત કરવો. હિંદુત્વવાદી પરિબળોએ જોયું કે સાબરકાંઠાના મુસ્લિમો સદ્ધર છે એમણે લાંબા સમયથી આયોજન કરીને, વિસ્તારના આદિવાસીઓને હાથા બનાવીને, હથિયારો પકડાવીને મુસ્લિમોનાં ઘર-ખેતર-દુકાનો-અનાજઘંટીઓ-ગેરેજો ઉપર હુમલા કર્યા, સળગાવ્યાં અને પાયમાલ કરી મૂક્યાં. વર્ષો સુધી ઊભાં ના થઇ શકે એવી રીતે લાચાર કરવાનો મનસૂબો પાર પાડ્યો. હિન્દુત્વવાદી રાજકારણીઓ, સ્થાનિક માથાભારે વ્યક્તિઓ, આદિવાસીઓના સમુદાયોની સાથે સાથે સાધુ-સંન્યાસી અને સમાજમાં વગ ધરાવતા ધાર્મિક નેતાઓ જોડાયા. છેવટે ખાતાપીતા ઘરનાં હજારો મુસલમાનો લાંબા સમય સુધી તંબુછાવણીમાં ને પછી બે રૂમની ઓરડીયોવાળી રાહતકોલોનીઓમાં રહેતાં થઇ ગયાં અને ઈસ્લામી રૂઢિચુસ્ત સંસ્થાઓની મહેરબાની ઉપર જીવતા થઇ ગયા. આજે પણ સાબરકાંઠામાં રાહતકોલોનીઓમાંથી પોતાના મૂળ ગામ જવા મુસ્લિમો તૈયાર નથી. ડર છે- નફરત છે. જો કે ગુજરાત, દેશ-વિદેશના માનવઅધિકાર





કર્મશીલોના અથાક પ્રયાસથી ન્યાયની પ્રક્રિયા ધીમી ધીમી પણ શરૂ થઇ છે. લડત જારી છે." "હવે સમજાયું કે છેક ગોધરામાં ડબ્બો સળગ્યો એમાં સાબરકાંઠાનો મુસ્લિમ સમાજ કેમ સળગી મર્યો! રાજકારણ પણ છેવટે આર્થિક મુદ્દાને જ વશ થાય છે!"

ભગવાકરણનો આ અર્થ પણ જાણી લેવો જોઇએ કે આ વિસ્તારનું રાજકીય કે સાંસ્કૃતિક જ નહિ, આર્થિક વર્ચસ્વ પણ " લઘુમતીઓ" ના હાથમાં ના જવું જોઇએ."

## માનગઢ

### *ગુજરાતનું જલિયાંવાલા?*

"આપણે ખેરોજ પાટિયાથી બનાસકાંઠામાં પ્રવેશ કરીશું. જરાક આગળ જતાં 'પોશીના' આવશે. ત્યાંથી પૂર્વ તરફ વળીએ તો રાજસ્થાનની સરહદ આવી જાય. અરવલ્લીની પહાડીઓમાં ગુજરાત-રાજસ્થાનની સરહદે માનગઢ ગામ છે - કહો કે ડુંગર છે, તેને 'ગુજરાતનું જલિયાંવાલા'કહેવાય છે."

"જલિયાંવાલા? પંજાબવાળું? જયાં સેંકડો લોકો ઉપર ગોળીબાર થયો'તો?"

"બાપ! ગાંધી ફિલ્મ મેં ક્યા સીન બનાયલા થા? આજ ભી યાદ કરતા હૂં તો રોંગટે ખડે હો જાતે હૈં"... આમિરે જોડ્યું.

"સુના હૈ કિ નિર્દોષ લોગોં કો માર દિયા ગયા? ઔરતેં કુંએ મેં ગિર પડીં થીં..." હમિદને પણ યાદ હતું.

"હા, એ જ જલિયાંવાલા. જો કે હું આવી સરખામણી નહિ કરું.કેમ - એનું કારણ આપણે પછી ચર્ચીશું; પહેલાં ઐતિહાસિક માહિતી આપું."

"આપણે જોવા જવાનાં?" મીનાનો કાયમી પ્રશ્ન.

"ના, હવે ત્યાં કંઇ નથી; અથવા તો કંઇ છે તે કેમ છે - એની ચર્ચા પણ કરવી પડશે; અત્યારે જરાક મૂળકથા જાણી લઇએ..." રચનાએ ભૂમિકા સાથે એ ઐતિહાસિક ઘટનાનું વર્ણન કર્યું:

અહીં વીસમી સદીની શરૂઆતમાં ભીલ સમુદાયે પોતાના ઉપરના અત્યાચારો અને વેઠની સામે માથું ઊંચક્યું હતું. અંગ્રેજોએ ઉદ્યોગો સ્થાપ્યા, કારખાનાં અને રેલ્વે નાંખ્યાં. રેલપાટા માટે દેશનાં જંગલોનો ખુરદો બોલાવ્યો. જંગલ જમીનનો મોટો હિસ્સો સરકારના કબ્જામાં જાય તે માટેના કાયદા ઘડ્યા. જંગલ ઉપરાંત પર્વતોમાં ખાણો ખોદી, નદીઓ ઉપર ડેમ બન્યા.અંગ્રેજોના જમાનામાં કુદરતી સંસાધનો સરકારનાં બન્યાં. આ બધાંની સૌથી મોટી અને સૌથી માઠી અસરો આદિવાસીઓ ઉપર થઇ. વેઠવૈતરાં અને વિસ્થાપન જાણે આદિવાસીઓની જિંદગી બની ગયાં. પૂર્વભારતના બિહાર-ઝારખંડના આદિવાસીઓએ પણ વિદ્રોહ છેડ્યો હતો; અહીં રાજસ્થાન-ગુજરાતના ભીલોમાં પણ ચેતનાનો સંચાર થયો હતો.

આંદોલન કે વિપ્લવ માટે સૌથી પહેલાં સંગઠન જરૂરી. ભીલોને સંગઠિત કરવામાં આ વિસ્તારની બે વ્યક્તિઓનાં નામ જાણીતાં છે- રાજસ્થાનના મોતીલાલ તેજાવત અને ગોવિંદગુરુ. ગોવિંદગુરુએ ભીલોને સંગઠિત તો કર્યાં, સાથેસાથે સ્વચ્છતા, દારૂબંધી, શાકાહાર, એક પત્નીવ્રત, શિક્ષણ જેવા મુદ્દે જાગૃત પણ કર્યા. આખા અભિયાનને 'ભગત આંદોલન' પણ કહેવાય છે.

આ આંદોલને આગળ જતાં આદિવાસીઓને અંગ્રેજી હકૂમત સામે સશસ્ત્ર ચઢાઇ કરવા પ્રેર્યા. માનગઢના ડુંગરોમાં આ સંગ્રામ ખેલાયો. 17મી નવેમ્બર 1913ના દિવસે હજારો ભીલોના સશસ્ત્ર હુમલા સામે અંગ્રેજી સેનાએ ગોળીબાર કર્યા. હજારો ભીલો ઘવાયા-માર્યા ગયા. હજારોની ધરપકડ થઇ. ચોક્કસ આંકડો નથી મળ્યો પણ કહેવાય છે કે 1500-2000 ભીલો માર્યા ગયા. એમનાં તીરકામઠાં અંગ્રેજી સૈન્યની બંદૂકો સામે કાંચા પડ્યાં- ટાંચા પડ્યાં.

"આને જલિયાંવાલા કેવી રીતે કહેવાય? અહીં તો ભીલો રીતસર ચઢાઇ કરી ગયા હતા; જ્યારે પણે...." બાદલને પ્રશ્ન થયા.







**માનગઢ - આદિવાસી હત્યાકાંડ**

રચનાએ એને બીજો વળાંક આપ્યો: "હું આને એક બીજી રીતે પણ નકારું છું. અલબત્ત, જો એ ભીલોની સભાન-સશસ્ત્ર ચઢાઇ હતી અને એને દબાવી દેવમાં આવી તો એ પછી પણ; માની લો કે આઝાદી પછી પણ એ વિસ્તારનાં ભીલોમાં એટલું ઝૂઝારૂ ખમીર ક્યાંક તો ટકી ગયું હોય ને? સ્વતંત્ર ભારતમાં પણ એમના ઉપર શોષણ અને અત્યાચાર ઓછાં નથી થયાં... ક્યારેય 'માનગઢ સંગ્રામ'ના પડઘા કેમ ન પડ્યા?... પેલી તરફ જલિયાંવાલા પછી તો સશસ્ત્ર ક્રાન્તિકારીઓની નવલોહિયા ફસલ ઊગી નીકળી હતી. લાલા લજપતરાયની પ્રેરણાથી ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ, ભગવતીચરણ... જેવા જાણીતા ક્રાન્તિકારીઓ પાક્યા હતા અને જલિયાંવાલાની રાખમાંથી જાણે સેંકડો અગનપંખીઓએ પાંખો ફફડાવી હતી." "... તો અહીં એવું ના બન્યું? કેમ?" ધીરજ અને વંદના સાથે બોલી પડ્યાં. "કેમ કે પેલું જાગૃતિકરણ ક્યાંક આદિવાસીઓમાં સામાજિક સુધારણામાં ફેરવાઇ ગયું હતું. ભગત આંદોલને આગેકૂચ કરી હતી અને ભીલોની ચિંગારી ઠારી દીધી હતી. એમાં ભગત આંદોલનના સંચાલક-પ્રચારક ગોવિંદ ગુરૂનો ફાળો મોટો ગણાય. એમણે ભીલોમાં સુધારાના નામે એક રીતે હિંદુકરણનો ફેલાવો કર્યો. આદિવાસીઓની પ્રકૃતિ અને સંસ્કૃતિ - બંનેમાં બદલાવ લાવ્યા!" હાં, મુઝે ભી યે હી લગા બહેન! યે સારી સુધારકી શર્તો કે સાથ કોઇ કૈસે તીરકમાન ઊઠા સકતા થા?"

"અરે, આખી આ ઘટનાના પણ બે રૂપાંતરો મળે છે - પહેલું, જે મેં કહ્યું તે સશસ્ત્ર આંદોલન અને શહાદતનું. બીજું રૂપાંતર કહે છે કે ગોવિંદ ગુરૂએ વિસ્તારના હજારો ભીલોને ગુરૂકંઠી બાંધી હતી. 17મી નવેમ્બર 1913 ના રોજ માનગઢના ડુંગર ઉપર મોટો હવન થવાનો હતો. ગોવિંદ ગુરૂએ ધૂણી ધખાવી હતી અને હજારો ભીલો એ હવનમાં ભાગ લેવા જઈ રહ્યા હતા, એ તકનો લાભ લઈને અંગ્રેજોએ ગોળીબાર કર્યા. હજારો ભીલો હણાયા પણ નિઃશસ્ત્ર હતા. સુધરેલા અને ભક્તિભાવથી પરિપૂર્ણ હતા… હવે વિચારો, કઈ ઘટના સાચી?" વંદનાએ ત્રાસીને કહ્યું. "બાપ રે! આટલા નજીકના ઈતિહાસમાંયે આટલી ઘાલમેલ? તે પણ બંને રૂપાંતરો તદ્દન સામસામા છેડાનાં?"

"હા, જેઓએ લોકઆંદોલનો અને આદિવાસી-સંઘર્ષ અને સંગ્રામનો ઈતિહાસ લખ્યો છે કે અભ્યાસ કર્યો છે તે લોકો પેલા સંગ્રામની કથાને ઉજાગર કરવામાં કાચા પડ્યા હશે એટલે મર્યાદિત વર્તુળમાં એ વાત રહી ગઈ. પણ ગોવિંદ ગુરૂએ આદિવાસીઓને સુધાર્યા એ માનવાવાળા અને ખાસ તો આદિવાસીઓનું ધીમું હિંદુકરણ થયું ને થતું રહ્યું એ મુદ્દાનો લાભ લેનારાએ બહુ સમયસર માનગઢને પુનર્જિવિત કર્યું. એ તો ચાલાક લોકો છે - હતા… ગુજરાતમાં 2002 પછીના ભાજપના શાસનમાં માનગઢ ઉપર ફોકસ થયું અને 2013માં સંઘર્ષના 100 વર્ષ થયાં ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માનગઢ ઉપર સમાધિસ્થળ રચાવ્યું, મેળો કર્યો અને આદિવાસીઓમાં પુનઃ હિંદુજાગરણનો બૂંગિયો ફૂંક્યો."

'હાં, પેલી હવનવાળી ઘટના અને હત્યાકાંડ બંનેનો ટૂંકમાં ફાયદો લીધો, એમ જ ને?" બાદલે તાળો મેળવ્યો.

"હા, એક તરફથી ભૂતકાળની શહાદત યાદ કરાવીને આદિવાસીઓને પોરસ ચડાવાયા અને બીજી તરફ ગોવિંદ ગુરૂવાળા 'ભગતો'ની પીઠ થાબડીને હિંદુકરણનાં મૂળિયાંને સમારંભ દ્વારા સિંચાઈ મળી. આખી વાતના હીરો ગોવિંદ ગુરૂ આંદોલનકર્તા હતા પણ સાથોસાથ દયાનંદ સરસ્વતીના પ્રભાવ





નીચે આર્યસમાજના આચાર-વિચારમાં પણ માનતા હતા, જેના પ્રતાપે આદિવાસીઓ પણ હવન કરવા માંડ્યાં હતાં."

"વાહ! તો તો આપણા સમારંભશૂરા મુખ્યમંત્રીજીને બેય હાથમાં લાડવા હતા!" "મતલબ કે આજે એ માનગઢ ડુંગર ઉપર સમાધિસ્થળ છે, એમ જ ને?" "અરે, એટલું ઓછું હોય તેમ, તે સમયે વિરોધ પક્ષ કોંગ્રેસે વળી શોધી કાઢ્યું કે સમાધિસ્થળ અહીં નથી - પણે છે! પરિણામે મિડિયાબાજી શરૂ થઈ અને આખી વાત વણસી ગઈ!" રચનાએ જાણે પૂરું કર્યું.

"પણ એ વખતે આદિવાસીઓ, એમના નેતાઓ, એમની સાથે કામ કરતા કર્મશીલોએ આ વિવાદનો વિરોધ ના કર્યો?" વિલ્સનનો પ્રશ્ન વાજબી હતો. "કોણ કરે? મામલો જ ગૂંચવાયેલો હતો. વિલ્સન! જ્યાં સુધી ખરેખરા વિક્ટિમ્સ / અસરગ્રસ્તો, શોષિતો પોતે કંઈ બોલવા તૈયાર ના થાય ત્યાં સુધી બીજાઓના પ્રયત્નો ગમે એટલા નિષ્ઠાવાળા હોય, સક્ષમ હોય પણ આખરે તો નકામા!"

"આમ પણ આદિવાસીઓનું હિંદુકરણ બહુ મોટો રાજકીય મુદ્દો થઈ ગયો છે. જે ખ્રિસ્તી નથી થયા એ આદિવાવસીઓમાં ભગત આંદોલન અને કંઠી - ધોળી ધજા… વગેરે બહુ ચાલે છે; પછી આ સમારંભનો વિરોધ પાછો 'આદિવાસી-વિરોધ' થઈ જાય!" શેખરે આખા મુદ્દાને રાઉન્ડ અપ કર્યો. "હવે કહો, આવી કહેવાતી સમાધિ જોઈ તોયે શું ને ના જોઈ હોય તોય શું?" રચનાએ વાત વાળી.

"સાંસ્કૃતિક પ્રવાસ અને સાંસ્કૃતિક અભ્યાસ કરનારી નવી પેઢી આવા આવા વિવાધાસ્પદ મુદ્દા અને સ્થળો વિશે વિચારતી થાય એ પણ આ તબક્કે જરૂરી નથી લાગતું?" રચનાએ ફોન ઉપર જ્યારે ચિંતન સાથે આજની દિનચર્યાનું શેરિંગ કર્યું ત્યારે ઊભી થયેલી મુંઝવણ તંદુરસ્તીની નિશાની છે એમ કહીને ચિંતને એને સાંત્વન આપ્યું.

★★★

**મુકામ - 4**

# કુંભારિયાનાં જૈન મંદિરો

## *અંતરિયાળ અલૌકિકતા*

અરવલ્લીના વળાંકો ચઢતી, નાના વહેળાઓની પડખેપડખે ચાલતી બસ બનાસકાંઠામાં પ્રવેશી ચૂકી હતી. કનુભાઇના મનનો ઉમંગ એમના ડ્રાઇવિંગમાં પડઘાયો. ઢાળબાળની પરવા કર્યા વિના બસ ઢોળાવો સર કરતી જતી હતી. રચનાએ કનુભાઇને બૂમ પાડીને કહ્યું: “કનુભાઇ, આપણે કુંભારિયા થઇને અંબાજી જવું છે, હોં!”

રચનાના આ ‘હુકમ’ થી કનુભાઇ જરાક તરડાયા: “એ બેન, ઇ વાણિયાનાં દેરાં જોવા રહીશું તો અંબાજીની આરતી ચૂકી જાશું.”

“એ દેરાં સવારે છેક અગિયાર વાગે જોવાં પડે એના બદલે અત્યારે જોઇ લઇએ તો કાલે દાંતા રોડથી પાલનપુર નીકળી જવાય. અને માતાજી તો હવે 9.30 સુધી ખુલ્લાં હોય છે, ચિંતા ના કરશો.”

અંબાજી ધામનું નવું બનાવેલું તોરણદ્વાર વટાવ્યું કે તરત ડાબી તરફ વળવું પડ્યું. જૂનાં- ઘટાદાર વૃક્ષો-ફૂલછોડ અને પથ્થરની પગદંડીથી સુઘડ જણાતા વિશાળ પરિસરમાં, બિલકુલ સામે એક મોટું દેરાસર હતું અને ડાબી તરફ ચાર નાનાં-મધ્યમ દેરાસરોનું ઝુમખું હતું. સ્થાન - વ્યવસ્થાપકની ઓફિસ અને







**કુંભારિયા - દેરાં**

એની પાછળની ધર્મશાળા દેખાયાં. ઓફિસમાંથી વિવેકપૂર્ણ પ્રશ્ન આવ્યો- “કેટલાં યાત્રાળુ છો? ભોજન? ઉતારો? મંડળીએ સામે વિવેકપૂર્ણ ના પાડી અને પેલા મોટા દેરાસર તરફ દોટ મૂકી.

દ્વારતોરણની બહાર બે મહાકાય હાથીઓ - આરસના - રાહ જોતા હતા. એમની જોડે બેસીને-ઊભાં રહીને ફોટા પાડ્યા - પડાવ્યા પછી, મીનાને પ્રશ્ન થયો: “આ કુંભારિયા નામ કુંભારજ્ઞાતિ ઉપરથી પડ્યું હશે - જેમણે આ ગામ વસાવ્યું?” “ના, રાજસ્થાનના મધ્યકાલીન રાણા કુંભાને આનો યશ જાય છે. આમ પણ અંબાજી ભલે ઉજળિયાત ગુજરાતીઓનું ધામ કહેવાય, પણ ઇતિહાસ-ભૂગોળથી તો એ રાજસ્થાન જોડે સંકળાયેલું છે. ખોરાક-પોષાક-બોલી-રહેણીકરણી ઉપર રાજસ્થાનની ખાસી અસરો છે.”

“આ જૈનમંદિરો પણ કુંભારાણાના સમયમાં બનેલાં કે?” ધીરજે પૂછ્યું.

''ના, ભીમદેવ સોલંકીના મંત્રી વિમલશાહે ઇ.1020ની આસપાસ બનાવડાવ્યાં.કચ્છના જગડૂશાની જેમ વિમલ મંત્રી પણ અંબાજીના ભક્ત હતા.''

''અચ્છા, આ હિસાબે કહી શકાય કે ક્ષત્રિય રાજાઓ અને જૈન શેઠિયાઓને સારું ફાવતું.'' ધીરજના કટાક્ષમાં રચનાએ 'વઘાર' કરી આપ્યો- 'ફક્ત ક્ષત્રિય જ નહિ, મોગલ બાદશાહ ઔરંગઝેબ પણ સૂરત-અમદાવાદના જૈન શેઠો સાથે સારાસારી રાખતો. જરૂર પડ્યે પૈસા પણ ઉછીના માંગતો. અર્થસત્તા આગળ રાજસત્તા ઝૂકતી જ આવી છે.''

''એ દોસ્તો! અબ મંદિર દેખેંગેં?'' પરવીનની 'ખીજ'થી બધાં ચર્ચા સમેટીને અંદર ગયાં. ખૂબ સુંદર કોતરણીવાળા સ્તંભ અને તોરણોથી અષ્ટકોણ રચીને નૃત્યમંડપ શોભતો હતો. સફેદ દૂધ જેવા નવા આરસની ચમક અલગ જ હતી.

''આમ તો સફેદ આરસમાં ખાસ ખ્યાલ નહિ આવે પણ ધ્યાનથી જોશો તો અમુક ભાગ જૂનો ને અમુકનું રિનોવેશન થયેલું પકડી શકશે.''

''હજાર વર્ષ જૂનું બાંધકામ છે... મેન્ટેનન્સ તો જોઇએ ને?''

પરસાળોમાં નાની તીર્થંકર મૂર્તિઓ રાખવાની ઓરડીઓ / દેવકુલિકાઓ હતી. પોળોની પેલી પડતર પરસાળ યાદ આવી. ''આવી નાની નાની મૂર્તિઓને ભક્તો ઘેર પૂજા માટે લઇ જાય અથવા શોભાયાત્રા કાઢવા બહાર કાઢે.''

થોડાં પગથિયાં ચઢીને સભામંડપ આવ્યો. એકાદ જૈન સજ્જન શાંતિથી બેસીને જપમાળા કરી રહ્યા હતા. પૂજા-સેવાનો સમય સવારનો હોય અને આટલો દૂર અમુક સમય પછી જૈનો દર્શન કરવા ન આવે, એ નિયમ-પરંપરા ટકી રહી લાગી. કોતરકામ તો સુંદર હતું જ, બારસાખો-દ્વારતોરણ વગેરે ઉપર કમાંગરી કલાને મળતાં આવતાં ચિત્રો હતાં. સવારી, શોભાયાત્રા ચમકદાર રંગોથી સ્થળની શોભા વધારતા હતા. ''કચ્છ-રાજસ્થાનની સહિયારી કળા જૈન દેરાસરોએ જીવંત રાખી છે.આ લોકોએ તો મંદિરકળા, મૂર્તિકળા... બધું જ







**થાંભલાની ચિત્રકળા**

ટકાવી રાખ્યું છે.'' વિલ્સન ખુશ હતો. ''ધર્મના આશ્રયથી દુનિયાભરમાં ચિત્ર-શિલ્પકળાઓ જે રીતે વિકસી શકી એ તો ખૂબ નોંધપાત્ર ઘટના છે. વિલ્સન તમને યુરોપનાં અને આપણા દેશનાં ચર્ચોની ચિત્રકળા વિશે કહી શકશે.''

દેરાસર મૂળનાયક આદિનાથ / ઋષભદેવનું છે. એમણે શ્વેતામ્બર પંથ સ્થાપ્યો એમ કહેવાય છે. પોતે બિહારના રાજપુત્ર હતા. એમની બેઠેલી સુંદર શાંત મૂર્તિ ઉપર સોનાંચાંદીના હાર, કુંડળ (કાનનું ઘરેણું), મુગટ વગેરે પહેરાવ્યું હતું. ઊભેલી મૂર્તિ નિર્વાણમૂર્તિ છે એ મિત્રોને યાદ આવ્યું. આમ તો પાલિતાણામાં બહુ દેરાં જોયાં પણ આની શોભા ઓર લાગી. બહાર નીકળીને મિત્રો ઉત્સાહપૂર્વક જગતી - જંઘા-જળથર વગેરે જોતાં જતાં હતાં- ''જુઓ,

અહીં માનવથર પણ છે. જો કે સવારી વધારે છે.'' ''પણે મિથુન મૂર્તિઓ પણ છે. ઓછી છે પણ સાવ નાબૂદ નથી કરી નાખી!'' દેવથરમાં લક્ષ્મીની મૂર્તિ જોઇને નવાઇ પામ્યાં ત્યારે રચનાએ કહ્યું ''લક્ષ્મીનો સ્વીકાર છે'' શેખર કહે - ''સ્વાભાવિક છે, શેઠિયા લક્ષ્મીને થોડી જ ધૂત્કારવાના છે?''

ત્યાંથી બહાર નીકળતા જે ઊંચો ઝરૂખો જોયો તે કલાત્મક હતો ઉપરાંત એની જગ્યા એવી સ્ટ્રેટેજિકલ હતી કે છેક આખો રસ્તો વીંધીને આરાસુરના / અરવલ્લીના ડુંગરા દેખાતા હતા.

બાજુના ચાર નાનાં દેખાતાં મંદિરો એક પછી એક જોયાં. મહાવીર સ્વામી, અજિતનાથ, કુંથુનાથ એમ ચાર અલગ મૂળનાયકના આ મંદિરો બિનજૈનો માટે ઉત્તમ કલાદર્શન છે.

અહીંની હજાર વર્ષના આરસની માખણિયા મુલાયમી હજી અકબંધ છે. રંગ પણ સાવ સફેદને બદલે માખણિયો ક્રીમ છે. કોતરણીની ઝીણવટ અને કુમાશ પણ પથ્થરની નહિ માખણિયા લાગે છે. અહીં પણ દેવકુલિકાઓ છે, સભામંડપ અને નૃત્યમંડપને ધારણ કરતા તોરણ અને થાંભલી છે. જેના ઉપર પણ થર પરંપરા મુજબ કોતરણી છે. રચનાએ આ બધી વિશેષતા તરફ ધ્યાન દોર્યું. ખાસ તો પરસાળોની છત જોવા કહ્યું. અનેક કોતરેલાં ચોખંડ નમૂના નમૂનેદાર હતા. દરેકમાં જૈન ધર્મકથાઓન પ્રસંગો હતા, શોભાયાત્રાનાં દશ્યો હતાં, મહાવીર સ્વામીનાં માતાને સગર્ભાવસ્થામાં થયેલાં દિવ્ય સ્વપ્નોનાં પ્રતીકો હતાં. નૃત્ય-સંગીતવાળા તો ખરા જ. વૈરાગ્યનો અઢળક બોધ કરનારા આ ધર્મમાં કેટલો બધો જીવનરસ ભરેલો છે તે જોવું હોય તો આ દેરાં જોવાં જોઇએ.

રચનાએ વીસેક વર્ષ જૂનો પ્રસંગ શેર કર્યોઃ પોતે એક વિદેશી વડીલને સાથે લઇને આવી હતી. પૂર્વમંજૂરીથી એમણે વિડીયો કેમેરા સાથે રાખ્યો હતો. છૂટાછવાયા ઘણા ફોટા ક્લીક કર્યા પણ જ્યારે આ છત જોઇ ત્યારે તો પોતાની માતૃભાષામાં જે વખાણના ઉદ્ગારો કાઢ્યા છે! અને ચત્તાપાટ સૂઇને તમામ





છતોની વિડીયો ઊતારી એ અલગ! એમની ટ્રાવેલ-ગાઇડમાં આ સ્થળનું નામ ક્યાંય નહોતું''.

''એ તો બહેન, મેંય કદી આ દેરાંનું નામ નથી સાંભળ્યું. જૈન યાત્રાળુઓ પણ પૂજા-ભક્તિ માટે પણ ભાગ્યે જ આટલે દૂર આવતા હશે જ્યારે બિનજૈન યાત્રાળુઓ માટે તો આ અંતરિયાળ પડતું, અવગણાયેલું સ્થાનક હશે.'' શેખરે કહ્યું. ''ખરેખર, જૈનોએ પારંપરિક કલાઓને જીવંત રાખીને ધર્મની ધજા સતત ફરકાવી છે - તન, મન અને ધનથી!'' બાદલની આ વિશિષ્ટ કોમેન્ટ સાથે સૌ પરિસરની બહાર નીકળતાં હતાં ત્યાં એક નાની કેન્ટીન હતી. ચા પીવાની ઈચ્છા હતી ને રચનાએ પણ કંઇક વિચારી રાખ્યું હતું તેથી સૌ કેન્ટીનમાં ગોઠવાયા.

''ચાલો, ચા પીતાં પીતાં વાર્તા કહુંઃ આ વિમળશાહે અહીં એક સો આઠ દેરાં બંધાવ્યાં હતાં, એવી વાયકા છે. કોઇ કહે છે 300. ખેર, અંબાજીની કૃપાથી મળેલા ધનથી બંધાવેલાં આ દેરાં વિશે વિમળશા પોતે જ બધો યશ લેતો હતો, અહંકાર કરતો હતો.પરિણામે કંઇક ચમત્કાર (અકસ્માત?) થયો ને તમામ દેરાંમાં આગ લાગી. વિમલશાહ ગભરાયો. પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. માતાને કરગરીને વિનંતી કરી, ક્ષમા માગી ત્યારે માએ પાંચ દેરાં બચાવી લીધાં તે આ - કુંભારિયાનાં. અને એ કૃપાથી, પસ્તાવાના પરિણામે વિમળશાહે પેલું મોટું અંબાજીનું મંદિર બનાવડાવ્યું, જે આપણે જોવાનાં છીએ.'' ''ઓહ! આમ તો આ કથા એન્ટી જૈન (જૈન વિરોધી) અને બ્રાહ્મણિયા લાગે છે પણ મને કંઇક એવો સાર સમજાયો કે શાસકો કે ધનિકો પોતે કરેલાં કામનો આવો અહંકાર કરે તો પાયમાલ થઇ જાય… આઇ બાત સમજમેં?'' શેખરે વાત પૂરી કરીને ચાનો કપ નીચે મૂક્યો. કનુભાઇ કહે કે ''વાહ! વાણિયાનાં દેરાંનો ધક્કો લેખે લાગ્યો! હવેથી તો કાયમ બધી પાલ્ટીને કહીશ કે જોવો આ - આનું નામ કલા!''

★★★

## મુકામ - 5

# અંબાજી

અંબાજીની સંધ્યાઆરતીમાં પહોંચતાં પહેલાં, ઉતારે પહોંચી, તાજાંમાજાં થઇને બહાર નીકળ્યાં. યાત્રાધામની લાંબી બજારમાં આંટા મારતાં મારતાં અતિશય લોકપ્રિય ધામનો પરિચય મેળવતી ગઇ. આમ તો એ જ - ખાણીપીણી અને કપડાંલત્તાં, સાજશણગાર અને ખંજર- તલવાર! મારુ-ગૂર્જર સંસ્કૃતિની ઝલક ઠીક ઠીક દેખાતી હતી. સ્થાનિક બજારની ચીજવસ્તુમાં પશ્ચિમનો રંગ ઓછો જોયો. 'ભાઉડાં' નામે ઓળખાતાં ડુંગરી ભીલ મજૂર સ્ત્રી-પુરુષો તેમના







પરંપરાગત પોષાકમાં જોવા મળ્યાં. હોટેલોએ 'દેશી' ધર્મશાળાઓનું સ્થાન લીધું છે. ટ્રસ્ટોનાં ગેસ્ટહાઉસ થ્રી- સ્ટાર હોટેલ જેવાં દેખાયા છે. રસ્તા રૂપાળા થયા છે. સ્વચ્છતા અભિયાનનું ઝાડૂ અહીં પણ ફરી વળ્યું જણાય છે. નગરચોકમાં અંબામાના વાઘે સૌનું સ્વાગત કર્યું.

મંદિરના મુખ્ય દ્વાર - ગેટ - ઝાંપે પહોંચ્યાં ત્યારે છક્કડ ખાઇ ગયાં! સંપૂર્ણ સોનાનું શિખર-વિમાન, સંવરણના કળશો અને ધ્વજદંડ સાથે સફેદ આરસનું બાંધકામ.

"અરે, આ તો ગજ્જબ કહેવાય!" "ગુજરાતનું ભવ્ય સુવર્ણધામ!"

"લે, પેપર-બેપર વાંચે છે કે નહિ, આ સોને મઢાયાંને તો બે  વરસ થઇ ગયાં!"

"વહાં સોમનાથમેં ભી અંદરવાલા ગર્ભગૃહ પૂરા સોનેકા હી હો ગયા હૈ ના?!"

બહારથી જ, સમૃદ્ધિની ધજાપતાકા ફરકાવતું આ મંદિર, દેશનાં સૌથી સમૃદ્ધ મંદિરોમાં પાંચમાં ક્રમે છે એમ કહેવાય છે. પ્રવાસી મંડળીનાં મિત્રોએ ભક્તિ કરતાં અંબિકા કેવી આંખે ઊડીને બાઝે છે, એનો અનુભવ પહોંચતાંવેંત કરી લીધો.

વળી પાછા સિક્યોરિટી ચેકના સકંજામાં. અહીં પણ ચંપલ-મોબાઇલ-ચામડાના પટ્ટા વગેરે મૂકી દેવાની ઓરડીઓ ને પછી ડિટેક્ટરની લાઇનો. વંદનાએ કહ્યું- "છે-છે- લેડી સિક્યોરિટીવાળાં છે!" ને કસોટીમાંથી પાર ઊતર્યાં તો લાઇનની જેલ - જાળી - રેલિંગ!

"પ્લીઝ, આજની ફિડબેકમાં સિક્યોરિટી વિશે કશું ન કહેતાં હોં! આ તો રોજનું થયું!"

"ના બહેન, આ જરાક નવાઇનું! આતંકવાદીઓ હુમલો કરે તે ઉપરાંત, આટલું બધું સોનું ઉશેટી જવા કોણ ના લલચાય?" શેખરની કોમેન્ટથી લાઇનમાં ઊભેલાં સહયાત્રીઓમાં કેટલાક મલક્યાં, કેટલાક જોરથી હસ્યાં તો કેટલાંકનાં ભવાં ચડી ગયાં!

''આગળ ચાલો - આગળ ચાલો''... ધબ્બા મારીને કોઇકે ખીજ કાઢી હશે???

સફેદ આરસથી બંધાયેલું વિશાળ દેખાતું મંદિર, સાદું ગૂર્જરશૈલીનું બાંધકામ હતું. સભામંડપને આઠ તોરણો અને અનેક સ્તંભો ઉપર ગોઠવેલો. સ્તંભો ભૌમિતિક આકારો અને કમળ-વેલ વગેરેથી અલંકૃત હતા. વચ્ચે મોટા કુંડમાં કંકુ હતું; જે અહીંનાં માતાજીની ખાસ પ્રસાદી કહેવાય છે. હિંદુ સવર્ણ માન્યતા મુજબ કંકુ એ સૈભાગ્ય, શૌર્ય અને માતૃત્વનું પ્રતીક છે. માતાજીની સમ્મુખ આરસનો વાઘ બેસાડેલો, જે એમનું વાહન ગણાય છે. અંબામાતા દુર્ગાનું ગુજરાતી રૂપ છે અને વાઘ અરવલ્લીનું સ્થાનિક-શક્તિશાળી પ્રાણી છે.

સભામંડપ પ્રમાણમાં ખુલ્લો પણ આરતી સમયે ભરચક થઇ ગયો હતો. ઘંટનાદ-શંખનાદથી સૌએ જયજયકાર કર્યો: ''અંબે માત કી જય'' - મંડળીએ પણ સાદ પૂર્યો.મૂર્તિ સામેનો પર્દો ખૂલ્યો. પળવારની ધક્કામુક્કી ને પછી જયજયકાર ને પછી સમૂહ આરતી ગવાઇ - જૂનીને જાણીતી - જયો જયો મા જગદંબે! આરતી ધાપોકારમાં પલટાઇ રહી હતી.

મિત્રો ઊંચાં થઇ થઇને દર્શન કરવાની ચેષ્ટા કરતાં હતાં. લાલ સોનેરી સાડીની પાછળ સોનાચાંદીનાં આભૂષણો અને રત્નજડિત મુગટનો ચમકારો જોયો. પૂજારી મોટી આરતી ઊતારી રહ્યા હતા - આરતીમાં દીવેટો નહિ- મીણબત્તીઓ હતી. ખાસી લાંબી વાર ચાલેલી આરતી પૂરી થઇ. શ્રદ્ધાળુઓ પૂજાપો ભેટ વગેરે પૂજારીને જ આપતાં હતાં, મૂર્તિને સ્પર્શ નહોતાં કરતાં- રાબેતા મુજબ. સીંગ સાકરિયાનો પ્રસાદ લઇને મંડળી બહાર આવી. રચનાએ કહ્યું કે મંદિરનો બહારનો ભાગ, શિલ્પસ્થાપત્ય જોઇ આવો, લોકસંપર્ક પણ થાય તો કરો. હું પણે યજ્ઞમંડપની બહાર, બાંકડે બેઠી છું. તમારી રીતે ફરી આવો.''

ખાસ્સા પોણા કલાકે પાછાં આવેલાં મિત્રોને કંઇ ને કંઇ કહેવું હતું પણ રચનાએ જૂની સ્ટ્રેટેજી અપનાવી. ''પહેલાં જમી લઇએ. આમ પણ નવ વાગી ગયા છે. આપણા ઉતારે તો ભોજનનો સમય પતી ગયો; જો કે આજે તો રાજસ્થાની જમીશું ને? રાજસ્થાનના પાદરે પહોંચ્યાં છીએ.''





રોટલા, બેસન ગટ્ટા, દાલબાટી, ગોળ-ઘી જમીને, જલજીરા પીને મંડળી ઊતારે પહોંચી. ફિડબેકની શરૂઆત કરી. કનુભાઇ થાકીને ગેરહાજર રહ્યા.

શરૂઆત તો પોળો - પ્રશંસાથી થઇ.

''બેન, જંગલ કી સુનહરી સુબહ કા મજા કુછ ઔર હી થા. રાતભર હવા કી સાંય સાંય, ઝીંગુર કી ટ્રીં ટ્રીં, ઉલ્લૂકી ઉહૂહૂ ઔર બીચ બીચ મેં કોયલ કી કૂહૂ કૂહૂ ભી સુનાઇ દેતી થી. કહીં દૂર સે કુછ ડરાવની ગર્જના ભી સુની થી. સચ્ચી, થોડા થોડા ડર ભી લગા થા રાતમેં, હોં!'' યાસ્મિન જાણે હજી સવારનો નશો માણી રહી હતી.

મીનાએ કહ્યું, ''પોળોથી અંબાજીનો રસ્તો કંઇ બહુ સારો ન'તો. ઠેકઠેકાણે કેવી હરિયાળી ટેકરીઓ, ખીણો, ઝાડનાં ઝૂંડ ને વહેળા છે! કુદરતમાં બે દિવસથી બહુ મજા છે.'' હમિદે સાંસ્કૃતિક મૌન તોડીને ખરી શરૂઆત કરી - ''બેન, સબસે પહલે મુઝે ખેડબ્રહ્મા કે બારે મેં કુછ પૂછના હૈ: દેવતાઓં કે સાથ ભી હમ કહાનિયોંમેં લિહાઝ નહિ રખતે હૈં! દેવતા ભલા ઐસા કૈસે કર સકતે હૈં?''

બાદલે એને સમાધાન આપ્યું- ''ભઇ! આ કહાણીઓ બનાવે છે, કોણ! માણસો જ ને! એની કલ્પના ઊડી ઊડીને કેટલે ઊંચે ઊડે! જેવા આપણે એવા આપણા ભગવાન! ગુણઅવગુણ તો બધામાં છે ને?!''

''નહિ - ભગવાન ઇન્સાનેં સે કુછ ઝ્યાદા હૈ, તભી ભગવાન હૈ ના?'' હમિદને આ સમાધાન ગળે ના ઉતર્યું.

વંદનાએ સાર કાઢ્યો- ''આ બ્રહ્મા-સરસ્વતીની કથાનો બોધ એટલો કે દેવ જેવા દેવ હોય પણ જો આવો જાતીય ગુનો કરે કે કરવા જાય તો સમાજ એને ક્યારેય માફ ન કરે.''

''દેવ અપૂજ રહી ગયા પણ સમાજ ના સુધર્યો એનું શું? આજેય આવા નરાધમ બાપો આવી હલકી હરકતો કરે જ છે ને? ફક્ત બાપ શા માટે - આપણે તો

પુરુષોની નજર અને એમની વૃત્તિ-બધાંયમાં હજી ક્યાં સુધર્યાં?!'' શેખરની અકળામણ સાચી હતી.

''કંઇક બોધ આપતી ધર્મકથાઓ-માઇથોલોજી- ફક્ત આપણાં ધર્મ-સંસ્કૃતિમાં જ નથી; પ્રાચીન ગ્રીસ, સુમેરિયા, ઇજિપ્ત જેવી સંસ્કૃતિઓમાંય મળે છે. એમાં પણ આવી વિકૃતિ કે નિર્બળતા ધરાવતાં દેવ-દેવીઓની હારમાળા છે. મતલબ કે પ્રાચીન કાળમાં દેવોની હરકતો દ્વારા માનવમનની કાળી-ભૂખરી બાજુઓ પ્રગટ કરવાની પરંપરા હશે.'' રચનાએ મુદ્દાને વ્યાપ આપવાનો પ્રયત્ન કર્યો.

પણ આપણી વચ્ચે સવાલ એ ઊઠવો જોઇએ કે પુત્રીની પાછળ પડી ગયેલા આ પિતાની પૂજા ફક્ત રાજસ્થાન અને ગુજરાતમાં જ ચાલે છે એ અફસોસની વાત તો ખરી પણ કઇ રીતનો અફસોસ?... અરે, આવા દેવનું મંદિર ગુજરાતમાં છે ને પૂજાય પણ છે?!... આ તે કેવી પિતૃસત્તા?!'' મંડળી વિચારમગ્ન.

કુંભારિયાનાં દહેરાં ઉપર તો સૌ કોઇ ફીદા હતાં. જોતાંવેંત જે કંઇ કહેવું હતું તે કહેવાઇ ગયું હતું, હવે ખાસ કહેવાપણું રહ્યું નહોતું.

''અંબાજી મંદિર ભલે નવું પણ સરસ છે, પ્રભાવશાળી છે અને આટલા બધા લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર હોવાથી એક આભા પણ ઊભી થઇ છે, પણ આ સોનાનું શિખર?! - કોઇ રીતે ગળે નથી ઊતરતું.'' ધીરજે કહ્યું.

''હા યાર, ઇતને સારે પથ્થરોં કે મંદિર હમને દેખે, જો ઇતને સુંદર હૈ કિ ઐસે સોને ચાંદી કી ઉસ સુંદરતા કે આગે કોઇ કિમત નહી!'' હમિદે પણ જોડ્યું.

''સવાલ એ થવો જોઇએ કે લોકો સંપત્તિનું આવું વલ્ગર / ભદ્દું પ્રદર્શન શા માટે કરે છે?'' રચનાએ મિત્રોને ખણખોતર્યાં.

''શાયદ અપની ભક્તિ કિતની ઊંચી હૈ, યહ દિખાને કી લિયે?''

''અથવા તો પછી ભગવાન આગળ પોતાની સંપત્તિ તુચ્છ છે, એ બતાવવા?''





''કોઇ મોટો લાભ થયો હોય એની પાછળ માતાજીની કૃપા છે એમ માનીને આભાર માનવા?'' ''અને કંઇક માંગવા? - ભગવાન પાસે માણસે ભિખારી બની બતાડ્યું છે!''

''સમાજમાં પોતાનો વટ્ટ પાડવા?''

''આગલા જનમમાં પણ આવી સંપત્તિ મળે એવા આશીર્વાદ માંગવા?''

''ધર્મના નામે દાનપુણ્ય કરો તે ટેક્સ-ફ્રી છે, એનો લાભ મેળવવા?''

''પાપ કર્યાં હોય એના ડરથી... માફી માંગવા?''

''વાહ? હું ધારતી'તી એના કરતાં વધારે કારણો-તારણો આવ્યાં. બરોબર છે; આ તો ખરાં જ પણ આનાથી વિશેષ પણ હોઇ શકે. તમારામાંથી કોઇકે કહ્યું તે શ્રદ્ધાપૂર્વકનો આભારવિધિ; પ્રાચીન કાળમાં યજ્ઞભાવના હતી, હવે આ અર્પણ! જો કે દેખાડો તો ખરો જ!'' રચનાએ મુદ્દા ઉપર પૂર્ણવિરામ મૂક્યું.

''બેન, માતાજી કી મૂર્તિ હૈ યા કુછ ઔર? - હમને યૂં યૂં ખડે હોકર દેખને કી બહુત કોશીશ કી પર ખાસ સમઝમેં નહીં આયા...'' આમિરે કહ્યું.

''હાં, આંગીવાળાં દર્શન કદાચ તમે પહેલીવાર કર્યાં. શાસ્ત્રોમાં જેને શક્તિ-પીઠ કહે છે તે જગ્યાએ દેવીઓની મૂર્તિ નથી હોતી. મુખવટો / મહોરું જ હોય છે અને નીચેના ભાગમાં તમામ શણગાર, સાડી, ફૂલહાર વગેરે પહેરાવે છે. આ એક પરંપરા છે. 'શ્રીયંત્ર' એ શક્તિનું પ્રતીક છે જે આંગીના ચરણોમાં મૂકે છે. ત્રાંબુ - સોનું - ચાંદી - પંચધાતુનું બનેલું ત્રિકોણ પતરું જેના ઉપર ખાસ શ્લોક લખેલા હોય તેને વીસાયંત્ર કે શ્રીયંત્ર કહેવાય. મહોરું કે મુખવટાવાળા શણગારને 'આંગી' કહેવાય. પરંપરા કેમ થઇ એનો ખ્યાલ નથી પણ કદાચ દેવીમાં સ્ત્રી શરીર કલ્પવામાં મર્યાદાભંગ થતો હશે?!'' રચનાએ તર્ક કર્યો.

''બહેન, બધી દેવી મૂર્તિઓ આવી જ હોય?'' વંદનાએ પૂછ્યું.

''ના, શક્તિપીઠ - મતલબ કે અંબાજી, બહુચરાજી, મહાકાળી, ભદ્રકાળી, વૈષ્ણોદેવી, કામાખ્યા દેવી વગેરે. બાકી બંગાળ-ઓડિશામાં નવરાત્રિ દરમ્યાન

જેની પૂજા થાય તે દુર્ગામાની રીતસર સ્ત્રીદેહની મૂર્તિ હોય છે. ઘડ્યા પછી કાં તો એને ખરાં સાડી-શણગાર પહેરાવાય છે કાં તો રંગીને વસ્ત્રાલંકાર ચિતરાય છે.'' વિલ્સને નવો મુદ્દો શરૂ કર્યો- ''બહાર ફરીને અમે ચોમેરથી મંદિર જોયું. થર પરંપરા છે પણ પારંપરિક નથી. થાંભલા પર બધે કોતરણી હતી. દેવથરનાં દેવીઓને પથ્થરમાં કંડારેલી સાડી પહેરાવી હતી! માનવથર તો સમૂળગો નથી. આમ પારંપરિક વિધિ વગેરે ચાલે છે પણ મંદિરની શૈલીમાં છૂટછાટ લીધી. એવું ચાલે?''

''ચાલે કે ન ચાલે - એવું નક્કી કોણે કર્યું? આ બ્રાહ્મણોએ, પંડિતોએ, પુરોહિતોએ. પછી સમય બદલાતાં એમાં બાંધછોડ કરી. પહેલાં માનવથરની વાત- મૂર્તિઓને સાડી પહોવવાની વાત- નિર્વસ્ત્ર મૂર્તિઓ, ભોગ મૂર્તિઓની કોન્ટ્રોવર્સી / વિવાદમાં ના પડવું હોય તો સો દોઢસો વર્ષથી વસ્ત્રો પહેરાવેલાં દેવ -દેવીઓની છબિઓ ચિતરવાની શરૂઆતને કારણે દર્શકોની નજર પણ એ રીતે ટેવાઇ હોય એને રાજી રાખવા આવું સમાધાન કર્યું હોય. ચોખલિયાવૃત્તિ એ સામાન્ય સમાજ વચ્ચે લોકપ્રિય બનવાની સ્ટ્રેટેજી છે. આપણાં ભગવાં કટ્ટરવાદીઓની આ જ સ્ટ્રેટેજી છે. હવેના સમયમાં નગ્નતાને પારંપરિક સુંદરતા નહિ, પશ્ચિમની નિર્લજ્જતા(!)સાથે સાંકળવાનો આ પરિબળોએ જાણે ઠેકો લીધો છે. હવેની નગ્નતા 'આધુનિકતા' છે એટલે એનો વિરોધ કરવો એમાં ભારતીય સંસ્કૃતિની અસ્મિતા છે. સૌન્દર્યદૃષ્ટિ જ બદલાઇ ગઇ છે.''

''આઈ બાત સમઝ મેં?'' આમિરે મુદ્દાને વાળી લીધોઃ ''લોગ તો મંદિર કે અંદરવાલે પથ્થર કે ભગવાન કી પૂજાભક્તિ કરતે હૈં, હમારી તરહ બહાર કે પથ્થરોં કે બારે મેં માથાપચ્ચી કરને થોડી ના આતે હૈં?!'' જરાક રમૂજ સાથે સૌ સંમત હતાં આ વાતથી.

''અચ્છા, લોકસંપર્ક કેવો રહ્યો તમારો?''

''શ્રદ્ધાળુઓ તો માતાજીની કૃપાની વાત જ વધારે કરતાં હતાં. અમુક માનતા માની હતી તે ફળી એટલે આવ્યાં છીએ... પરીક્ષામાં પાસ થવાની, બાબો





આવવાની, સગાઇ થવાની વગેરે. માનતાઓ પણ આપણે જાણીએ છીએ તેવી - ઘી નહિ ખાવાનું, ચંપલ નહિ પહેરવાની, અમુક મિઠાઇ નહિ ખાવાની, એકટાણાં કરવાનાં... એવું બધું. ખૂબ શ્રદ્ધા છે લોકોમાં.'' ''મીના, વો બહેન કૈસા કહ રહી થી, મૈં તો ઇસ બાર મેહમાનકો લેકર આઇ હૂં- વર્ના હમ તો દરેક પૂનમ ભરીએ છીએ... મતલબ કિ હર પૂનમ કો દર્શન કી મન્નત ભી હૈગી.'' ''હા બહેન, પરવીને કહ્યું એ પૂનમવાળી વાત ચર્ચા કરવા જેવી છે હોં!'' ધીરજે મમરો મૂક્યો.

''હા, એ વાત તો જરૂર થશે પણ પહેલાં એ કહો, લોકસંપર્કમાં મંદિર વિશે બીજું શું જાણવા મળ્યું?''

''અરે, વારતા રે વારતા! કોઇ કહે કે છેક સોમનાથના જ સમયમાં, ભીમદેવ સોલંકીના મંત્રી વિમળશાહે આ મંદિર બંધાવ્યું હતું. કોઇ કહે છે દાંતાના પરમાર રાજવીઓએ બંધાવ્યું. આપણે તો જાણીએ જ છીએ કે લોકોને ને ઇતિહાસને આડવેર છે હવે તમે કહો કે મંદિર વિશેની વાસ્તવિકતા શી છે?'' બાદલે બળાપો કાઢ્યો. ''એ લેખિત પુરાવો છે કે આ મંદિર ભીમદેવના મંત્રી વિમળશાહે ઇ.સ.1015થી '20ના ગાળામાં બંધાવ્યું. હજાર વર્ષનું થયું છે આ મંદિર અને એટલે જ પેલા સોનેરી ઠાઠ ભપકા છે. જૈન મંત્રીઓ / શેઠિયાઓ અને આજના સામાન્ય જૈન સમુદાયના લોકો પણ ત્યારથી માંડીને આજ સુધી અંબાજીના ભક્ત રહ્યા છે એટલે એ વાતનું આશ્ચર્ય નથી કે વિમળમંત્રી કેમ અંબાજીનું મંદિર બંધાવે! એટલે લોકોની આપેલી એ માહિતી સાચી. પછી દાંતાના રાજવીએ જિર્ણોદ્ધાર કરાવ્યો એ પણ સાચું''

''કેમ, જીર્ણોદ્ધાર કરાવવો પડ્યો?'' મીનાએ પૂછ્યું.

''એ પાછું ક્યાંય નથી નોંધાયું - ન હિંદુ - જૈન સાહિત્યમાં - પ્રબંધોમાં કે ન મુસ્લિમ ઇતિહાસલેખોમાં... કે વિમળશાહવાળા મંદિરનું શું થયું? ભૂકંપ જેવી કુદરતી હોનારત થઇ કે પછી મોઢેરા-રુદ્રમાળ વગેરે 13મી સદીમાં અલ્લાદિનના જમાનામાં તૂટ્યાં, જેમાં આ મંદિરનો વારો પણ આવ્યો હતો!

બિલકુલ અંધારપટ છે. પણ એટલું નક્કી કે છે ક 16મી સદીના દાંતાના પરમારોએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વચ્ચેનાં 500 વર્ષનો ઇતિહાસ ગાયબ છે.પણ હા, દાંતાના રાજવી વિશેની જે કોઇ દંતકથાઓ સાંભળી હોય એ ખરેખર માનવી કે કેમ એ તમારા પર!'' રચના હસી પડી. ''ખેડબ્રહ્મા આગળ અંબાજી ઊતરી પડ્યાં અને ત્યાં જ બેસી ગયાં, એવી વાત સાંભળી હતી ને? તો હમેશાં મોટા ધામની નજીક કે એના મહિમાના અભાવમાં પણ નવું ધામ થાય ત્યારે આવી ધારણાઓ થાય જ. આપણે દ્વારકાથી દ્વારકાધીશની મૂર્તિ ડાકોર ગઇ ને ત્યાં રણછોડરાય બનીને આજે શોભે છે એ વાત ટૂંકમાં કરી હતી; ડાકોર જઇશું ત્યારે નિરાંતે વાત થશે પણ સાર એટલો જ કે 'નાના અંબાજી' પોતાની રીતે સ્થાનિક મહિમા ધરાવે છે, આપણે એ રસ્તેથી આવતાં પણ જોતાં આવ્યાં હતાં. સરવાળે બધી દંતકથા સાંભળી; એમ ને?''

''હાં, મગર ફિર યે સમઝમેં નહીં આયા કિ યે વાલા મંદિર કિસને બનાવાયા?''

''આમિર, '40ના અરસામાં તીર્થધામો માટે ટ્રસ્ટ બનાવવાની કારવાઇ શરૂ થઇ હતી. ગુજરાતનાં મહાજનો, જ્ઞાતિપંચો તમામ હિંદુ સવર્ણ સમાજે આ ટ્રસ્ટ બને એમાં રસ લીધો, ફંડ ભેગું કરવામાં આવ્યું અને વળી પાછો જીર્ણોદ્ધાર શરૂ થયો- એમાં દાંતાવાળું મંદિર ફક્ત જૂનું થયેલું એટલે અંદરનો ભાગ (ગર્ભગૃહ) જેમનો તેમ રાખીને, ટ્રસ્ટના ફંડથી બહારનું તમામ બાંધકામ નવેસરથી થયું છે. લગભગ 60-65 વર્ષથી કામ ચાલે છે ને હજી જાણે ચાલુ જ છે!''

''બિચારા યાત્રાળુઓને તો મમ્મમ્થી કામ- ટપ્ ટપ્ કોણ ગણવા બેસે છે?!'' મંદિર પરિચય આટલો પૂરતો લાગ્યો ત્યાં અચાનક ધીરજને યાદ આવ્યું- ''હાં, કોઇએ કહ્યું કે આ ચાચરના ચોકમાં નવરાત્રિમાં ગરબા અને કારતક મહિનામાં ભવાઇ થાય છે... ભવાઇ અને ગરબા વિશે તો અમે જાણીએ છીએ પણ આ ચાચરનો ચોક શું?''

''ચાચર એટલે 'ચત્વાર' સંસ્કૃત શબ્દનું દેશી રૂપ છે- જેનો અર્થ થાય, ચારે બાજુને આવરતો, ચોમેર ખુલ્લો ચોક; જે આપણે જોયો. અહીં નવા જમાનામાં





ભજનમંડળી, ડાયરા, યજ્ઞસમારંભ... વગેરે ચાલે છે અને જોયાં હોય તો પોલિયો, બેટી બચાવો જેવાં સરકારી પ્રચારનાં પાટિયાં પણ ઝૂલે છે.''

''સારું ને, સરકારે ચતુરાઇ પૂર્વક ચાચરચોકનો ઉપયોગ કર્યો- લાખો માણસે કંઇ નહિ તો એક નજર તો નાંખી હશે! ને આ સરકારના આવા તમાશા માટે 'ચાચરચોક' યોગ્ય જગ્યા જ છે ને?'' શેખર; બીજું કોણ?!

## ***પદયાત્રા કે મોજયાત્રા***

ધીરજે ફરી યાદ દેવડાવ્યું કે પદયાત્રાઓ વિશે ચર્ચા કરવા જેવી છે. તરત જ વંદનાએ શરૂ કર્યું: ''અમુક લોકો ભલે કષ્ટ વેઠીને સાચા મનથી જાત્રા કરતાં હોય પણ મોટા ભાગનાંને મન તો આ મોજમજાની સિઝન હોય છે, ખાસ કરીને આપણી ઉંમરના યંગસ્ટર્સ તો આખા રસ્તે પિકનિક જેવી મોજમસ્તી માણે છે.''

બાદલે વંદનાના બળાપામાં ઘી હોમ્યું: ''તે મોજમસ્તી જ માણે ને? આખા રસ્તે, ગામનાં લોકો, શ્રદ્ધાળુઓ, યાત્રાસંઘવાળા અને ગામેગામનાં મંદિર ટ્રસ્ટોએ એવી સરસ સગવડો ઊભી કરી છે કે ચાલવાનો થાક તો ક્યાંય ઊતરી જાય. વળી મફતનાં ખાણીપીણી અને બીજું બધ્ધું! ધરમના નામે કુછ ભી ચલતા હૈ!''

બાદલના પહેલા જ વાક્ય પછી- વંદના- આ તેં બીજું બધું કહ્યું એમાં એક મહત્વનો મુદ્દો છે. બનાસકાંઠા-સાબરકાંઠાનો પટ્ટો ગરીબ આદિવાસીઓનો મૂળ વિસ્તાર છે. આદિવાસી સ્ત્રીઓને આ વિસ્તારના હોટલ-ગલ્લાવાળા, ટ્રકડ્રાઇવરો વગેરે હંમેશા પટાવીને જાતીય સુખ માણતા આવ્યા છે. બહેનોને રીતસર 'સેક્સ વર્કર'- વેશ્યાવૃત્તિમાં ખેંચતા - ધકેલતા આવ્યા છે. ક્યારેક તો પિતા-પતિ સુધ્ધાં પુત્રી કે પત્ની-બહેનને વેચે છે ને કમાણી પોતે ખાય છે. આવી બહેનોનો સખ્ખત દુરૂપયોગ અંબાજીવાળી પદયાત્રાઓ વખતે થાય છે. રસ્તા ઉપર આદિવાસીઓ ગરમપાણીના તંબુ ઊભા કરે છે એમાં આવા સોદા થાય છે.

''વંદનાના મુદ્દાના જવાબમાં કહું તો આપણી સંસ્કૃતિ દંભી સંસ્કૃતિ છે. સામાન્ય રીતે મધ્યમ, નીચલા મધ્યમ વર્ગનાં કૌટુંબિક મૂલ્યો બહુ બંધિયાર હોય છે. છોકરીઓને બહાર જવા-આવવાની છૂટ ઓછી હોય છે - છોકરાઓ સાથે તો વહેવાર રખાય જ નહિ. વળી આવી નબળી આર્થિક સ્થિતિવાળી કિશોરીઓ - યુવતીઓનું ભણતર પણ અટકી ગયું હોય છે તેથી બહારના પુરુષોનો સંપર્ક નહિવત્; પરિણામે એવી ઘર-કુટુંબની જેલમાંથી આવી યાત્રાઓમાં જ મુક્તિ મળે છે - છૂટછાટ મળે છે- આનંદ મળે છે- ધર્મના બહાને!''

''મારી તો બીજી ચિંતા છે કે, યાત્રામાં જનારાં મોટેભાગે શ્રમજીવીઓ, કારીગરો, દાડિયા મજૂર, દુકાનદારો કે લારીગલ્લાવાળા હોય છે - જેમને માટે એક દિવસનું દાડિયું (મજૂરી) ગુમાવવી પણ ભારે પડી જાય; એ બધાંને આવી ભાદરવી પૂનમ ને પછી નવરાત્રિ ને પછી ચૈત્રી નવરાત્રિ... એમ દિવસોના દિવસો દા'ડી પાડવાનું કેવી રીતે પોસાતું હશે?''

''શેખર, ધર્મ નામનું અફીણ દુઃખદર્દ જ નહિ, સાન-ભાન પણ ભૂલાવી દેતું હોય છે. ઓછું હોય તેમ પાપ-પુણ્યની ભૂલભૂલામણી પણ એવી છે કે લોકો પેટે પાટા બાંધીને પણ યાત્રા કરે છે.સુખી સંપન્ન લોકો પણ આ જ ધક્કે આગળ દોડે છે ને વળી એમને તો શાસ્ત્રોમાં લખેલા સ્વર્ગ - મોક્ષ - પરલોકની પણ ખબર છે એટલે એ તો પદયાત્રાને સગવડવાળી બનાવીને પણ પુણ્ય કમાવા નીકળે છે!''

''અબ તો હમારેવાલોંને ભી ભડિયાદરા પીર ને હાજી પીર ને અજમેર કે ખ્વાજા ગરીબ નવાઝ... ઔર કહાં કહાં કી ઐસી હી પદયાત્રા કરના શુરૂ કર દિયા હૈ - દેખાદેખી!'' પરવીનનું નિરીક્ષણ સાચું હતું.

''અરે અમારાવાળા પણ નિરાધારોની માતા, નિષ્કલંકમાતા, વગેરે વગેરેની પદયાત્રા કરતાં થઇ ગયાં છે ને - સેમ ટુ સેમ!'' વિલ્સને કહ્યું.

''અબે, તુમ લોગોં મેં ભી માતાએં હોતી હૈગી?'' યાસ્મિનને આશ્ચર્ય થયું.





''હા, આમ તો મરિયમમાતા એક જ છે, ઇસુનાં માતા. પણ એમનાં નામરૂપ અલગ છે.''


''અરે, બે-ત્રણ દિવસમાં આપણે પણ જવાનાં છીએ, ઊંટેશ્વરી માતાનાં દર્શન કરવા.'' રચનાએ કહ્યું અને પૂર્ણાહૂતિના સૂરમાં વાત મૂકી- ''માણસજાત ક્યાંક ખરેખર બહુ દુઃખી, બહુ તકલીફમાં, બહુ ચિંતામાં, બહુ બધા ડરમાં જીવે છે - બધાંમાંથી ભાગી છૂટવાનો એક જ રસ્તો છે ધર્મ અને ધર્મની સાથે સંકળાયેલાં, ધર્મના નામે ચાલતાં આવાં ઉત્સવ-ઉજવણી. હું તો વિચારું છું કે આ બધું ન હોય તો? માણસ પાસે વિકલ્પો શોધવાનું સાહસ પણ નથી...! આ બધાંને બદલે રમતોત્સવો, વિજ્ઞાન મેળા, યુથ ટ્રેનિંગ બધું કરી જ શકાય ને? પણ એ બધું તો અઘરું છે - સહેલામાં સહેલું શું છે?.. ગમ્મતમાં રચનાએ પૂછેલા સવાલનો જવાબ કોરસમાં આવ્યોઃ ''દર્શન!''

★★★

## *અંબાજી એટલે અંબાજી*

''ગબ્બરનાં અંબાજીના દર્શન ના કરીએ તો જાત્રા અધૂરી કે'વાય.'' કનુભાઇએ ગાડી સ્ટાર્ટ કરતાં લોકવાણી ઉચ્ચારી. વળતી સવારે અંબાજી છોડીને ગાડી ઉપડી, બે'ક કિ.મી.ના અંતરે વળાંક વળીને અટકી ઊભી. પાસે એક ડુંગરાળ ખડક હતો. નીચે અસંખ્ય ગાડીઓ પાર્ક કરેલી હતી. રાબેતા મુજબ પૂજાપો - ચાપાણી - ઠંડા ગરમ પીણાં વગેરેની લારીઓ હારબંધ હતી. પુષ્કળ પ્રવાસીઓ પૂજાપો લઇને ડુંગર ચડી રહ્યાં હતાં. કેટલાંક નીચે પણ ઊતરી રહ્યાં હતાં. બાજુમાં ઉડનખટોલા (રોપ વે)ના પ્રવાસીઓની લાઇન પણ હતી.

મંડળીએ 50% - 50% પસંદ કર્યું. કેટલાકે પગપાળા ચડવાનું શરૂ કર્યું, કેટલાકે ઉડનખટોલામાં. કનુભાઇ પગપાળા મિત્રો સાથે જોડાયા. રચના ગાડી સાચવતી બેઠી. દુકાનો ઉપર અંબામાની આરતી, ભજનો, ગરબાની સાથોસાથ... 'ચિકની ચમેલી' પણ સંભળાતું હતું.



**અંબાજી - ગબ્બરનું મંદિર અને ઉડનખટોલા (રોપ વે)**

થોડીવારે જયજયકાર કરતાં અન્ય યાત્રીઓની સાથે ઉડનખટોલા મંડળી નીચે આવી પહોંચી.બધાં ગેલમાં હતાં. પાછળ જ પદયાત્રીઓ પણ આવી પહોંચ્યાં. આમિરે હાંફતાં પૂછ્યું - ''બેન મુઝ પતા હૈ, યે ગબ્બર અપને શોલેવાલા તો નહીં હી હૈ; પર આખિર ગબ્બર ક્યા હૈ?'' હો હા... વચ્ચે રચનાએ કહ્યું: ગબ્બરનો મૂળ સંસ્કૃત શબ્દ છે ગહ્વર- ગહ્વરનો અર્થ છે કોતર. આ અરવલ્લીને આરાસુર પણ કહે છે.આ ખડકને, કોતરને ગબ્બર નામ મળ્યું છે કેમ કે માનવામાં આવે છે કે મૂળ શક્તિપીઠ આ. શાસ્ત્રો પ્રમાણે શિવનાં પત્ની સતી જે દુર્ગારૂપ હતાં તેમનો અંગૂઠો અહીં મળ્યો છે. અહીં ગુફામાં પહેલાં માતાજીનાં પગલાં હતાં ને અખંડ દીવો બળતો હતો. હાલમાં આ બધું છેલ્લાં 30 વર્ષથી ચાલે છે.''

''ઉપર દીવો અને પગલાં બંને છે. સરસ જગ્યા છે. લોકોને શ્રદ્ધા પણ ઘણી છે.'' વંદનાએ કહ્યું.

''અલ્યા, અહીં તો પર્વતારોહણનો આનંદ પણ મળે ને?'' બાદલે ગેલમાં કહ્યું.

''... અને ઉડનખટોલાની મોજ માણવાયે મળે!'' મીનાએ કહ્યું.





મંડળીથી જરાક પાછળ રહી ગયેલા કનુભાઇ હાથમાં નારિયેળ, ચુંદડી અને કપાળમાં ચાંલ્લા સાથે આવ્યા.નારિયેળનો પ્રસાદ બધાંને વહેંચતા હતા ત્યારે શેખરે ટોળમાં પૂછ્યું- ''કનુભાઇ, કાલે તમે ફિડબેક મિટીંગમાં ગેરહાજર હતા; તમારે અંબાજી વિશે શું કહેવાનું છે?''

કનુભાઇ હસતાં હસતાં સીટ ઉપર બેઠા, સ્ટિયરીંગ ઉપર પેલી ચુંદડી વિંટાળી ગાંઠ મારતા બોલ્યા - ''બીજું કાંય નહિ; અમારે તો બસ, અંબાજી એટલે અંબાજી!''

★★★

## મુકામ - 6

# બાલારામ થઇને તારંગા

લીલી વનરાજીના ઢાળ ઊતરતી ગાડી બાલારામ તરફ વળી. રચનાએ ટૂંકો પરિચય આપ્યો. ''બાલારામ શંકરનું મંદિર છે. અહીં પાણીમાં શિવલિંગ ઉત્પન્ન થયાની દંતકથા છે. મૂળ મંદિર 13મી સદીનું હતું. પછી પણ વારંવાર જીર્ણોદ્ધારમાંથી પસાર થયેલું છે. પહેલાં ગુજરાતીઓ માટે અંબાજી-બાલારામ એક પેકેજમાં જતું. લોકો અંબાજી દર્શન કરીને હરિયાળી ઉજાણી માણવા અહીં આવતા. હવે તો આ સ્થળની એવી શોભા નથી રહી કે ગુજરાતીઓની ઉજાણીની વ્યાખ્યા પણ આટલીક નથી રહી.''

થયું પણ એવું જ. ગાડીમાંથી ઊતરીને ટાઇમ બગાડવો જરૂરી ન લાગ્યો. વહેળો લગભગ સૂક્કો હતો. લોકો પથરા પર થઇને દાયકા પહેલાં 'બંધાયેલા' ગુલાબી-ભગવા મંદિરમાં જતાં આવતાં દેખાયાં. મોટાં વડ-પીપળા જેવાં વૃક્ષો પણ ઉંમરને કારણે જીર્ણ થઇ ગયાં હતાં. કુરકુરે-પેપ્સીના ગલ્લા યાદ અપાવતા હતા કે આપણે હવે ગ્લોબલ ગુજરાતમાં છીએ!

ગાડી હજી વનરાજિના ઢાળ ઉપર જ હતી ત્યાં દૂરથી લીલોતરીની વચ્ચેથી સફેદ ઘુમ્મટો ને ઝરૂખા દેખાયા. આમિર જરાક સાવધ (એલર્ટ) થઇને ઈમારતને ઓળખવા ઊંચોનીચો થયો. રચનાએ એને જોયો પણ વાત બીજી કરીઃ ''આ સુંદર સફેદ ઈમારત પાલનપુરના નવાબનો મહેલ ઊર્ફે શિકાર રિસોર્ટ / વિહારધામ. હવે તો અહીં સૌ કોઇ-ધનિકો-વાપરી શકે એવો રિસોર્ટ / હોટલ છે. એમાં બોલિવુડની ફિલ્મોનાં શૂટિંગ પણ થાય છે. આમિર...''





આમિર પેલી ઈમારતની નજીક પહોંચતાં જ ઝબક્યો-સૂર્યવંશમ્ - બચ્ચન કી ફિલ્મ થી, હાઇલા!'' ''રાઇટ્'' રચનાએ કહ્યું ત્યાં જ આખી ઈમારત નજરે ચડી. સફેદ આરસ, ચૂનાનો પથ્થર, ગ્રેનાઇટ વગેરે કિંમતી સામાન વાપરીને બનાવેલા મહેલની શૈલી ઈસ્લામી અને અંગ્રેજી સ્થાપત્યના મિશ્રણસમી હતી, રાજસ્થાની છાંટ પણ હતી. બગીચો ખૂબ મોટો - લીલોછમ-આધુનિક છોડ-ઝાડથી શોભિતો હતો. બધાં રસપૂર્વક જોઇ રહ્યાં

''આપણે નહિ જોવાનાં!'' મીનાનો પ્રશ્ન.

''જોવાના પાંચ હજાર પડે! જવું છે?'' બાદલે ફિલ્મ ઊતારી.બસ આગળ વધીને પાલનપુરવાળા હાઇવે ઉપર વળી.

પરવીનને પ્રશ્ન થયો- ''બેન, આપને બતાયા યે નવાબોં કા પેલેસ થા- તો ક્યા વહી જૂનાગઢવાલે નવાબ હી યહાં પે થે?''

''ના, આ રાજવંશ અલગ હતો.પણ આ નવાબો પણ ઈમારતો, અત્તર વગેરેના શોખીન હતા. પાલનપુરના ગુલાબના બગીચા મશહૂર હતા; હવે છે કે નહિ- ખ્યાલ નથી.બીજું ખાસ એ કે આપણે બનાસકાંઠાના ખાતાપીતા મુસ્લિમ સમુદાયની વાત કરી એમાં આ મુસ્લિમ પરિવાર ઉપરાંત ઘણા ખમતીધર ખેડૂતો અને વેપારીઓ છે, જેમણે જિલ્લાને સમૃદ્ધ બનાવ્યો.

''નવાબ થે તો યાં પર પેલેસ, કિલ્લા સબ કુછ હોગા?'' હમિદને કૌતુક થયું.

''નવાબનો એક અંગત (પ્રાઇવેટ) મહેલ વપરાશમાં છે. બાકીના મહેલોમાં કોર્ટ, મ્યુનિસિપાલિટી વગેરે સરકારી કચેરીઓ બેસે છે. હા, સ્ટેશન જોવાલાયક છે. અરે કનુભાઇ, આપણા મિત્રોને સ્ટેશન બતાડીને પછી દાંતારોડ પર લઇ લેજો- ત્યાંથી તારંગા જવાનું છે.'' બસ સ્ટેશન તરફ આગળ વધી. સ્ટેશનની ઈમારત ખરેખર, મિનારા-ગુંબજો અને લાલ-સફેદ પથ્થરની શોભાથી શહેરની શાન વધારતી હતી.

બસ વળી અરવલ્લીની ગિરિમાળાના ઢાળ-ઢોળાવ પરથી દાંતા છોડીને આગળ વધી. ''દાંતા પેલા પરમાર રાજાઓનું રાજય. મૂળ નામ ચંદ્રાવતી. કહે છે કે અહીંના બહાદૂર ક્ષત્રિયો અને ધનિક જૈનોએ ચંદ્રાવતીને હવેલીઓ- દેરાસરોથી સુંદર બનાવેલું અને ફરતા ગઢથી સુરક્ષિત. પણ કોઇ મોટી કુદરતી હોનારતથી આજે તો એ સુંદર ને સુરક્ષિત શહેરનો કાંકરોયે નથી બચ્યો.સફેદ આરસથી શોભતી નગરી ચાંદની જેવી દેખાતી તેથી નામ ચંદ્રાવતી પડેલું.''

ડુંગરો-વનરાજી વટાવતી બસ છેવટે એક ઊંચા ઢાળ ઉપર ચડવા લાગી.

''આપણે તારંગા જઇએ છીએ. આમ તો જાણીતું જૈન તીર્થધામ છે પણ એની ભૌગોલિક સ્થિતિ, કુદરતી સૌન્દર્ય અને એકલ દેરાની ભવ્યતા જોવા જેવાં છે.વળી આસપાસ બૌદ્ધ પરિસર પણ છે, ત્યાંની ભેદી જગ્યાઓ પણ જોઇશું.રાતવાસો વાઘની પડોશમાં કરીશું. જંગલમાં મંગલનો એક ઓર અનુભવ.''

★★★






**મુકામ - 7**

## તારંગા

ડુંગર ચડતી બસ ગાઢા થતાં વનવિસ્તારમાં પ્રવેશી. પથ્થર અહીં પહાણા થતા હતા. એક તરફ ડુંગરની ધારેધારે જાણે કોઇ પથ્થરિયા કિલ્લાના અવશેષો હોય તેવી હારમાળા દેખાતી હતી. સાવ ઊબડખાબડ પથ્થરોથી બનેલા બુર્જ પણ



દેખાતા હતા.રચનાએ મિત્રોનું ધ્યાન દોર્યું અને મુદ્દો મૂક્યો કે આવા કિલ્લાનો સમયકાળ પ્રાગ્ઐતિહાસિક હશે - કાં બૌદ્ધકાલીન; ઇ.પૂ. બીજી-ત્રીજી સદીનો હોવાની શક્યતા છે.સંશોધનનો અભાવ છે; ફક્ત આપણા જેવા કોઇ શોખીન પ્રવાસીએ થોડો ઘણો પરિચય આપ્યો છે બાકી તો જૈનધામ છે એટલે એની જ બોલબાલા હોય! બે'ક કિ.મી.જેટલો રસ્તો કાપ્યો ત્યાં દૂરથી દેરાસરનું ઊંચું શિખર, સોનેરી કળશ અને ફરફરતી ધજા દેખાયાં. સરસ કોટ-ઝાંપો વટાવીને ગાડી આંબાવાડિયા જેવા પાર્કિંગમાં ઊભી રહી. પરિસરમાં મંદિર તો હતું પણ ગેસ્ટહાઉસ કહેવાતી જુદી જુદી કક્ષાની ધર્મશાળાઓ હતી, કેન્ટીન હતી અને ટ્રસ્ટની ઓફિસ પણ.અગાઉ નક્કી થયા મુજબ પ્રવાસી મંડળીને અગાસીવાળી મેડીની સગવડ મળી. આ જૈન તીર્થધામ હોવાથી, ટ્રસ્ટનું ભોજનાલય હતું તો ખરું પણ પોણા છએ જમવું પડે. સૂર્યાસ્ત પહેલાં રસોડું આટોપાઇ જાય. મિત્રોને, રચનાને કે કનુભાઇને કોઇને આટલું વહેલું વાળુ ફાવે નહિ.પાછાં ઊતરી, સતલાસણા નજીકની સારી રેસ્ટોરન્ટમાં કનુભાઈ જમવા લઈ જશે. ધર્મશાળાના દરવાજા તો મોડે સુધી ખુલ્લાં રહેતા હોવાથી બીજી કોઇ ચિંતા નથી. સ્વચ્છ, મોટા ઉતારામાં મળતા ગરમ પાણીથી નહાઈ-ધોઇને મંડળી દેરાસરના પ્રથમ દર્શન માટે નીકળી પડી. રાતે નવ વાગ્યા સુધી દેરાસર તો ખુલ્લું રહે છે.

ખૂબ મોટા પ્રાંગણમાં 'મહામેરૂપ્રસાદ' બિરૂદથી ઈતિહાસ, જૈન સાહિત્ય અને આમ સમાજમાં જાણીતું આ મંદિર ખરે જ, એકલ જિનાલય તરીકે ભવ્ય પ્રભાવ ઊભો કરતું દેખાયું. સાંજના અજવાળામાં જાણે ગુલાબી આરસથી બન્યું હોય એવો આભાસ ઊભું કરતું આ દેરાસર અસ્સલ રેતિયા પથ્થર (સેન્ડસ્ટોન)નું છે પણ આછા બદામી-ગુલાબી ઓઇલ પેઇન્ટથી આખું રંગીને ટકાઉ ટેકો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પહેલી નજરે ગમી જાય એવા મંદિરના આંગણના પથ્થરના બાંકડે બેસીને રચનાએ પ્રાથમિક પરિચય આપ્યો.

જૈન તીર્થંકર અજિતનાથપ્રભુનું આ શ્વેતામ્બરપંથી દેરાસર છે.સોલંકીરાજા કુમારપાળે 12મા સૈકામાં બંધાવેલું; એમ જૈન પ્રબંધો, ઇતિહાસ અને





સાહિત્યમાં પણ લેખિતરૂપે નોંધાયું છે. ઉત્તર ગુજરાતમાં 14મા સૈકામાં મુસ્લિમ શાસકો દ્વારા જે ભાંગફોડ થઇ એ દરમ્યાન આ દેરાસરને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. 15મા સૈકામાં રાજસ્થાનના જૈન સાધુ ગોવિંદજીએ ફરી બંધાવડાવ્યું અને આરસની નવી પ્રતિમા મૂકાવી. કહેવાય છે કે એ પછી આ દેરાસરનો જિર્ણોદ્ધાર ઓછામાં ઓછો કરવો પડ્યો છે. એની શૈલી આપણે જોયેલાં ગૂર્જર શૈલીનાં મંદિરો જેવી છે - ખાસ તો પાલિતાણા ઉપરાંત શામળાજીના મંદિરની યાદ અપાવે તેવો ઘાટ છે. જગતી, ભમતી, જંઘા, સ્તર-પરંપરા ઉપર આગળના નૃત્યમંડપ / સભામંડપ ઉપરનું સંવરણ શિખર અને ગર્ભગૃહ ઉપરનું વિમાન... પારંપરિક, વિશાળ અને ખૂબસૂરત કોતરણીવાળું મંદિર આજના જૈન સમુદાયે જે રીતે જાળવ્યું છે તે ખરે જ ઉદાહરણરૂપ બને છે. 19મા સૈકા સુધીમાં પરિસરમાં જ નાનાં દેરાં સ્થપાઇ ગયાં છે પણ એ મહત્વનાં ન બની શક્યાં - પૂનમનાં ચંદ્ર આગળ તારા-નક્ષત્રો ઝાંખાં પડે તેમ!

અહીં પાછળની ટેકરીઓ ઉપર દિગંબરપંથનાં દેરાસર છે, એક તળાવ પણ છે. જો કે સવારે આ જ જિનાલય ફરીને જોવાની મજા પડશે. પછી આગળ પણ એક નવી જાતની જગ્યા જોવાની છે. અત્યારે આ મંદિરની આટલી ભૂમિકા પૂરતી છે. જમવા જઈએ, પછી પાછાં આવીને અગાશીમાં બેસીશું.''

★★★

# ધર્મનું સંસ્થાકરણ

### *વ્યવસ્થા કે બંધિયારપણું?!*

રાતે, સતલાસણા પાસેની ચેલિયાગ્રૂપની રેસ્ટોરન્ટમાં જમવા ગયાં ત્યારે રચનાએ કહ્યું કે ''2002 દરમ્યાન આ ગ્રૂપ જે ખોજા જાતિના છે, મુસ્લિમ છે તેમની લગભગ 1000 હોટલ-રેસ્ટોરાં ગુજરાત-મુંબઈના હાઈવે ઉપર છે તેને

એકસામટું નુકસાન કરવામાં આવ્યું હતું. લાંબા ગાળા પછી માંડ હોટલો ખુલી શકી - એમના હિંદુ પાર્ટનરોએ અને હિંદુ કરિયાણાના વેપારીઓએ માગણી ઉઠાવી કે અમારી રોજી બગડે છે ત્યારે હોટલો ખૂલી, વળતર આપીને મરમ્મતો થઇ. આમ તો આપણા પ્રવાસમાં આપણે જોવાલાયક જગ્યાઓ જોઇએ છીએ તો મારા મતે આ પણ જોવાલાયક જગ્યા છે!'' મનગમતું ભોજન જમીને, અલબત્ત શાકાહારી- કેમ કે આ શરતે આ હોટલો ખૂલી છે- સૌ પાછાં તારંગા પહોંચ્યાં. અગાશીમાં ફિડબેક મીટિંગ શરૂ થાય તે પહેલા નિરવ શાંતિ પથરાઇ. આમ પણ આખા પરિસરમાં શાંતિ જ હતી, દેરાસરની બહાર વીજળીનો- લાઇટ્સનો પૂરતો પ્રકાશ હતો પણ અંદર ઘી-તેલના દીવાથી વાતવરણ અનોખું લાગતું હતું. ગાઢી-કાળી વનરાજી રહસ્મયમય ભૂમિકા પૂરી પાડતી હતી. ગંજાવર શિખર કંઇક નવી જ અસર પેદા કરતું હતું. મિત્રો ચૂપચાપ મહૌલને માણી રહ્યા હતાં. બાદલે જો કે સાવ વહેવારૂ અને ધરતી પરનો સવાલ કર્યો- ''આમ તો ધામ ખૂબ સુંદર છે, કાલે વધારે જોઇશું પણ અહીં આવ્યા પછી આપણે જાણે બંધનમાં મૂકાઇ ગયાં હોઇએ એવું લાગ્યું. એક તો આટલું અંતરિયાળ, એકલવાયું ધામ, એમાં ખાવા-પીવાનુ નિશ્ચિત સમયપત્રક અને આસપાસ એનો કોઇ વિકલ્પ જ નહિ!  પાલિતાણા હજાર જૈનમંદિરોનું ધામ હતું પણ ઉતારાની ધર્મશાળાના વિકલ્પો હતા ને? કેટલું કેટલું ને કેવું કેવું ખાવા મળ્યું? આજે જાણે ફસાઇ ગયાં એવું લાગ્યું!''

''સંસ્થાગત ધર્મ અથવા ધાર્મિક સંસ્થાની આ શરતો છે; એ શરતોને અધીન રહેવું પડે; નહિ તો પછી...''

''નીચે, 10 કિ.મી.જા કે હોટલ મેં પેટ ભરના પડે!'' આમિરે કંટાળાથી કહ્યું.

''તમારો કંટાળો અને મૂંઝારો- બધું સમજાય તેવું છે.પણ મેં પહેલાં પણ કહ્યું હતું કે આ આચારપ્રધાન ધર્મ છે. આમ કરવું- આમ ન કરવુંમાં સમાઇ જનારો ધર્મ છે. સાથોસાથ મહાજન સંસ્થાની પરંપરાગત વ્યવસ્થા સાથે સાવ ઓતપ્રોત થઇ ગયેલો ધર્મ છે.આવડા મોટા મંદિરનો જિર્ણોદ્ધાર, રખરખાવ, યાત્રાળુઓ માટેની સારી ને સ્વચ્છ સગવડો... બધું જ અપાતું રહે, તે પણ ખૂબ ઓછા





પૈસે; ત્યારે સગવડ આપનારાની સત્તા ચાલે એ ગણિત પણ કામ કરી જતું હોય.''

''હાયલ્લા! જો ભી હો, મેરે લિયે તો સાઢે પાંચ નાશ્તે કા વખ્ત હોતા હૈ'' યાસ્મિને ઉંબાડિયું નાખ્યું!

''ઔર વો ભી પાનીપુરી કા નાશ્તા!'' આમિરે ખેંચી.

''ચાલો, આ વાત ઉપર તમને મજા પડે એવો મુદ્દો કહું. આપણે આ પ્રવાસમાં ઘણીવાર વાત કરી છે કે આપણી સંસ્કૃતિ 'હાથી-દાંત' સંસ્કૃતિ છે. આ સૂર્યાસ્ત પહેલાં જમી લેવું, ધર્મના બાધને કારણે અમુકતમુક ન ખાવું વગેરે ખાન-પાનના નિયમોની દીવાલમાં કેવાં ખોડીબારાં કાઢ્યાં છે તે જાણવા જેવું છે. કહેવાય છે કે અમદાવાદનાં જ નહિ, ગુજરાતનાં મોટાં શહેરોનાં ખાણીપીણી બજારો પણ જૈનોની નવી પેઢીના પ્રતાપે ધમધમે છે!''

''વો કૈસે?''

''સાંજે વહેલા જમે - અમુક જ જમે; પછી જાતભાતનું ખાવાનું મન તો થાય ને? ક્યાં જાય? -  લારી ગલ્લે, રેસ્ટોરાંમાં...''

''હવે તો મોટી મોટી ટૂરો, હોટેલો બધે જ બધે જૈન ભોજન મળતું થયું છે ને?''

''બાદલ! સાંભળ્યું છે કે હવે તો જૈન ચિકન પણ મળવા લાગ્યું છે!'' શેખરે સૌને ખડખડાટ હસાવ્યાં.

''આવી મહાજન સંસ્થાઓ જેમ જાત્રાળુઓને સબસિડાઇઝ (રાહત દરે) સર્વિસીઝ આપે છે ત્યારે પોતાના કર્મચારીઓને  પગાર પણ રાહત દરે આપે છે! આપવામાં માને છે- એમ કહેવું જોઇએ!''

''મતલબ?''

''કર્મચારીઓને ખૂબ ઓછો પગાર મળતો અને એમને પેન્શન કે પી.એફ., ગ્રેજ્યુઇટિ, એવું કંઇ નહિ. આખા ગુજરાતમાં ને કદાચ બહાર પણ- જ્યાં

જયાં જૈનધામો, ટ્રસ્ટો ચાલતાં હોય ત્યાંના કર્મચારીઓની આ જ દશા હતી. થોડાં વર્ષો પહેલાં ગુજરાત-અમદાવાદના એક જાણીતા કર્મચારી સંઘ(યુનિયને) આ પ્રશ્ન હાથમાં લીધો, કર્મચારીઓને જાગૃત-સંગઠિત કર્યા. એક સમય એવો આવ્યો કે ‘‘પાલિતાણા બંધ!’’

‘‘શું વાત છે!? આ તો ખરેખર, ઐતિહાસિક બનાવ કહેવાય!’’ શેખરની વાતમાં સૌએ હામી ભરી.

‘‘છેવટે વાટાઘાટો થઈ, યુનિયને શરતો મૂકી, સંસ્થા-ટ્રસ્ટોએ ઝૂકવું પડ્યું અને કર્મચારીઓના પગાર અને બીજી સવલતો નક્કી થઈ- સર્વસંમતિએ પસાર થઈ ત્યારે જ - ‘બંધ’ ખૂલ્યો!’’

‘‘વાહ! નયી સોચ ઔર અધિકારોં કી આવાઝને અપના અસર દિખાયા!’’ હમીદે સારાંશ કાઢ્યો.

‘‘તારંગાની આ મુલાકાતે એક ઔર રંગ દેખાડ્યો’’... વંદનાએ જાણે પૂરું કર્યું.

‘‘હા ભાઈ, હજી કાલે દેરાસર વિશે જાણવાનું બાકી છે, પછીનો દિવસ પણ લાંબો રહેવાનો! ચાલો, વિરામ કરીએ?’’ રચનાએ મિટીંગ બરખાસ્ત કરી.

★★★

### *મહામેરુપ્રસાદ : એક કોયડો*

સવારે પરવારીને મંડળીએ મહામેરુપ્રસાદ તરીકે ઓળખાતા તારંગાના એકલ દેરાસરનું નિરીક્ષણ શરૂ કર્યું. આગલી સાંજે જોયું હતું તે પ્રમાણે આછા બદામી-ગુલાબી ઓઈલપેઈન્ટથી ટકાઉ અને સુરક્ષિત બનેલું આ જિનાલય ખરેખર જો રંગાયું ના હોત તો અસ્સલ સૌન્દર્ય જોઈ શકાત નહિ? - વિલ્સનના આ પ્રશ્નના જવાબમાં ધીરજે વહેવારૂ તર્ક આપ્યો: ‘‘અલ્યા, પડીને પાધર ન થઈ જાત? છેક 12મી સદીનું સ્થાપત્ય ટકી રહે એ મહત્વનું કે જૈનોને પોતાના





પ્રાચીન દેરાસરમાં સેવા-પૂજા ને તીર્થયાત્રા કરવાનો લ્હાવો મળતો રહે, એય મહત્વનું?!’’

‘‘લ્હાવો અને પુણ્ય પણ ખરું સ્તો!’’ વંદનાએ બંનેને સુધાર્યા.

‘‘અરે ભૈ, મંદિર ઠીક સે દેખ તો લો; ચર્ચા તો હોતી રહેગી!’’ હમિદે કહ્યું અને એણે ચોતરફ ફરીને સ્થાપત્ય દર્શન શરૂ કર્યું - સૌ એને અનુસર્યા.

‘‘બધા જ સ્તર અકબંધ છે નહિ? જળથરની કિનારીઓ, અપ્સરાઓના અંગમરોડ, નાકનક્શ... વાહ!’’ વિલ્સન જોતાં જોતાં ખુશ થતો હતો.

‘‘આમ જો કે માનવથર ઝાઝો નથી; સવારી કે એવું એક ખૂણે દેખાય છે, બાકી તો દેવ-દેવી વધારે છે.’’ મીનાએ જોતાં જોતાં વર્ણન કર્યું.

‘‘અલ્યા, પેલા જોયેલા એવા માનવથર નથી પણ ‘કપલ’(યુગલ) તો દેખાય છે, ને તેય પાછાં દરેક ખૂણામાં ઊભેલા છે. જૈન દેરાસર માટે તો આયે વધારે કહેવાય એવા પોઝમાં છે.’’ શેખરનું નિરીક્ષણ સાચું હતું.

‘‘અરે... એક વસ્તુ તમે માર્ક કરી (નોંધી)? અહીં આ દેવીઓની મૂર્તિઓ કેટલી બધી છે? ચાર દિશા-ચાર ખૂણા અને લગભગ દેવથરમાં 80% તો દેવીઓ જ દેવીઓ છે. બે કરતાં વધારે હાથવાળી, હાથમાં જાતજાતનાં હથિયારોવાળી... ધનુષ, બાણ, ભાલું, તલવાર... અંબાજીના ફોટામાં આપણે ગણતાં હતાં ને- આઠ હાથ, દસ હાથ... અહીં એ બધું જ છે જાણે!’’ વંદનાએ નવો મુદ્દો કાઢ્યો.

‘‘જૈન દેરાસરમેં ઇતની સારી દેવીયાં ક્યોં? ઐસા દેરાસર હમને ઠેઠ પાલિતાણા તક મેં નહિ દેખા હૈ!’’ પરવીને પણ ધ્યાનથી જોઈને સવાલ કર્યો. શેખર તો સંશયાત્મા; એનાથી રહેવાય? - ‘‘બહેન, કશી ગરબડ તો નથી ને?!’’ રચનાએ જરાક સ્મિત કરી, આમતેમ જોઈ લીધું. ‘‘આવો, પેલી પથ્થરની પાટ ઉપર બેસીને થોડી મહત્વની વાત કરીએ.’’



**જૈન દેરાસરના સ્તરમાં દેવીઓ ?**

પ્રવેશદ્વાર સામેની બેઠકે સૌ ગોઠવાયાં. ખાસ યાત્રાળુઓ બહાર નહોતા; જે હતા તે અંદર જ બેઠેલા. ભીડ તો નહોતી જ. રચનાને લાગ્યું, અહીં બેઠાંબેઠાં જ આ ચર્ચા કરી લેવી સારી.

"શેખરે જે શબ્દ વાપર્યો એવું- ગરબડ જેવું છેક ના કહેવાય પણ કશુંક એવું હંમેશા જોવા મળ્યું છે જે અહીં દેરાસર સંદર્ભે પહેલીવાર જોવા મળે છે! પહેલું તો ઘણાં મિત્રોએ નોંધ્યું તે- ઘણી બધી દેવીઓ છે; પેલી સરસ્વતી-બ્રહ્માણી-લક્ષ્મી-પાર્વતી... શામળાજીમાં સ્પષ્ટ જોયેલી તેમાંની ભાગ્યે જ છે- કદાચ છે જ નહિ. આ બધી જુઓ તો સશસ્ત્ર દેવીઓ છે! આઠ-દસ હાથોમાં હથિયારો છે અને પાછળ તો એક દેવી કોઇ રાક્ષસની ખોપરી હાથમાં લીધેલી પણ છે. "હા, પહેલો સવાલ તો એ થાય કે જૈન મંદિરમાં હથિયારધારી દેવીઓની મૂર્તિઓ? અહિંસાનું શું?" વિલ્સને સીધો તર્ક આપ્યો.





સાધારણ રીતે પાલિતાણા અને કુંભારિયામાં આપણે ઇન્દ્ર-ઇન્દ્રાણી, લક્ષ્મી એવાં હિંદુ દેવતા જોયાં પણ આવાં હથિયાર કે મારવાની ક્રિયાની મૂર્તિ ક્યાંયે નથી જોવા મળી! પેલું પોળોનું કહેવાતું જૈન મંદિર તો સાવ સાદું હતું. આ બહુ પ્રાચીન છે એટલે આવી દેવીઓ હશે?" વંદનાએ પણ તર્કને આગળ વધાર્યો.

"તમારાં બધાંનાં નિરીક્ષણ સાચાં છે. જો કે છે તો જૈનમંદિર પણ એનીયે આંતરિક સાંપ્રદાયિક સત્તાબદલીનો આ કેસ લાગે છે." રચાનાએ કહ્યું.

"મતલબ?" હમિદે સ્પષ્ટતા માંગી.

"મતલબ કે અંશતઃ ઘાલમેલ જેવું! આ વાત હું જ પહેલી વાર કરું છું એવું નથી. એક-બે પુસ્તકોમાં જૈનશાસ્ત્રોના જાણકાર અને પુરાતત્વવિદોએ પણ આ મુદ્દાને વહેતો તો મૂક્યો જ છે કે આ મંદિર કોનું- મતલબ કે, શ્વેતાંબરનું કે દિગંબરનું?" મિત્રો ઉપર અસર શી પડે છે તે જોવા રચના થંભી.

"લે, અંદરોઅંદર પણ આવી સરસાઇ?" મીનાને દુઃખદ આશ્ચર્ય થયું.

"આવું બનતું હતું એવું જૈન પ્રબંધોના સાહિત્યમાં લખેલું છે. છેક 11-12મી સદીમાં આવો અદલબદલો થયો હોવાનું નોંધાયું છે. અમુક વિદ્વાનોએ શોધીને નોંધ્યું પણ છે કે દિગંબર પંથમાં જે યક્ષીણી તરીકે પૂજાતી હતી તેવી અર્ધ દેવી કોટિના સમુદાયમાંની એક 'સિદ્ધાયિકા દેવી'નું આ આખું મંદિર હોઇ શકે.એ પંથમાં યક્ષીઓ પૂજાતી અને પૂજાય છે. કોઇ કહે છે કે યક્ષી અંબિકા પણ પૂજાતી; એવું બને કે આમાંની કોઇ એક યક્ષી દેવીનું આ મંદિર હોય અને પછી 14-15 મી સદીમાં મુસ્લિમ આક્રમણો દરમ્યાન તૂટ્યા પછી, ઇડરના ગોવિંદજીએ જ્યારે જિર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે શ્વેતામ્બર તીર્થંકરની સ્થાપના કરી દીધી હોય? એક નાની પરિચય પુસ્તિકામાં આ તર્ક આપીને વળી એને રદ કર્યો છે; જે મને તો વિચાર માગી લેતો તર્ક લાગે છે!"

આ તર્કને લટકતો રાખીને, મંડળી મંદિરની અંદર પ્રવેશી. બહારથી ભભકભરી કોતરણીથી ભરચક મંદિર અંદરથી સાવ સાદું દેખાયું. કદાચ

જીર્ણોદ્ધાર પછીની સાદગી હશે. સભામંડપ લગભગ ચોરસ જ હતો. ચોવીસે તીર્થંકરોની ચોવીસીની દેવ કુલિકાઓ (નાની દેરીઓ) કુંભારિયાનાં કેટલાંક નાના દેરાની જેમ અંદર જ હતી- ભીંતોની અંદર ચોફેર ગોખલા બનાવીને તીર્થંકરોને બેસાડી દીધા હતા. સભાગૃહ સાદું અને પ્રમાણમાં નાનું પણ લાગ્યું. મિત્રો ચોમેર ફરીને ચોવીસી જોઇ વળ્યા.

રચનાએ વચ્ચેના સંવરણ શિખરની અંદરના ભાગમાં ઈશારો કર્યો. લાકડાનાં માળખાં ઉપરાઉપરી મૂકીને ટેકો બનાવીને શિખરને ટકાવ્યું હતું. તદ્દન અલગ પ્રકારની રચના હતી. ‘‘આ લાકડાં ‘કેગર’નાં લાકડાં છે. કહેવાય છે કે આ લાકડું સહેલાઈથી બળતું નથી. સુરક્ષા માટે સારો ઉપાય છે!’’ શેખરને બાંધકામ-વનસ્પતિ વગેરેની સારી જાણકારી - એણે સૌને માહિતી આપી. રચનાએ મૂળનાયકની જબરજસ્ત પ્રતિમા તરફ સૌનું ધ્યાન દોર્યું. અજિતનાથ પ્રભુની મૂર્તિ (બિંબ) મૂકેલી છે. ઊંચી પ્રતિમાને સેવા-પૂજા કરવા નાની સીડી પણ ગોઠવેલી હતી. ઘીના દીવા બળતા હતા. ગર્ભગૃહમાં એનું જ અજવાળું હતું. દીવાલ ઉપર આરસની સફેદીમાં રંગીન પથ્થર જડીને ભાત રચેલી હતી. બીજી ખાસ કોતરણી કે પારંપરિક સુશોભન નહોતાં.

અહીં આવો - ‘‘શિખરની છેક ઉપર, ધ્વજદંડ લઇને ઊભેલી મૂર્તિ જુઓ! મેં હજારો મંદિર જોયાં છે, પણ આવી મૂર્તિ કદી નથી જોઇ.’’ રચનાએ કહ્યું અને મંડળીએ અચંબાથી જોયું. મૂછાળા પુરુષ જેવું દેખાતું હતું. રચનાએ જોડ્યું- ‘‘મને લાગે છે બીજી વારના જીર્ણોદ્ધારમાં કોઇએ રાજા કુમારપાળની મૂર્તિ ત્યાં રોપાવી હોય.’’ શેખરે પૂરૂ કર્યું - આ વળી એક ઔર કોયડો ને?’’

બહાર પાછાં આવીને, મંદિરનો આગલો ભાગ જોયો. ખૂબ જ ખીચોખીચ કોતરણીવાળાં વિમાન-શિખરોની ચડતી ભાંજણી શોભતી હતી. સૌથી આગલાં શિખરોને જોડતી સુશોભન અને ખાસ તો વાઘ જેવા દેખાતા પ્રાણી ‘વ્યાલિ’ની હારમાળા હતી- જેને શુકનાસા કહે છે - ‘પોપટની ચાંચ’ કહેવાતી આ ઊભી શિલ્પપટ્ટી અદ્‌ભુત સુંદર હતી અને ખૂબ વખણાય છે પણ ખરી. ત્યાંથી જમણી બાજુએ આવીને જોયું તો સંવરણા શિખર ઉપર ત્રણ સાધુઓની





મૂર્તિઓ બેસાડેલી હતી. ત્રણે દિગંબર અને લાંબા ચીરાયેલા કાનવાળા યોગીઓ હતા. ‘‘આ પણ કદાચ દિગંબરપંથની માલિકી હોવાનું સૂચન કરે છે!’’

‘‘હમને શામળાજી મેં ઋષિમુનિ દેખે થે ના, ઐસા યહાં પર ભી...?’’ આમિરે યાદ રાખ્યું હતું.

‘‘હા, પણ ઋષિઓ ઊભેલા હતા- આ ત્રણ બેઠેલા છે.’’ મીનાએ નોંધ્યું.

‘‘એક સવાલ છે બહેન, જો આ દિગંબર સાધુઓ હોય તો એને શ્વેતાંબરોએ દૂર કેમ નહિ કર્યા હોય?’’ બાદલનો તર્ક વાજબી હતો પણ વિલ્સને પ્રતિવાદ કર્યો- ‘‘સાધુમૂર્તિને તોડવામાં પાપ ન લાગે?!’’

‘‘ખરેખર, ખૂબ સુંદર સ્થાપત્ય, આવી સરસ સાચવણ અને સગવડોવાળું ધામ... પણ કોયડો તો ખરો જ- અને કોયડો પાછો જેમનો જેમ રાખીને મહિમા તો કરવાનો જ... વધારવાનો જ!’’ બાદલે અકળામણથી કહ્યું.

‘‘આવી અટપટી બાબતો કોઇ નહિ જાણતું હોય?’’ મીનાનો સવાલ.

‘‘જાણકારો-વિદ્વાનો જાણતા પણ હોય છે, શ્રદ્ધાળુ જૈનો પણ કદાચ જાણતા હોય પણ મધપૂડો કોણ છંછેડે?’’ રચનાએ કહ્યું.

‘‘... અને શા માટે? શ્રદ્ધાળુઓને શો ફરક પડે છે? જાણકારી મળવાથી શ્રદ્ધામાં વધઘટ ઓછી જ થવાની?- મમમમ ખાવાનું કે ટપ્ ટપ્ ગણવાની?’’ શેખરે સાર કાઢ્યો.

★★★

## મુકામ - 8

# તારણમાતા-ધારણમાતા

### *કોની કોની માતા?*

અજિતનાથપ્રભુના મહામેરુપ્રસાદની વિદાય લઈને મંડળી ડુંગર નીચે ઊતરી. વનરાજિ વચ્ચેથી દેખાતા ઊંચા-કાળા ખડકોના આકાર વિસ્મય પમાડતા હતા. કંઈક અંશે પાષાણયુગની નગરીનો આભાસ થતો હતો. ત્યાં જ જાણે પ્રાગ્ઐતિહાસિક કાળનું રક્ષણ કરતી હોય એવી, લાંબી દીવાલ દેખાઈ. કાળમિંઢ ખડકો ને વચ્ચે વચ્ચે બુર્જ જેવા પથ્થરો... ક્યાંક અખંડ, તો ક્યાંક તૂટેલા. હમણાં દેખાયા, હમણાં અલોપ.

એ જ રસ્તા ઉપર 'તારણ-ધારણમાતાનું પ્રાચીન તીર્થ' નું બોર્ડ વંચાયું. રચનાએ કનુભાઈને એ રસ્તે વળવા કહ્યું. એ ભડકયાંઃ ''આંયાં નો જવાય.આંયા તો બીકાળવા કોતરો સિવાય કાંય નો મલે!'' ''કનુભાઈ, એ કોતરોની વચ્ચે જ તો કૌતુક છે. મિત્રો, આપણે અહીં ખૂબ દૂરના ભૂતકાળની નિશાનીઓ જોવા જઈ રહ્યાં છીએ. અહીં સદીઓ પહેલાં બૌદ્ધ સામ્રાજ્યના અવશેષો હોઈ શકે. હજી કશું નક્કીપણે નથી કહેવાયું પણ જરૂર આખો વિસ્તાર પ્રકૃતિ અને સંસ્કૃતિની પુરાતન છાપ લઈને ઊભો છે એની ના નહિ!''

કનુભાઈ અકળાતા હતા તેમને જરાક પ્રોત્સાહન આપ્યું - ''કનુભાઈ, બસ... જરાક જ છેટું છે. ત્યાં પાર્કિંગની જગ્યા પણ છે.'' આટલું કહેતાંમાં કંઈક વાવના અવશેષ જેવું દેખાયું. મોટાં મોટાં ઝાડ નીચે નાનકડું ચોગાન હતું.





ગાડી થોભાવી, સૌ નીચે ઊતર્યાં. ચોતરા જેવી ખુલ્લી જગ્યા હતી, એક પાટિયું મૂક્યું હતું અને ઉપર ખડક ઉપર જવાનાં પગથિયા સાથે રેલિંગ પણ હતી. રચનાએ નાનકડી ભૂમિકા આપી દેવાનું મુનાસિબ માન્યું- ''અહીં બૌદ્ધ ચૈત્યો (ધ્યાનકેન્દ્ર) કે વિહાર (રહેઠાણ) હોવાની શક્યતા છે. અહીં ઉપર આપણે ગુફા જોવાનાં છીએ ત્યાં બે દેવીઓની મૂર્તિઓ છે, અલગ અલગ જગ્યાએ મૂકવામાં આવી છે. અનેક વાયકાઓ ચાલે છે પણ કેટલાક સંશોધકોએ જાહેર કર્યું છે કે અહીં તારણમાતા-ધારણમાતાની મૂર્તિઓ છે.''

''ઓત્તારી! આવી માતાનું નામ તો પહેલ્લીવાર સાંભળ્યું!''

''આ હિંદુ નહિ, બૌદ્ધ દેવીઓ છે. બૌદ્ધધર્મમાં અનેક ફાંટા હતા, એમાંના તાંત્રિક ફાંટામાં તારા અને ભૂમા દેવીઓના ઉલ્લેખ છે. તિબેટ, નેપાળમાં તો બાકાયદા આ દેવીઓનાં મંદિર પણ છે અને મહિમા પણ છે. ગુજરાતભરમાં આ એકમાત્ર સ્થળ છે જ્યાં આ દેવીઓ દેખાય છે. આમ તો ગુફાની આગળપાછળ થોડું ચણતર કરીને જિર્ણોદ્ધાર જેવું કર્યું છે અને બીજું કંઈક પણ છે તે આપણે જોઈશું.''

દરમ્યાન કનુભાઈ પેલું પાટિયું વાંચવાની કોશિશ કરતા હતા. એ તારણ-ધારણ માતા ટ્રસ્ટનો ક્લેમ(દાવો) કરતું, જાહેરાત કરતું પાટિયું હતું. ટ્રસ્ટીમંડળનાં નામ હતાં, જેઓ તમામ રાજપૂત અટકો ધરવતાં હતાં.

''લ્યો, આ તો હિંદુ મંદિર જ છે - આમાં ક્યાંય બૌદ્ધની વાત નથી; આ નામો જોવો બેન! બધા આપડાવાળાં જ છે!'' કનુભાઈએ શોધી કાઢ્યું

રચનાએ જવાબ ન આપ્યો, મંડળીને ઉપર ચઢવા કહ્યું, કનુભાઈને પણ આગ્રહ કર્યો- ''ચાલો, પછી કહેતા નહિ કે મંદિર તો હિંદુ માતાનું છે!'' પણ કનુભાઈ તો ગાડી સાચવતા બેસી રહ્યા.

સૌ ઉપર પહોંચ્યાં ત્યારે કો'કનો બોલાશ સંભળાતો હતો. ઉપર પહોંચ્યાં ત્યારે અત્યંત ઓછી ઊંચાઈવાળી એક સાંકડી ગુફા ઉર્ફે ઓરડો દેખાયો. માથે છાજ ચૈત્ય જેવું હતું. ગુફામાં પાંચ પુરુષાકૃતિ મૂર્તિઓ ઊભેલી હતી. અત્યંત ઘસાઈ

ગયેલા ચહેરા હતા તેથી કહી શકાયું નહિ કે આ કોની મૂર્તિઓ છે - હિંદુ દેવો છે? જૈન તીર્થંકરો છે કે બૌદ્ધ શ્રમણો? વચ્ચે એક મૂર્તિ હતી, જેને બાકીની પાંચની શૈલી સાથે મેળ નહોતો પડતો. સ્ત્રીનો દેહ હતો, આંખો ચોંટાડેલી હતી અને સૌથી નોંધપાત્ર એ હતું કે એક કર્મચારી જેવા લાગતા ભાઇ (મંદિર-સેવક) ડોલમાં ભરેલા પાણીથી સ્ત્રીમૂર્તિને નવડાવતા હતા, ઘસીઘસીને નેપકિનથી 'સ્પંજ' પણ કરતા હતા અને બાજુમાં સાડી, મુગટ, દાગીના વગેરે પડ્યું હતું, જે તે મૂર્તિનાં 'શણગાર' જેવું લાગતું હતું.

મંડળી આખું દશ્ય નિહાળીને જોઇ રહી હતી, હવે લગભગ મૂર્તિ વિશે બધાંને ખ્યાલ આવતો ગયો હતો કે દેવી-મૂર્તિ કહેવાતી મૂર્તિની શૈલી જ અલગ હતી, પથ્થર પણ અલગ હતો અને વધારે જૂની પણ હતી. અલબત્ત, આંખો નવી ચોંટાડેલી હતી! ગુફાની બહાર નીકળ્યા ત્યાં અગાશી જેવું હતું. ત્યાં બે



**તારણ માતા**





સજ્જનો એક હિંદુ બાવાજી જોડે વાતો કરતા હતા. બાવા-હિંદી (ભાંગીતૂટી) સંભાળાતી હતી, જેમાં આ જગ્યામાં પડતી તકલીફ, પાણીનો અભાવ વગેરે મુદ્દાની ચર્ચા થતી જણાઇ. મંડળીને બહાર આવેલી જોઇને બાવાજી નજીક આવ્યા અને કહ્યું- "તારણદેવી કે દરસન કીયે ના? અબ ઉધરવાલી ગુફા મેં ધારણદેવી ભી હૈ, જાઓ દરસન કર લો." એ નાનકડી ગુફા-ગોખલામાં બીજી એ જ પ્રકારની મૂર્તિ હતી, જાણે, નવી આંખો ચોડેલી, સાડી વગેરે શણગાર પહેરાવેલી અને ચિમળાયેલાં ફૂલની માળા પહેરાવેલી- અહીં સ્નાન કદાચ બાકી હતું! એ ગોખલો પણ 'ચૈત્ય' હશે. બહારનો વચલો ઓરડો કદાચ પછીથી બનાવેલો લાગ્યો, પથ્થર સાથે થોડું 'નવું કામ' કરેલું.વચ્ચે હવનકુંડ હતો. આમ ઠરેલો હતો પણ તાજી રાખની ઢગલી હતી. અંદર ચુંદડી બાંધેલાં ત્રિશૂળ ખોસેલાં હતાં, પૂજાપો પણ પડેલો. આખો દેખાવ કોઇ સાદાં હિંદુ દેવી-મંદિર જેવો હતો.

બાવાજી રામરામ કહીને નજીક આવ્યા. મંડળીને ધામનો મહિમા કહેવા લાગ્યા- "બહુત પ્રાચીન ધામ હૈ. તારણમાતા, ધારણમાતા કી ભક્તિ યહાં બહુત ચલતી હૈ, દોનોં નવરાત્રિ મનાતે હૈં, હવન હોતા હૈ- ગરબે હોતે હૈં..." આને વધુ સમજાવવા જાણે પેલા બેમાંના એક સજ્જને કહ્યું- "આસોની નવરાત ને ચૈત્રી નવરાત - બંને ઉજવાય છે. આજુબાજુનાં ગામથી ઘણું લોક આવે. ઓલા ગરબા જોયા- ઇ પણ કરવાના હોય!" અગાશીના ખૂણામાં થોડાં કોડિયાં, કાણાંવાળા ગરબા, માટલી વગેરે પડ્યું હતું જે આ ઉજવણીની સાક્ષી પૂરતું હતું.

"અમે બાજુના ગામના સરપંચ છીએ. બાવાજીની પૃચ્છા કરવા આંટો દીધો. તમે?" - રચનાએ ટૂંકો પરિચય આપીને સામે સવાલ કર્યો- "આમ તો દેવીમંદિર છે પછી પેલી પાંચ મૂર્તિઓ કોની છે?"

"વો તો પાંચ પાંડવ કી મૂર્તિયાં હૈ- વે જબ વનવાસ કર રહે થે તબ યહાં આયે થે, તપ કિયા થા- તબ સે યે હવનકુંડ બના હૈ, અભી તક જિવીત હૈ." બાવાજીએ વધુ માહિતી આપી.

શેખરથી ના રહેવાયું- ''અગર વે પાંચ પાંડવકી મૂર્તિયાં હૈ તો વહ ફિર દ્રૌપદી હોગી- તારણમાતા કૈસે હુઇ?''

બાવાજી અકળાયા- ''રામરામરામરામ... કૈસી બાત કરતે હો બચ્ચા? યે તો હજારો વરસ સે જાનામાના ધામ હૈ તારણમાતા કા. શંકા નહીં કરતે હૈ! પાપ લગતા હૈ!''

''જો કે આ ધામ તો હમણાં થયું લાગે છે, નહિ?'' રચનાએ વાત બદલી.

''ના, ના, આ તો આપડે બધું સાફસૂફ ને રંગરોગાન કરાવ્યું. બાકી તો આ મોટા મંદિરમાંથી પૂજારી વરસોથી અહીં આવીને સેવા-પૂજા કરી જાય. ત્યાંના જ છે - પગારદાર!''

''પણ એ તો જૈનોનું મંદિર છે, એ આ માતાજીની પૂજા શું કામ કરે?''

''હવે ઇ તો શરાવકોનાય અંબામા હોય જ છે ને? ત્યાં એમના ભગવાનની સેવાપૂજા થાય પછી તર્ત જ અહીં થાય- વરસોનો નીમ છે.'' બીજા ભાઇ બોલ્યા.

''ટ્રસ્ટ જ બધું કરેકારવે. અમે એટલે હવે તારણ-ધારણમાતા ટ્રસ્ટ બનાવવાના છીએ. તમે નીચે પાટિયું વાંચ્યું હશે. એમાં આપડુંયે નામ છે.''

''આ બાવાજી?'' ધીરજે પૂછી લીધું.

''નહીં નહીં મેં તો કાઠિયાવાડ સે આયા હૂં.મેમાન હૂં ખાલી. અપન સાધુ કા ક્યા? આજ ઇધર-કલ ઉધર!'' બાવાજીએ આવળા ફરીને બીડી સળગાવી.

''આ તમે ટ્રસ્ટ બનાવ્યું એટલે અહીંનો વટીવટ તમે કરવાના?''

''એ તો જોઇએ હવે. આમ તો આ સેવા પૂજા તો શરાવકોના ટ્રસ્ટની જ ચાલશે.અમે તો નોરતાં ને હવન... ને બધું કરવાના,'' સરપંચજીએ જવાબદારી વહેંચી લેવાનું વિચારી લીધું હતું. રચનાએ હવે મુદ્દાનો સવાલ





પૂછ્યોઃ ''આમ તો આ તારણદેવી-ધારણદેવી બૌદ્ધધર્મની દેવી કહેવાય છે ને?''

''હવે એ બુદ્ધ ને મહાવીર બંને જોડકા ભાઇ જ કહેવાય. આની માતા એ જ ઓલાની માતા. શરાવકોનું ટ્રસ્ટ એટલે જ તો અહીં સેવા-પૂજા કરે છે?''

''મતલબ કિ યે માતાએં બુદ્ધ ઔર મહાવીર કી માતાયેં હૈગી?'' યાસ્મિનનો પ્રશ્ન.

''હવે એમ માનો તો એમ! આપડે તો કેવું કે શ્રદ્ધા જોઇએ; માતા આની હોય કે એની?! માતાજી એટલે માતાજી!'' સરપંચભાઇ છૂટી પડ્યા.

રચનાને લાગ્યું કે હવે નીકળવું જોઇએ. એણે ત્રણેયને રામરામ કહીને મંડળીને નીચે જવા દોરી. પેલા સરપંચભાઇએ વિવેક કર્યો, ''આવજો બેન, ફરી નોરતા વખતે આવશો તો રોનક જોવા મળશે... ને હા, પેપરમાં લખો ત્યારે અમારા ટ્રસ્ટ વિશે લખવાનું ના ચૂકતા...

નીચે ઊતર્યા પછી બધાંએ જે ઉદ્‌ગારો કાઢ્યાં એમાં સૌથી મોટી મૂંઝવણ એ હતી કે આ તારણ-ધારણ માતા એ ખરેખર કોની માતા?! બૌદ્ધ, જૈન, હિંદુ કે પછી...?!

રચનાએ સૌને આશ્વાસન આપ્યું કે, ''મહામેરુપ્રસાદની યક્ષિણીઓ, આ તારણ-ધારણમાતા... બધા કોયડા વિશે ફિડબેક મિટીંગમાં ચર્ચા કરીશું. હવે ગુજરાતનું ખૂબ પ્રાચીન અને અનેક સ્તરોવાળું નગર- વડનગર જોઇશું જેમાં આવા કોયડા નથી પણ નવા નઝારા તો જરૂર જોવા મળવાના છે.''

બધા ઉત્સુક મને ગાડીમાં પાછાં બેઠાં. કનુભાઇએ 'જય માતાજી' કહીને ગાડી સ્ટાર્ટ કરી. રસ્તે આવતાં ગામનાં નામનાં પાટિયા, નાના ઢાબા-રેસ્ટોરાંનાં નામ અને પોલ્ટ્રીફાર્મ (મરઘા ઉછેર) જોતાં જોતાં હમિદે સવાલ કર્યો- ''યહાં પર મુસલમાનોં કી તાદાદ ઠીકઠાક લગતી હૈ!''

"હા, વળી ખાતાપીતા મુસલમાનો છે- બંગલા વગેરે જુઓ, કેવા સરસ છે.પાટણ જીતનારો અને પછી અમદાવાદ વસાવનારા સુલતાન અહમદશાહના સમયથી મુસ્લિમ વસ્તી અહીં વસી છે ને ધીમેધીમે નવા જમાના સાથે કદમ મિલાવતી થઇ છે. વિસ્તારના વિકાસમાં એમનોયે ફાળો છે."

★★★





## મુકામ - 9

## વડનગર

### *જૂના સોના ઉપર નવો ગિલેટ!*

તારણ-ધારણ માતાનો નવો કોયડો ખિસ્સામાં નાખીને મિત્રોએ વડનગર તરફ ગતિ કરી. ત્રીસેક કિ.મી.થી વધારે દૂર નહોતું જવાનું. વચ્ચેવચ્ચે જોવાલાયક સ્થળોનાં પાટિયા દેખાતાં હતાં. રચનાએ એક જગ્યાએ ઊભાં રહીને કશીક પૂછપરછ કરી; ખાસ ખાત્રીપૂર્વક કશી માહિતી ન મળી તેથી પાછી ગાડીમાં આવીને બેસી ગઇ. મિત્રોને કૂતૂહલ થયું એના જવાબમાં કહ્યું કે, મને એમ કે તારણધારણ માતાના સંદર્ભે આપણે આ વિસ્તારના બૌદ્ધકાલીન વારસાની વાત કરી હતી તો ચાલો, એ મુદ્દાનું અનુસંધાન કરીએ, સૌથી પ્રાચીન તબક્કાના અવશેષો જોઇને શરૂઆત કરીએ; અહીં બૌદ્ધ સ્થળો શોધાયાં છે ત્યાં ખોદકામ ચાલી રહ્યું છે એવું સાંભળ્યું હતું. પણ આ મિત્રો કહે છે કે હમણાં કામ બંધ છે. કમોસમી વરસાદને કારણે ત્યાં જવાના રસ્તા પણ તૂટી ગયા છે ને કાદકિચ્ચડ છે. બતાવનાર કોઇ નહિ હોય- મહેસાણા જિલ્લા કલેક્ટરની પૂર્વમંજૂરી સાથે જ ત્યાં જવાય!"

"લે, આપણને તો એમ ને, કે લોથલ ને બધે સીધા પોંકી ગયા'તા એમ પોંકી જાશું! ના ભૈ- અજાણ્યાં ને આંધળા હરખા! માંડીવાળો!" કનુભાઇએ મેનરોડ ઉપર મારી મૂકી.

'ઓહો; વડનગરના છેડા છેક બૌદ્ધકાળમાં મળે છે?'' બાદલને સુખદ આશ્ચર્ય થયું. ''હા, જૂનાગઢની જેમ જ અહીં પણ અનેક સ્તરોમાં ઈતિહાસ દબાયેલો છે. બૌદ્ધ લેયરને જૂનામાં જૂનું કહેવું જોઈએ પણ સાધારણ માન્યતા પ્રમાણે તો પુરાણકાળમાં જ આનું ઉદ્ભવસ્થાન જણાવાયું છે.'' રચનાએ કહ્યું અને પછી વડનગરનો જે પરિચય આપ્યો તે તબક્કાવાર કંઈક આ રીતે સમજી શકાયઃ

વડનગરના ઉલ્લેખો સ્કંદપુરાણ, શિવપુરાણ વગેરેમાં મળે છે. પૌરાણિક કાળમાં મનુના પુત્ર શર્યાતિ અને તેના પુત્ર આનર્તે આ શહેર વસાવેલું તેથી એનું પૌરાણિક નામ 'આનર્તપુર' હતું; આનંદપુર અને ચમત્કારપુર તરીકે પણ વડનગરનો ઉલ્લેખ પુરાણોમાં થયેલો છે.

ત્યાર પછી લાંબા ગાળે, ઇ.સ.10,11,12મી સદીમાં સોલંકી-વાઘેલાવંશોના સમયમાં આનર્તપુર અને વડનગર તરીકે આ વિસ્તારનો રાજધાનીના રૂપમાં વિકાસ થયો છે. આ ઉલ્લેખ જૈનપ્રબંધોમાં, જેને ઐતિહાસિક-અર્ધઐતિહાસિક કહેવાય તેવો ઉલ્લેખ મળે છે. તે સમયના શિલાલેખો અને તામ્રપત્રોમાં પણ માહિતી મળે છે. પણ છેલ્લાં પચાસેક વર્ષથી થઇ રહેલા સંશોધનમાં બૌદ્ધકાલીન વડનગરના અવશેષો મળવા માંડ્યા છે; જે અનુક્રમે ઇ.પૂ.4થી સદીથી લઇને ઇ.સ.6ઠ્ઠી સદીના સમયગાળાને આવરી લે છે. ચૈત્યો, વિહારો, સંઘારામ વગેરેનાં ખંડેરો મળી રહ્યા છે. લેખિત ઈતિહાસમાં આના પુરાવારૂપે ગુપ્તકાળમાં અહીં આવેલા ચીની મુસાફર ફાહિયાન અને હર્ષવર્ધનના સમયમાં આવેલા હ્યૂ-એન-સંગ(ઇ.સ.5-6ઠ્ઠી સદી) ના અહેવાલોમાં આનર્તપુર-આનંદપુરનો ઉલ્લેખ છે. મૈત્રક કાળમાં પણ વડનગર પ્રખ્યાત હતું (ઇ.સ. 6-7મી સદી).

બૌદ્ધકાલીન વડનગર મળી આવવાથી દુનિયાભરના પુરાતત્વવિદોનું ધ્યાન ખેંચાયું અને અવનવા અભ્યાસો શરૂ થયા છે. છેલ્લા દાયકામાં, રાષ્ટ્રીય કક્ષાના પુરાતત્વવિદ બિશેશરનાથના કહેવા મુજબ વડનગર અને તારંગા(રક્તતીર્થ) એકમેકથી સંકળાયેલાં નગરો હશે(ટ્વીન સિટી). તારંગા





એક દુર્ગનગરી હતી તે કોઇ કારણસર ખલાસ થઇ ગઇ અને વડનગર વસ્યું હશે. આજે પણ એ પ્રાચીન દુર્ગનગરી પહાડોના ખડકો સાથે એકાકાર થયેલી જોવા મળે છે. અરવલ્લીના આ વિસ્તારો વારંવાર ભૂકંપગ્રસ્ત થવાની શક્યતા છે. વડનગરના વિવિધ સ્તરો પણ ભૂકંપને આભારી હોઇ શકે.

આમ આ નગરીએ અનેક અવતાર લીધા છે, એમ કહી શકાય. જો કે આજે, શહેરમાં દેખાતા અવશેષોમાંના ત્રણેક સોલંકી - વાઘેલાકાળના છે, તો કેટલુંક સ્થાપત્ય 18-19મી સદીનું મરાઠાકાલીન / ગાયકવાડી છે..

બસ વડનગર પહોંચી ગઇ હતી. સ્ટેશનથી શહેરમાં જવાનો રસ્તો તો સાધારણ, પછાત કહેવાય તેવા નગરની બજાર અને ભીડથી ભરેલો હતો. જરાક આગળ જતાં નગરકોટ દેખાયો. દીવાલો તો કડડભૂસ્સ હતી, એની પછીતે ઊગેલાં ઘટાદાર વૃક્ષો એક-બે દેખાતાં હતાં; બાકી તો નવા બનતા રસ્તાને કારણે વૃક્ષોનો સોથ વળી ગયો હતો. ઝાડ વડનાં હતાં; મિત્રોએ જોતાંની સાથે સવાલ કર્યો- ''અહીં વડલાના ઝાડ ખૂબ હશે તેથી નામ વડનગર પડ્યું હશે, નહિ?'' મીનાનો પ્રશ્ન. ''બની શકે.પણ 'વડ' એટલે વડું, મોટું - એવો અર્થ પણ થાય. મોટું શહેર- ના અર્થમાં 'વડનગર'નામ પડ્યું હોય.''

નગરકોટ આગળ જ, કોટની રાંગે કહો તો તેમ ને બહાર કહો તો તેમ, સહેજ નીચાણમાં મધ્યમ કદનું ગૂર્જર શૈલીનું શિખરબંધી મંદિર દેખાયું. મંદિર ઉપર અને મંદિરની આસપાસ બહુ મોટા પાયાનું સમારકામ, તોડફોડ ચાલતાં હતાં. છતાં જોઇ શકાય એટલી જગ્યા દેખાઇ એટલે મંડળી નીચે ઊતરી. તોડફોડની વચ્ચે રચનાએ મંદિર-પરિચય શરૂ કર્યોઃ

''આ વડનગરની જાણીતી જોવાલાયક જગ્યા- હાટકેશ્વરનું મંદિર.''

''હેં... હાટકેશ્વર? આ એરિયા તો આપણા અમદાવાદમાં છે ને?'' મીના જ હોય.

''હા, એ એરિયા અને ત્યાં આવેલું મંદિર આ જ નામે છે. મૂળ હાટકેશ્વર અહીંના. આમ તો મંદિરના પૂજારીઓ કે શ્રદ્ધાળુ યાત્રાળુઓ તમને જાતભાતની

દંતકથાઓ કહેવાનાં જ છે; આપણે તાળો મળે એટલો ઈતિહાસ સમજી લઈએ. મૂળમાં સોલંકી વંશનો મૂળરાજ જે 9મી સદીમાં થઇ ગયો તેણે આ મંદિર બંધાવ્યું હશે કેમ કે એ શિવભક્ત હતો. આપણે સિદ્ધપુરનો રૂદ્રમહાલય જોવાનાં તે પણ શિવમંદિર જ છે અને મૂળરાજે જ બંધાવ્યું છે. પછી કાં તો 15મી સદીમાં પાટણના સુલતાને કાં તો 17 / 18મી સદીમાં ઔરંગઝેબના સૂબાએ આ મંદિર તોડ્યું હશે. સ્પષ્ટ ઉલ્લેખ નથી પણ મ્લેચ્છોએ તોડયું કહેવાય છે.''

''મ્લેચ્છ માનેં મુસલમાન હી ના? ઔર દૂસરા નામ જો જૂનાગઢમેં સુના થા યવન... વહ ભી તો મુસલમાન.'' હમિદે જોડ્યું.

''લેખિત ઈતિહાસ નથી પણ ધારણા છે, શક્ય હોઈ શકે. આજે જે દેખાય છે તે ગાયકવાડ શાસક માનાજીરાવે બંધાવેલું છે. પોતે શિવભક્ત-શક્તિપૂજક હતા. આગળ ઉપર આપણે બહુચરાજીનું મંદિર જોઈશું તે પણ મૂળે એમણે બંધાવેલું. પૌરાણિક ઉલ્લેખો છે કે હાટકેશ્વર નાગર નામની જ્ઞાતિના ઈષ્ટદેવ. નાગર બ્રાહ્મણ, નાગર વાણિયા અને વડનગરના પટેલ-પાટીદાર-કણબી સૌના આ ઈષ્ટદેવ.શિવરાત્રી ઉપરાંત ચૈત્રમાસની ચૌદશે હાટકેશ્વરનો પાટોત્સવ / મહોત્સવ ઉજવાય છે. બધા નાગરો અહીં ભેગા થાય કે જ્યાં હોય ત્યાં ભેગા થઈને ઉપવાસ, શોભાયાત્રા કરે છે, ઉજવણી કરે છે.''

''પન આપને ઈસ વિચિત્ર નામકા મતલબ નહિ બતાયા... હાટકેશ્વર!'' આમિરે માંગ કરી.

''હાટક એટલે સોનું. સોનાનું સ્વયંભૂ લિંગ આકાશમાંથી પ્રગટ્યું કહેવાય છે પણ એ પુરાણકથા.''

''અને પછી મુસલમાનો તોડી ગયા, લૂંટી ગયા... એ સત્યકથા!'' શેખર.

''સોમનાથની કથા જ જાણે ઠેકઠેકાણે પડઘાયા કરે છે... ઈતિહાસ કે દંતકથા; જ્યાં ને ત્યાં!'' શેખર જાણે મનોમન બબડી રહ્યો હતો.





''આમ ભલે જ્ઞાતિનો સંદર્ભ હોય પણ શિવમંદિરો હંમેશા જનરલ / સાર્વજનિક જ હોય. એક વિચારધારા તો એમ પણ કહે છે કે માતૃસત્તાક સમાજમાં માતાઓ ઈષ્ટદેવતા હતી એ જ ગાળામાં પિતૃભક્તિ શરૂ થઈ તે શિવના રૂપે. શિવ આર્ય દેવ - પરંપરાના ન પણ હોય. દ્રવિડ - આર્યેતર - પ્રાચીન પ્રજાઓના દેવ ગણાય છે શિવ.એક જ નાનો મુદ્દો પૂરતો છે - શિવ 'અનાર્ય' છે તેનો પુરાવો છે- શિવપૂજા કે ભક્તિમાં યજ્ઞ પ્રથા નથી; જે આર્યત્વની મુખ્ય નિશાની કહો તો તે અને વિધિ કહો તો તે છે.''

''યે તો એકદમ નયી બાત! હમેશા મન મેં રખેંગે.'' પરવીને કહ્યું.

''આ મંદિર તોડફોડ પછી અને આજે પણ રિનોવેશન વચ્ચે પણ મંદિરની જગતી પરનાં થરની મૂર્તિઓ જોવાલાયક છે; ચાલો જઈએ.''

મંદિરનો જળથર, મકરમુખ,હાથી, ઘોડા અને દેવથર જોયા એમાં એક શિલ્પમાળા બહુ અનોખી લાગીઃ સમુદ્રમંથન. પુરાણકથાને પથ્થરમાં સરસ રીતે કોતરી છે. દેવો અને દાનવો, વાસુકિ નાગને ખેંચે છે, સમુદ્રનું મંથન થઈ રહ્યું છે. રચનાએ થોડો કથાસાર કહ્યો ત્યારે શેખરને સવાલ થયો- '''લો, પુરાણકથાઓથી જ આ ભેદભાવની પરંપરા ચાલી આવે છે, એમ ને? દેવો સારા ને દાનવો નકામા. દેવોને અમૃત મળે ને દાનવોને ઝેર! અલ્યા દેવ ને દાનવ, બનાવનારા તો આપણે જ ને- માનવ!''

''ના હો, ગુજરાતી ભાષાના એક કવિએ તો કહ્યું છે, ''હું માનવી માનવ થાઉં તો ઘણું!'' જે માણસો આવી પરંપરાઓ ઘડતા હોય એમને તો માનવ થવાનું બાકી જ કહેવાય!'' વંદનાએ મુદ્દાની વાત કરી.

''આ જુઓ- આ બીજું શિલ્પ 'દશાવતાર'નું છે. દ્વારકામાં થોડી વાત થઈ હતી. આ દશાવતાર સૃષ્ટિના ક્રમનું પ્રતીક છે એમ પેલા યુરોપિયન ઈન્ડોલોજીસ્ટ્સ કહી ગયા છે. પહેલાં માછલી, પછી કાચબો, પછી સુવ્વર, પછી અડધો સિંહ-અડધો માનવ (વનમાનવ), પછી વામન-આદિવાસી, પછી લોહપાષાણ યુગનો હથિયાર વાપરતો માનવી-પરશુરામ, પછી રામ

અને બલરામ; સમાજજીવન, કુટુંબજીવન અને કૃષિજીવનના પ્રતિનિધિઓ, પછી કૃષ્ણ જે પૂર્ણપુરુષ કહેવાયા અને નવમો અવતાર બુદ્ધ - જે યુદ્ધ, હિંસા, હથિયારોથી પર છે- શાંતિ, અહિંસા, મૈત્રી અને કરૂણતાનો ઉપદેશ કરે છે અને આ - ઘોડા પર બેઠેલો કલ્કિ અવતાર છે. કળિયુગ કહે છે ને, તે આ! ઘોડો ત્રણ પગ ઠેરવીને ઊભો છે- ચોથો પગ જમીન ઉપર મૂકશે તો પ્રલય થશે. આમ તો કળિયુગ એટલે કળયુગ - યંત્રયુગ એમ પેલા વિદ્વાનો નિર્દેશે છે. આ દસ અવતાર માનવ ઉત્ક્રાન્તિનાં પગથિયાં છે એવું અર્થઘટન એમણે કર્યું.''

''આ તો લોજીકલ લાગે છે; આપણા લોકો આ અર્થઘટન સ્વીકારે છે?'' બાદલે પૂછ્યું.

''અરે, એમના સુધી આવા વિદ્વાનોનાં અર્થઘટન ના પહોંચે; એમને માટે તો ભાગવત પુરાણમાં આપેલા વિષ્ણુના ચમત્કારી પરાક્રમો જ પૂરતાં છે, મહત્વનાં છે!''

''તો તો પેલી કહેવત જેવું- ભેંસ આગળ ભાગવત!'' શેખરે સાર કાઢ્યો.

મંડળી અન્ય સ્તરો અને શિલ્પો જોઇને આગળ વધી. મીનાએ ખૂબ સંકોચ સાથે કોમેન્ટ કરી: ''આ મૂર્તિઓ સારી છે પણ કાલે તારંગામાં જોઇ'તી કે કુંભારિયામાં જોઇ'તી, શામળાજીમાં જોઇ'તી એટલી ઘાટીલી નથી. થોડી જાડા ઘાટે છે નહિ, બહેન?''

''ખરી વાત મીના. તારી નજર કેળવાતી જાય છે હોં! આ 18મી સદીનું શિલ્પ તેં ગણાવ્યાં તેનાં કરતાં થોડું ઊતરતી કોટિનું છે!''

''મતલબ કિ જીતના પુરાના ઉતના બહેતર! ઐસા ક્યોં?'' પરવીનની વાતનો જવાબ અધરો છે, આગળ ઉપર વાત જરૂર કરીશું.'' રચના આગળ વધી. મંદિરનો સભામંડપ મોટો હતો, માથે ગોળ ઘુમ્મટનું શિખર હતું. ઘુમ્મટમાં શિલ્પ નહિ પણ ચિત્ર હશે એવું લાગતું હતું - કબૂતરથી





બચવા જાળીઓથી ઘુમ્મટને ઢાંકી દીધો હતો. ભીંતો સાદા આરસની હતી. ચોમેર શિવસ્તુતિ લખેલી. સભામંડપમાં ઉજાસ નહોતો, રોનક તો નહિવત્ હતી. કોઇ પણ સાદા શિવમંદિરનો દેખાવ હતો. વિશિષ્ટ એ હતું કે ગર્ભગૃહ ભોંયરામાં હતું અને શિવલિંગ પણ પ્રમાણમાં નાનું હતું. રચના મંડળીને ધીમા સાદે સમજાવતી હતી એ જોઇને ગર્ભગૃહમાંથી પિતાંબર-પૂજાનાં રેશમી પીળાં વસ્ત્રો- પહેરેલા પૂજારી બહાર આવ્યા અને જાણી લીધું કે મંડળી અમદાવદની છે અને પ્રવાસે નીકળી છે એટલે ઉત્સાહભેર મંદિરનો લાખેકવર્ષ જૂનો ઇતિહાસ(!) કહેવા માંડ્યાં સત્યુગમાં સોનાનું સ્વયંભૂ લિંગ, બ્રહ્મા-વિષ્ણુની સ્પર્ધા વગેરે અનેક દંતકથાઓનું જાળું ગૂંથીને મૂકી દીધું. મિત્રો જરાક અન્યમનસ્ક રહીને સાંભળતા હતા. આટલી બધી ને આટલી મોટી કલ્પનાઓ ગળે ઊતારવી જરાક અઘરી હતી. ''એ સોનાનું લિંગ આજે તો...?'' વંદનાને જવાબ આપતા પૂજારીના અવાજની તીખાશ છાની ન રહી- ''આજે ક્યાંથી હોય, એ તો ઔરંગઝેબે તોડ્યું નહિ?! આ તો ગાયકવાડ સરકારે બંધાવેલું. આજ સુધી આ મંદિરને ગાયકવાડ સરકાર તરફથી વર્ષાસન મળે છે.'' તીખાશ ગૌરવના ઢાળમાં ઢળી ગઇ. પછી તો મંદિરની ગાથા શરૂ થઇ જેમાં પુરાણ-ઇતિહાસ-લોકકથા બધાંનું મિશ્રણ એટલા આત્મવિશ્વાસથી રજૂ કરતા હતા કે કોઇ વિરોધ ન કરી શકે... મંડળી પણ વિનયપૂર્વક ચૂપ રહી. ગર્ભગૃહની આગળના અંતરાલમાં બે ગોખલા હતા. એકમાં તો ગણપતિ હતા. માથે મરાઠી શૈલીની પાઘડી એમનો ગાયકવાડી ઠાઠ બતાડતી હતી. સામેના બીજા ગોખલા ઉપર કાપડનો પડદો ઢાંકેલો.પૂજારીએ કહ્યું કે એની પાછળ શિવ-પાર્વતીના મોટા પુત્ર કાર્તિકેયની મૂર્તિ છે. એમનો પડદો વર્ષમાં ફક્ત એક જ દિવસે ખુલે- કાર્તિકી પૂર્ણિમાએ.'' ''કેમ એવું?'' ''બસ, પરાપૂર્વથી ચાલ્યું આવે છે.વળી એ પાછા આપણા દેવતાયે નહિ ને?'' ''આપણા નહિ, એટલે?'' ''કાર્તિકેયની પૂજા તો સાઉથમાં જ થાય.આપણે ત્યાં મહિમાયે નથી ને મંદિર પણ નથી.આવો બહેન, પુરાણપ્રાચીન હાટકેશ્વરને બિલિપત્ર

ચડાવો.'' પૂજારીએ રચનાના હાથમાં બિલિપત્ર મૂક્યાં, જરાક દક્ષિણાની ઈચ્છા આંખમાં ને વાણી ડોકાઈ રહી હતી! રચનાએ આનાકાની વગર માત્ર વિનયપૂર્વક હાથમાં બિલિ લીધાં. પૂજારીએ એમને માટે સ્વાભાવિક પ્રશ્ન પૂછી લીધા- ''તમે કેવાં, બેન? સંકલ્પ મૂકવો હોય તો...'' રચનાએ અધૂરેથી જ એમની વાત કાપીને નમ્ર પણ મક્કમ સ્વરે કહ્યું, ''મહારાજ, હું તો આ બધામાં નથી માનતી - છું તો હિંદુ પણ...ખૈર- આ બધા અલગ અલગ સમુદાયનાં છે. અમે તો જાણકારી મેળવવા નીકળ્યાં છીએ. આવજો.'' મંડળી સાથે રચનાએ બહારનો રસ્તો પકડ્યો.

ઉપર આવતાં મંદિરના વહીવટી બેઠા હતા તેમણે વળી નવી વાત કરી. ''મંદિરના જિર્ણોદ્ધાર માટે કંઇ આપવા માંગતા હો તો... આમ તો ગુજરાત સરકારનું પ્રવાસન નિગમ, કેન્દ્ર સરકાર - બંને ભેગાં મળીને આ બધુ રિનોવેશન કરાવી જ રહ્યા છે પણ અમુક શ્રદ્ધાળુઓને એવું હોય છે ને કે પોતાનું નામ પણ રહે એટલે!'' રચનાએ કંઇ જવાબ ન આપ્યો. પેલા સજ્જને આખો પરિસર ચિંધીને સમજાવવા માંડ્યું- ''મંદિરને ટેકા આપવામાં આવશે, સફાઇ-રંગરોગાન જે જરૂરી છે તે કરવામાં આવશે.પણ સૌથી વધારે તો આ આખા પ્રાંગણને પથ્થર - માર્બલથી છાઇને, બેઠકો-બગીચા વગેરે બનાવવામાં આવશે. મોટા ખુલ્લા ચોકનું આયોજન થશે જેમાં સમારંભો વખતે મંડપ વગેરે બાંધી શકાય. સામેની પેલી ઓરડીઓ વગેરે તોડીને નવા હોલ, ધર્મશાળા બધું બનશે. ટૂંકમાં મંદિરની આસપાસ મજાનું પ્રવાસનધામ બનાવવાની યોજના છે.કરોડોનું બજેટ ફાળવવામાં આવ્યું છે.''

ત્યાંથી નીકળતાં સૌને એ જ વિચાર આવતો હતો કે હવે તો ધાર્મિક સ્થળોનો જિર્ણોદ્ધાર પણ 'એમના' વિકાસની વ્યાખ્યામાં સામેલ થઇ ગયો છે!

ગાડી પાસે આવ્યાં ત્યારે કનુભાઇએ ફરમાન કરી દીધું કે અંદર, શહેરમાં આપડી ગાડી નહીં જાય. રસ્તા બહુ સાંકડા છે અને માલીપા ગિરદી બઉ છે. હવે જે કાંઇ જોવાલાયક છે ઇ બધું બહાર-બહાર જ છે. જરૂરથી લઇ જાશું!'' વાત સાચી હતી. ગામ ઘણું જૂનું, અંદર પોળો, નાનાંમોટાં મંદિરો, દેરાસર,





પથ્થર-લાકડાની હવેલીઓ જોવાનું માંડીવાળીને બહારથી જોવાય એવાં જાણીતાં સ્થળોએ બસને દોરી.

તૂટેલા, તોડવામાં આવી રહેલા ગરીબ-નીચલા વર્ગના વિસ્તારોને વિંધતી બસ, 'કીર્તિતોરણ' જઇને ઊભી રહી. સોલંકીકાળના સૌન્દર્યમંડિત બબ્બે કીર્તિતોરણો આ જ નગરીની નહીં, ગુજરાતની શાન બનીને ઊભાં છે. દસેક ફૂટના ઊંચા, નવા ઓટલા બાંધીને બંને તોરણોને જાળવી રાખ્યાં છે. નગર-તળાવ શર્મિષ્ઠાતળાવને એક કિનારે જે સ્થાનસ્થિતિમાં બંને તોરણો ઊભાં છે એના ઉપરથી અનુમાન કરી શકાય કે કોઇ વિશાળ શિવમંદિરના ઉત્તર અને પૂર્વનાં દ્વાર-તોરણ હોઇ શકે.તો બાકીનું મંદિર કે તોરણો કે દ્વાર... ક્યાં? જો કે આસપાસ એટલા બધા તૂટેલા પથ્થરો-શિલ્પો પડ્યાં હતાં કે પ્રશ્ન પૂછ્યા વગર પણ જવાબ મળી જાય. મંડળી પણ ચૂપચાપ આ બધું જોતી જતી હતી. ઇતિહાસ જાણ્યા પછી પ્રશ્નો નથી રહેતા એ મુદ્દો અહીં સાફ નજરે ચડતો હતો. પણ એથી કંઇ સૌંદર્ય માણવાની ઇચ્છા નથી મરી જતી એ પણ દેખાયું.



**કીર્તિતોરણ**

બંને ઓટલા ઉપર વારાફરતી ચડીને મંડળી સ્તંભોને નિહાળતી હતીઃ ''આ તો મંદિરની જેમ જ થર છે.'' ''હાં, કરીબ કરીબ.'' ''દેખો- જળથર હૈ, હાથી હૈ, અપ્સરાયેં હૈં, દેવદેવી ભી હૈં- ઔર ઉપર કોતરકામમેં કિતની બારીક ફૂલવેલ હૈં?'' આમિરને મઝા પડી ગઇ. ''બહેન, બરોબર વચ્ચોવચ જેની મૂર્તિ હોય એનું આ મંદિર- એમ જ ને? એ હિસાબે આ શિવમંદિર છે?'' બાદલે ઓળખી કાઢ્યું - ''હાલ્યા, એ જ!'' શહેરની શોભાના આ બે 'નામ કે વાસ્તે' જેવાં પ્રતીકો જોતાં જોતાં સામેની તરફ શર્મિષ્ઠા તળાવનો

એક છેડો દેખાતો હતો. બાંધેલી આધુનિક પાળી, આસપાસ લાઇટ્સ, બાંકડા, દૂર દેખાતી ખાણીપીણીની લારીઓ જોઇને મિત્રોને ખ્યાલ આવી ગયો કે શહેર ગમે તેટલું પુરાણ પ્રાચીન હોય, ખાવાનો શોખ તો બધે જ સરખો!

''આ તળાવ હમણાં હમણાંથી બહુ જાણીતું થયું છે. ગુજરાત સરકારના પ્રવાસનનિગમે આ બધું રિનોવેશન અને મોડર્નાઇઝેશન કરીને સારું મજાનું પિકનિક સ્પોટ બનાવ્યું છે. એક તરફ એમ્ફીથિએટર- પગથિયાંવાળું અર્ધવર્તુળ નાટ્યગૃહ- પણ તૈયાર થયું છે જ્યાં ગરબા, ડાયરા અને ભવાઇ વગેરે કાર્યક્રમો પણ થાય છે. બહુ જાણીતો 'તાના-રીરી સંગીત સમારોહ'પણ અહીં વરસોવરસ થાય છે.'' રચનાએ આ નામ દીધું કે મીનાના કાન ઠણક્યા- 'હેં તાનારીરી? એ વળી શું?'

કનુભાઇએ ઉપાડી લીધું- ''એ તો હમણાં લઇ જાઉં છું ને, જોઇ લેજો!''

પણ કીર્તિતોરણોવાળા ઓટલેથી ઊતરતાં બાજુના મહોલ્લામાં એક મસ્જિદ દેખાઇ. સ્વાભાવિક છે મુસલમાનોની ખાસી વસ્તી હતી. આ તો જાણે કે નવી બંધાયેલી મસ્જિદ દેખાઇ. જૂની હશે? ક્યાં હશે?- એવા અસમંજસ સાથે સૌ નીચે ઊતર્યાં. કીર્તિતોરણો અલબત્ત, મનમાં વસાવી લીધાં હતાં, અને કેમેરામાં પણ!

થોડીવારે કનુભાઇએ 'તાના-રીરી'ની સમાધિ આગળ લાવીને મૂકી દીધાં. ગામના સ્મશાન પાસે, બે નાની, નવી દેરીઓ છે. એમાં તાના-રીરીની મૂર્તિઓ બેસાડી છે. એને પણ સાડી વગેરે શણગાર પહેરાવ્યાં છે.દેવીઓ જેવો દેખાવ બનાવ્યો છે. મંડળીમાંથી ઘણાંએ આ બેની ઓળખ પૂછી એટલે આ વખતે આમિરે પહેલ કરી- ''મૈં બતાઉં બહેન, મુઝે પતા હૈ.'' બધાં ત્યાંની સરસ હરિયાળી લોન ઉપર ગોઠવાયાં. આમિરે શરૂ કર્યું: ''અકબર બાદશાહ કે ઝમાને કી બાત હૈ.ઉનકે યહાં જો નવ-રત્ન થે ઉનમેં સે એક થે તાનસેન. મહાન સંગીતકાર. ઉસને એક બાર દીપકરાગ ગાયા, જિસસે ઉસકે પૂરે બદનમેં જલન ઊઠી થી.''





''હેં, સાચી વાત?'' મીનાની નવાઇનો પાર નહોતો.

''હા, સંગીતકલામાં અમુક રાગો અમુક અસર કરે એવી વાયકા છે.'' રચનાએ કહ્યું.

''આમિર, આગે બતાઓ.'' પરવીને કહ્યું.

''ફિર ક્યા, વહ તો અપની આગ બુઝાને કે લિયે દર દર ભટક રહા થા. ઉસમેં પતા ચલા કિ ગુજરાત કે વડનગર મેં તાના ઔર રીરી દો બહનેં રહતી હૈં ઉન્હેં યે કલા આતી હૈ જો ઉસકી આગ બુઝા સકતી હૈ. ફિર તાનસેન તો વડનગર આયે.'' ''પછી બહેનોએ સંગીત ગાયું અને તાનસેનની આગ બુઝાઇ.રાઇટ્?'' શેખરે આમિરને ખિજવ્યો.

''રાઇટ્ મગર મુદ્દા યે હૈ કિ કૌનસા રાગ સુનાયા? - મલ્હાર રાગ સુનાયા થા.ખૈર, ઉધર તાનસેનને આગરા પહૂંચકે બાદશાહ કો બતાયા કિ યહ કૈસે હુઆ. બાદશાહ તો કલા કી કદ્ર કરતા થા. ઉસને બહનોં કો રાજધાની બુલાયા. પર યહાં દોનોં બહનેં ઔર ઉનકે પરિવાર કો શક ગયા કિ બાદશાહને બુલાયા હૈ તો ઉસકી દાનત ખરાબ હોગી. બહનોંને બસ, યહીં પર અપને આપકો જલા દિયા!'' આમિરે પૂરું કર્યું.મિત્રો તાલી પાડવા લાગ્યાં. કદર કે ગમ્મત?!

''અરે વાહ, વાર્તા તો બરાબ્બર કહી, આમિર.વાંચી'તી ક્યાંય?''

''નહીં રે, અપને લિયે તો પિક્ચર હી પાઠશાલા. વૈસે તો મૈં ગુજરાતી પિક્ચર નહીં દેખતા હૂં પર યે તો અકબર બાદશાહ કી કહાની થી તો દેખ લી.''

''અકબર તેરા હીરો હૈ, ક્યા?'' યાસ્મિને કટાક્ષ કર્યો.

''હાં, હોના હી ચાહિયે... ઔર યે સારી જગહેં દેખકર, બાતે જાન કર તો ઔર ભી લગા કિ અકબર હીરો હી થા.'' આમિરે મજાકની પરવા કર્યા વગર કહ્યું.

''બિલકુલ.આમિરની પાર્ટીમાં તો હું પણ છું. તાના-રીરીની વાર્તામાં જો કે ઈતિહાસ ઓછો ને દંતકથા વધારે છે. શાસ્ત્રીય સંગતની પ્રશંસામાં આવી ઘણી કથાઓ કહેવાય છે.''

''પણ આમાં તો શાસકો પ્રત્યે લોકોનો પૂર્વગ્રહ વધારે છતો થયો; ખાસ કરીને મુસ્લિમ હોવાને કારણે જ ને?! કેવો સંદેશ આપે છે આ કથા?'' શેખર.

''બધા રાજાઓ સરખા નહોતા. એવુંયે બને કે અકબરને સૌ સર્વાનુમતે માન આપતા હતા, એની સર્વધર્મ સમભાવવાળી રાજનીતિની પ્રશંસા બધા કરતાં હતાં તેથી જ કોઈએ એને વખોડતી આ કથા ઘડી કાઢી હશે?!'' બાદલે વિચાર્યું.

''અને આપણા મુસ્લિમવિરોધી સત્તાપક્ષ અને સાંસ્કૃતિક ઠેકેદારોએ આમાં મુદ્દો શોધીને મંદિર બનાવી દીધાં. લોકમાનસમાં આવુંતેવું ઠસાવતાં કેટલીવાર?!'' શેખરે મુદ્દો મૂકીને વિશ્લેષણ કરી આપ્યું.

''મારી મચડીને આછી પાતળી ઐતિહાસિક ઘટનાઓને ભગવા રંગે રંગવામાં પોતાનું જીવનકાર્ય સફળ માનતા આ શાસકો ને શાસકપક્ષે ગુજરાતનાં નાગરોનો ભરપેટ ઉપયોગ કરવામાં કશું બાકી નથી રાખ્યું!'' રચનાએ મંડળીને બસમાં બેસવા કહ્યું. બહાર ને બહારથી જોવાનું એક અન્ય જાણીતું સ્થળ હતું- પંચમ મહેતાની વાવ.

''મિત્રો, આ પંચમ મહેતાની વાવ એક અનોખું સ્થાપત્ય છે... પણ તમે જુઓ- પુરાતત્વના પાટિયામાં એની શૈલી, એની ઊંડાઈ, એનાં થાંભલા, એનાં પગથિયાનું વર્ણન છે- ત્રણ કૂવાવાળી વાવ છે એમ લખ્યું છે. પણ વળી પાછી એક સંદિગ્ધતા-અવઢવ તો રાખી જ છે- કોણે બંધાવી, ક્યારે બંધાવી એનો ઉલ્લેખ જ નહિ.'' રચનાને બાદલે કહ્યું- ''પણ મોટેભાગે તો જેણે બંધાવી હોય તેના નામથી જ ઓળખાય છે ને- તો આ કોઈ પંચમ મહેતા હશે જેણે બંધાવી હશે?!''





''કોણ જાણે! આટઆટલી સફાઈ કરાવી છે છતાંય આ બકરાં ને પેલાં છોકરાંથી ના બચાવી શક્યાં!'' વંદનાની ચિંતા સાચી હતી. વાવની અંદર ગંદામાં ગંદા પાણીમાં એક બાજુ બકરાં ઘૂસી ગયાં'તાં અને શ્રમિક-ગરીબોનાં છોકરાં ધુબાકા લેતાં હતાં. બીજી તરફ મોટામોટા પથ્થરનાં પગથિયાની આડશે લોકોએ કરેલી ગંદકી પણ વાવનું સૌંદર્ય રગદોળી નાખતી હતી. એક ઘુમટી (નાનો ઘુમ્મટ) બચી હતી તેના ઉપર પણ છોકરાં પકડદાવ રમતાં હતાં.

''પેલા પાટિયાનો તો કોઈ મતલબ જ નથી!'' ધીરજ કંટાળ્યો.

''સચ કહૂં તો પૂરી જગહકા કોઈ લિહાઝ હી નહી હૈ- કૈસે કોઈ અપની ઐસી ખૂબસૂરત વિરાસતકા ઈન્સલ્ટ કર સકતા હૈ!'' હમિદે કહ્યું.રચનાએ છેવટે થોડુંક આસપાસ ફરીને કશુંક નવું તારણ કાઢ્યું- ''પાટિયામાં લગભગ 200 વર્ષ જૂની છે એમ લખ્યું છે પણ મારા ખ્યાલથી આ વાવ પણ કુમારપાળના વખતમાં જ- મતલબ કે 11-12 સદીમાં બંધાઈ હશેય જ્યારે નગરકોટ, શિવમંદિર અને કીર્તિતોરણો બંધાયાં હશે. આટલી બધી જીર્ણ વાવ કંઈ 200



**પંચમ મહેતાની વાવ**

વર્ષ જૂની ના હોય. જ્યાં સુધી સ્પષ્ટ સમયગણનાનો ઉલ્લેખ ન કરવામાં આવે ત્યાં સુધી જો કે ચોક્કસ કહેવું મુશ્કેલ છે પણ આ રીતે પોતાની અંદર અનેક સમયકાળ સંતાડી બેઠેલા આ શહેરને અન્યાય થઇ રહ્યો છે એની ના નહિ!''

''બહેન, આનાંથીયે મોટો અન્યાય તો મને એ લાગે છે કે, આ જીર્ણ-જૂની ઈમારતોને થાગડથીગડ કરીને કે ધરમૂળથી મરમ્મત કરાવીને પણ દુનિયા સામે દેખાડો થઈ રહ્યો છે; પણ પણે- મૂળ વડનગર શહેરનાં રહેવાસીઓનું શું? અંદરનું શહેર પડતર મકાનોવાળું છે, રસ્તાનાં કોઇ ઠેકાણાં નથી, ઠેકઠેકાણે જાતજાતના જીર્ણોદ્ધારના મલબાના ઢગલા પડ્યા છે, ગટર-પાણી-વીજળીનાં પણ ધાંધિયા હશે... ત્યાં આ બધા ઠાઠભપકાનો શો મતલબ છે? આ મોટો અન્યાય નથી?'' શેખરના અવાજમાં તીખી પીડા હતી. ''ઔર દૂસરી હકીકત દેખી, સાથીયોં? યે જો 'સો કોલ્ડ' દેખનેલાયક હેરિટેજ હૈ વહ પૂરે કા પૂરા - બહાર હી બહાર હૈ- જિસે બહાર સે હી દેખકર ટૂરીસ્ટ ઇમ્પ્રેસ હો જાયેગેં; ફિર અંદરવાલે શહરકી કંગાલિયત કા કિસે પતા ચલ સકેગા, ભલા?!'' હમીદે તાર્કિક મુદ્દો કાઢ્યો.

''વિકાસના એજન્ડામાં આ રીતે શહેરોનાં શબોમાં મસાલો ભરવાનો ધંધો જે રીતે શરૂ થયો છે, એ જોતાં તો લાગે છે મિત્રો, થોડાં વર્ષોમાં આ શહેરનું નામ બદલાઇને 'કમળનગર' બની જાય તો નવાઇ નહિ!'' રચનાએ વલોવાતા હૈયે કોમેન્ટ કરી... સૌએ એક બહુ જ પ્રાચીન પુરાતન નગરની વિદાય લીધી. બસમાં બેઠાં ત્યારે મીનાની કોમેન્ટથી મંડળીને હસવું કે ગુસ્સે થવું ના સમજાયું- ''આખા શહેરને જાણે ઘરડી ખખ્ખ ડોસીએ મોંઘાં લૂગડાંલત્તાં પહેર્યાં હોય અને એથીયે મોંઘાદાટ, લેટેસ્ટ ફેશનના મેક-અપના લપેડા માર્યા હોય એવું બનાવવા માંગે છે આ લોકો!''

વડનગર છોડીને સિદ્ધપુર તરફ ગતિ કરી ત્યારે સોલંકીકાલીન ગુજરાતની તડકી-છાંયડી મંડળીને પણ છાવરી રહી હતી.

★★★





**મુકામ - 10**

# સિદ્ધપુર

## *એક ઉપર એક ઉપર એક ઉપર એક...*

સાંકડી ગલીઓ, ભરચક બજાર અને સુષુપ્ત જણાતી મોટી હવેલીઓની પોળો વટાવીને મંડળી એક અત્યંત ભવ્ય ખંડેરને આવરેલી દીવાલ અને તારની વાડની આ તરફ ઊભી હતી. વાડની પેલી તરફ સાવ જીર્ણ, ઘસાયેલી કોતરણીથી ભરપૂર ચાર દૂની આઠ સ્તંભો, ઉપર આડા પાટડા અને તૂટેલી કમાનો દેખાતાં હતાં.જોતાંની સાથે ખબર નહોતી પડતી કે આ દરવાજા છે, માળ-મજલો છે કે પછી...? આખો પરિસર જબ્બર-જૂનાં વૃક્ષોથી વીંટળાયેલો હતો.

વાડની અંદરની બાજુએ, ન ઓળખાય તેવાં લાંબાં પથરાયેલાં નાનાં નીચાં મંદિરની પરસાળ જેવાં લાગતાં ખંડેરો હતાં, એના ઉપર સાદી ઘુમટીઓ હતી. ક્યાંક ભાંગીતૂટી બારી-જાળીઓ દેખાતી હતી અને છેક બહાર આવવા માટે એક ઓટલો, ઉપર લાકડાંના કમાડવાળો 'ફસાડ'(અગ્રભાગ) ચણી દીધો હતો, આજુબાજુ બે નાના મિનારા હતા અને બાજુમાં અરબીમાં કંઇક લખેલો શિલાલેખ, જે ઉપરથી ચોંટાડેલો. પાછળના ગૂર્જર શૈલીના અદ્ભુત કોતરકામની પૃષ્ઠભૂમિ ઉપર આ કઢંગું બાંધકામ થીગડાં જેવું નહિ - દૂઝતા ગૂંમડાના ઘારાં જેવું લાગતું હતું. આ અશોભનીયતામાં વધારો કરતી હોય એવી તંબુચોકી અંદર હતી. આખા સ્થળની ચોકી કરતા જવાનો હતા, સ્થાનિક ચોકીદાર હતા અને વાતાવરણમાં ડારો હતો.

"આ રૂદ્રમાળ-રૂદ્રમહાલય. સોલંકીકાળની કદાચ સૌથી વિશાળ, સૌથી ભવ્ય ઇમારત. ઐતિહાસિક માહિતી અને દંતકથાઓનાં બાવાંજાળાંથી બચાવીને પણ તારવી શકીએ એટલી હકીકત એ કે સોલંકી રાજા મૂળરાજ બીજાએ, ઇ.સ.1000 / દસમી સદીમાં આ શિવમંદિર બંધાવવાનું શરૂ કર્યું હતું. મૂળરાજમાં સોલંકીવંશનું ગૌરવ સ્થાપવાની ને ફેલાવવાની મહેચ્છા કાયમ રહેતી હતી. પોતે શિવભક્ત હતો અને ભારતભરના શિવભક્ત બ્રાહ્મણોને નોંતરવાની, તેમને ગુજરાતમાં વસાવવાની અને પાટણને શિવમહિમાનું અજોડ સ્થળ બનાવવાની હોંશ કાયમ રહેતી. રૂદ્રમહાલય બંધાતો હતો ત્યાં જ વૃદ્ધ મૂળરાજનું મૃત્યુ થયું. એના પૌત્ર સિદ્ધરાજે રૂદ્રમાળને પૂરો કરાવ્યો. 11મી સદીથી 13-14મી સદી સુધી એનો મહિમા પુષ્કળ થયો. જૈન પ્રબંધો અને સિદ્ધરાજના સમયના સંસ્કૃત નાટકોમાં આનું જે વર્ણન છે એ કોઇ ખૂબ મહાન, અલૌકિક, દિવ્ય મહાલય ઉપરાંત અઢળક ધનભંડારો ધરાવતા મંદિર તરીકે પણ છે જ. અહીં બ્રાહ્મણ પુરોહિતો સેંકડોની સંખ્યામાં રહેતા, એમના



**સિદ્ધપુરનો રૂદ્રમાળ**

વૈભવશાળી આવાસો અને વિલાસી રહેણીકરણીનાં પણ વર્ણન છે."

"આ તો સોમનાથ જેવું જ! વિલ્સને કહ્યું.

"ફક્ત જૂના જ નહિ; નવા સોમનાથ- નવાં અંબાજી- નવા અક્ષરધામ- નવા બાલાજી - પદ્મનાભ - વગેરે વગેરે વગેરે જેવું પણ ખરું જ ને?!" શેખરે મંદિરોના ખજાના યાદ કર્યા.

"એથી જ કદાચ અલ્લાઉદ્દીનનો સેનાપતિ ઉલૂઘખાન અને પછીના સૈકામાં પાટણનો સુલતાન અહમદશાહ કે મુઝફ્ફરશાહ અહીં ચડી આવ્યા, મંદિર





ભાંગ્યું અને ખજાનો લૂંટી ગયા- પોતાના જંગી લશ્કરોને પોષવા અને બુતશિકની પણ ખરીસ્તો." રચનાએ વર્તુળ પૂરું કર્યું.

"પન યે કૈસા હૈ? યે મસ્જીદ જેસા હિસ્સા જિસ તરહ બનાયા ગયા હૈ વહ તો ખાસ પુરાના નહીં હૈ, યે કબ હુઆ હોગા?"

"આ બહારનું થીગડું નવું છે પણ તોયે નહિ નહિ ને પચાસ વર્ષ તો થયાં હશે પણ અંદરની આ પરસાળોમાં તો મિમ્બર, જા-એ-નમાજ (મુલ્લાંને ઊભા રહેવાની જગ્યા, નમાઝ પઢવાની જગ્યા) બનાવ્યાં છે એ તો 14મી-15મી સદીનું બાંધકામ છે. ઐતિહાસિક ઉલ્લેખો મળે છે કે એ ગાળામાં અહીં સિદ્ધપુરમાં ઘણા કહેવાતા સવર્ણ હિંદુઓ-મોટાભાગના નાગરો, બ્રાહ્મણોએ જીવ બચાવવા ઇસ્લામ કબૂલ કરેલો."

"તો તો પેલી કહેવત સાચી? - મારીને મુસલમાન બનાવ્યા!" શેખરના શબ્દો. મંડળીની નજરમાં આ ખેદાનમેદાન જેવું લાગતું સ્થળ નવું રહસ્ય લઇને ઊભું હતું. પેલા સ્તંભો અને તોરણનું શિલ્પ એમને એ તરફ બોલાવતું હતું તો બીજી તરફ આ વિચિત્ર અતિક્રમણનું ખેંચાણ પણ થયું હતું.

"આપણને અંદર જવા ના દે?" મીનાનું કૌતુક ઓર વધ્યું હતું.



**મંદિર ઉપર મસ્જિદ**

"આમ તો આખા વિસ્તારને પ્રતિબંધિત જાહેર કર્યો છે. અહીં ગુજરાતમાં પણ વિવાદસ્પદ ઢાંચો છે જ; એ તો સારું છે એને ઝાઝી હવા નથી આપી..."

"બહેન, જ્યરે આપણા રાજકારણીઓ પાસે મુદ્દા

ખૂટશે ત્યારે આને પણ બાબરી મસ્જિદ-રામમંદિરવાળી બનાવી દેવામાં વાર નહિ લાગે!'' શેખરે કહ્યું. ''બહેન, પેલા બધા બેઠા છે એને પૂછો ને, અંદર આવીએ?'' હવે મીનાની ધીરજ ખૂટી હતી.

''આખી વાત પેલા ચોકીદાર ભાઇના મૂડ ઉપર આધાર રાખે છે!''

''એટલે!''

''એક વખત હું અને ચિંતનભાઇ અહીં આવેલા, ત્યારે થોડી વિનંતી કરી અને ફોટાબોટા નથી લેવા એવી ખાત્રી આપી ત્યારે અંદર જવા દીધા હતાં. એ પછી, પાછાં બે-ત્રણ વર્ષ પછી હું અને ચિંતનભાઇ જ વિદેશી વિદ્યાર્થીઓના એક જૂથને લઇને આવેલાં ત્યારે પણ એમને મનાવીને અંદર ઘૂસેલાં ત્યારે નવું ડેવલપમેન્ટ એ થયું કે એમણે ચિંતન પાસે પૈસા માગ્યા, લીધા અને પેલા જૂથના આગેવાન પાસેથી પણ પૈસા લીધા હતા!'' આ બધી વાતો ચાલતી હતી એ જોઇને એ ભાઇ જ આગળ આવ્યા, મંડળી તરફ નજર નાખી, રચનાને સંબોધીને પૂછ્યું- ''બેન, છોકરાંને બધું બતાડવા લાવ્યાં છો?''

''હા, પણ તમારી મંજૂરી વગર થોડું જ બધું જોવાશે?''

''મંજૂરી તો બેન, સરકારની જોઇએ! પણ... હવે તમે ઠેઠ અહીં સુધી આવ્યાં છો તો ના નહિ કહું. પણ કેમેરા-બેમેરા બંધ હો!'' એમના અવાજમાં સત્તા હતી.બાદલ ઉછળી પડ્યોઃ ''હા, હા કંઇ વાંધો નહિ! અલ્યા, કેમેરો- બેમેરો ગાડીમાં કનુભાઇને સોંપી દો, ચાલો!'' સૌને વિવાદાસ્પદ ઢાંચો નજરોનજર નિહાળીવાનો ઉત્સાહ હતો. શરતોને અધીન થઇને પણ મંડળીએ કાયદો હાથમાં લીધો. સૌ અંદર પેઠાં. સૌથી પહેલાં રચનાએ જેને 'જા-એ-નમાજ' કહી હતી તે જોવા દોડ્યાં. બધું એ જ મુજબ હતું જેવું જૂનાગઢના ઉપરકોટમાં જોયું હતું. મિમ્બર, જાળીઓ... પેલો દરવાજો પણ આગળ-પાછળથી બંધ કરી દેવામાં આવેલો. એ બધું આગળ વધીને જોવા જતાં હતાં ત્યાં જ પેલા ભાઇએ બૂમ મારી; ''ત્યાં નથી જવાતું. આખો એરિયા પ્રતિબંધિત છે.'' મતલબ કે હવે નમાઝ પઢવામાં નથી આવતી. જોયું કે પરસાળના આગલા ચોકમાં ખાટલા





ઢાળીને સુરક્ષા-જવાનો આરામ કરી રહ્યા હતા. સામે જ એક જૂની-જીર્ણ પણ નાનકડી દહેરીમાં ઉપરથી ગોઠવેલા શિવલિંગ પર તાજાં ફૂલ ચડાવેલાં હતાં. હમિદથી પૂછાઇ ગયું- ''યે ક્યા?'' ''એ તો આ જવાનો રોજ પૂજાબૂજા કરે છે ને, તેમાં...'' પેલા ભાઇએ સફાઇ આપી.

ત્યાંથી તોરણદ્વાર અને મહાલયનાં ખંડેરો તરફ ગયાં. ખરે જ, આ અતિસુંદર શિલ્પ એનાં ટુકડે ટુકડામાં આકર્ષણ ભરીને ઊભાં હતાં. બે-ત્રણ પૂરા દેખાતા સ્તંભોમાં સ્તર મુજબની કોતરણી હતી, ઉપર નાચતા ગણપતિની મુદ્રા પણ મજાની હતી, અપ્સરાઓ - સવારી - ફૂલવેલના ભગ્ન આકારો ભવ્ય હતા. મંડળીએ એક પાટડામાં 'કામસૂત્ર' પણ શોધી કાઢ્યું. ઊભાં ઊભાં જ બધાંને થયું કે ખરેખર, આખો મહાલય હશે ત્યારે કેવો અદ્‌ભુત હશે! બીજું આશ્ચર્ય એ હતું કે આવડા મોટા પથ્થરોને કેવી રીતે ઉપર ચડાવ્યા હશે!

રચનાએ કહ્યું કે, ''પેલા મધ્યકાલીન જૈન સાહિત્યમાં કે સંસ્કૃત સાહિત્યમાં વર્ણન છે કે રૂદ્રમહાલય 12 માળનો હતો. અહીંથી પાંચમા માળે ચડીને પાટણની નદીએ પાણી ભરતી પાણિયારીઓ દેખાતી અને પણે પાટણના રાજમહેલની અગાશીએ ઊભો રહીને સિદ્ધરાજ આ દેવાલયની ધજાનાં દર્શન કરીને દિવસ શરૂ કરતો.''

''ઓ હો, એટલો બધો ઊંચો?''

''હા, હોય પણ ખરો અને કદાચ એ પણ એના પહેલા પતનનું કુદરતી કારણ પણ હોય. બાંધકામની ક્ષતિની પણ દંતકથાઓ છે કે સિદ્ધરાજે જ્યારે અહીં કામ પૂરું થવા આવ્યું ત્યારે ધીરજના અભાવે ધરતીની નીચે શેષનાગ વસે છે એમના માથા પર ખીલો મારી દીધો; પરિણામે શેષનાગ હાલી ઊઠ્યો ને આ મહાલય ગબડ્યો. વૈજ્ઞાનિક સમજના અભાવે પણ દંતકથાઓ બનતી હોય છે.''

''અથવા તો વિજ્ઞાન વિશેની પોતાની સમજ મુજબ કથાઓ ઘડાતી હશે'' ''વિલ્સનનો તર્ક વધુ સ્પષ્ટતા કરતો હતો.

"એટલું ચોક્કસ કે અહીંનું શિલ્પ વિરાટકાય હતું. 1990- 92; બંને વર્ષમાં અહીં મેં એક તરફ ખંડિત નંદિ, જળાધારી, ગણપતિ, વગેરેને ખડકેલાં જોયાં હતાં. ખૂબ મોટા કદનાં એ શિલ્પોએ મને માયસોરના નંદિ, બેલૂર- હળેબિડના નંદિની યાદ અપાવેલી. ત્રણેની સરખામણી કરતાં મને સૂઝયું હતું કે સોલંકીઓનું કંઇક કનેક્શન દિક્ષિણના ચાલુક્યો જોડે હતું એનો આ પ્રભાવ. સોમનાથ, દ્વારકામાં પણ મેં તમને આ મુદ્દો ચીંધેલો, યાદ છે?"

"હા, બરાબર... પણ તો પછી એ કાટામાળ ક્યાં ગયો?" ધીરજે પૂછ્યું. રચનાને ધીરજે વાપરેલા શબ્દથી જરાક આંચકો લાગ્યો પણ નવી પેઢીના આ દૃષ્ટિકોણને સમજવા-પચાવવાની પણ ટેવ પાડવી જોઇએ- એમ સમજી એણે જવાબ આપ્યો, "પાટણમાં ખસેડેલા જોયા હતા. સહસ્રલિંગ તળાવના પરિસરના ગોડાઉનમાં એ અવશેષો હતા, હવે તો નવા મ્યુઝિયમમાં મૂક્યા હશે."

"આપણે જોવાનાં?" મીનાનો પ્રશ્ન.

"જોઈશું - મૂક્યા હશે તો તો જોઈશું જ ને! મૂળમાં આ બધું એવું મહાકાય હતું કે કોઈના કોશકોદાળીથી ના તૂટે. એમાં કુદરતી આફતોનો ફાળો પણ હોઇ શકે. અલબત્ત, આક્રમણ તો થયું છે એ ઐતિહાસિક ઘટના છે પણ ઘટના- દુર્ઘટનાનો સરવાળો થાય ત્યારે જ આવાં ભવ્ય સ્થાપત્યો નાશ પામે. પેલી દંતકથા જો કે મૂળમાં રહી ગયેલી કોઇ ખામીને પણ ચીંધે છે." "પણ આપણે ત્યાં તો વાસ્તુશાસ્ત્ર મહાન હતું અને પરફેક્ટ જ હતું એવી વાતો ચાલે છે ને? એમાં સિદ્ધરાજના સમયમાં ભૂલ હોઇ જ કેમ શકે?!- એવું પોકળ ગૌરવ પણ લેવાનું ને!" શેખરે આ મુદ્દો મૂક્યો ત્યાં જ પેલા ભાઇની બૂમ આવી "ચાલો, ચાલો, નીકળો હવે. બહુ ટાઇમ લીધો. પછી ઉપર અમારે જવાબ આપવો પડે છે!"

ચર્ચા સમેટીને મંડળી બહાર નીકળી. પેલા ભાઇને લગભગ ખ્યાલ આવી ગયો કે મંડળી એમને કશું આપવાની નથી એટલે તાકીદ વધી ગઇ હતી પણ મંડળી





ખાલી હાથે વિદાય થાય એમ ક્યાં હતી?! ધીરજે પેલા મસ્જિદનુમા દરવાજાને મોબાઇલમાં ઝડપી જ લીધો!

"બહેન, શાસકોએ અહીં બાબરીવાળી નથી થવા દીધી એ વાત સાચી પણ આ ઉપરાઉપરી ઘાલમેલને ચલાવી પણ લીધી, એ કેવું?" ધીરજે એ જ અનુસંધાનમાં સવાલ પૂછ્યો.

"એ તો સિદ્ધપુર, એ વખતના શાસકો માટે મોટી 'વોટ બેન્ક' હતી. અહીં વહોરાઓની પુષ્કળ વસ્તી. આજે પણ છે જ. અહીં આસપાસ એમના જ મહોલ્લા છે. એમની હવેલીઓનું સ્થાપત્ય વિખ્યાત છે." મંડળી ઊંચી-સુંદર હવેલીઓનું કાષ્ઠકામ અને રંગીન કાચની બારીઓ જોતી જોતી આગળ વધી. થોડેક જતાં નવું બાંધેલું 'જમાતખાના'નું મકાન એમની સમૃદ્ધિની સાક્ષી પૂરતું હતું. મોટાભાગનાં ઘરો બંધ હતાં. "2002 પછીના વાતાવરણમાં મોટાભાગના મુસ્લિમોએ અહીંથી મુંબઇ, પૂના કે વિદેશમાં વસવાટ કર્યો છે." "મતલબ કે હવે શાંતિ છે?" શેખરના આ કટાક્ષને પચાવતાં મંડળી પાછી બસમાં આવીને બેઠી.

રચનાએ કહ્યું, "સિદ્ધપુર જોયું હવે શ્રીસ્થળ જોઇએ." "મતલબ?"

"સિદ્ધપુર તો સિદ્ધરાજ સોલંકીએ વસાવ્યું પણ ત્યાર પહેલાં, અહીં સરસ્વતી નદીના તટે શ્રીસ્થલ નગર હતું એમ પુરાણો કહે છે. અહીંની અનેક વાયકા- પુરાણકથાઓમાંથી એક મહત્વની છે, જેણે આ સ્થળને એક નામ પણ આપ્યું- 'માતૃગયા'. ઉત્તર પ્રદેશમાં 'ગયાજી' છે ત્યાં પિતાનું શ્રાદ્ધ કરવામાં પુણ્ય મનાય છે, અહીં માતાનું શ્રાદ્ધ કરવામાં પુણ્ય છે."

"એનું શું કારણ હશે, બહેન?" બાદલનો સવાલ.

"એ પણ પુરાણકથા છે કે પ્રાચીનકાળના પ્રખ્યાત યોગી-તત્વજ્ઞાની કપિલ મુનિએ પોતાની માતાને અહીં, સરસ્વતી તટે શાસ્ત્રજ્ઞાન આપ્યું. એમનાં માતા દેવહૂતિ અહીં જ જળ રૂપ-સરસ્વતીમાં ભળી ગયાં એટલે પુત્રે અહીં જ એમનું

શ્રાદ્ધ કર્યું. એ પછી પરશુરામ ઋષિએ પણ પોતાની માતાનું અહીં શ્રાદ્ધ કરેલું. પરિણામે માતાઓનું શ્રાદ્ધ કરવાનો અહીં મહિમા થયો.''

''અરે, યે તો વહ બચ્ચનવાલી ઍડવાલા ધામ હૈ ના? જહાં બચ્ચનને ભી માં કે શ્રાદ્ધ કે બારે મેં કુછ કહા થા?!'' આમિરની યાદદાસ્ત બરોબ્બર!

''હા, એ જ. બચ્ચને પણ શ્રાદ્ધ જેવી પરંપરાને બહાલી આપીને લોકોને પણ જૂનવાણી માનસિકતામાં પાછાં ધક્કેલ્યાં છે!'' શેખરનું તારણ સચોટ હતું.

''બેન, માફ કરના; મગર યે શ્રાદ્ધ કે બારે મેં હમ કુછ નહીં જાનતે હૈં. થોડા બતાઇયે ના...'' હમિદે માંગ કરી.

''ઓ હાં... મારે તમને ઘણાંને આ મુદ્દો સમજાવી દેવો જોઇતો હતો. આ બહુ જૂની હિંદુ પરંપરા છે.મોટેભાગે કહેવાતા ઉજળિયાતો આ પરંપરાને ચુસ્તપણે પાળે છે. માનવામાં આવે છે કે 'પું' નામનું નર્ક છે જે ભયાનક કષ્ટ-પીડાથી ભરપૂર છે.મર્યા પછી માણસને (સ્ત્રી-પુરુષ) એ નર્કથી બચાવવા માટે એનો પુત્ર એક વિધિ કરે છે; એથી મોક્ષ મળી જાય એવી શ્રદ્ધા છે તેથી એ વિધિને ''શ્રાદ્ધ'' કહે છે. અને આ મોક્ષની ઇચ્છાથી જ લોકો 'પુત્ર'ની ઝંખના કરે છે.''

''અચ્છા, આ કારણે જ લોકો 'દીકરો દીકરો' કરતા હોય છે ! કેવા કાલ્પનિક ડરના કારણે કેવું સામાજિક વલણ પડી ગયું નહિ? અને દીકરો ના જન્મે તો બાધા-આખડીના ધમપછાડા; દીકરીને અળખામણી કરવાની... આ તે કેવી પરંપરા?!'' વંદના અકળાઇ ઊઠી!

''એટલેસ્તો શેખરે કહ્યું કે આવી દકિયાનુસી માન્યતાને બહાલી આપે છે ત્યારે પ્રવાસન નિગમ, રાજ્ય કે કેન્દ્ર સરકાર ખરેખર તો પોતાની ભૂમિકા ચૂકી જાય છે.નવા વિચારો, પ્રગતિશીલતા, શિક્ષણ, અંધશ્રદ્ધામાંથી મુક્તિ એવી બધી વાતો કર્યે રાખવાની અને બીજી તરફ આવી બ્રાહ્મણવાદી પરંપરાઓને પોષવાની?!

'બ્રાહ્મણવાદી' કેમ બહેન?'' ધીરજનો પ્રશ્ન.





''કેમ કે આ બધું કહેવાતાં શાસ્ત્ર દ્વારા અને બ્રાહ્મણોની આજીવિકા કાયમ રાખવા માટેનું એક પ્રકારનું ધતિંગ કહેવાય, એ ચાલી રહ્યું છે! વિચાર કરો, આ વિધિઓ કોણ કરાવે છે?- બ્રાહ્મણો! એમાં એમને દાનદક્ષિણા મળતી રહે છે.જો આ પરંપરા નાબૂદ થઇ જાય, લોકો આવા નરકથી ડરતા જ બંધ થઇ જાય તો એમની રોજીરોટીનું શું?!''

''કહો કે, લાડવાનું શું?! -શ્રાદ્ધમાં બ્રાહ્મણોને લાડુ જમાડવા પડે એવીયે પાછી માન્યતા છે!'' શેખરે નવી માહિતી આપી.

''આ સિદ્ધપુર ગામમાં જ હજારો પુરોહિતો આ જ કામ કરતા હશે!''

''બહેન, અમે તો નાનપણથી સાંભળીએ છીએ કે આપણા મરેલા વડવાઓ શ્રાધ્ધના દિવસોમાં ખીર-વડાં ખાવા આવે છે- કાગડા બનીને! સાચી વાત?'' મીનાએ પૂછી લીધું! હમિદ-આમિર-પરવીન-યાસ્મિન અને વિલ્સન મોં દાબીને હસવા લાગ્યાં.

''તને શું લાગે છે?'' રચનાએ સામો સવાલ કર્યો.

''ના જ હોય ને એવું! એકબાજુથી એમ માનવાનું કે શ્રાદ્ધ કરવાથી મોક્ષ મળે તો પછી મોક્ષ પામેલા વડીલો કાગડા કેમ કરીને બને? શા માટે બને?''

''બસ, તો પછી આવી વાહિયાત માન્યતાઓ પાછળ મગજ ચલાવવાની ને બગાડવાની જરૂર નથી. શ્રાદ્ધ વિશે આટલું પૂરતું છે!'' શેખરે પૂરું કર્યું.

મંદિર પરિસરમાં કપિલમુનિ - દેવહૂતિમાતા, પરશુરામની પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ હતી, શિવમંદિર પણ હતું. સ્થાપત્યની રીતે કશું પણ ઉલ્લેખનીય નહોતું.

''શ્રાદ્ધવિધિ આ 'બિંદુ - સરોવર'ના કાંઠે પણ થાય છે અને નદી કિનારે પણ.આવો, આપણે સરસ્વતી નદીના નવા અવતારને જોઇએ અને એ નદીનો

કંઇક વધુ પરિચય મેળવીએ.'' રચના મિત્રોને લઇને મંદિરની પાછળ નદી કિનારે આવી. ત્યાં ઠીકઠાક પાણી હતું અને પુરોહિતો શ્રાદ્ધ અને અન્ય વિધિઓ કરાવી રહ્યા હતા. પુરુષોનાં માથાં મૂંડેલાં હતાં; સ્નાન કરીને ભીનાં ધોતિયાં પહેરેલાં.આ બધું જોતાંજોતાં મિત્રો નદી કાંઠે આવી ઊભાં.

''પેલી બનાસ અને રૂપેણની જેમ આ સરસ્વતી પણ કુંવારકા કહેવાય છે, મતલબ કે દરિયાને નથી મળતી.''

''સરસ્વતી બોલે તો વો દેવી હી ના, જીસકે બારે મેં હમને ખેડબ્રહ્માર્મે બાત કી થી?'' આમિરને યાદ હતું.

''હા, એ તો જાણે દંતકથા પણ આ નદી વિશે પણ હવે બહુ વિવાદો ઊભા કરવામાં આવ્યા છે. દેશની પ્રાચીનતા, આર્યોનું વર્ચસ્વ અને આર્યદેશનો વિસ્તાર - જેવા કહેવાતા ગૌરવ અને અસ્મિતાના મુદ્દે સરસ્વતીનાં મૂળ અને વહેણ વિસ્તાર વિશે નવેસરથી સંશોધનો, ચર્ચા થાય છે.'' રચનાએ વિગતે કહ્યું.

''એનાંથી લોકોને કંઇ ફાયદો?'' બાદલનો સવાલ.

''ના રે ના.આ તો ઇતિહાસને મચડીને આર્યત્વનો ઝંડો ફરકાવવાના ધમપછાડા.''

''ઝંડો ને તેય ભગવો ઝંડો.'' શેખરનું પૂર્ણવિરામ.

''હા, લોથલમાં આપણે મ્યુઝિયમ જોતાં હતાં ત્યાં પેલા ચોકીદાર જેવા ભાઇએ લોથલના ધરમ વિશે આપણી જોડે ખાસી ચર્ચા કરેલી, યાદ છે? એના જ અનુસંધાનમાં સરસ્વતી ત્યાંથી વહેતી હતી એવી વાત પણ ચાલે છે. વળી હિમાલયમાંથી નીકળેલી એ નદી, લેહ-લદ્દાખ થઇ, દક્ષિણ કાશ્મીરને ટચ કરી, હાલના પકિસ્તાનમાં થઇ- સિંધમાં થઇ અહીં વહેતી હતી એવા અવનવા નદીમાર્ગો શોધીને વિદ્વાનો સાઠમારી કરી રહ્યા છે. જેનો ખરેખર તો આજે કોઇ મતલબ નથી; પણ આ પરિબળો વખતોવખત હિંદુત્વના મુદ્દા ક્યાંકથી ને ક્યાંકથી શોધી શોધીને એની એ વાત કાઢે છે ને પછી વાતનું વતેસર કરે છે.''





''જિસકા રિઝલ્ટ હોતા હૈ કૌમી ધમ્માલ! ઔર ક્યા?'' હમિદે બળાપો કર્યો.

''અહીં આ નદીની બીજી વિશેષતા પણ જુઓ- આ જે પાણી છલકાય છે તે એનું નથી; આ નદી તો વર્ષોથી સૂક્કી જ જોઇ છે. આ તો નર્મદાનું પાણી છે!''

''નર્મદાનું? કેમ?''

''આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે જ આ ચમત્કાર કરવામાં આવેલો. સિદ્ધપુરને મોટું યાત્રાધામ સ્થાપી, શ્રાદ્ધકેન્દ્ર બનાવી બ્રાહ્મણિયા સંસ્કૃતિની બોલબોલા તો કરી પણ શ્રાદ્ધ માટે નદી, સરોવરમાં પાણી તો હોવું જોઇએ ને!... તો પેલી નર્મદા તો છે જ- તાણી લાવો એનું પાણી! વટ પાડવાની કૂદંકૂદા પણ ખરી જ?''

''યેલ્લો! અપને રિવરફ્રન્ટવાલા હી કિસ્સા!'' પરવીનને જોડ્યું!

''લોકોની તરસ છિપાવવા આવી ટેક્નીક વાપરતા હોય તો સારી વાત છે પણ આ તો... સમાજને સદીઓ પાછળ ધક્કેલવાના કારસામાં કુદરતી સંસાધનોનોય કેવો દુરૂપયોગ!'' ધીરજે અકળાઇને કહી નાખ્યું.

ગુજરાતનું રાજકારણ કેટલી હદે ધર્મકારણ બની ચૂક્યું છે એનો પરચો જોઇને મંડળી બસમાં બેઠી ત્યારે શેખરથી રહેવાયું નહિ. ''આખા પ્રવાસ દરમ્યાન સેંકડો ચમત્કારોની વાતો સાંભળી પણ આ અવનવા ખૂણે-ખાંચરેથી ફૂટી નીકળતા હિંદુત્વ નામનો ચમત્કાર તો બીજા બધ્ધાને ક્યાંય ફૂંકી દે તેવો છે!''

★★★

## મુકામ - 11

# ઊંઝા

### *ઊમિયા માતા*

સિદ્ધપુર હજી છોડ્યું ના છોડ્યું ને આવી પહોંચ્યું ઊંઝા. ઊંઝા બે બાબતો માટે પ્રખ્યાત; એક તો પૌરાણિક પાર્વતીના રૂપ ઉમા - ઉમિયા માતાનું પ્રભાવશાળી



**ઊમિયા માતાનું મંદિર**





મંદિર અને બીજું- ગુજરાતનું નંબર વન ગંજબજાર - હોલસેલ માર્કેટ; જેમાં ખાસ તો ઈસબગુલ, જીરૂ અને વરિયાળી પ્રમુખસ્થાને કહેવાય.

બસ શહેરની અંદર પ્રવેશતાં જ જીરૂ-વરિયાળીની મઘમઘ ખૂશ્બૂ છવાઇ ગઇ. ''અહીંનું ઈસબગુલ જગવિખ્યાત છે. દવાઓમાં પણ એની નિકાસ થાય છે. અહીં આવી ખૂબ દુકાનો મળશે જેમાં મસાલા, આયુર્વેદિક દવાઓ ખૂબ મળતી હોય.''

રચના આટલું કહેતી હતી ત્યાં તો શહેરના અનેક રસ્તા, વળાંકો વટાવતી બસ એક મોટા ઝાંપે ઊભી રહી. કનુભાઇને ઊમિયા માતાના મંદિરનો રસ્તો બતાવવાની જરૂર જ ન પડી.

મંદિર પરિસરમાં એક તરફ ખાસ્સું ભવ્ય લાગતું ગૂર્જર નાગર શૈલીનું રેતિયા પથ્થરનું મંદિર હતું અને પરિસરનો વધુ મોટોભાગ આધુનિક દેખાતી ત્રણ-ચાર માળની વિવિધ ઈમારતોએ રોક્યો હતો. જેમાં ધર્મશાળાઓ, સમારંભ માટે હોલ, તૈયાર (રેડીમેડ) લગ્નમંડપ વગેરે હતાં. પરિસરમાં ખાસી ભીડ હતી. દરેક સ્થળ કંઇને કંઇ પ્રસંગથી ધમધમતું હતું. ભોજનશાળા પણ ભરપૂર હતી. બપોરનાં લગભગ સાડા અગિયાર - બાર થવા આવ્યા હતાને?!

વંદનાને સ્થળ વિશે માહિતી તો હતીઃ ''આ ઊમિયા માતા કડવા પાટીદાર જ્ઞાતિનાં કુળદેવી છે, નહિ? આ બધ્ધી બિલ્ડિંગો એમની જ પ્રોપર્ટી કહેવાય છે, એવું પણ સાંભળ્યું છે.''

''હા, ઉત્તર ગુજરાતની સમૃદ્ધ કોમ છે આ કડવા પાટીદારો. આમ તો પાટીદાર માટે 'પટેલ' શબ્દ વધારે વપરાય છે.''

''પણ આવું 'કડવા'- એવું નામ કેમ કરીને પડ્યું હશે?'' મીનાનો પ્રશ્ન.

''આમ તો ફિડબેક મિટીંગમાં વિગતે વાત કરીશું પણ ટૂંકમાં કહું તો એક દંતકથા મુજબ રામના પુત્ર લવ અને કુશ; એમના વારસદારો આજે જે તે પંજાબ-રાજસ્થાન-ગુજરાત કહે છે તેવા પ્રદેશોમાં વિસ્તર્યા ને વસ્યા. કહે છે કે

આજે પાકિસ્તાનમાં છે તે પંજાબ પહેલાં - હિંદમાં હતું ને ત્યાંનું લાહોર લવે બંધાવેલું. ખેર, એ પછી આ વારસદારો વિસ્તર્યા તેથી અહીં પણ આવી વસ્યા. લવના વારસદારો તે લેઉવા પટેલો અને કુશના તે કડવા પટેલો. બંને સમુદાયો ખેતી અને પશુપાલન માટે પ્રખ્યાત હતા પણ હવે તો એ લોકો ઊદ્યોગ સાહસિકો (આંત્ર-પ્રિનિયોર) બન્યા છે ને વિશ્વના ટોચના ધનપતિઓ છે.''

રાતની ફિડબેક મિટીંગની આશા લઇને મંડળી મંદિર જોવા વળી. મુખ્ય પ્રવેશદ્વાર ગૂર્જર તોરણની પ્રતિકૃતિ સમું હતું. અંદર જતાં જ, ચોપાસ બંધ પરસાળો, લાલ પથ્થરના કોતરણીવાળા થાંભલાની હારમાળા જોવા મળી. મધ્યમાં આરસજડ્યો ચોક હતો. મંદિર મધ્યમથી જરા વધારે મોટા કદનું કહી શકાય. ગોળ ઘુમ્મટ-આમલક શિખર ઉપરાંત ખાસું ઊંચું ને ઘાટીલું વિમાન પણ હતું. જાતજાતની ધજાઓની વચ્ચે મુખ્ય ધ્વજદંડ ઉપર લાંબી લાલધજા ફરફરી રહી હતી. કળશ સોનાનો હતો. મૂળ ગ્રે-પારેવા પથ્થર, લાલ પથ્થર અને આરસપહાણથી મિશ્ર બાંધણી કરવામાં અવી હતી. જ્ઞાતિના ટ્રસ્ટ દ્વારા જ 19મી સદીમાં- ઇ.સ.1876માં બંધાવેલું મંદિર ક્યાં કારણોસર પણ કદાચ જૂનું થવાથી હશે- 1940માં જીર્ણોદ્ધાર પામ્યું હતું. મંદિર ત્રણ તરફ પગથિયાંવાળું હતું, સરસ ચમકદાર રેલિંગો અને કોતરણીવાળા ઓટલા પણ હતા. ત્રણેય તરફનાં કમાડ મૂળ લાકડાનાં હતાં, ઉપર ચાંદીના પતરાં જડીને, સોનાનું કોતરકામ કરવામાં આવ્યું હતું. એનું મૂલ્ય બે રીતે ઘણું બધું હતું.- એક તો આ સોના-ચાંદીના પતરાં અને બીજું, એમાં વિવિધ દેવીઓનાં-નવદુર્ગાનાં રૂપ ઉપસાવવામાં આવેલાં. ભક્તો-શ્રદ્ધાળુઓ માટે કમાડથી જ જાણે 'દર્શન'ની શરૂઆત થઇ જતી હતી. અંદર ઠીકઠીક મોટો કહેવાય એવો સભામંડપ આરસ જડેલો હતો. કાચનાં ઝુમ્મર અને રંગીન હાંડીઓ લટકતી હતી. સ્વચ્છતા સાથે ઠાઠમાઠ પણ દેખાતાં હતાં. શિવમંદિરમાં જેમ પોઠિયો મૂકાય છે તેમ અહીં પણ આ ઉમા - ઊમિયામાતાનું વાહન મનાતો પોઠિયો હતો, જેને ચાંદીથી મઢી દેવામાં આવ્યો હતો. ગર્ભગૃહમાં પણ પોઠિયા ઉપર બેઠેલાં ઊમિયામાતાની મૂર્તિ હતી- આંગી નહોતી. આ શક્તિપીઠ નથી કહેવાતી. ગર્ભગૃહ પણ સોના-ચાંદીથી મઢેલું હતું- દેવીનાં શણગારોનાં હીરા-રત્નોની ચમકથી





ગર્ભગૃહ ઝગમગતું હતું. ભક્તોની ભીડ દર્શન કરી રહી હતી પણ પૂજારીઓ કંઇ માંગણી કે અપેક્ષા વિના ફક્ત દર્શનાર્થીઓને સિંગ-સાકરિયાનો પ્રસાદ વહેંચી રહ્યા હતા. દર્શનનો પરિસર શ્રદ્ધા અને સમૃદ્ધિની છાપ ઊભી કરતો હતો. સભાગૃહના એક છેડે એક દ્વાર હતું, નીચે ભોંયરામાં જવા માટે અતિશય સાંકડા પગથિયાં હતાં. મંડળી કૌતુકભેર નીચે ગઇ. નીચે એક ગર્ભગૃહમાં મોટી શિલા(પથ્થર,રોક)ના રૂપમાં ગણપતિ હતા. જબરજસ્ત પથ્થર ઉપર સિંદૂર અને સોનાચાંદીના વરખના શણગાર પણ હતા. આ ગણપતિનો બધે ખૂબ મહિમા થાય છે. ગૂંગળામણ થાય એવી ભીડની ભીંસ વીંધીને મંડળી ઉપર આવી.

મંદિરની બહાર નીકળીને પરસાળોની ભીંતો ઉપર દોરાયેલાં ચિત્રો જોતાં કોઇ આર્ટ ગેલેરીમાં (ચિત્રવિથિ) ફરતાં હોઇએ એવી મજા આવી. ચોમેર, ભીંતોના ઉપલા ભાગે દેવીઓનાં તમામ રૂપોનાં સાદાં છતાં વિગતવાર, બહુરંગી ચિત્રો દોર્યાં હતાં. એક એક કમાન એક એક દેવીને માટે રાખવામાં આવી હતી. દરેક દેવીનું રૂપ, શણગાર, એમનાં પ્રતીક સમાં હથિયારો, વાહનો અને એકાદ મહત્વનું પરાક્રમ-એ ચિત્રોમાં સમાવવામાં આવેલાં. આખો ખ્યાલ(કોન્સેપ્ટ) હિંદુ પુરાણો ઉપર આધારિત હતો; એક બે લોકદેવીઓ સિવાય- જેમ કે ખોડીયાર, વહાણવટી, મોમાઇ જેવી દેવીઓ શાસ્ત્રોમાં વર્ણવાતી નથી - લોકદેવીઓ છે. અહીં ફરતાં ફરતાં રચનાએ દરેકનો ટૂંકો પરિચય આપ્યો. આ જાણે દેવીપૂજાની રંગીન પાઠશાળા હતી.

મંદિરનું બાંધકામ બહારથી ફરીને જોતાં જ વિલ્સન બોલી ઉઠ્યો: ''અરે, અહીં જળથર છે, ગજથર પણ છે, થોડીક અપ્સરાઓ પણ દેખાય છે પણ માનવથર તો ગાયબ જ છે! મિથુનમૂર્તિઓ છે જ નહિ પણ સવારી વગેરે પણ નથી જ. એવું કેમ?'' રચનાએ ધારણા આગળ ધરી- ''એક તો આ દેવીમંદિર છે, ગણપતિની માતાનું મંદિર છે એટલે પણ સૌમ્ય સ્વરૂપ (નરમ, વાત્સલ્યપૂર્ણ) પૂજાય છે. સાથોસાથ જીર્ણોદ્ધાર વીસમી સદીમાં (ઇ.1940) થયો જેમાં ગાંધીવાદી ઉદ્યોગપતિ બેચરદાસ લશ્કરીની મોટી પહેલ હતી એટલે એક

પ્રકારનું ચોખલિયાપણું પણ ખરું જ!" "અગાઉ પેલી લોકલાગણીની વાત પણ થઇ હતી કે લોકોને કદાચ મંદિરમાં આવાં શિલ્પો નથી ગમતાં તો એને વશ થઇને પણ આવો નિર્ણય લીધો હશે." ધીરજની વાત સાથે સૌ સંમત હતા.

બપોરના સમયે આમ તો ભોજનાલયની અવરજવર વધી ગઇ હતી- સામેના મંડપમાં કંઇક ધાર્મિક વિધિની ધમાલ હતી. રચનાએ મિત્રોને કહ્યું કે "પાછાં વળતાં પહેલાં આ બધા હૉલ વગેરે જોઇ લો, લોકસંપર્ક કરી લો; રાતની મિટીંગમાં વાત કરવી પડેશે ને?" - પોતે ટ્રસ્ટ ઓફિસના ઓટલે બસી રહી.

અડધા-પોણા કલાકે મંડળી પાછી આવી, ત્યારે અનેક મુદ્દાઓ સાથે લઇને આવી હતી. રચનાએ કહ્યું કે અહીંથી મીરા દાતાર જઇશું, ત્યાં જમીને આગળ વધીશું. અત્યારે જે કંઇ જાણ્યું - જોયું તેની અને મીરા દાતાર વિશેની વાત સાંજે જ કરીશું.

બસમાં બેઠાં ત્યારે કનુભાઇ તો મોંમાં મસાલો દાબીને લિજ્જત માણી રહ્યા હતા. "મેં તો જમી લીધું. અહીં બહુ સરસ જમવાનું હોય છે. આજે પાછાં લગન છે એટલે ભરપૂર મજા પડી!" રચનાને થયું, શ્રમજીવી કહેવાતો પાટીદાર સમુદાય પણ હવે 'મહાજન' થઇ ગયો એની સુગંધ જીરૂ-વરિયાળી સાથે લેતાં લેતાં સૌએ ઊંઝાની ગંજબજાર જોઇ, શહેર બહાર નીકળીને સીધાં પહોંચ્યાં મીરા દાતાર.

★★★





**મુકામ - 12**

## મીરા દાતાર

ઊંઝાથી નીકળીને મહેસાણા નેશનલ હાઇવેથી સહેજ ફંટાઇને જૂના હાઇવે પર પહોંચતાં જ, દૂરથી કિલ્લો અને ટાવર દેખાયાં. બસને પરિસરમાં પાર્ક કરતાં કરતાં, શ્રદ્ધાથી ગદ્‌ગદ્ અવાજે કનુભાઇએ કહ્યું "બેન, આ તમે કીધું નો હોત ને, તો હું તમને કે'વાનો હતો કે દાતાર પીર તો આપડે જોવું જ જોવે!"

યાસ્મિને ટહૂકો કર્યો: "અરે વાહ, આજ તો કનુભાઇ હમારેવાલોં પર કંઇ ખુશ હો ગયેલે દિખતે હૈં!" બધાંએ આંખો નચાવી, હામી ભરી!



**મીરા દાતાર તો હિન્દુના પણ છે**

"અરે બેટા, આ દાતાર પીર તો હંધાયના! ખાલી મિંયાના નહિ; હિંદુઓનાય ખરા, ને ગરીબગુરબાં સૌના દાતાર કહેવાય. ગુજરાત-કાઠિયાવાડમાં

તો ઈનો મહિમા ખરો જ પણ ઠેઠ રાજસ્થાનથી લોકો લેનબંધ આવે છે. હાજરાહજૂર છે મીરા દાતાર.'' કનુભાઈ આજે ખરેખર બહુ ઉદાર દેખાતા હતા.

બસમાંથી ઊતરીને મંડળી, બહાર લાઈનબંધ મૂકાયેલા ગલ્લે ચાનો ઓર્ડર આપીને બેઠી.

બાદલે શરૂઆત કરીઃ ''કનુભાઈએ કીધું એ તમામ પીરો માટે સાચું છે. મારા વતનના ગામ પાસેની દરગાહનો મહિમા પણ જાણીતો છે- ભડિયાદ! અમારા વિસ્તારના દલિત અને કોળી સમુદાયનાં લોકો ભડિયાદના પીરનાં ભક્તો છે. બહેનો તો વારેતહેવારે 'ભડિયાદરા પીર'ના ગરબાયે ગાય છે; જેમાં મુસ્લિમ બહેનો તો જોરશોરથી જોડાતી હોય છે. ઉર્સ કે ઈદ કે એવા કોઈ તહેવારે મારું કુટુંબ, મારા ફળિયાનાં લોકોને આસપાસના અમારા બધાં સગાવહાલાં અચૂક ત્યાં જાય, દર્શન કરે અને મલીદો (શીરાનો પ્રસાદ) પણ ચડાવે. બાધા આખડી પણ ભડિયાદરા પીરની જોરદાર ચાલે છે ને પેલી પદયાત્રામાં પણ બધાં જ જોડાય છે. જૂનાગઢ-પાલીતાણા-હાજી પીર... બધે આપણે આ જોતાં- સાંભળતાં આવ્યાં; પણ મારો સવાલ એ છે આમ જો એક જ શ્રદ્ધાના દોરે બંધાયેલાં હોય તો પછી હિંદુ-મુસ્લિમ વચ્ચે કોમી રમખાણો કેમ થાય છે?'' એના અવાજમાં બળાપો હતો કે કડવાશ?! પરવીને કંઈક વધારે બળતરાથી ઊંચા અવાજે જોડ્યું- ''અરે 2002 વાલી ધમ્માલ મેં તો અમદાવાદ કે દલિતોને હી હમારેવાલોં કો લૂંટા હૈ- મારા હૈ! તબ યે દરગાહોંવાલી ભક્તિ કહાં જાતી હૈગી?!''

''દલિતોને તો પેલા કહેવાતા સવર્ણો કાયમ પોતાના હાથા બનાવતા આવ્યા છે- આપણે ક્યાં નથી જાણતા?! ગોલાણામાં તો દલિત સામે દલિતને ભીડાવી દીધા હતા ને?... કોમીમાં તો દલિતો હોળીનું નારિયેળ બને છે - નારિયેળ!'' શેખરની કોમેન્ટથી થોડોક સોપો પડી ગયો.

''મને લાગે છે આ સવાલ બહુ ઊંડો અને સાંસ્કૃતિક કરતાં રાજકીય કે રાજકારણને લગતો વધારે છે. આપણી અત્યારની સાંસ્કૃતિક સમીક્ષા જે





પ્રવાસની સાથે સાથે થઈ રહી છે એને સ્પર્શતો નથી. ફરી ક્યારેક ઊંડાણથી જરૂર ચર્ચવો પડે. મીરા દાતાર હોય કે અન્ય પીર- ઔલિયા કે જલા બાપા કે મેકણદાદા જેવા સંતો-ફકીરો હોય... એમની સાથે મોટાભાગના આપણા શ્રમજીવી સમુદાયો આયડેન્ટીફાય કરતા હોય છે, એમને પોતીકું લાગતું હોય છે એટલે સૌ એમની પાસે આવે છે.'' ''મને તો શું લાગે છે કે અહીં કે ગમે તે દરગાહ પર સૌ પોતપોતાની ગરજે આવે છે. ત્યારે બીજા કોણ આવ્યા છે - કેમ આવ્યા છેની માથાકૂટમાં કોઈ નથી પડતું.અહીં જેવાં સ્થળો શાંતિ કે એકતાનો ભાસ ઊભો કરે છે તે એટલા માટે કે અહીં આવનારનો સંબંધ પેલા 'પીર' સાથે છે - બાકીનાંઓ સાથે નહિ! અને પીરે ક્યાંકને ક્યાંક એમની માગણી- ઈચ્છાઓ પૂરાં પાડ્યાં છે તેથી શ્રદ્ધા બેઠી છે. બસ... એખલાસ-બેખલાસની વાતોને સ્થળ સાથે કંઈ લેવાદેવા નથી.'' વિલ્સને જાણે ટાઢકથી બધું વિચારી રાખ્યું હોય એમ કહ્યું. કદાચ એની વાતમાં દમ હતો!

''બેન, હમેં મીરા દાતાર કે બારે મેં કુછ બતાના હૈગા; હમેં જ્યાદા ખબર નહી હૈ.'' યાસ્મિને નિખાલસતાથી કબૂલ્યું.

''છેક 15મી સદીમાં એમના વડવાઓ / બાપદાદા ગુજરાતમાં આવેલા. મૂળે ઈરાનના ખોરાસાન પ્રદેશના. મીરા દાતારનો જન્મ અમદાવાદમાં જ થયેલો.મૂળ નામ હતું મીર સૈયદ અલી. કહેવાય છે કે બાળપણથી જ એમનામાં અદ્ભુત શક્તિઓ હતી.'' ''અરે ઠેઠ ધાવણા હતા ત્યારથી જ એમણે તો ચમત્કારો કરવા માંડેલા.'' કનુભાઈ. ''હા, મીરા દાતાર ઘણા લોકપ્રિય હતા એ વાત માન્ય રાખીએ પણ એમના વિશેની ઐતિહાસિક માહિતી પણ એમની ખ્યાતિને ચાર ચાંદ લગાવે તેવી છે. સૈયદના પ્રભાવથી ગુજરાતનો સુલતાન મોહમ્મદ બેગડો પણ આકર્ષાઈને તેમનો ભક્ત બનેલો. લેખિત ઈતિહાસ છે કે આ વિસ્તારનો સ્થાનિક ઠાકોર(રાજા) બહુ જુલ્મી અને ક્રૂર હતો. પશુબલિ પણ આપતો હતો જેથી સ્થાનિક પ્રજા તેનાથી ત્રાસી ગઈ હતી. પ્રજાએ સુલતાન મોહમ્મદ પાસે ધા નાખી. સુલતાને સૈયદ મીરા દાતારને વિનંતી કરી કે તમે મારી સેનાના સેનાપતિ થાઓ ને પેલા જુલ્મી

રાજા ઉપર હુમલો કરો ને રૈયતને ત્રાસમાંથી છોડાવો. સૈયદ તો સૂફી ઓલિયા. શસ્ત્રત્યાગ, અહિંસા, પ્રેમભાવનાથી જીવતા હતા. તેમણે તો મના કરી. સુલતાને બહુ મનાવ્યા પછી છેવટે પોતે માન્યા, હથિયાર ઉઠાવ્યાં. લડ્યા. જાલિમ ઠાકોરે એમનો વધ કર્યો. પરોપકાર માટે સૈયદ શહીદ થયા. બેગડાના સમયમાં જ સૈયદની સ્મૃતિમાં આ દરગાહ બની અને એનો મહિમા થયો અને વધતો જ ગયો.''

''ઓહોહો! આ તો બઉ મોટી વાત કહેવાય! અમને તો આવી કશી ખબર જ નથી!'' કનુભાઇએ કબૂલ્યું. શેખરે કહ્યું- ''માણસ ચમત્કારોની વારતાઓથી મહાન થાય છે, પણ પોતાનાં કામોથી, સાહસથી અને પરોપકારની ભાવનાથી પણ મહાન થાય છે. ઇતિહાસમાં આવું બધું પણ લખાયું જ છે.'' ''ચલિયે, ચાય હો ગઇ- બાતેં ભી હો ગઇ. અબ મીરા દાતાર કે હૂઝૂર મેં જાયે?'' હમિદે તાલાવેલીથી કહ્યું.

નાનકડા ગઢની અંદર મઝાર હતી. સૈયદ મીરા દાતાર અને મોહમ્મ્દ બેગડો સમકાલીન હતા. બની શકે કે આ દરગાહ પણ એ સમયના ઇન્ડો સાર્સેનિક સ્થાપત્યની હોય, મિશ્ર શૈલીની હોય... પણ અત્યારની દરગાહ તો એનો કેટલામો અવતાર છે એય કહેવું મુશ્કેલ છે. કેટલીયે વાર મરમ્મત થતી અને થઇ ચૂકેલી રચનાએ જોઇ છે. હાલમાં તો જાણે ઘણું બધું નવેસરથી બનાવાઇ રહ્યું લાગ્યું. ટાઇલ્સ, આરસપહાણ, રંગરોગાન વડે દરગાહની સૂરત બદલાઇ રહી હતી અને રચનાને લાગ્યું કે કદાચ સિરત (ચરિત્ર) પણ બદલાઇ રહ્યું છે?! પ્રવેશતાં જ કોઇ પણ તીર્થધામમાં હોય તેવી પૂજાસામગ્રી, ફૂલ વગેરેની દુકાનો હતી. ધૂપ-સુગંધની સાથે અહીં અત્તર(સેન્ટ) પણ મળતાં હતાં એ ઇસ્લામી સંસ્કૃતિની ખુશ્બૂ! પરસાળમાં એક તરફ સાંકળ, કડાં વગેરે જોવા મળ્યાં; જેમાં કેટલીક સાંકળો મનોરોગીઓને બાંધેલી હતી. એમાંનાં કોઇ સદંતર મૂઢ અવસ્થામાં પડી રહેલાં, કોઇ બબડાટ કરતાં - ચીસો પાડતાં હતાં તો કોઇ વળી પછાડ નાખતાં, આળોટતાં પણ જોવા મળ્યા. મંડળીમાં કંઇક ડર, કંઇક દયા, કંઇક અજંપો ફેલાયાં.







**મીરા દાતારમાં મનોરોગી**

''એમ કહેવાય છે કે અહીંના હોજના પાણીથી અને દાતાર પીરની દયાથી માણસો સાજાં થઇ જાય છે. દૂર દૂરથી લોકો અહીં ઇલાજ કરાવવા આવે છે.'' ''તો ક્યા બેન, સચમુચ યે લોગ અચ્છે હો જાયેંગેં?'' યાસ્મિને પૂછ્યું. ''તું જ વિચાર કર.વૈજ્ઞાનિક તપાસ અને દવા વગર કોઇ બિમારી મટે નહિ.વળી પહેલી તો વાત જ એ છે કે આ લોકોનાં કુટુંબીજનો આમને કોઇ રોગ છે- માનસિક કે શારિરીક દરદ છે એ માનવા તૈયાર નથી હોતાં. એમને કોઇ ભૂતપ્રેતનો વળગાડ છે, કોઇ આત્મા અંદર પેઠો છે, કોઇ મૃત પૂર્વજોનું નડતર છે, કંઇ ગંભીર પાપ કર્યું તેથી આવી દશા છે - જેવી અંધશ્રદ્ધા હોય છે. ક્યારેક કોઇ સાજું થાય તો તેને સૈયદનો ચમત્કાર કહે છે - બની શકે કે સાયકોલોજીકલી અહીં આવવાથી જ અડધી રોગમુક્તિ થઇ ગઇ હોય! ખેર, માનવસંસ્કૃતિમાંથી આ પ્રકારની અંધશ્રદ્ધા પહેલાં કરતાં તો ઓછી થયેલી દેખાય છે; હું મારી અનેક મુલાકાતો યાદ કરીને કહી શકું કે હવે ઊર્સ વગેરે સમયે લાખો લોકો આવતાં જોયાં છે; એ કદાચ

મેળાનો મહિમા છે બાકી આડા દિવસે અહીં બહુ જ ઓછાં યાત્રાળુઓ આવે છે એ પણ લાગવા માંડ્યું છે.'' .

''પન વૈસે આજ ભી ભીડ તો હૈ!'' પરવીને કહ્યું.

''આજ જુમ્મેરાત હૈ, ભૂલ ગઈ?'' આમિરે ગુરૂવારનો મહિમા યાદ કરાવ્યો. આ બધાને વટાવતાં-ઓળંગતાં સૌ મુખ્ય સ્થાનક પર-મઝાર પાસે પહોંચ્યાં. ત્યાં લાંબાં કુર્તા-સલવાર અને ગોળટોપી પહેરેલા અનેક યુવાનો ભક્તોને દર્શન માટે લઈ જતા હતા, દાનદક્ષિણા લેતા હતા, સામે ફૂલનો પ્રસાદ આપતા હતા. ક્યાંક દબાણ જેવું પણ લાગ્યું. મંડળીને સ્ત્રી-પુરુષના વિભાગમાં વહેંચી દેવામાં આવી.બહેનોને માથાં ઢાંકવાનું કહી, બહાર ઊભી રાખી- ભાઈઓને માથા ઢંકાવીને અંદર લઈ ગયા. નકશીદાર ચાંદીની જાળીવાળી ઓરડીની અંદર સૈયદ મીરા દાતારની કબર ઉપર કિંમતી ચાદર, ફૂલહાર વગેરે ચડાવેલું હતું. ધૂપદીપ ચાલુ હતા. માથું ટેકવીને, પૈસા મૂકીને શ્રદ્ધાળુઓ બેથી ઓછી મિનિટમાં બહાર આવતા હતા. મંડળીના મિત્રોને તો દસ સેકન્ડથીયે વધારે ના લાગી બહાર નીકળતાં! દાતાર પીર પાસે ખાલી હાથે જાઓ પછી વધારે વાર તો ના જ ઊભા રહેવાય ને?!

થોડીવારે મંડળી બહાર નીકળી આવી. રચનાથી પોતાની લાગણી શેર કર્યા વગર રહેવાયું નહિ- ''હું 30-35 વર્ષ પહેલાં પહેલીવાર આવી ત્યારે વાતાવરણ કઈંક સાત્વિક, કંઈક પ્રભાવક લાગતું હતું. આજે તો એમાં ચોક્કસ (નકારાત્મક) નેગેટિવ બદલાવ જોઈ શકું છું. ખાસ્સું વ્યાપારીકરણ છે, આ સલવાર-કમીઝવાળા ભાઈઓ- જે 'ખાદિમ'કહેવાય છે તે લગભગ નહોતા ને હોય તો પેલા મનોરોગીઓને વધારે મદદ કરતા દેખાતા. આર્થિક પાસું તો લગભગ નહોતું... ખેર, બધે બદલાયું છે તો આ પણ કેવી રીતે અલગ પડી શકે?!''

બહાર નીકળતાં સૌના મનમાં આદરભાવ નહોતો એવું નહિ પણ માનવસર્જિત ધંધાદારી હવામાન ફેલાય ત્યારે એ હવા  ખાસ માફક નથી આવતી એવું લાગ્યા વગર ના રહ્યું.





ફક્ત કનુભાઈ એમની રોજિંદી સ્ફૂર્તિમાં હતા. રચનાએ કહ્યું કે આગળ ક્યાંક જમવાની સરસ જગ્યા છે ત્યાં ઊભી રાખો. થોડેક જ જતાં મોટી નોનવેજ ભોજન આપતી રેસ્ટોરન્ટ દેખાઈ. હાઈવેથી થોડાક પાછળના વિસ્તારોમાં હતી. બધાં થોડુંક મોડું મોડું પણ સ્વાદિષ્ટ જમ્યા. ઉત્તર ગુજરાતમાં આ પહેલું ને છેલ્લું નોનવેજ જમણ છે- એમ રચનાએ જાહેર કર્યું ત્યારે ભૂખ ઓર વધી ગઈ હતી.

આખા દિવસની ફિડબેક મિટીંગની રાહ જોતાં મિત્રો ઝડપભેર બસમાં ગોઠવાયાં.

### *માતા અને દાતા*

એ રાતની ફિડબેક મિટીંગમાં ઊમિયામાતા કેન્દ્રમાં હતાં. રાબેતા મુજબ બાદલે જ શરૂઆત કરી- ''માતાજી ને મંદિર વિશે તો સાથે સાથે ફર્યા તેથી જાણવા મળ્યું- સમજવા પણ મળ્યું. પણ લોકસંપર્ક વખતે હું તો એક ઘરડા કાકાને મળ્યો. એ પોતાના ગામના સરપંચ હતા. એમણે પણ તમે કહેલી વાત તો કહી જ કે મૂળમાં એ લોકો પંજાબના 'જાટ' હતા. લોહી ક્ષત્રિયનું પણ કામ ખેડૂતનું. પશુપાલન પણ ખરું જ. મૂળે આ બે વ્યવસાયમાં જ એટલા સમૃદ્ધ થયા છે કે દરેક પાસે બંગલા-ગાડી તો હોય જ; નવી પેઢી વિદેશમાં વસે અને મોટેલ, મોલ ચલાવતી હોય. અહીં મહેસાણાની દૂધસાગર ડેરીનું નામ જગજાહેર કેવી રીતે થયું- કડવા પાટીદારની બુદ્ધિ, મહેનત અને મૂડી એમાં લગાડયાં તેથી!''
''બાદલ, એમાં મને જે લાગ્યું તે કહું? અહીંના ખેડૂતે રોકડિયા પાક લીધા છે. ઈસબગુલ, જીરૂ વગેરેની કિંમત અહીં સોના-ચાંદી જેટલી અને વિદેશમાં હીરા-મોતી જેટલી.વળી જમીન વહેંચણીના કાયદાના લાભ પણ એમને મળ્યા છે. અને એ કાકા કહેતા'તા એમ રાજકીય પક્ષોએ વર્ષોથી એમને સાચવ્યા છે અને એમણે નેતાઓને સાચવ્યા છે.'' ધીરજે એ સંવાદનો સાર પોતાની રીતે કાઢ્યો.

શેખરે આખા મુદ્દાને નવો વળાંક આપ્યો, ''કડવા પટેલો મૂડીવાદના બદલાતા ચહેરાને બરાબર ઓળખે છે ને એની સાથોસાથ ચાલતા હોય એવું પણ લાગે

છે. છતાં એક વાત અચૂક છે કે અહીં 'ઉદ્યોગો'નથી, 'યંત્રવાદ' નથી- ફક્ત ખેતીપ્રધાન મૂડીવાદ છે એટલે ભલે 'ગ્લોબલ' હોવાની વાત કરે; એમની સમૃદ્ધિ સ્થાનિક રહી ગઇ દેખાય છે!''

''શેખર, એની પાછળ એમની જૂની ભૂમિકા કામ કરે છે.સમૃદ્ધિ પસંદ કરી, મહેનત કરવામાં પાછું વાળીને ના જોયું પણ શિક્ષણ અને સાંસ્કૃતિક જાગૃતિમાં પાછળ રહ્યા હતા.'' રચનાએ સાંસ્કૃતિક મુદ્દા પર ફોકસ કરી આપ્યું. ''નહીં, અબ તો ઇનકે બડે બડે ટ્રસ્ટ કિતની સ્કૂલ-કોલેજ ચલાતે હૈં; જહાં લડકિયોને ભી પઢના શુરૂ કિયા હૈ.'' હમિદે પોતાને મળેલી માહિતી શેર કરી. ''હા, પણ એમાં એકડે એકથી શરૂઆત કરવા જેવું થયું છે.સામાજિક સ્તરો, ઉપલી શ્રેણીઓમાં કડવા પટેલોની ગણતરી ઓછી જ થતી એમાં એમનાં દીકરીને વેચવાના (કન્યાવિક્રય) રિવાજનો મોટો ફાળો હતો.જો કે હવે ખાસો ફરક છે એ તમારી વાત સાચી''. રચનાએ સમજાવ્યું.

''બહેન, અમે તો પેલાં લગન ચાલતાં'તા ને ત્યાં પહોંચી ગયેલાં. લગનની વિધિ તો પૂરી થઇ ગઇ હતી, પછી એક મહારાજે અમને બહુ વાતો કરી હોં!'' વિલ્સનને ગમ્મત પડી હતી. ''એ લોકોમાં તો હવે સમૂહલગ્નો જ થાય છે. દહેજ લેવા-આપવાનો રિવાજ પણ નાબૂદ થતો જાય છે. પહેલાં તો દીકરીના એટલા બધા પૈસા લેવામાં આવતા કે કડવા પાટીદારો કોઇ પણ બીજી નીચલી કહેવાતી જાતિમાં પરણતા. એ મહારાજે કેવી કહેવત કરેલી- ''કણબી નાત બા'રો નહી.'' - મેં પૂછ્યું કે કણબી એટલે કોણ? તો કહે- અમે!'' ''વિલ્સન, એ કહેવતમાં જે વાત છે તે વિશે માહિતી આપું તો, થોડાં વર્ષો પહેલાં સાંભળવા-વાંચવા મળેલું કે આદિવાસી સમુદાયની યુવતીઓ સાથે પણ કડવા પાટીદારો લગ્ન કરતા; કારણ કે એમનાં માબાપને આપવાની રકમ પોતાની જ્ઞાતિની કન્યાને આપવી પડતી રકમ કરતા ઓછી રહેતી?''

''તો યહ સબ ઉનકી જાતિ કી ખૂબિયાં હૈં?'' આમિરે તારવ્યું.





''જ્ઞાતિ / જાતિ ખરેખર તો આંતરિક એકતા જાળવવા, એનાં સભ્યોનાં હિતને સાચવવા અને સંકટમાં ઉગારવા શરૂ થઇ એમ કહેવાય છે. મતલબ કે સમાજે પોતે પોતાનું 'સુરક્ષાકવચ' બનાવી દીધું પણ 'કવચ' નો બીજો અર્થ 'કોચલું' પણ થાય છે, જાણો છો? કોચલામાં ને કોચલામાં રહેનારને એમાં જ સલામતી સમજનાર, કેટલા બંધિયાર વાતાવરણમાં જીવે છે એની એમને પોતાને ખબર પડવી જોઇએ. આવી સક્ષમ કહેવાતી જ્ઞાતિઓ આવી 'જૈસે થે' માનસિકતાને ઊલ્ટી મજબૂત કરે છે.'' રચનાએ સમેટવાના મૂડમાં કહ્યું.

''ખરેખર તો દરેક જ્ઞાતિ આવા આંતરિક સુધારા કરતી જ હોય છે. અમારી જ્ઞાતિ પહેલાં બહુ ચૂસ્ત કહેવાતી પણ હવે દહેજની રકમ નક્કી કરવામાં આવી; 1051/- ફક્ત! એનાથી એક પણ રૂપિયો વધારે લે તેને દંડ થાય!'' આજે ધીરજ બોલકો બન્યો હતો.

''એ જ! પોતાની અંદરના સુધારા સહેલા છે પણ બીજી જ્ઞાતિ સાથેના સુધારાનું શું? મતલબ કે આવી 'આગળ પડતી' જ્ઞાતિઓ બીજી જ્ઞાતિ સાથે રોટી-બેટી વહેવાર કરે છે? દલિતો સાથેની આભડછેટ દૂર કરે છે? લઘુમતિ કોમો - ખાસ તો મુસલમાનો સાથે સંપીને રહેવા માગે છે? સવાલો તો આ થવા જોઇએ!''શેખરે ચર્ચાને મહત્વનો વળાંક આપ્યો. ''યે સબ સુનકર મુઝે ખયાલ આયા, કિ યે દલિતો મેં ભી જ્ઞાતિજાતિ હોતી હૈ ના? ઉંચનીચ ભી માનતે હૈં... સુના હૈ?'' પરવીને પાયાનો સવાલ કર્યો. ''હા, એ તો છે જ! દલિતો સામે રોલ મોડેલ વાણિયા- બ્રાહ્મણોનું, કહેવાતા ઉજળિયાતોનું; એટલે એ લોકોએ જેવું કર્યું એવું અમેય કરવા લાગ્યા!'' બાદલે નિખાલસતાથી કબૂલ્યું.

રચનાએ વાતને વળાંક આપ્યો- '' આ કડવા પાટીદાર જ્ઞાતિસંસ્થા નિમિત્તે આપણે ઠીકઠીક ચર્ચા કરી. હવે જ્ઞાતિને લગતી જ એક ઐતિહાસિક ઘટના છે અને મહત્વનો સાંસ્કૃતિક વારસો છે એટલે એની વાત કરવાનું મન થાય છે.''

મંડળીને લાગ્યું કે કશુંક નવું આવી રહ્યું છે, તેથી ઉત્સુકતા વધી.

## જ્ઞાતિ સંસ્થા, ભવાઇ અને જ્ઞાતિ સંસ્થા

''તે દિવસે આપણે અંબાજીમાં હતા ત્યારે પેલા ચાચરના ચોક વિશે તમે વાત કરતા હતા. ત્યાં હવન, શુભ પ્રસંગો, ગરબા અને ભવાઇ થાય છે એ તમે જાણ્યું હતું. 'ભવાઇ' વિશે આપણામાંથી કોને જાણકારી છે?'' રચનાએ પૂછ્યું.

થોડી અંદરોઅંદરની ગૂસપૂસ પછી બાદલે કહ્યું, ''બહેન અમારામાં તૂરી ભવાયા હોય છે એ લોકો જરાક જૂનાં કહો કે, પુરાણકથાઓ- ધાર્મિક દંતકથાઓનાં નાટક ભજવતાં ગામે ગામે ફરતા હોય છે. રામાપીર ને એવાં નાટકો કરે છે.હમણાં પણ ચાલે છે એમ કહેવાય છે.''

''હું તો ટી.વી. પર ને પેપરમાં જોઉં છું, વાંચું છું કે સરકારી પ્રચારનાં નાટકો એટલે ભવાઇ. એ પછી 'બેટી બચાવો' હોય કે 'દારૂબંધી'. રંગલો-રંગલી રંગબેરંગી કપડાં પહેરીને નાચતાં-ગાતાં બધું ભજવે ને પેલું વાક્ય વારે વારે બોલે... તા થૈયા-થૈયાક્-તા થૈ!'' ધીરજે આ વાત કાઢી એટલે બીજાં મિત્રોને પણ કંઇક યાદ આવી ગયું, ને કમસે કમ, છેલ્લે તો બધાએ સૂર પૂરાવ્યો- તા થૈયા થૈયાક્ તા થૈ!''

''ખેર, ભવાઇના નામથી આટલું તો હજી બચી ગયું છે! આ ઊંઝા- સિદ્ધપુર ક્ષેત્ર જ ભવાઇનું જન્મસ્થળ કહેવાય છે એટલે મને થયું કે અહીંથી આગળ જતાં પહેલાં આ વાત તો થવી જ જોઇએ.

''આપણે જાણ્યું કે 14મી સદીમાં- કહો કે 13મી સદીના અંતે ગુજરાત ઉપર મુસ્લિમ શાસન આવ્યું. કહેવાય છે કે ત્યારે જ પોતપોતાની સલામતી માટે લોકોએ જ્ઞાતિપ્રથાને ચૂસ્ત બનાવી દીધી હતી. અહીં અસાઇત નામે એક સંગીત અને લેખનકલાના નિષ્ણાત બ્રાહ્મણ રહેતા હતા. આમ પાછા પુરોહિત-ગોરપદું કરતા અને કડવા પાટીદારો એમના યજમાન હતા. વિસ્તારનો સૂબો મુસ્લિમ હતો. એક વાર એવું બન્યું કે અસાઇત ઠાકરના યજમાનની દીકરી ગંગા નદીએ પાણી ભરવા ગઇ હતી ત્યાં સૂબાએ એનું અપહરણ કર્યું / કરાવ્યું અને





છાવણીમાં લઇ ગયા. ઊંઝામાં તો હો હા થઇ ગઇ! પટેલને તો થયું કે દીકરી તો ગઇ! પણ અસાઇતે બીડું ઝડપ્યું કે ગંગાને પાછી લાવું ત્યારે મારા યજમાનનો મારા પરનો ઉપકાર પાછો વળે.

પોતે સંગીત કળાના જાણકાર અને સાંભળ્યું હતું કે પેલો સૂબો સંગીતનો શોખીન છે. સૂબાની છાવણીમાં જઇને, ગાઇ-વગાડીને એને ખુશખુશ કરી નાખ્યો. સૂબો કહે, 'મહારાજ! માગો તે આપું.'' અસાઇતે કહ્યું કે બીજું કંઇ નહિ, મારી દીકરીને તમે પકડી આણી છે તે મને પાછી આપો!'' સૂબો તો માની ગયો, પણ એનો એક અધિકારી સ્થાનિક હતો, ચાલાક હતો- કહે કે હુઝૂર! એ કેવી રીતે બને? અસાઇત તો બ્રાહ્મણ છે ને પેલી છોકરી પટેલ છે. એ આની દીકરી કેવી રીતે હોઇ શકે? પણ અસાઇત તો લઇ મંડ્યાં'તા કે મારી દીકરીને પાછી આપો! પેલા ચાલાક હજૂરિયાએ સૂબાને એક યુક્તિ સૂઝાડી કે, અસાઇતને કહો કે ગંગા રાંધે ને પછી એક જ ભાણે બાપ-દીકરી સાથે જમે! હુકમની તામીલ થઇ.અસાઇત તો હોંશે હોંશે ગંગાના હાથની રસોઇ એની સાથે બેસીને જમ્યા. કોઇ શું બોલે? ગંગાને લઇને અસાઇત તો પાછા ફર્યા. ગંગાના પિતાએ તો અસાઇતનો આભાર માન્યો તેટલો ઓછો! પણ ગામના બ્રાહ્મણોએ સખ્ખત વાંધો ઊઠાવ્યો- નાતબહાર કાઢ્યા, ગામ બહાર કર્યા.'' ''અરે, ઉસ નરસિંહ મહેતા કો કિયા થા; વૈસે હી?'' આમિરે યાદ કર્યું. ''હાં, પટેલોએ ઊંઝામાં આશરો આપ્યો, ગિરાસ બાંધી આપ્યો-એમની રોજીની સગવડ કરી આપી પણ અસાઇતે સંગીત, નાટકનો આશરો લીધો.સામાજિક કુરિવાજો, બંધિયાર જ્ઞાતિપ્રથા, ધર્મજડતા, સ્ત્રીઓનું શોષણ જેવા મુદ્દે નાટકો લખ્યાં અને પોતાના કુટુંબીઓની ટુકડી બનાવીને ગામે ગામ ફરીને ભજવ્યાં, લોકોને ઢંઢોળ્યા અને નાટકને એક નવી જ ભાષા અને દિશા આપી તે આ ભવાઇ- ભવની વહી- હિસાબપોથી જિંદગીની.'' ''ઓહો! આ તો જાગૃતિનાટકોના બાપ હતા, એમ ને?'' વિલ્સને તારવ્યું.'' ''હા, પણ પોતાની જ્ઞાતિએ એમને તારવ્યા- બહાર કાઢ્યા એટલે તરગાળા. એવી નવી જ્ઞાતિ સરજાઇ જેના એ 'બાપ' બન્યા!'' યાસ્મિનથી ન રહેવાયું. ''પન ઉસ લડકીકા ક્યા

હુઆ? ગંગા કા?'' યાસ્મિનનો પ્રશ્ન વ્યાજબી હતો. ''શી ખબર? એનો પણ એની જ્ઞાતિમાં પાછો સ્વીકાર થયો હશે કે કેમ, એનું એની જ્ઞાતિમાં લગ્ન થઇ શક્યું હશે કે કેમ એ જાણવા નથી મળતું. કોઇએ વળી એવી કથા પણ શોધી કાઢી કે ઉપજાવી કાઢી છે કે આ જ કારણસર ગંગાનું લગ્ન અસાઇતના દીકરા સાથે થયું અને નહિ પટેલ, નહિ બ્રાહ્મણ પણ ત્રીજા જ ઘરવાળા તે તરગાળા! તો કોઇ કહે દે કે આ ભવાઇ ફક્ત અસાઇતના ત્રણ દીકરાઓએ જીવંત રાખી, એ ત્રણ ઘર ટક્યાં તેથી એમનો સમુદાય ત્રણ ઘરવાળાની-તરગાળાની જ્ઞાતિ કહેવાઇ. બધું જ મૌખિક ઇતિહાસમાં કે ભવાઇવેશોમાં રહી ગયું. અભ્યાસો થયા તો છે પણ નવી દિશામાં નવા અભ્યાસોની જરૂર છે.'' રચનાને થયું, સમેટીએ પણ એક મુદ્દો યાદ આવતાં જોડ્યા વગર રહેવાયું નહિ.''અરે હા, આપણે ભવાઇવાળા મુદ્દાની શરૂઆત ચાચરના ચોકથી કરી હતી, નહિ! તો આ તરગાળા કોમનું સાતસો વર્ષથી કરોઠું છે કે કારતક મહિનામાં ચાચરના ચોકમાં ભવાઇ કરવી જ પડે.''

''કરોઠું? યે ક્યા હૈ? હમિદે પૂછ્યું. ''કરોઠું એટલે અમુક વિધિ રિવાજની પરંપરા. વિદ્રોહના રૂપે શરૂ થયેલી ભવાઇ પરંપરા બની ગઇ!

''યે ભવાઇ કે લિયે એક સવાલ થા- આદમી લોગ હી ઔરતોં કા પાર્ટ લેતે હૈ; ક્યોં?'' આમિરે નવો મુદ્દો ઊખેળ્યો.

''એ તો જ્યારે ઠેરઠેર ભમીને ભવાઇ કરવાના જમાનામાં સ્ત્રીઓ બહાર નહોતી ફરતી ત્યારે. પુરુષો કમાવા જાય અને સ્ત્રીઓ ઘર સાચવે કે ગૃહઉદ્યોગ કરીને નાની નાની આવક રળે. વળી સરેઆમ, ચોકમાં સ્ત્રી અભિનય કરે, પોતાનો ચહેરો - પોતાનું શરીર બતાડે તે તો પુરુષપ્રધાન સમાજ ચલાવી જ કેમનો લે?! પછી તો ભવાઇની 'સામાજિક ટીકા' પણ ભદ્દી ભાષાને લીધે થવા લાગી તેથી 19-20મી સદીમાં તો સ્ત્રીઓને ભવાઇ જોવાની પણ મનાઇ હતી! અને આજની તારીખમાં પણ મૂળ તરગાળા જ્ઞાતિ સમુદાયમાં કોઇ સ્ત્રી ભવાઇ કરી શકતી નથી.''







**ભવાઇ - ભૂંગળ અને તરગાળા**

''ઓહોહોહો... આજે તો પતંગ કરતાં પૂંછડું લાંબું- એવો ઘાટ થયો!'' શેખરે કહ્યું ત્યારે મિત્રોએ જોરથી પોતપોતાનો અભિપ્રાય મૂક્યો. ''ના હો, અમારે જે કંઇ જાણવું હોય તે જાણવું તો પડે ને?'' ''તેરે લિયે યે જ્ઞાતિ વગૈરા નવી વાત નહિ હોગી, હમારે લિયે તો જાનના જરૂરી થા!''. ''તરગાળા વિશે તો મનેય નો'તી ખબર.'' ''ટીવી ઉપર રંગલા-રંગલી જોઇએ પણ બાકી બધું અંધારામા!'' ''સબસે અચ્છા તો ઊંઝા કે બહાને કઇ સારે મુદ્દે આયે; યે ફાયદા હુઆ.'' ''ઊંઝામાં જોવાલાયક જગ્યા તો એક જ, પણ વાતો કેટલી બધી નીકળી!'' ''સારી વાત છે. મીરા દાતાર વિશે... એક મુદ્દો પેલા ખાદિમના સંદર્ભમાં યાદ આવેલો. એમની અમુક જાતની રીતભાતથી મારી સાથે એક વખત જે ગ્રૂપ હતું તેમાં બહેનોએ પણ ફરિયાદ કરી હતી. જેમ ચેકિંગ માટે લેડી સિક્યોરિટી હોય તેમ લેડી ખાદિમ પણ જરૂરી! ખૈર, તમારે કોઇ મુદ્દો?..'' રચનાના સવાલથી બધાં લગભગ સાથે બોલવા લાગ્યાં: ''ના ના, ત્યાં તો જે જાણવાનું હતું તે જાણી લીધું!'' ''ખાસી બાતેં હો ચૂકી હૈ''... ''હવે તો બસ... તાથૈયા થૈયાક્ તા થૈ!''

અને બાદલના ઠુમકાને બધાએ ઝીલી લીધો. આવતી કાલની સવાર માટે સૌ વિશ્રામ લેવા છૂટાં પડયાં.

★★★

## મુકામ - 13

## પાટણ

“અલ્યા, આપણા ગુજરાતમાં વળી કેટલાં પાટણ છે? પેલું જોયું તે પ્રભાસપાટણ, આ પાછું અણિહિલપુર પાટણ... પછી?” ધીરજ જાણવા માગતો હતો... “ઊમેરી લે- વલ્લભીપુર પાટણ પણ હતું. ફક્ત ગુજરાતમાં જ નહિ, આ ભૂખંડમાયે બીજાં જાણીતાં ‘પાટણ’હતાં તે મછલીપટ્ટનમ્, વિશાખાપટ્ટનમ્... મૂળે ‘પટ્ટન’ એટલે લાંબી પટ્ટી- જમીન ઉપર વસેલું શહેર, આ પટ્ટી કે જમીન દરિયા કે નદી કિનારાની. સરવાળે નદી કે દરિયા કિનારે લાંબા પટે વસેલું શહેર તે પટ્ટનમ્- પાટણ! બધાંયે પાટણો સમૃદ્ધ અને પ્રસિદ્ધ હતાં તે એની આવી સ્થાનસ્થિતિ (સિચુએશેન)ના કારણે.” રચનાએ નામકરણ કરી આપ્યું. “બહેન, નામનો ઈતિહાસ તો કહ્યો, હવે જરા શહેર વિશે માહિતી...?” મીનાનો પ્રશ્ન. “આમ તો એવું સાંભળ્યું છે કે પાટણ ગુજરાતનું બહુ જૂનું શહેર કહેવાય છે અને અલગ અલગ વંશોની રાજધાની પણ રહી ચૂક્યું છે, ખરી વાત?” બાદલે પૂછ્યું.વંદના જાણે રાહ જ જોતી હતી- “પાટણ વસાવ્યું વનરાજ ચાવડાએ અને નામ આપ્યું અણહિલપુર તે એના મિત્ર અણહિલ ભરવાડના નામ ઉપરથી; જેની સહાયથી વનરાજે ખોયેલી રાજગાદી પાછી મેળવી.પછી અહીં સોલંકી વંશ રાજગાદીએ આવ્યો; જેમાં મૂળરાજ, ભીમદેવ, કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પ્રતાપી અને પ્રસિદ્ધ રાજાઓ થઇ ગયા. છેલ્લો રાજપૂત વંશ વાઘેલાનો અને રાજા કર્ણદેવ વાઘેલો જે કરણઘેલો કહેવાતો’તો એના રાજમાં દિલ્હીના સુલતાન





અલ્લાઉદ્દીન ખિલજીએ ગુજરાત પર ચડાઇ કરી, કરણ ભાગ્યો- હાર્યો અને ગુજરાત ઉપર સલ્તનત સ્થાપાઇ- ઇ.સ.1299 બરાબરને, બહેન?” “બિલકુલ બરાબર. ગુજરાતના ઈતિહાસ વિશે પુષ્કળ લખાયું છે- ઈતિહાસ લેખો, નવલકથા- નાટકો ઉપરાંત પ્રવાસન સુદ્ધાં પાટણ ઉપર ફીદા છે. છેક 7મી સદીથી વસેલું આ શહેર અનેક તડકાછાંયડા જોઇને આજે, વિકાસશીલ ગુજરાતનું વિકસિત ખેતીવાડીથી સમૃદ્ધ જિલ્લામથક બન્યું છે.જે કંઇ લખેલું છે તે બને તો તમારે વાંચવું જોઇએ; પેલા આગામી અભ્યાસમાં સમાવવું જોઇએ.આપણા આ પ્રવાસમાં તો આપણે મોટાભાગનાં સોલંકી-પાટણની વિરાસત ઉપર વધારે ભાર મૂકીએ છીએ. સ્થળો જોતાં જોતાં વધારે વિગતોમાં ઊતરીશું.”

રચનાએ સૌથી પહેલાં સહસ્ત્રલિંગ તળાવથી શરૂઆત કરવાનું કનુભાઇને કહ્યું. ગાડી પાટણના વર્તમાન વિસ્તારો વટાવતી, શહેરની બહાર-બહાર સરપટ દોડતી રેતીના દડ અને વૃક્ષોથી ભરપૂર ટીંબાઓ તરફ પહોંચી અને સરકારી પરિસરમાં ‘પાર્ક’ થઇ!

### *સહસ્રલિંગ તળાવ*

સરકારી કચેરી પુરાતત્વ વિભાગની હતી. નવાં-જૂનાં લીમડાનાં, પીળા સોનમહોરનાં ઘટાદાર વૃક્ષોથી ટીંબો ઢંકાયેલો લાગ્યો. કચેરીના પાછલા ભાગમાં થોડા અવશેષો દેખાયા. મીનાએ તરત પૂછ્યું: “બહેન, પેલા ખંડિત શિલ્પો ક્યાંનાં હશે?” “અત્યારે તો ખ્યાલ નથી પણ પહેલાં જોવાં દેતાં હતાં ત્યારે મોઢેરાં, સિદ્ધપુર તેમ જ અહીંનાં- સહસ્રલિંગ તળાવનાં પણ હતાં.” એ વિસ્તારના દરવાજાને મોટું તાળું જોઇને મંડળી જરા નિરાશ થઇ. જરાક જ આગળ જતાં ટીંબાની નીચે ખોદેલો-લાંબો પહોળો વિસ્તાર દેખાયો. વચ્ચે વચ્ચે સ્તંભ, ચોકીનાં ખંડેરો પણ દેખાયાં. પાસે મૂકેલા પથ્થરના બાંકડે બસીને રચનાએ પરિચય આવા માંડ્યો: “સિદ્ધપુર જોયા પછી તમે મૂળરાજ અને સિદ્ધરાજ જેવા સોલંકીવંશના પ્રતાપી રાજાઓનાં નામથી અજાણ્યાં નથી. આ



**સહસ્રલિંગ તળાવ**

નીચે દેખાય છે તે જ સહસ્રલિંગ. માનવસર્જિત હોવાથી ખરેખર તો 'સરોવર' કહેવું જોઇએ.'' ''લ્યો, હવે તળાવ અને સરોવરમાંય પાછો તફાવત છે?'' બાદલનો પ્રશ્ન હતો. ''હાસ્તો. તળાવ કુદરતી જળસંગ્રહ છે એને મોટેભાગે છૂટ્યું- ખૂલ્લું રાખવામાં આવે. ક્યારેક ખપપૂરતા ઓવારા બંધાય. બાકી તો લોકો પોતે જ પીવાનો, ન્હાવાનો, અન્ય ઉપયોગનો અને ઢોરઢાંખર માટેનો- અલગ અલગ ઉપયોગ કરવા માટે અલગ ઓવારો રાખવાનો નિર્ણય લઇ લે.''

''હા, એમાં પછી સવર્ણ-દલિતનાયે અલગ ઓવારા હોય! ગામતળાવ આખા ગામનું કહેવાય પણ એમાંય ભેદભાવ તો આજની તારીખમાં યે ચાલે.'' શેખરે કહ્યું.

''ઔર સરોવર?'' યાસ્મિને પૂછ્યું.

''સરોવર મેં કહ્યું તેમ - માણસો દ્વારા બનાવવા-બનાવડાવવામાં આવ્યું હોય. એમાં નજીકની નદીનું પાણી પહોંચાડવામાં આવ્યું હોય. પથ્થરના બાકાયદા





ઓવારા બાંધ્યા હોય, આવી કોઇ મંદિર-છત્રી જેવી આસ્થા અને આરામની જગ્યાઓ પણ બાંધી હોય. મોટેભાગે રાજાઓ-શેઠિયાઓ સરોવરો બંધાવડાવતા. નામ પણ કાં તો દાતાનું, શાસકનું રાખવામાં આવતું કાં તો પછી એની સાથે જોડાયેલી કોઇ ખાસિયતનું. જેમ કે અહીં સહસ્ર(હજાર) શિવમંદિરો સ્થાપાયાં તેથી સહસ્રલિંગ.''

''ઔર અપના કાંકરિયા?'' પરવીનને ઘર યાદ આવી ગયું!

''કાંકરિયા પણ સરોવર જ છે.એને બનાવડાવનારા સુલતાન કુત્બુદ્દીને 16મી સદીમાં બનાવડાવેલું, એટલે ''હૌઝે કુતુબ' નામ રાખ્યું.''

''પન હમ તો ઉસે 'તાલાબ' હી બુલાતે હૈં! ઐસા ક્યોં?''

''લોકો કંઇ બહેનની જેમ પિષ્ટપેષણ કરવા થોડાં જ નવરાં છે? એમને તો પાણી મળે એટલે બસ!'' હસાહસ તો થઇ ગઇ પણ હમિદે બધાંને સુધાર્યાં

''નહીં શેખર, જૈસા બેનને બતાયા, કાંકરિયામે નહાના - ધોના - ઢોરઢંગર કી વ્યવસ્થા થોડે હી હૈ?! સહી મેં, વહ 'હૌઝ' હૈ- પ્રાઇવેટ સૈર કે લિયે!''

''હમિદે બરોબર પકડ્યું.બની શકે કે આ તળાવના બીજા કોઇ ઓવારા સાર્વજનિક હોય; પણ અહીં નદી વહેતી જ હતી. એનો ઉપયોગ સાર્વજનિક હશે, જેમ સાબરમતીનો છે. લોકો પણ શિસ્ત પાળતા જ હશે. આપણે તેરા ગયાં ત્યારે ત્રણ તળાવના ત્રણ ઉપયોગ અલગ અલગ જ હતા ને?!'' મીનાએ પાછી ગાડીને પાટે ચઢાવી- ''બહેન, આ કોણે બંધાવ્યું?

''સામાન્ય રીતે તો સિદ્ધરાજ સોલંકીએ 11મી સદીમાં બંધાવ્યાનું કહેવાય છે. એમ જ ભણાવાય છે પણ એક જરા જૂની પરિપાટીના કહેવાય એવા ગુજરાતી ઇતિહાસ લેખકની ધારણા મને વધારે સાચી લાગે છે- બની શકે કે આખો વિચાર(આઇડિયા) મૂળરાજનો હોય, કદાચ એણે શરૂ પણ કરાવ્યું હોય પણ પૂરું કરનાર સિદ્ધરાજ સોલંકી હોય. બંને દાદા-પૌત્ર સરખા જ, પરમ શિવભક્તો હતા.''

‘‘અરે, આ તો સિદ્ધપુર જેવું જ- મતલબ કે રૂદ્રમાળ જેવું!’’ વિલ્સને યાદ કર્યું, જોડી આપ્યું.’’

‘‘બરાબર.આખા સરોવરનો ઘાટ ચાવી જેવો છે એમ કહેવાય. આગળ ટીંબાની પેલી તરફ ‘રૂદ્રકૂપ’ છે જેને મૂળ જળસ્થાન કહેવાય; ત્યાં પણ પેલી સરસ્વતી નદીમાંથી પાણી આવતું. પછી એને ચાવીના લાંબા હિસ્સાની જેમ આ લાંબો જળમાર્ગ બનાવીને વહેવડાવ્યું હતું અને આખા જળમાર્ગ ઉપર 1008 નાનાં શિવમંદિર-દહેરીઓ-બનાવડાવેલાં, વચ્ચે છત્રીઓ કે વિસામા પણ હતા. નૌકા દ્વારા આખા સરોવરમાં ફરી શકાતું. જૈન પ્રબંધ સાહિત્યમાં આ સ્થળનું બહુ સરસ વર્ણન આપેલું છે.’’

મિત્રો રસપૂર્વક સાંભળતાં રહ્યાં અને નીચે દેખાતા પથ્થરના સ્તંભો - ચોકી વગેરે સાથે આ માહિતી સાંકળતાં ગયાં. ‘‘આ ચોરસ બેઠકો જેવું છે ત્યાં પણ મંદિરો જ હશે?’’ વંદનાનો પ્રશ્ન.

‘‘હા, આખું સરોવર શ્રદ્ધા સંતોષવાનું સ્થાન હતુ. પ્રબંધોમાં તો રાજકુટુંબો પૂજા કરતાં એવું લખ્યું છે. શક્ય છે, ઉત્સવો-પર્વો વખતે નગરજનો પણ ભાગ લેતા હશે; એ લોકમેળાનાં લેખિત વર્ણનો પણ મળે છે.’’

આ તળાવ સાથે પેલી બે લોકકથાઓ છે એની વાત કરોને!’’ શેખરે જાણે યાદ દેવડાવ્યું.

‘‘જરૂર! એ ભલે દંતકથાઓ હોય પણ એમાંના ઐતિહાસિક મુદ્દાઓ તો અંકે કરવા જ પડે.’’

‘‘એવી કઇ વાર્તાઓ છે?’’ મીનાને હંમેશાં કૌતુક તો હોય જ!

‘‘આમ તો તમે જાણતા પણ હશો, કંઇક સાંભળ્યું-વાંચ્યું પણ હશે જ. પણ જગ્યાના સંદર્ભ સાથે નવેસરથી સાંભળશો તો વધારે અર્થપૂર્ણ બનશે.’’ રચના. વાર્તારસ કોણ છોડે? બધાં પેલા બાંકડા ઉપર ગોઠવાયાં. રસથી સાંભળવા લાગ્યાં.





બંને દંતકથાઓ આ સરોવરને લગતી જ છે. કંઇક અંશે સિદ્ધરાજે જ આ સરોવર બંધાવડાવ્યું એ તથ્યને ઉજાગર કરનારી છે. એ જ ક્રમમાં વાત કરીએ. પહેલી કથા છે ‘જસમા ઓડણ’ની.’’ આટલું કહેતાંમાં જ મિત્રો ઊછળી પડ્યાં. ‘‘ઓહો! એ? એની તો ખબર છે!’’ - ‘‘એનું તો ગુજરાતી પિક્ચર પણ છે ને?’’ ‘‘હા, એ જ. ઓડ સમુદાય માટી ખોદવાનું કામ કરે. રાજસ્થાનથી રોજી રળવા આ તરફ એ લોકો આજે પણ આવે છે. ત્યારે પણ આવતાં. માટી ખોદનાર, માટી સારનારી મજૂર સ્ત્રીઓની જાતીય સતામણી અને રીતસરનું શોષણ મુકાદમો-માલિકો-સાથેના કામદારો સુદ્ધાં આજે પણ કરે છે અને ત્યારે પણ કરતા! ફરક એટલો કે મધ્યકાળના રાજાઓ પોતાને ‘અન્નદાતા’, ‘ગોબ્રાહ્મણ પ્રતિપાળ’ કહેવડાવતા...’’

‘‘મતલબ?’’ આમિરનો પ્રશ્ન... બધાંનો પ્રશ્ન!

‘‘મતલબ કે રાજા ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરનારો છે!’’

‘‘સ્ત્રીઓનું નહિ!?’’ વંદનાએ વેધક રીતે કહ્યું.

‘‘નહિ સ્તો! એ તો જમાનાજૂની ટ્રેજેડી છે.’’ શેખરની વાતમાં ધાર હતી.

‘‘પછી તો જસમાએ કૂડી નજરવાળા રાજાને શાપ આપ્યો- આ સરોવરમાં પાણી જ નહિ આવે! કોઇ કહે છે કે બીજો શાપ પણ આપ્યો કે તું (રાજા) નિઃસંતાન રહીશ. સિદ્ધરાજ નિઃસંતાન હતો એનું આ કથામાં જસ્ટીફિકેશન મળે છે. આવી દંતકથાઓ બે મુદ્દા ઉપર પ્રકાશ ફેંકે છે - એક તો સ્ત્રીઓ પ્રત્યે રાજાઓનો દૃષ્ટિકોણ અને ગરીબ, કંગાળ, મજૂરણની ખુમારી.’’

‘‘તો ક્યા સરોવર સૂખા હી રહ ગયા?’’ હમિદનો સવાલ.

‘‘ના, કદાચ શાપની ક્ષણથી જ રાજાએ શાપ મિટાવવાના રસ્તા પણ શોધવા જ માંડ્યા હશે! પુરાણોમાં અને લોકકથાઓમાં હંમેશા શાપની સાથે શાપનું નિવારણ (દૂર કરવાનો ઉપાય) પણ અપાયો છે. રાજાનાં પુરોહિતોએ તળાવમાં બત્રીસ લક્ષણાનો ભોગ આપશો તો પાણી આવશે એવો તોડ કાઢી

આપ્યો. બત્રીસ લક્ષણાની ખોજ કરતાં પાટણના પાદરે રહેતો ‘માયો ઢેડ’ હાથમાં આવ્યો.’’ ‘‘આ જોયો ને ન્યાં?! લોકોએ રાજાને નહિ- ઢેડને બત્રીસ લક્ષણો બનાવ્યો અને એનો ભોગ લેવો એટલે?! ઢેડને મારો ને પાટણને તારો!’’ શેખર. ‘‘એનો બીજો અર્થ એમ પણ થાય ને, કે દલિત સમાજનો યુવક ગુણવાન હતો- કોઇ રાજકુમાર કે શેઠિયો નહિ! લોકકથા એવો ન્યાય પણ કરે છે ને?’’ વિલ્સનને બધાંમાંથી સારું તારવવાની ટેવ.

‘‘તો! છેવટે માયા દલિતે બલિદાન આપ્યું?’’ મીનાનો પ્રશ્ન.

‘‘હા, પાટણની પ્રજાને ખાતર એણે વધેરાઇ જવાનું પસંદ કર્યું પણ એ પહેલાં એણે શરત મૂકી- અમારા લોકોને (દલિતો / ખાસ વાલ્મિકી સમાજ) સદીઓથી, પરંપરાગત રીતે, પોતે અછૂત છે એ જાહેર કરવા માટેનાં કેટલાંક ચિહ્નો પહેરવા પડે છે એ નાબૂદ કરો.’’ શેખરે વાર્તાને આગળ વધારી.

‘‘ક્યા! ચિહ્નો? મતલબ?’’ પરવીનનો પ્રશ્ન.

‘‘નિશાનીઓ. એ સમયે દલિતોએ અમુક નિશાનીઓ ધારણ કરવી પડતી હતી- જેમ કે પોતાનું થૂંક બીજાને ઊડે તો બીજા અભડાઇ જાય. તે માટે ગળામાં કુલડી બાંધવી પડતી- પોતાનું થૂંક થૂંકવા. પછી ત્રણ બાંયની બંડી પહેરવી પડતી કેમ કે બે હાથ તો માણસને હોય, ચોપગાં જાનવર પણ દલિતથી ઊંચાં- ઘરમાં રાખીએ, ખોળે બેસાડીએ, બકી કરીએ - ખૈર, દલિત માણસેય નહિ ને જાનવરેય નહિ- એટલે ત્રણ બાંય! ત્રીજી નિશાની હતી ફાળકો! માટે ફેંટો-પાઘડી તો ના જ પહેરાય, એ તો ઊજળિયાતો જ પહેરે ને! ફાળિયુંયે ના પહેરાય-શૂદ્રો પહેરે! દલિતો તો પંચમ-પાંચમી જાતિ; એણે માથે એક કટકો માત્ર વિંટવાનો એ ફાળાકો! કોઇ ગૌરવનું ચિહ્ન એની પાસે ના હોવું જોઇએ!’’- શેખર. ‘‘ઔર ચૌથા?’’ ‘‘ચોથું તો મારે મન ભૂંડામાં ભૂંડું! કમ્મરે ઝાડૂ બાંધી રાખવાનું. જ્યાં જ્યાં જાય ત્યાં એના પગલાં ધૂળમાં - માટીમાં-જમીન પર પડ્યાં હોય તેને ભૂંસતાં જવાનું- એના પગલાંમાં કોઇનું પગલું પડે તે અભડાઇ ના જાય ને,





એટલે!’’ ચારેય શરતો કહેતાં શેખર સદીઓ જૂના અપમાનથી ધ્રૂજતો હતો! મંડળીમાં સોપો પડી ગયો.

રચનાએ દોર સંભાળી લીધો- ‘‘આમ, પોતાના લોકોનું કલંક દૂર કરાવીને માયો શહીદ થયો, સરોવરમાં પાણી આવ્યું, પ્રજાની તરસ છિપાઇ.’’

‘‘પણ જયજયકાર તો સિદ્ધરાજ જયસિંહનો થયો ને?’’ બાદલે ટીખળ કરી.

‘‘કાશ, માયાને અપને લોગોં કે લિયે જરા ઝ્યાદા હી માંગ લિયા હોતા કિ જાઓ, હમ યે ઝાડૂ-ટોકરા હી નહીં છૂએંગે!’’ હમિદે તરંગ કર્યો. મિત્રોએ હામી ભરી. રચનાએ કહ્યું- ‘‘શક્ય જ નહોતું. આજથી હજાર વર્ષ પહેલાં બ્રાહ્મણવાદ તો ચરમ સીમા પર હતો. જ્ઞાતિવ્યવસ્થા એવી જડબેસલાક હતી કે એની સામે પડવું મુશ્કેલ હતું. મનુ મહારાજે બનાવેલી વ્યવસ્થાના કિલ્લાની કાંગરી ખેરવવી એટલે!? એમાં એણે આટલી શરત કરી એ પણ બહું મોટું સાહસ હતું. આ વાયકા હોય તોયે આવું સાહસ કરનારો ખરે જ ‘વીર’ કહેવાય.’’

‘‘એટલે સ્તો, માયાને શહીદ વીર માયા જ કહેવાય છે ને?’’ શેખરના અવાજમાં ગૌરવ હતું.

‘‘પૂરું કરતાં પહેલાં બે મુદ્દા જે મહત્વનાં લાગે છે, તે કહું- ‘‘ત્યારથી જ, એમ પાકું ના કહેવાય પણ એટલું તો ખરું કે ગુજરાતનાં દલિતોને ચાર ચિહ્નો વર્ષોથી નથી પહેરવાં પડતાં. જો કે દુઃખની વાત એ છે કે કહેવાતા સવર્ણ ઇતિહાસકારો એક તો આ દંતકથાનો સદંતર અસ્વીકાર કરે છે; જો કે દુઃખની વાત એ છે કે દલિતોનાં આ ચિહ્નો વિશે તો એક હરફ નથી પાડતા. બીજી તરફ દલિત ઇતિહાસના અભ્યાસુઓ-વિદ્વાનો-સર્જકોએ પણ આ દંતકથાને જ દસ્તાવેજ માની છે.એમની પાસે તો લેખિત પુરાવા હોય જ નહિ ને?! ખૈર, વીર માયાની આ વાર્તાને ક.મા.મુનશી, દુર્ગાશંકર શાસ્ત્રી વગેરેએ તો ગણકારી જ નથી.’’ રચનાએ પૂરું કર્યું. થોડી પળોના મૌન પછી વંદનાએ કચવાતા સૂરે કહ્યું- ‘જોયું? હું તો ક્યારની કહેતી રહી છું કે આવું તેવું જાણ્યા પછી જોવાલાયક સ્થળોની મજા જ મરી જાય છે!’’

"અરે મિત્રો! તમે લોકોએ 'ભવની ભવાઇ' ફિલ્મ નથી જોઇ?" રચનાનો પ્રશ્ન.

"જોઇ છે - જવા દો ને વાત! અમારાં ભૂલાયેલાં અપમાનોને જગજાહેર કર્યાં.ને દુનિયાભરના એવોર્ડો લીધા!" શેખર. બાકીનાં મિત્રો જાણે અજાણ હતાં.

"આ તો બધાં મિત્રો જોશે પછી જરૂર ચર્ચા કરીશું! અરે આમિર, તેં પણ નથી જોઇ?"

"ના… મૈં ગુજરાતી પિકચર કહાં દેખતા હૂં? પર બેન, મુઝે દૂસરા મુદ્દા કહના હૈ! યહ રાજા સિદ્ધરાજ તો ઉસકે પૂરે જનમમેં 'વિલન' હી લગતા હૈ! યહાં પર દો દો કિસ્સે, ઉધર જૂનાગઢમેં રાણકદેવી પર લટ્ટૂ હોને કી કહાની, ફિર ઉસકે દો રાજકુમારોં કો બેરહમીસે માર દેનેકા કિસ્સા… વાહ! ઉસકે લિયે સારે રોલ નેગેટિવ હી હૈ." બધાં હસી પડ્યાં. રચનાએ ત્યાંથી જ મુદ્દો ઉપાડ્યો- 'એટલે જ ગુજરાતી ભાષાના સાહિત્યકારોએ સિદ્ધરાજનો મહિમા કરતી નવલકથાઓ લખી છે ને… ધૂમકેતુ- ક.મા.મુનશી..! પણ લોક તો લોક છે! કોઇની શેહશરમ નથી રાખતા."

વંદનાના મતે આવુંતેવું જાણ્યા પછી સહસ્રલિંગ જોવાનો 'મૂડ' જરા ખાટો થઇ ગયો હતો પણ રચનાએ સૌને પેલી ધ્રુવ પંકિત યાદ કરાવી કે બંધાવનારા નહિ, બાંધનારાંઓની કલા-કારીગરી અને મહેનતનો મહિમા કરતાં શીખવાનું છે- એ વાક્યના અજવાળે સૌએ ફરીફરીને હજાર વર્ષ જૂની સૂઝબૂઝનો પરિચય મેળવ્યો. માત્ર મંદિરો- સ્તંભોના અવશેષો જ નહિ; ત્યાં પાણી પહોંચાડનાર 'રૂદ્રકૂપ' જોયો. પાણી વહી લાવનાર ગરનાળાં પણ જોયાં; જેની કોતરણી અને શિલ્પશૈલી કાંકરિયાનાં ગરનાળાંની યાદ અપાવી ગઇ. મિશ્રણ કે પછી સલ્તનતના સમયની દેણ? કોણ જાણે?!

ત્યાં પાછળના ટીંબે MANREGA કાર્યક્રમ અંતર્ગત કંઇ ખોદકામ ચાલી રહ્યું હતું એવું જાણવા મળ્યું. ખાડા ખોદતા ગ્રામીણ સ્ત્રી-પુરુષો પાસે પહોંચી ગયેલી





મંડળી તપાસ કરી લાવી કે અહીં આખું પ્રાચીન તળાવ એના મૂળ રૂપમાં દેખાય એવા પ્રયાસો સરકાર અને પ્રવાસન તરફથી ચાલી રહ્યા છે અને આ ખોદકામની રોજગારી પેલા મનરેગા હેઠળ અપાય છે.

રચનાએ કહ્યું કે, "આ એક રીતે પુરાતત્વને ઉપયોગી નીવડશે. તમને કહેવાનું કદાચ રહી ગયું છે કે આપણે ત્યાં, જૂના કાળમાં પણ દુષ્કાળ વખતે, રેલ(પૂર) વખતે જે રાહતકામો ચલાવાતાં તેમાં સાર્વજનિક સ્થળો- તળાવ, કૂવા, વાવ પણ ગળાવાતાં. કયારેક મહેલો અને મંદિરો પણ રાહતકામ તરીકે બંધાયાં છે. અમદાવાદનો શાહીબાગ મહેલ એનો જાણીતો દાખલો છે."

લગભગ 3 થી 5 કિ.મી.જેવો વિસ્તાર ફરીને મંડળીને રચના ત્યાંથી પણ આગળ, સરસ્વતીના તટે લઇ આવી. એક રૂપકડા સ્થાપત્યના ખંડેરની આગળ સૌ ઊભાં હતાં. 15મી સદીમાં થઇ ગયેલા શેખ ફરીદની મઝાર હતી.ખૂબ નાજુક કોતરકામ, કમાનો અને તૂટેલા થાંભલાને શોભાવતું હતું. ભીંતો જમીનદોસ્ત હતી. ઝાંખરાંમાં અટવાયેલી મઝાર સાવ રઝળી પડી હતી. "સૂફી સંતનો મહિમા અહીં સલ્તનત દરમ્યાન જગ વિખ્યાત બનેલો. એની શૈલી સમન્વયની પણ ગુજરાતના જાણીતા ઇતિહાસકારે એ નોંધવાને બદલે એને હિંદુ સ્થાપત્ય ઉપરની ચડાઇ તરીકે વર્ણવી છે એ અફસોસની વાત છે. વીસમી સદીના ગુજરાતી હિંદુ ઇતિહાસકારોએ પેલા પશ્ચિમના વિદ્વાનો પાસેથી થોડીઘણી ઉદાર દૃષ્ટિ પણ વારસામાં લીધી હોત તો?…" રચનાએ સરસ્વતીના વિસ્તીર્ણપટને બતાડ્યો અને કહ્યું કે સોલંકીકાળમાં અહીં એટલાં ભરપૂર પાણી હતાં કે વહાણવટુંય ચાલતું હતું અને અહીંના લોકો સિદ્ધપુર, મોઢેરાની અવરજવર પણ નાવડીમાં બેસીને કરતાં.

અત્યારે તો ક્યાંક કોથમીર-સક્કરટેટીનાં ખેતરો દેખાતાં હતાં બાકી તો રેત ઊડાડતો, સૂસવતો પવન પેલી કહેવાત રહી રહીને કાનમાં ફૂંકી રહ્યો હતો- પટ્ટન સો દટ્ટન!

## વાવ? મંદિર? કલાભંડાર?...

રાણી વાવના નવા પરિસરમાં મંડળી ઊભી હતી. ધૂળિયા ટીંબાને સિંચી સિંચીને કરેલી મઝાની લીલોતરી (લોન) અને ફૂલછોડની શોભા ચોમેર પથરાયેલી હતી. બાંકડા વગેરે સુઘડ રીતે ગોઠવેલા હતા. સૌથી વધુ તો પ્રવાસન નિગમ અને પુરાતત્વ વિભાગનાં, વ્યવસ્થિત રીતે ત્રણ ભાષામાં લખેલાં માહિતી પથ્થરો અલગ અલગ અંતરે ગોઠવેલા હતા; જે સ્થળને ઐતિહાસિક ચોકસાઇપૂર્વક જાળવવાની અને રજૂ કરવાની છાપ ઊભી કરતા હતા.

"કેમ ન કરે? હવે તો રાણીવાવનું સ્થાન વૈશ્વિક વારસાના સ્મારક તરીકે જગજાહેર થયું છે." (વર્લ્ડ હેરિટેજ મોન્યુમેન્ટ). આ કહેતી વખતે ધીરજના સ્વરમાં ગૌરવ હતું.

"આ વાવ 'રાણકી વાવ' તરીકે સ્થાનિકોમાં જાણીતી છે. જૈન પ્રબંધો અને ઈતિહાસગ્રંથોમાંયે 'રાણી વાવ' કહેવાયું છે. હવે ક્યાંક 'રાણી કી વાવ' પણ વાંચવા મળે છે, તે આ રાષ્ટ્રીય પ્રભાવ-પ્રચાર!"

"વિશ્વ-વિરાસત થયા પછી જ આ ટિકિટ ને બધું થયું હશે ને?" શેખરે અર્થપૂર્ણ રીતે સ્મિત સાથે પૂછ્યું, રચનાએ હકારમાં જ જવાબ દેવો પડે ને?! "પાર્કિંગ-ચાર્જ પણ ખરો જ! આપણા રૂપિયા ને બહારનાં યુરો-ડોલર." આગળ વધેલી મંડળી પેલાં ગ્રેનાઇટનાં પાટિયાં



**રાણી વાવ**





વાંચવા લાગી. સોલંકી રાજા ભીમદેવની રાણી ઉદયમતીએ ઇ.સ.1063માં આ વાવ બંધાવડાવી. પાટિયાં ઉપર શૈલી વગેરેની માહિતી પણ હતી જે જાતે જોયા વગર પોથીમાંના રીંગણાં જેવી હતી.

લીલોતરી માણતાં સૌ આગળ વધ્યાં. ખુલ્લી કરેલી વાવ તરફ પહેલી નજર નાંખતાં જ આશ્ચર્યથી આંખો પહોળી થઇ જાય એવું હતું. ઊંડી લાંબી, ચાવી આકારની વાવના સામા છેડે કૂવો હતો, સાત માળનું સ્થાપત્ય દેખાતું હતું અને આ તરફ જ્યાં ઊભાં હતાં ત્યાંથી બંને તરફની વાવની દીવાલો પારંપરિક સ્તર-આયોજનથી ભરચક હતી. નીચે જઇને એક એક શિલ્પ નિહાળ્યા વગર સંતોષ થાય તેમ નહોતો. પ્રત્યેક માળને ખુલ્લી અગાશી જેવી છત હતી. કદાચ પહેલાં ઘુમ્મટ હશે, એવી જગ્યા ખાલી હતી. વિશ્રામ કરવાના ઓરડા બંધ નહોતા. છેક ઉપરથી આખી સંરચના (સ્ટ્રક્ચર) ખૂલ્લી- મોકળી અને વિશાળકાય લાગતી હતી.

"વર્ષો પહેલાં, બલકે સદીઓ પહેલાં આવું બાંધકામ, આવી સંરચના અને તેય ભોંયતળિયે (અન્ડરગ્રાઉન્ડ)... આખું કામ કલાસૂઝ જ નહિ; સાહસ પણ માંગી લે તેવું હશે નહિ?" વિલ્સન વાવનું વિહંગાવલોકન કરતાં જાણે મનોમન પ્રશંસા કરતો હતો.

"હવે ચાલ નીચે; નજીક જઇને જો, પછી બબડજે"... બાદલે એને ખેંચ્યો.પ્રવાસન અને ASI એ સફાઇ કરાવીને, પ્રવાસીઓની સગવડ માટે વાવની ભીંતોને પથ્થરથી બાંધી દીધી છે અને ધારેધારને બાંધીને સુરક્ષિત કરી લીધી છે. જૂનાં પથ્થરનાં પગથિયાં સાથે થોડાં નવાં ઉમેરીને પ્રવેશને સલામત બનાવ્યો છે. "અરે, આ પગથિયાં જોયાં? પથ્થરોને જોડવા માટે લાકડાના ખીલા વાપર્યા છે. સાગનું લાકડું હોવું જોઇએ; નહિ તો આટલું ટકે નહિ!" શેખર.સડેડાટ ઊતરતી મંડળી ત્રીજા માળની અગાશીએ જઇને અટકી. સામે છેક કૂવાની ગોળાકારે ઘડાયેલી, શિલ્પખચિત દીવાલની વચ્ચોવચ વાવના ઈષ્ટદેવ શેષશાયી વિષ્ણુ પોઢ્યા હતા. "ગુજરાતની બધી વાવોના ઈષ્ટદેવ છે વિષ્ણુ. આમ પણ આ વાવમાં વિષ્ણુનું વધારે

મહત્વ છે. આ બધી મૂર્તિઓ જોશો ત્યારે વધારે ખ્યાલ આવશે.'' રચનાએ ધ્યાન દોર્યું.

અમુક માળથી વધારે નીચે ઉતરવાનો પ્રતિબંધ હતો. જીર્ણતાને લીધે હશે. પાણી તો અંદર નહિવત્ હતું. પણ કૂવાની ભીંતોની શોભા જ એવી અદ્ભુત હતી કે કશું બીજું નજરે નહોતું ચડતું અને સામે જેટલું સૌન્દર્ય ખડું હતું તે નજરમાં નહોતું સમાતું.

''બહેન, ઇ.સ.1063માં બંધાયા પછી વાવનું શું થયું હશે? આ શિલ્પ તો લગભગ અકબંધ અને ઘસારા વગરનું લાગે છે!'' મીનાએ પૂછ્યું ત્યારે રચનાએ પટ્ કહ્યું- ''પછી શું થયું એ અનુમાનનો વિષય નથી. પેલી પાસે વહેતી સરસ્વતીએ વહેણ બદલ્યું હશે કાં તો રેલ(પૂર)નાં પાણી બધે ફરી વળ્યાં હશે. આખેઆખી વાવ ભૂગર્ભમાં- રેતીના દડ નીચે દટાઇ ગઇ હશે, ઢંકાઇ ગઇ હશે. આસપાસ રેતાળ ખડકો અને ટીંબા છવાયેલા છે એ તેનો પુરાવો છે.''

''પછી બહાર ક્યારે નીકળી? મતલબ કે આને ક્યારે ખોલી?'' ધીરજે પૂછ્યું.

''બ્રિટીશ-અંગ્રેજી અધિકારીઓ અહીં સર્વે વગેરે માટે ફરતા હતા ત્યારે પથ્થરની આડી પાટો જેવું જોયું.સ્થાનિક લોકોએ કૂવાનો ખાડો પણ ચિંધ્યો. સાથે સાથે ગુજરાતના સાહિત્યકારો, ઇતિહાસ લેખકો પણ પાટણની શોધમાં હતા. રાજસ્થાનનો ઇતિહાસ લખનાર કર્નલ ટોડને ખોળતાં ખોળતાં પાટણનાં જૂના અવશેષો મળ્યાં''

મતલબ પૂરા શહર હી બાદમેં ઢૂંઢા ગયા? લોથલ કી તરહ?'' હમિદે પૂછ્યું. ''ના, ના, ગામ પાટણ તો અહીંથી દૂર જ્યાં છે ત્યાં હતું જ પણ પુરાણી પાટણ નગરી-અણહિલવાડ- જેનાં વર્ણનો જૈન ઇતિહાસગ્રંથો અને પ્રબંધ સાહિત્યમાં મળે છે તે પાટણ વર્ષોનાં પડ નીચે, આમ દટાયેલું હતું. અંગ્રેજોએ 1920માં અહીં ધ્યાન કેન્દ્રિત કર્યું. સાહિત્યકારો અહીં ટુકડી લઇને જોવા આવેલા. નરસિંહરાવ દિવેટિયા નામના કવિએ પાટણના હાલહવાલ અને રાણી વાવનાં





હાડપિંજર પર કવિતા લખેલી. જો કે આટલો બધો વિસ્તાર હશે, ખરા અર્થમાં નગરની ઉત્તમ બે કલાકૃતિઓ આ વાવ ને પેલું સરોસર- અહીં મળશે એવો ખ્યાલ નહોતો. ટીંબા જો કે બહુ શક્યતાઓવાળા લાગ્યા હશે ખરા!''

''કેમ, પેલા મુનશીજીએ ગુજરાતની અસ્મિતામાં વાવનો ઉલ્લેખ નહોતો કર્યો?''

''ના શેખર. મુનશીએ તો પાછળથી કબૂલ્યું પણ હતું કે એમણે નવલકથાઓ લખતાં પહેલાં પાટણ જોયું પણ નહોતું!''

''પછી... બહેન, ખોદકામ થયું ક્યારે?'' વિલ્સને ગાડીને પાટા પર અણી.

''આઝદી મળી પછી, વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (M.S.U.)ના પુરાતત્વ વિભાગ અને ASI એ મળીને 1960ની આસપાસ ખોદકામ શરૂ કરાવ્યું. ધીમેધીમે ખજાના ખૂલતા ગયા- સહસ્રલિંગ તળાવ પહેલાં ખૂલ્યું ને સાથે સાથે રાણી વાવ. તળાવમાં તો હજી વધુ ખોદાણ, વધુ સફાઇ આજની તારીખમાં ચાલુ છે એ આપણે જોયું પણ આ વાવને ક્રમે ક્રમે ખૂલતી તો મેં જોઇ છે. હું 1983માં પહેલી વાર આવી ત્યારે જે અને જેટલું જોવા મળ્યું હતું એ પછી તો વરસોવરસ ખૂલતી ગઇ ને આજે જે સામે છે એની તો કલ્પનાયે કરવી શક્ય નહોતી! અદ્ભુત!''

''આ બધું તો છેલ્લાં 15-20 વર્ષમાં ડેવલપ થયું, નહિ? પ્રવાસન અને અસ્મિતાવાળી સરકારના પ્રતાપે! હેરિટેજ તરીકે જાહેર કરવાની મથામણ પણ ખાસી ચાલી પણ છેવટે વાવને વિશ્વસ્મારક બનાવી ત્યારે જંપ્યા!''

''પણ શેખર, ખરેખર આ તો વાવોની રાણી છે; આખા ગુજરાતનાં સમગ્ર સ્થાપત્યમાં ઉત્તમ છે એમાં કોઇ શંકા નથી.'' રચનાએ પૂરું કર્યુ.

અગાશીથી ઉપર ચડીને પાછાં વળતાં મિત્રોએ વાવની બંને- ત્રણે બાજુની દીવાલો ઉપર હિંદુ દેવમાળાની અપ્રતિમ પ્રતિમાઓ જોઇ- ગણપતિ, શિવ-પાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી, ઇન્દ્ર-ઇન્દ્રાણી, બ્રહ્મા, સરસ્વતી, યોગિનીઓનાં

અસંખ્ય શિલ્પો એટલી સુંદર અને સપ્રમાણ રીતે ગોઠવાયેલાં કે ખીચોખીચ ગોઠવણી હોવા છતાં ગીચતા નહોતી દેખાતી.

ઉપર ચડતાં ચડતાં, ગ્રાસપટ્ટીઓ (સાઇડની પેનલ્સ)માં કોતરાયેલું સૌન્દર્ય મંડળીની રાહ જોતું હતું જાણે! પથ્થરમાં કોતરેલી હજાર વર્ષ જૂની સુંદરતા સજીવન થતી હતી. અહીં વિવિધ મુદ્રાઓ સાથે, અંગભંગ કરતી નર્તકીઓ હતી, વાદ્યવાદિકાઓ હતી, નહાતી-વસ્ત્ર પહેરતી-આભૂષણ પહેરતી-કાજળ આંજતી- દર્પણ નિહાળતી- નટખટ નખરાં કરતી સુંદરીઓ હતી. માનવથરની જુદી જ તરાહ (પેટર્ન) તરફ રચનાએ ધ્યાન દોર્યું કે અહીં પારંપરિક માનવથર નથી. શામળાજીમાં શ્રમજીવન, પ્રસૂતિ વગેરે જોયું તે નથી. કદાચ આ વાવ બની હશે ત્યારે મંદિરની સ્તરયોજના વધુ દઢ કે પ્રચલિત નહિ બની હોય?''

એ જ સ્તરમાં વિષ્ણુના દશાવતાર જોવા મળ્યા. ''આ તો વડનગરમાં જોયા હતા, એ જ ને? પણ આ તો જુઓ- કેટલા સુંદર ને બારીક છે? આ તમામ અવતારના ચહેરા કેવા પ્રસન્ન છે! ઝીણી ઝીણી વિગતો પણ કેટલી ચોકસાઇથી કોતરી છે ? કપડાંના સળ, અંદરની ડિઝાઇન, વાળનાં ગૂંચળાં, દાગીનાની ડિઝાઇન, મોતીના મણકા, ઓહોહોહો!'' વંદના જોતાં ધરાતી નહોતી!

''ઔર યે દેખો, સારી મૂર્તિઓ કે નાક-નકશ કિતને તીખે હૈં- નાખૂન ઔર ઉંગલીયોં કી નઝાકત તક પથ્થરમેં સમો દી ગઇ હૈ!'' આમિર આફ્રિન હતો. ''આમ તો વાવ વહેવારૂ ઉપયોગનું સ્થળ કહેવાય; એને સાવ સાદી રાખીએ તોય શો ફરક પડે છે? ચાલોને,



**કોતરાયેલું સૌન્દર્ય**





થોડીક આંખને ગમે તેવી કોતરણી કરીએ તોય ઠીક; પણ અહીં તો અધધધ... કોઇ પણ મંદિરની સાથે સ્પર્ધા કરે એટલું અને એવું શિલ્પકામ છે!'' બાદલે સરવાળો કર્યો. ''પાણી ભરનારીઓ, વિસામો લેતા વટેમાર્ગુઓ અહીં ફક્ત પોતાની પાણીની જરૂરિયાત જ પૂરી કરવા થોડાં જ આવતાં હશે? સાથે સાથે આ બધાં દેવ-દેવીનાં દર્શન કરીને ધન્ય થતાં હશે, અપ્સરાઓ અને સુંદરીઓની સુંદરતા જોઇને ખુશ થતા હશે અને જીવનને સભર પણ કરતા જ હશે.'' ધીરજે જાણે લોકજીવનમાં આ વાવની મહત્તાને શબ્દોમાં મૂકી આપી. ''આવી અદ્‌ભૂત વાવ બનાવડાવીને રાણી તો અમ્મર થઇ ગઇ ગઇ!'' મીના. ''હાસ્તો, રાજા ભીમદેવને ઇતિહાસની ચોપડીઓમાં જ જગ્યા મળી પણ રાણી ઉદયમતીનું નામ તો લોકજીભે રમતું થઇ ગયું!'' વંદનાને જાણે સંતોષ થયો.

''એક મુદ્દો મને દરવખતે સૂઝતો હતો; આજે શેર કરું? મને લાગે છે કે બંધાવ્યા પછી વાવ બહુ વપરાઇ જ નહિ હોય, નહિ તો આ બધાં શિલ્પો ઉપર અસર થયા વગર ના રહે! વળી રેતીનાં દડે પણ એની ભૂમિકા ભજવી છે. તરત જ પૂર આવ્યું હશે ને બધું ઢંકાઇ ગયું હશે! લોકવપરાશનો ઘસારો પડ્યો હોત તોયે વાવ આટલી 'અખંડ' ના રહી હોત... ખેર!'' ''મેરે ખયાલ મેં તો યહ અચ્છા હી હુઆ કિ વાવ રેતમેં દબ કર છિપ ગઇ! વરના વો ગઝની, વો ખિલજી, ના જાને કિતને સુલતાનોં સે ક્યા બચ પાતી?!'' આમિરે ધડાકો કર્યો ત્યારે શેખરે ડબલ ધડાકો કર્યો- ''હા, તારી વાત સાચી પણ આ કૂવામાં જો સોનું-ચાંદી-હીરા-ઝવેરાત હોત તો એ બધાંએ તો શું, અહીં રાજ કરવા આવેલા ગાયકવાડ-પેશ્વા જેવા શિવાજીના વારસદારોએય આને ના છોડી હોત!'' મંડળીમાં હો-હા! પણ પણે તો જુઓ; વિલ્સન તો હજી પેલી અગાશીમાંથી આખી વાવને નજર ભરીને જોઇ રહ્યો હતો. બધા ત્યાં પહોંચ્યા ત્યારે જાણે બધાં વતી કહી રહ્યો હતો- ''સલામ છે એ શિલ્પીઓને, જેમણે આ અપરંપાર સુંદર મૂર્તિઓ ઘડી; એમનું નામ તો આપણે નથી જાણતાં પણ પથ્થરનાં કણ કણમાં એ કોતરાયેલું છે. સલામ તો એ પુરાતત્વના વિદ્વાનોને, જેમની ઝીણું જોતી અંખોએ આ ખજાનો પારખ્યો અને એથીયે મોટ્ટી-બુલંદ સલામ એ સફાઇ કરવાવાળાઓને, જેમણે ખૂબ જ સંભાળપૂર્વક, હળવા

હળવા હાથે, હજારો વર્ષ જૂનાં ધૂળમાટી હટાવીને આ સુંદરતાને ઉજાગર કરી.''

આમ તો સૌન્દર્યના એ વટવૃક્ષ નીચે કલાકો નીકળી જાય પણ સમય કંઇક બીજું સૂચવતો હતો. શક્ય એટલું શિલ્પલાવણ્ય કેમેરેમાં કંડારીને મંડળી બહાર આવી.

## પાટણ સંગ્રહાલય

### *સ્થળ નવું પણ વારતા જૂની!*

''આપણાં નાનાં શહેરોનાં નાનાં મ્યુઝિયમો કેમ અધૂકડાં અને અપૂરતી માહિતીવાળાં હોય છે?'' બાદલને પાટણનું નવું જ બનાવેલું, આધુનિક ઢબછબનું મ્યુઝિયમ જોઇને બહાર નીકળતાં પહેલાં સવાલ આ થયો.

''કદાચ વિકાસના આયોજનમાં કે પ્રવાસનના ટેકામાં એને માટેનું બજેટ ફાળવી દેવાતું હશે, આડેધડ વપરાઇ પણ જતું હશે. પગારો પણ ચોપડે નોંધતા હશે... પણ હકીકતે આવી ધોળા હાથી જેવી જગ્યાઓ પહેલાં ખાલી ખાલી રહે છે ને પછી પડતર થઇ જાય છે.'' શેખરનું નિરીક્ષણ અનુભવોથી ઘડાયું હતું.

''અંદર ભી ક્યા થા? કુછેક ફોટે, પૂતલે, ચાર-પાંચ કપડોં કે નમૂને... ઔર બસ! ખાલી દિવારેં?!'' પરવીનને પણ મજા ના પડી.

''સામેના લાઇનબંધ ઓરડા તો હજી બંધ છે- કહે છે ગોઠવ્યા નથી! તો આ પણ શું લેવા ખોલીને મૂકી દીધું?'' મીનાની ચીડ.

''જૂનાં ને જાણીતાં, પ્રવાસનનાં પતાકડાંને એન્લાર્જ (મોટાંકદનાં) કરીને મૂકવાથી શું વળે? એ પણ લગભગ અંગ્રેજીમાં! આટલીક માહિતી પૂરતી છે?'' વિલ્સનની જાણકારીની ભૂખનું શું?





બાદલે તો આખું સંગ્રહાલય ફરીને એક જ વાકય કહ્યું- ''સ્થળોનો ઇતિહાસ તો ક્યાંય વાંચવા ન મળ્યો!''

''ઉધર બંધ કમરોં મેં વહી મૂર્તિયાં હોગી ના, જો ઉત્ખનનમેં મિલી થી? કબ સબકે સામને આયેગી?'' હમિદ જાણે તકાજો કરતો હતો- શિલ્પદર્શનનો! રચના હસી પડી. ''તમારા બધ્ધાંની ટીકા સાચી. ઘણીવાર અમુકતમુક દિવસે ઉદ્ઘાટન કરી નાખવાની તાલાવેલી પણ કારણરૂપ હોય છે. વળી ધીમેધીમે બધું ગોઠવવાની કાર્યપદ્ધતિ આપણી સરકારી નીતિ છે. આપણું 'વર્ક કલ્ચર' આ જ છે - જ્ઞાન, માહિતી, જાણકારી... એ બધું એમની ડિક્ષનરીમાં નથી હોતું. બીજુ શું કે આખો પરિસર પંદરેક વર્ષથી વધુ જાણીતો થયો છે, 'હેરિટેજ'ને લીધે લોકો હવે આવતાં થયાં છે. પાટણ તો ભૂતકાલીન શહેર જ બની ગયું હતું. આમ પણ મ્યુઝિયમ પ્રત્યે આપણા લોકોનો લગાવ ઓછો જ હોય. આ મકાનને સડસડાટ વટાવી જનારી કારો ગણશો તો ખ્યાલ આવશે. આશા રાખીએ કે આવનારાં વર્ષોમાં અહીં વધારે પ્રવાસીઓ આવતા થાય અને વ્યવસ્થાપકો નિષ્ઠાપૂર્વક ને સમજપૂર્વક સંગ્રહાલયને ગંભીરતાથી લેતા થાય.''

### *હસ્તકલા : આગવી કે સાર્વજનિક?*

સંગ્રહાલયમાંથી નીકળીને પાટણ શહેર તરફ જવાના રસ્તે વળાંક પાસે 'પટોળાં-પટોળાં-પટોળાં' - એકમાત્ર પટોળાવાળા'ના બોર્ડ જોયાં. કનુભાઇએ એ રસ્તે ગાડી વાળી અને વંદના ગહેંકી ઊઠી ''મારે હાટુ પાટણથી પટોળાં મોંઘા લાવજો, છેલાજી રે!''

''ખરીદવાની તો વાત જ કરવા જેવી નથી પણ પાટણમાં આવીએ અને પટોળાં જોયાં વગર કંઇ થોડું બહાર નીકળાય છે!'' રચના કહ્યું.

''બહેન, આમાં લખ્યું છે તે પ્રમાણે 'એકમાત્ર' પટોળાંવાળા એટલે?'' બાદલને કુતૂહલ થયું. ''આને સમસ્યા કહીશું કે ગૌરવ- એ પછી ચર્ચા કરીશું પણ ટૂંકમાં એનું કારણ, એનાં મૂળ ને કૂળની વાત કરી લઇએ.




**પટોળાં - કલાકાર**

“આજની તારીખ સુધી આપણે ‘પટોળાં’ને ગુજરાતની અસ્મિતાનું મોટું ને મોંઘું પ્રતીક કહીએ છીએ પણ મૂળમાં તો એ પણ સાંસ્કૃતિક સમન્વયની નિશાની છે. 11મી 12મી સદીમાં, આપણા જાણીતા સોલંકી રાજા કુમારપાળે દક્ષિણ ભારતના પદ્મશાળી વણકરોને પાટણમાં વસાવ્યા અને આંધ્રની ઇકત કહેવાતી વણાટકળાને ગુજરાતમાં ઊતારવા કહ્યું. અલબત્ત, કુમારપાળ જૈન ધર્મ પાળતો હતો. દેરાસરમાં રોજ પૂજા-સેવા કરવાનો નિયમ. રોજ નવાંનકોર, વણધોયેલાં રેશમી વસ્ત્રો પહેરવા પડે. પદ્મશાળી વણકરોએ રાજાને માટે જે રેશમી વસ્ત્રો રોજે રોજ તૈયાર કર્યા તે પટ્ટકૂલ-પટોળાં. અલબત્ત, દક્ષિણની વણાટશૈલી કરતાં એને જૂદી-આગવી રાખવાની કુમારપાળની આજ્ઞાને પરિણામે ઇકત (વણાટ પદ્ધતિ) બેવડી કરી, વધારે સંકુલ (કોમ્પ્લીકેટેડ) કરી અને રંગો, માલ વગેરે ગુજરાતની લોક-સંસ્કૃતિનાં સજાવાયાં- મોર, પૂતળી, આંબાનું ઝાડ, હાથી, પોપટ વગેરે ચમકદાર લાલ, પીળા, લીલા રંગમાં વણાયાં અને કસબનો સોનેરી વણાટ પણ ઊમેરાયો.





નમૂનો જોઇશું એટલે તમને આખો ખ્યાલ આવશે. સરવાળે, પટ્ટકૂલ પટોળું બન્યું અને પાટણની આગવી વસ્ત્રકળા તરીકે સ્થાપાયું, વખણાયું.”

“આ પણ કચ્છના રાવની જેમ, આમ તો અંગત વપરાશની કલા જ થઇ ને?”

“બરાબર, શેખર, એ સમયે રાજાની ધાક એટલી કે ‘એમના જેવું’ કોઇનાથી ના પહેરાય! વર્ષો સુધી... કદાચ કુમારપાળના જીવનકાળ સુધી પટોળું ફક્ત ને માત્ર કુમારપાળે પહેર્યું. કદાચ રાજકુટુંબમાં પહેરાતું હશે. પણ પછીથી રાજકુટુંબો ઉપરાંત પાટણના મંત્રીઓ અને શ્રેષ્ઠીઓ(શેઠિયા)ઓનાં ઘરમાં વપરાતું થયું. અમુક જ્ઞાતિમાં લગ્ન સમયે કન્યા પાનેતરરૂપે પટોળું જ પહેરતી તે છેક ગયાં 75 વર્ષમાં રિવાજ બદલાયો.”

“પટોળાની કળાનો પ્રચાર બહાર કેવી રીતે થયો?” વિલ્સનને પ્રશ્ન થયો.

“પરદેશી વિદ્વાનો- બીજું કોણ? છેક 1950ની આસપાસ એબરહાર્ટ ફિશર નામના કલા વિવેચક અને ઇન્ડોલોજીસ્ટે પટોળાંની કળાને લખાણો, ફોટા, કલાકારોના ઇન્ટરવ્યૂ વગેરે દ્વારા બહાર આણી, પ્રચલિત કરી અને પ્રસિદ્ધ પણ બનાવી.”

“તો તો હવે પટોળું લોકપ્રિય બન્યું, સાર્વજનિક બન્યું- એમ જ ને?” “હા અને ના. લોકપ્રિય બન્યું પણ સાર્વજનિક બનતાં એને વીસમી સદીના અંત સુધી જવું પડ્યું.” રચનાની વાત સમજાઇ નહિ. “મતલબ?” પરવીને પૂછ્યું.

“એની બનાવવાની પ્રક્રિયા એટલી અઘરી, લાંબી, કોમ્પ્લીકેટેડ છે કે સાર્વજનિક બનવાની શક્યતા ઓછી. દરેક પટોળું એક આગવો નમૂનો હોય. તમને આ કલાકારો થોડુંક સમજાવશે. સરવાળે એને તૈયાર કરવાનો સમય, એની કિંમત એટલી બધી હોય કે ભલભલાને પોસાય જ નહિ! સામંતીયુગમાં રજવાડાં પહેરતાં, આઝાદી પછી શેઠાણીઓ પહેરતી થઇ અને છેલ્લાં પચાસ-સાઠ વર્ષથી ઉદ્યોગપતિઓની સ્ત્રીઓ ઉપરાંત સિનેમા-નાટક સાથે સંકળાયેલી સ્ત્રીઓ પહેરી શકે છે. જે કિંમત છે તે એવાંઓને જ પોસાય છે. હું નહિ કહું- કલાકારભાઇને કહેવા દો! પણ છેલ્લાં 20 વર્ષમાં પટોળાં સાવર્જનિક થયાં તે

પાવરલૂમ્સના પ્રતાપે. તમને ખ્યાલ હશે અને જોવા પણ મળશે કે પટોળું હાથશાળ ઉપર વણાય. તાણા-વાણાનો ખેલ છે બધો. હાથે બનાવેલી કલા (હસ્તકળા) અને પાવરલૂમ્સની કલામાં ફરક પડી જ જાય, છતાં પણ ઉત્પાદન મોટી સંખ્યામાં (જથ્થાબંધ) થાય, નવા રેશમને વધુ ટકાઉ માનવામાં આવે છે તે જોતાં નવા પટોળાં ટકાઉ અને એથી કરીને સસ્તાં બન્યાં. આવા પાવરલૂમ્સ રાજકોટમાં અને સૂરતમાં નંખાયા છે અને પટોળાં થોડાક ખાતાં-પીતાં લોકો ખરીદી શકે એટલાં વ્યાજબી બન્યાં છે.''

આટલો પ્રાથમિક પરિચય લઇને સૌ પટોળાવાળાની વર્કશોપમાં પહોંચ્યા. એક માત્ર કુટુંબમાં સચવાઇ રહેલા કલાવારસાના હાલના માલિકે પ્રેમથી સૌનું સ્વાગત કર્યું. પ્રવાસીઓનો હેતુ જાણ્યો. સમજાવવા માટે તૈયાર થઇ ગયા. ''અમે તો ટેવાઇ ગયા છીએ. અહીં ખરીદનારાં થોડાં જ આવે? કાં તો જાણકારો આવે કાં જણાવવાળાં આવે. ખૂબ ફોરેનરોને અમે આખી પ્રોસેસ સમજાવીએ. આપણાવાળા પણ આવે છે હવે તો. મારા દાદા, મારા બાપુજી... અમે તો છેક રાજા કુમારપાળના સમયથી આ જ કામ કરીએ છીએ. અમારો તો આ ખાનદાની વ્યવસાય.'' ભાઇના અવાજમાં ગૌરવ હતું. આ પછી મંડળીને એક મોટા શેડમાં લઇ ગયા. ત્યાં હાથશાળ ઉપર એક સાડી (પટોળું) તૈયાર થઇ રહ્યું હતું. રંગો પેલા પારંપરિક નહોતા, હાલમાં જે ફેશન્સ છે એવા આછા ગુલાબી-આસમાની હતા. ભાઇએ સમજાવ્યું કે કેવી રીતે પહેળાં રેશમના તાર બાંધીને એને એવી રીતે રંગવામાં આવે છે ને પછી વણાટ કરતાં કરતાં જ ડિઝાઇન પડતી જાય છે. કેવી રીતે સોનેરી કસબ ઉમેરાય છે... એક આખું પટોળું પૂરેપૂરું તૈયાર થતાં 9 મહિનાથી માંડીને એક વર્ષ લાગે છે.

''ઓહો, આટલી બધી મહેનત અને કલાથી તૈયાર થતા પટોળાની કિંમત પણ વધારે જ હશે ને?'' ધીરજે પૂછી લીધું.

''હા, આ સામે તૈયાર થઇ રહ્યું છે તે અઢી લાખનું થશે. એમાં કસબ આછો નાખવાનો છે. લાઇટ કલર કોમ્બીનેશન છે ને, એટલે! ફૂલ કસબ ને





ઓરિજિનલ કલારના 5 લાખ!'' સાંભળતાં જ આખી મડળીની આંખો પહોળી!'' બાપ રે! અઢી લાખ?''

''હા, ફક્ત બોર્ડર એક લાખ જેટલાની થાય, સ્કાર્ફ-બ્લાઉઝપીસ પચ્ચીસ હજારમાં થાય અને હાથરૂમાલ દસ-દસ હજારના પડે!'' સહજતાથી એમણે જણાવ્યું. મંડળી જરા સન્ન થઇ ગઇ હતી. શેખરે તરત કહ્યું હા... તો તો આવી સાડીઓ માલદાર પાર્ટી સિવાય કોને પોસાય? સમજો ને, ગૃહઉદ્યોગ ઉદ્યોગગૃહો સુધી પહોંચે!'' પટોળાવાળા હસી પડ્યા. ''એ તો કલાની કિંમત છે ભાઇ. અને આ વારસો આટલાં વરસ સુધી જાળવી રાખવાની કિંમત તો અમૂલ્ય છે?!'' ''તમારા કુટુંબમાં કોણ શીખ્યું છે, તમારા સિવાય?'' વિલ્સને પૂછ્યું.

''મારા બંને દીકરા, મારો ભત્રીજો આ શીખી ગયા છે - જુઓ, બીજા શેડમાં એ લોકો જ કામ કરે છે. ત્યાં બીજું પટોળું તૈયાર થાય છે.''

''આમ પેઢી દર પેઢી જ આ કલા સચવાશે, એમ જ ને?''

''હા. પહેલાં અમે કાકા-બાપાનાં ત્રણ કુટુંબમાં આ કામ થતું હતું પણ મારા પિત્રાઇઓને કામમાં બરકત ના આવી તેથી બીજા કામધંધે વળગ્યા. એક મારા બાપાએ આ ટકાવી રાખ્યું ને અમે ચાલુ રાખ્યું છે.''

આ પછી એમણે મંડળીને પટોળાના નમૂનાના વિવિધ ફોટા બતાડતા એક સરસ માહિતી આપી. ''પહેલાં જ્યારે ફક્ત પૂજા-કે લગ્નપ્રસંગોમાં પટોળું પહેરાતું ત્યારે નાગરો કે રજવાડાંનાં પટોળાંમાં પોપટ-પૂતળી-હાથી-મોર-આંબા વગેરે ભાત પાડતા. આજે પણ એ ભાતો તો ચાલુ જ છે... પણ ધનિક મુસ્લિમો અને ખાસ તો સિદ્ધપુરની વહોરા કોમ્યુનિટીમાં પણ કન્યાનું પાનેતર પટોળાનું રહેતું. એમના માટેનાં પટોળામાં ફક્ત જ્યોમેટ્રીકલ (ભૌમિતિક) આકૃતિઓ જ પાડવામાં આવતી.''

''સહી હૈ; હમારે મેં જાનવર, પંછી, મૂર્તિ... વૈસા ચિત્ર બનાનેકી મનાહી હૈ ના? વહ તો સિર્ફ અલ્લાહકા કામ હૈ.'' હમિદે હિંદુ - મુસલમાન પટોળાનો

તફાવત સમજાવ્યો ત્યારે સૌએ યાદ કર્યું કે મસ્જિદોમાં પણ આપણે એવું જ જોયું ને?!'' ''હા, આગળ ઉપર પણ કલાત્મક મસ્જિદો-દરગાહોમાં આ તફાવત જોતાં રહેજો.''

પટોળાવાળા ભાઈએ વર્કશોપમાં એવોર્ડ-એવોર્ડ સમારંભો-માનપત્રો... વગેરેના ફોટા બતાડ્યા. એમના બાપ-દાદા સાથે નહેરૂ-ઈંદિરા વગેરે દેશનેતાઓ ઉપરાંત લોકપ્રિય અભિનેત્રીઓના ફોટા પણ જોવા મળ્યા; જેમણે આ કલાને બિરદાવી હતી, ખરીદી પણ કરી હતી. મિત્રોને મજા તો પડી ગઈ. કલાધામની કલાકેકની આ મુલાકાત પછી સૌ કલાકારભાઈનો આભાર માનીને બહાર નીકળ્યા ત્યારે બાદલે વંદનાને કહ્યું કે હવે તારા ગીતનો મતલબ બરોબર સમજાયો... પાટણથી પટોળાં મોંઘા લાવજો!''

મંડળી પટોળાં જોઈને પાટણ શહેર તરફ ગતિ કરી રહી હતી ત્યારે શેખરે સવાલ પૂછ્યો- ''બહેન, આ પટોળાં એક ઉત્તમ વસ્ત્રકળા છે એની ના નહિ, એમાં મહેનત-કારીગરી-સમય... બધ્ધું પુષ્કળ વપરાય છે એ પણ સમજાય છે પણ આટલી મોટી કિંમતે એને 'આગવાં' બનાવી દીધાં, એવું નહિ?''

''ખરું સ્તો! કલાના ઉપયોગ-ઉપભોગમાં અમીર-ગરીબનો ભેદ પડી જ જાય છે.'' રચના કંઈ કહે એ પહેલાં બાદલે કહી દીધું.

''આગવાની આ ભાવના તો એટલે સુધી કે આ લોકો એમની દીકરીઓને આ કળા ના શીખવાડે- જઈને એમનાં સાસરિયાંને શીખવાડે તો?! આમાં પ્રતિષ્ઠા અને પૈસા- બંનેનો પ્રશ્ન થઈ જાય!'' ''સ્વાભાવિક છે નવી પેઢીની પાસે કમાવવા બીજા વિકલ્પો પણ ઊભા થયા હશે!''

''આ તે ભાવના કે વળગણ?''

''જો કે હવે આ 'સ્પેશ્યલ' કળાઓ માટે નવા કલાકારો-કારીગરો તૈયાર કરવા માટે સરકાર દ્વારા તાલીમ-કાર્યશાળાઓ (ટ્રેનિંગ-વર્કશોપ) શરૂ કરવાની યોજનાઓ થઈ રહી છે એવું સાંભળ્યું છે. ગંભીરતાપૂર્વક મુદ્દો હાથ ઉપર લેવાશે તો જ આ આગવી કળા ટકી શકશે.''





''આગવી કળા આગવી નહિ રહે પણ મોટાપાયે રોજગારીઓ ઊભી થશે.'' શેખરે કહ્યા પછી આમ તો કંઈ કહેવાનું બાકી નથી રહેતું હોતું પણ બાદલે મઝાની પૂર્ણાહૂતિ કરી... ''પછી વંદનાવાળું ગીત પણ બદલાશે ને, ''છેલાજી રે! મારે હાટુ પાટણથી પટોળાં સોંઘા લાવજો!''

## ***પચરંગી પાટણ***

પટોળાં જોઈને શહેરમાં પ્રવેશ્યાં ત્યારે રચનાએ સાથે ચાલતા જબરજસ્ત કિલ્લા તરફ મંડળીનું ધ્યાન દોર્યું. કિલ્લો જૂનો હતો પણ જીર્ણ નહોતો લાગતો. અલબત્ત, ક્યાંક ક્યાંક તૂટેલો હતો, ક્યાંક એની રાંગે રાંગે ઝૂંપડપટ્ટી ઊભેલી તો ક્યાંક એની પછળથી નવી સોસાયટી-ફ્લેટ્સ વગેરે પણ ડોકાતાં હતાં. ''સોલંકીઓનું પાટણ જોઈ લીધું; હવે સુલતનાનોનું પાટણ શરૂ થયું.'' રચનાએ મુદ્દો મૂક્યો.

''મતલબ કિ યહ શહર જીત કર યહાં સુલતાનોંને રાજ કિયા?''

''હા, ઈ.સ.1299થી દિલ્હીના સુલતાનના સૂબાઓ ગુજરાતના શાસકો બન્યા. એમાં ઈ.સ.1403 થી, પાટણમાં સ્વતંત્ર બનેલી સલ્તનતના પરાક્રમી સુલતાન અહમદશાહે પાટણને સજાવ્યું-શણગાર્યું. આ કિલ્લો એણે બનાવડાવ્યો. એના અનેક દરવાજા. એમાં દિલ્હી દરવાજો પણ હતો અને લાલદરવાજો પણ. અહીં પણ લોકો પોળોમાં રહેતા. સમુદાય અને વ્યવસાય મુજબ વસ્તી રહેતી હતી. અહમદશાહે, સોલંકી-વાઘેલાઓએ છોડેલા પાટણને રાજધાની બનાવીને ફરી દરજ્જો આપ્યો હતો.''

''તબ તો હિન્દુ-મુસ્લિમ યહાં પર ભી સાથ મેં રહેતે હૈંગે?'' યાસ્મિને પૂછ્યું.

''હાસ્તો! અહીંના સૂફીઓ પણ દેશ-દુનિયામાં પ્રખ્યાત હતા અને અમદાવાદની સ્થાપનામાં એમનો પણ ફાળો હતો.''

''અરે, હાં, અહમદાબાદ ભી ઈસીને બસાયા થા, યહ રાજધાની તો થી હી... ફિર ભી ક્યોં નયા શહર બસાયા હોગા?''

"હમિદ, આમ તો અમદાવાદ જોઇશું ત્યારે વિગતે વાત કરીશ, પણ ટૂંકમાં કહી દઉં કે પાટણ, તમે જુઓ છો તેમ ગુજરાતના ખૂણે પડી જાય છે. ભૌગોલિક રીતે પણ મહાનગર બનવાની કોઇ તાસીર નથી એની. વળી દરેક સફળ અને પરાક્રમી શાસકને પોતાનો રાજયવિસ્તાર વધારવાની સાથે સાથે નવાં નગરો વસાવવા-રચવાની પણ હોંશ રહેતી. બીજું કે, અમદાવાદ પાટણ કરતાં, દરિયાની-ખંભાતના અખાતની વધારે નજીક હતું / છે. અહમદશાહને લાગ્યું કે વેપારવણજ, નવા ઉદ્યોગો, કારીગરી વગેરે આર્થિક પ્રવૃત્તિઓનો સ્કોપ / મોકો નવા શહેરમાં વધારે મળશે; તેથી સાબરમતીના કિનારે, કર્ણદેવ સોલંકીએ જ 9મી સદીમાં વસાવેલા કર્ણાવતી જે - ઉજ્જડ રેતાળ ટીંબો બન્યું હતું, સ્થાનિક ભીલોનું આશાવાલ બન્યું હતું- તેને જીતીને- સર કરીને અહમદાબાદ વસાવ્યું- 1411 માં. ટૂંકમાં અહમદાશાહ મહત્વાકાંક્ષી અને દૂરંદેશીવાળો શાસક હતો. એણે અમદાવાદ વસાવ્યું અને પાટણ ઘસાતું ગયું. છેવટે મરાઠાકાળમાં ગાયકવાડોના હાથમાં ગયું ત્યાં સુધીમાં 'કંગાળ ગામડું' બની ચૂક્યું હતું."

"અત્યારે અમદાવાદની જેમ અહીં જૂની મસ્જિદો વગેરે છે?" મીનાને પ્રશ્ન થયો.

"ના, વચ્ચેના કાળમાં પાટણમાં કુદરતી જ નહિ, શાસકીય અંધાધૂંધી આવી અને ખાસા સમય સુધી અવગણાયેલું રહ્યું.ગુજરાત રાજય '60માં બન્યું પછી ઐતિહાસિક વારસા વિશેની સભાનતાને કારણે કંઇક વળી ધ્યાનપાત્ર બન્યું. જો કે '71પછી ચિમનભાઇ પટેલના સત્તાકાળમાં ઉત્તર ગુજરાતમાં વિકાસની માંડ શરૂઆત થઇ એમાં ઊંઝા, પાટણ, મહેસાણા જેવાં શહેરો નવેસરથી પગભર થવા લાગ્યાં અને પાટણનું પાનું પણ બદલાયું."

સલ્તનતના પાટણના લાલદરવાજા સુધી પહોંચતા ક્યાંક કાષ્ઠકલાના સુંદર નમૂના જેવાં ઘરોના ઝરૂખા, ચબૂતરો વગેરે ક્યાંક દેખા દઇ દેતું હતું. ભીડભરી બજારો વટાવીને, સાંકડી રહેણાંક શેરીઓમાં થઇને બસ એક જૂની





પોળના મોટા ચોકઠામાં પાર્ક થઇ. કનુભાઇએ તરત કહ્યું- "આ રહ્યું પંચાસરા પારસનાથનું દહેરું."

મંડળીને અંદર જતાં રચનાએ રોકી. "એ પછી, પહેલાં 'જ્ઞાનભંડાર જોવા જઇશું."

એક તોતીંગ મકાનનો તોતીંગ ઝાંપો ખોલીને મંડળી અંદર પેઠી. લાંબું પથારાયેલું મકાન લગભગ બંધ જેવું લાગ્યું. પરસાળોમાં થાંભલા ઉપર મોટા મોટા મધપૂડા બાઝેલા. અંદર પ્રવેશતાં પહેલાં રચનાએ ટૂંકો પરિચય આપ્યો- આ પાટણનો પ્રસિદ્ધ હસ્તપ્રતોનો ભંડાર છે. છેક મૂળરાજના સમયથી પંડિતોએ રચેલાં ગ્રંથોની હસ્તપ્રતો(હાથથી લખેલી નકલ), સિદ્ધરાજના અને કુમારપાળના ગુરૂ જૈન સાધુઓએ લખેલા ધાર્મિક, ઐતિહાસિક અને સાહિત્યિક ગ્રંથોની લાખ્ખો હસ્તપ્રતોનો અહીં સંગ્રહ છે. સંશોધકો, વિદ્યાર્થીઓ માટે આ ખરા અર્થમાં 'જ્ઞાનભંડાર' છે."

"બહેન, આપણે પાલિતાણામાં પણ વાત થઇ ગઇ હતી કે જૈન સાધુઓ ધર્મશાસ્ત્રો, જ્યોતિષ, ખગોળ વગેરેમાં પરાંગત હતા અને બધું જ લેખિતમાં જાળવી રાખતા હતા, તે જ આ હસ્તપ્રતો?" વિલ્સનનું કુતૂહલ.

"હા, વળી આ સાધુઓએ લેખનકળાનો ખૂબ વિકાસ કર્યો હતો. ભોજપત્ર ઉપર વનસ્પતિજન્ય શાહીથી, વાંસની કલમથી સુંદર અક્ષરે લખાણ કરીને, પાનાંની આસપાસ સોનેરી અને રંગીન શાહીથી સુંદર ચિત્રકામ કરીને પ્રતને સજાવવાની કળા પણ એમણે વિકસાવી. ધર્મ સાથે ચિત્રકળાને સાંકળી. પલિતાણાનું પેલું મ્યુઝિયમ જેવું મંદિર આ તમામથી ભરપૂર હતું, યાદ છે ને?" રચનાએ સાંકળી આપ્યું. સૌને સુંદર હસ્તપ્રતો જોવાની તાલાવેલી થઇ ગઇ.વિશાળ જ્ઞાનભંડારનાં પગથિયાં ચડીને સૌ અંદર ગયાં. સુષુપ્ત લાગતી ઓફિસમાં સુષુપ્ત જણાતા કર્મચારીઓને જાણે ખલેલ પહોંચી. રચનાએ જ્ઞાનભંડાર બતાડવા વિનંતી કરી તો જવાબ મળ્યો કે એમનેમ કોઇને જ્ઞાનભંડાર જોવા મળતો નથી. યુનિવર્સિટીની

પરવાનગી હોય તો વિદ્યાર્થીઓ કે અભ્યાસુઓને બેસવા મળે છે. વળી પ્રાચીન હસ્તપ્રતોને તડકો-ધૂળ વગેરેથી બચાવવા માટે પણ બધું બંધ રાખવામાં આવે છે. પત્યું!

સૌએ પોતપોતાનું મન વાળી લીધું. રચનાએ આશ્વાસન આપ્યું કે અમદાવાદમાં બે-ત્રણ જાણીતા હસ્તપ્રતભંડાર છે, ત્યાં પ્રતો અને લેખનસામગ્રીનું નાનું પ્રદર્શન પણ છે તે જરૂર જોઈશું. જ્ઞાનનગરી પાટણમાં હેમચંદ્રાચાર્ય અને સિદ્ધરાજે ગુજરાતીના વ્યાકરણની શોભાયાત્રા કાઢી હતી, હાથી ઉપર 'સિદ્ધહેમ' ગ્રંથ મૂકીને આખા પાટણમાં ફેરવ્યો હતો એ વાત રચનાએ કરી. રાજાની જ્ઞાનપિપાસા અને ગુરૂની વિદ્વત્તા ઐતિહાસિક વારસો છે એ પણ જળવાવો જરૂરી છે, એ મુદ્દો વિચારતાં સૌ પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં ગયાં.

આ મંદિર કહેવાય છે કે અતિપ્રાચીન હતું- 8મી-9મી સદીનું... પણ પાટણ ઉપરના વારંવારના હુમલાને કારણે વારંવાર તૂટ્યું ને વારંવાર જિર્ણોદ્ધાર થયો છે તે દેખાયું. હાલનું મંદિર પણ હવે તો દોઢસોએક વર્ષની તડકી છાંયડી વેઠી ચૂક્યું છે. લાલ પથ્થર, આરસનું બાંધકામ રાબેતા મુજબનું છે. સ્તર આયોજન છે - માનવથર વગરનું! બાકી અપ્સરા-દેવ-દેવીઓની રૂપાળી મૂર્તિઓ સરસ જૈન મંદિરની છાપ ઊભી કરે છે. મૂળનાયક પાર્શ્વનાથ તીર્થંકર છે.

બહાર નીકળતાં, મંદિરના દ્વાર પાસે જ રચનાએ કહ્યું, ''યાદ છે, પંચાસરનો રાજા જયશિખરી હાર્યો પછી વર્ષો પછી એના પુત્ર વનરાજનું સંસ્કાર-ઘડતર જૈન મુનિ શિલગુણસુરિએ કરેલું તેથી તેની કૃતજ્ઞતામાં એણે આ મંદિર બનાવડાવ્યાની વાયકા છે. અહીં જુઓ- આ ગોખલામાં એક રાજાની મૂર્તિ છે.એ જ છે વનરાજ ચાવડો. પાટણનો સ્થાપક અને ગુજરાતનો પહેલો ગુજરાતી રાજા!''

મિત્રોએ વનરાજની સરસ આરસપ્રતિમા જોઇ.પાટણ દર્શનના અંતે આ મૂછાળા મરદની મૂર્તિ જોઇને સૌએ પ્રાચીન-મધ્યકાલીન અને અર્વાચીન નગરીની વિદાય લીધી.





રસ્તામાં ફક્ત નવાં મકાનો જ નહિ, સંશોધનભવન, ગ્રંથાલય અને હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીનો વિશાળ પરિસર જોવા મળ્યો. સૌના મનની વાત જાણે ધીરજે વ્યક્ત કરી લાગે છે કે ''જ્ઞાન અને કળાઓની વિરાસત ઉપર માત્ર અભિમાન લેવાને બદલે નવા જ્ઞાન અને નવા સમાજ તરફ પાટણે હજી લાંબી સફર ખેડવાની બાકી જ છે.''

★★★

## મુકામ - 14

# મોઢેરા

## *ભૂંસાયેલા દેવતાનું ભવ્ય ખંડેર*

“મોઢેરાનું સૂર્યમંદિર પ્રખ્યાત છે એ તો અમે પેપરોમાં વાંચેલું છે, ટી. વી. માં બચ્ચનવાળી એડ પણ જોયેલી છે પણ નજરે જોવાની તાલાવેલી તોયે છે.” મીનાની જેમ સૌને સૂર્યમંદિર જોવાની હોંશ છે. પાટણથી નીકળીને







ગ્રામ્યવિસ્તારમાં થતી થતી બસ, મોઢેરા ગામના જરાક ઊંચેરા ટીંબાના વિશાળ પાર્કીંગમાં પહોંચી ગઇ. ચોમેર દીવાલો, સુરક્ષિત સ્મારકનાં વ્યવસ્થિત પાટિયાં, પ્રવાસન-નિગમનાં સ્થળની માહિતી આપતા ગ્રેનાઇટ ઉપરનાં લખાણ... બધું સ્વચ્છ અને વ્યવસ્થિત લાગતું હતું. ટીંબાની બાજુમાં થઇને જ કોઇ સાવ સૂકાયેલી નદીના પટમાં રેતીનાં દડ હતાં.

“આ કઇ નદી બહેન, સરસ્વતી?” “ના. પુષ્પાવતી.” રચનાએ ધીરજના પ્રશ્નનો જવાબ આપ્યો. મંડળી ટીંબે ઊભી ઊભી નદી કિનારે ઊભેલી છત્રીઓ, વિશ્રામ ચોતરો જોતી હતી.

“આ બધું તો પેલા પોળોની હરણાવ નદીને કાંઠે મૂકેલી છત્રીઓ ને ચોકીની યાદ અપાવે છે, નહિ?” વિલ્સન મનોમન સરખામણી કરતો હશે.

“આ બધું કોણે બંધાવ્યું હશે? ક્યારે બંધાવ્યું હશે? વંદનાનો પ્રશ્ન.

“આ ગ્રેનાઇટમાં આપેલા લખાણ મુજબ અને નવાં પુસ્તકો-પ્રવાસન પત્રિકા મુજબ તો રાજા ભીમદેવ સોલંકીએ ઇ. સ. 1000-1025 દરમ્યાન, અગિયારમી સદીમાં બંધાવ્યું હોવાનું કહેવાય છે.”

“ભીમદેવ સોલંકી બોલે તો જીસકે રાજયમેં ગઝનીને સોમનાથ તોડા થા, વહી?” આમિરે પૂછ્યું - ખાત્રીપૂર્વક.

“હા, એ જ. એ કલાશોખીન હતો અને ગુજરાતમાં એણે ઘણું સ્થાપત્ય કરાવ્યું મનાય છે. એના મંત્રી પેલા વિમલ મંત્રી- જેમણે આબુમાં દેલવાડાનાં જૈન મંદિરો, અંબાજીનું મૂળ મંદિર અને કુંભારિયાનાં મંદિરો બંધાવડાવ્યાં હતાં. મતલબ કે એ 11મી સદી સુધી ગુજરાતના શિલ્પીઓ, સ્થપતિઓ (આર્કિટેક્ટ) અને કલાકારો ઉમદા કલાકારો હતા એ નિઃશંક હકીકત છે.

“મંદિર જોતાં પહેલાં ગુજરાતમાં સૂર્યપૂજા વિશે થોડી વાત કરવી જરૂરી લાગે છે.”

"હા, મને પણ ખ્યાલ છે ત્યાં સુધી હિંદુ દેવોમાં સૂર્યનું નામ જરૂર આવે છે, નવરત્નો-ગ્રહોમાં એની ગણતરી પણ થાય છે પણ શિવ, કૃષ્ણ વગેરેની જેમ કોઇ સૂર્યની પૂજા કરતું હોય એવું સાંભળ્યું તો નથી." વંદનાએ પણ મુદ્દો મૂક્યો.

"બરોબર છે, મતલબ કે મંદિર જોતાં પહેલાં મહિમા અને એની હાલની સ્થિતિ વિશે જાણવું જરૂરી છે. આવો, પેલી 'તોરણ' રેસ્ટોરાં ચા-કોફી તો આપે છે. ચા પીતાં પીતાં વાત કરીએ." રચનાએ મિત્રોને મંદિર-પરિસરની બહારના ચોકમાં મૂકેલી બેઠકો તરફ દોર્યાં. કનુભાઇ પણ કંઇક નવું જાણવાના કૌતુકથી ગાડી છોડીને મંડળી સાથે ગોઠવાયા.

## *ભૂંસાયેલા દેવતા*

રચનાએ સૂર્યપૂજા વિશે જે માહિતી આપી તેને, ટૂંકમાં કંઇક આ રીતે અપાય.

વૈદિક દેવતાઓમાં આર્યો દ્વારા ઇન્દ્ર, વરૂણ, અગ્નિની સાથે સૂર્યની પૂજા પણ થતી. જો કે પુરાતત્વ અને ઇતિહાસના વિદ્વાનો એને બીજી રીતે જુએ છે. આર્યો ઉપરાંત હૂણો, શકો, ઇરાનીઓ વગેરે જાતિપ્રજાતિઓ આ ભૂખંડમાં આવતી રહી હતી, તેમની સાથે પણ સૂર્યપૂજા અહીં દાખલ થઇ હોવાનું મનાય છે. કોઇ કહે છે કે વેદકાળની સૂર્યપૂજા આ ભૂખંડમાં પહેલેથી જ હતી, એમાં આવનારી (આગંતુક) પ્રજાઓના સૂર્યદેવ ભળી ગયા. આવો સાંસ્કૃતિક વિનિમય અથવા મિશ્રણ ખાનપાન, પોષાક, રહેણીકરણી, ભાષાઓમાં થયાં જ છે, તેથી આસ્થામાં થાય એમાં નવાઇ નથી. વિદ્વાનોના મત મુજબ ઇ. સ. 4થી કે 5મી સદીમાં સૂર્યપૂજા ભૂખંડમાં અને તેની પશ્ચિમે આવેલા ગુજરાતમાં દાખલ થઇ હશે.

સોલંકીઓમાં મૂળરાજ અને ભીમદેવ સિવાય બીજા રાજાઓએ સૂર્યપૂજા કર્યાનો મહિમા નથી જોવા મળ્યો. મૂળરાજને વિવિધ પ્રાંતપ્રદેશના બ્રાહ્મણોને ગુજરાતમાં નોતરીને બ્રાહ્મણધર્મનો મહિમા કરવાનો શોખ હતો એ જાણીતી વાત છે. એના સમયમાં કાશ્મીર, મુલતાન (આજનું સિંધ), ઉત્તર પ્રદેશ...





માં સૂર્યપૂજા ચાલતી. એણે કાશ્મીરના 'મગ' બ્રાહ્મણોને ગુજરાતમાં નોંતર્યા હતા. એ 'બહારના' બ્રાહ્મણોના આગ્રહથી ગુજરાતમાં સૂર્યપૂજાના પ્રચાર માટે મૂળરાજે આ મંદિર બંધાવ્યાનું કે બંધાવવાનું શરૂ કરાવ્યાની ધારણા પણ થઇ જ શકે.

મંદિરની, મૂર્તિની રચનાની વિગતો, સૌન્દર્ય વગેરેની વાત ઉપર જતાં પહેલાં એના નાશની વાત કરીએ તો, 11મી સદીમાં બંધાયેલું આ મંદિર ' સોમનાથ-ઘટના' પછી બંધાયેલું અને 13 કે 14મી સદીમાં જ્યારે રૂદ્રમાળ તૂટ્યો ત્યારે ખિલજીના સૂબા, પાટણના સુલતાનોમાંથી એકે કાં તો પછી રૂદ્રમાળની જેમ દરેકે તોડવાનું કૃત્ય કર્યું હોવાની શક્યતા વિદ્વાનોએ કહી છે; જે જરૂર માન્ય રાખી શકાય. જો કે ગુજરાતના સુલતાનોના લેખિત ઇતિહાસમાં કોઇ સૂર્યમંદિર ખંડિત કરવાનું નોંધાયું નથી, મતલબ કે એ ખિલજી સલ્તનત દરમિયાન તોડવામાં આવ્યું હશે.

મોઢેરા સિવાય, ગુજરાતમાં કચ્છમાં કંથકોટ અને સોમનાથ પાસે પણ પ્રાચી ગામે સૂર્યમંદિરો મળ્યાં છે. એક્કેય મંદિર અત્યારે સાબૂત નથી. એક પણ સૂર્યમંદિર બીજાં મંદિરોની જેમ જીર્ણોદ્ધાર કરીને ચાલુ કરવામાં નથી આવ્યું. કારણ કે શું વૈદિક કે શું બહારના સૂર્યની- સૂર્યપૂજા કે ભક્તિ હવે ગુજરાતમાં કે દેશ આખામાં ક્યાંય ચાલતી નથી. કેટલાક વિદ્વાનોના મત મુજબ મહાભારત કાળ પછી, કહેવાય છે કે વૈદિકકાળના દેવો શિવ અને વિષ્ણુમાં ભળી ગયા કે વિલીન થઇ ગયા (મર્જ થઇ ગયા). સૂર્યને નારાયણ સાથે પહેલાં પણ સાંકળતા હતા- પ્રાચીન ગ્રંથોમાં 'સૂર્યનારાયણ' એવું આખું નામ લેવાતું મળે છે. સૌરાષ્ટ્રની કેટલીક પ્રાચીન મનાતી છતાં આગંતૂક કોમો કાઠી, આયર, ચારણ, નાગરોમાં હજી પણ વડીલો સૂર્યનારાયણ કે સૂરજનારાયણ તરીકે સૂર્યને ભજે છે - બહુ થોડા પ્રમાણમાં આ શ્રદ્ધા ટકી છે. આરંભ કાળમાં જ, નારાયણ કહેતાં વિષ્ણુમાં સૂર્યપૂજા ભળી ગઇ. છતાં છેક 11મી સદીમાં આ મંદિર બને તે બતાવે છે કે અમુક બ્રાહ્મણો, અમુક રાજવંશોએ છેક 12-13 મી સદી સુધી સૂર્યને ઇષ્ટદેવ માન્યા જ હોવા જોઇએ.

## રંગે રૂડા રૂપે પૂરા સૂર્યદેવ સોહામણા

''બૃહત્સંહિતા' નામના ધર્મશાસ્ત્રના ગ્રંથકાર વરાહમિહિર (જે કદાચ પેલા જાણીતા વૈજ્ઞાનિક હોઇ શકે?) લખે છે કે સૂર્યની મૂર્તિ બે હાથવાળી, અમુક આંગળ ઊંચી, સફેદ કમળ જેવા લંબગોળ ચહેરાવાળી અને સસ્મિત બનવી જોઇએ. બંને હાથમાં પૂર્ણ વિકસિત કમળ હોવાં જોઇએ. આ સિવાય પણ







સૂર્યમૂર્તિની મોટામાં મોટી લાક્ષણિકતા એના પગમાં પહેરાવેલા, ઘૂંટીથી ઉપર જતા ને ઘૂંટણથી થોડે નીચે અટકી જતા 'હોલ બૂટ' છે. સૂર્ય પોતાના પગના 'પાદત્રાણ' (જોડા) અને બે હાથમાંના કમળથી અન્ય દેવતાઓમાં અલગ તરી આવે છે અને અલગ છે / હતા એ પ્રતીત કરાવે છે. સૂર્ય વૈદિક માન્યતા પ્રમાણે સાત ઘોડાના રથ ઉપર બેઠેલા / ઊભેલા બતાવાય છે. સાતેય ઘોડા સાત વાર છે- ગ્રહો છે એવી માન્યતા છે; જેના ઉપર સૂર્યનું વર્ચસ્વ છે. એમના સારથિનું નામ અરૂણ છે, એના પગ ઢીંચણ પછી ભાંગેલા છે. એ વિષ્ણુના વાહન ગરૂડનો ભાઇ છે એમ મનાય છે. અમુક મૂર્તિઓમાં અરૂણ છે, અમુકમાં નથી. સૂર્યના પગ પાસે બંને તરફ નાની દેવીમૂર્તિઓ હોય છે જે તેમની પત્નીઓ છે- ઉષા (પરોઢ) અને સંધ્યા(સાંજ). આ જાણે એક આખું એકમ (યુનિટ) હતું જેની પૂજા ' મોઢેરાકાળ' સુધી તો થતી જ હતી. મોઢેરાના આ ખંડેરમાં પણ મુખ્ય પૂજામૂર્તિ સિવાયની ઘણી ખરી મૂર્તિઓ ટકી ગઇ છે - જે મંદિરના ગર્ભગૃહ, જગતી-જંઘા વગેરે જગ્યાએ આજે પણ અમુક તો 'અખંડ' જોવા મળે છે.

ગાયત્રીમંત્ર દ્વારા વૈદિકકાળમાં સૂર્યપૂજા થતી. ગાયત્રીને 'દેવી' બનાવીને, લગભગ આખી સૂર્યપ્રજાની ભાવના નવદુર્ગામાંની ગાયત્રીમાં સ્થાપી(આરોપી) દેવામાં આવી. આવું ક્યારે-કેમ-કોના દ્વારા બન્યું તે ઊંડા અભ્યાસનો વિષય છે. મંદિર દર્શનના સંદર્ભમાં જરૂરી નથી પણ ગાયત્રીમંત્ર અને સૂર્યનો સંબંધ એક સાથે થતો હતો તે અલગ થયો જેથી આટલો ઉલ્લેખ જરૂરી જણાય છે.

રચનાએ ચાનો કપ પૂરો કર્યો અને પરિચય પણ પૂરો થયો, મિત્રો એકધ્યાનથી સાંભળતાં હતાં તેમને સૌથી પહેલું આશ્ચર્ય થયું તે વિલ્સને વ્યક્ત કર્યું-'' એક ધર્મ ઉપર બીજા ધર્મની સરસાઇ, ચડાઇ, તોડ-ફોડ વિશે તો જાણતાં હતાં ને નજરે પણ જોયું; પણ હિંદુધર્મમાં જ એક દેવને હટાવીને કે સમાવી દઇને બીજા દેવ પ્રચલિત અને પ્રસિદ્ધ થાય એ તો પહેલી જ વાર સાંભળ્યું...'' ''ઔર અબ દેખેંગે ભી!'' હમિદ માટે પણ આશ્ચર્ય હતું. એણે વળી આગળ કહ્યું- હમ તો

'અલ્લાહ એક હૈ:' ઐસે માહૌલ - ઐસે કલ્ચર કી પૈદાઇશ હૈ; હમારે લિયે ઐસી કહાની નયી જ હૈ!''

''ઓ ભાઇ! કહાની નહીં, હકીકત છે. દંતકથાઓ - વાર્તાઓ તો બહુ સાંભળી પણ ઐતિહાસિક તથ્ય પણ આટલું રોમાંચક હોય એ પહેલીવાર જાણ્યું.'' શેખર. ''હું તો હિંદુ છું, મંદિરોમાંયે જઉં છું પણ સૂર્યપૂજા વિશે કદી નહોતું સાંભળ્યું. ગાયત્રીમાતા તો બહુ લોકપ્રિય છે - યજ્ઞો થાય, મંદિરો છે... પણ એની પાછળ આવું રહસ્ય હશે એ આજે જ જાણ્યું.'' વંદના.

''અરે, બહુત સારે હાથવાલી માતાયેં, ચાર હાથવાલે ભગવાનોં કી મૂર્તિઓ કો તો દેખ દેખ કે થક ગયે; આજ દો હાથવાલે દેવ કે દર્શન હોંગેં... તિસ પર ભી પાંવ મેં બૂટવાલે દેવતા! વાહ!'' આમિર ' મૂડ' માં હતો. ''અરે, હું તો કેટલીયે પાલ્ટીઓને લઇને, કેટલીયે વાર આયાં આવ્યો છું પણ આવી હકીકત તો આજે જ જાણી. બાકી અમારાવાળા તો પેલા ગાઇડું કયે ઇ જ હાંભળે ને - સોલંકીરાજાએ બંધાવ્યું ને મુસલમાન રાજાએ તોડ્યું! પતી ગયું!'' કનુભાઇ પણ નવેસરથી જોવાની તાલાવેલીમાં હતા. ''લ્યો હાલો; આયાં તો ટિકિટું લેવી પડે છે પાછી; ને કેમેરાના પૈસા અલગ!'' એમણે બધાંને લગભગ ઊભાં કર્યા... આગળ કર્યાં.

દરવાજો વટાવીને અંદર પ્રવેશ્યાં. સરસ લીલોતરી (લોન) અને ઘેઘૂર વૃક્ષોભર્યું મોકળું મેદાન એક તરફ હતું. બીજી તરફ 'તોરણ' કાફેટેરિયા અને એક લાંબું બેઠા ઘાટનું મકાન હતું. 'સંગ્રહાલય' લખેલું અને બંધ પડેલું હતું.

''આ આજે બંધ છે કે પછી?''... શેખરે સવાલ કર્યો.

''ના, છેલ્લાં પંદરેક વર્ષથી બંધ છે. પહેલાં પણ કદાચ બે'ક વખત જ જોવા મળેલું. કારણ? - ઉપરથી ઓર્ડર છે!'' રચનાએ મજાકમાં સચ્ચાઇ કહી દીધી. એ વટાવ્યું તો ખુલ્લા મેદાનમાં, ટીંબા ઉપર સેંકડો શિલ્પો વેરવિખેર પડ્યાં હતાં. થોડાક શિલ્પી કારીગરો મોટા મોટા પથ્થરમાંથી આકૃતિઓ ઘડી રહ્યા હતા, જે મંદિરના અમુક ઘસાયેલા ભાગ ઉપર ગોઠવવાની (રિપ્લેસ કરવાની)





હતી. ''એ પેલા અવશેષો અહીંના જ છે? આમ ખુલ્લામાં રઝળતા પડ્યા છે!'' બાદલને અફસોસ થયો - બોલી પડ્યો!

અને ત્યાંથી નજર ખેસવી તો પૂર્વાભિમુખ (પૂર્વ તરફ મુખ છે) ઊભેલું શિખરો વિહોણું મંદિર હતું. આગળ જ વિશાળ જળકુંડ હતો. જળકુંડનાં પગથિયાં મરમ્મત કરેલાં હતાં, પણ લગભગ પાંચ-પાંચ પગથિયાંની વચ્ચે નાનાં દેવમંદિરોમાં દેવમૂર્તિઓ હતી. કુંડના સામા છેડે, વડનગરમાં જોયા હતાં એવાં કીર્તિતોરણ જેવું એક તોરણદ્વાર હતું. પાછળ પેલી પુષ્પાવતી નદીનો રેતાળ પટ ડોકાતો હતો. મુખ્ય મંદિર ત્રણ વિભાગમાં, પારંપરિક ગૂર્જર શૈલીમાં બંધાયેલાં હશે- સભામંડપ, નૃત્યમંડપ, અંતરાલ અને ગર્ભગૃહ. આ છેડે ઊભાં રહીને સમગ્ર પરિસર ઉપર લાંબી નજર નાખીને મંડળી ઊભી રહી. આખું મંદિર એક પરિપૂર્ણ એકમ (યુનિટ) રૂપે, જ્યારે જીવંત હશે ત્યારે કેવું ધબકતું-શોભતું ધામ હશે એની કલ્પના કરતાં રહ્યાં. એક અદ્ભુત કલાકૃતિ જોવા માટે જાણે માનસિક તૈયારી કરતાં રહ્યાં.

''ચાલો, આપણે જે રીતે આ મંદિર જીવંત હતું અને જોવાતું હતું તે જ રીતે જોઇએ.'' રચનાએ સ્થાપત્યને સમજતાં સમજતાં આનંદ લેવાનો એક નવો તુક્કો આદર્યો. સૌ સામા છેડે જઇને, પેલા તોરણદ્વારથી પગથિયાં ચડીને ઉપર આવ્યાં. તોરણના સ્તંભો, કમાન બધે જ સ્તરયોજના પ્રમાણે જળથર-મકરમુખ-હાથી-અપ્સરા-સવારી અને દેવ થર હતા. શિલ્પને હજારવર્ષનાં તડકા-છાંયડા અને આક્રમણોની અસર તો હતી જ પણ રેતિયા પથ્થરમાં કરેલું સુંદર કોતરકામ એની રહીસહી ખૂબીને ઉજાગર કરતું હતું. ત્યાંથી કુંડ તરફ આગળ વધ્યાં. કુંડમાં પાણી ભરેલું હતું. રિપેર કરેલાં પગથિયાં અને જૂની દહેરીઓ સ્વચ્છ લાગ્યાં. મંડળીનો જીવ ઝાલ્યો રહે? દોડતાં દોડતાં પગથિયાંની ચડઉતર અને દેવદર્શન શરૂ થઇ ગયાં!

''બહેન, બધું જોઇને - આવીને તમને કહીશું'' - મીનાએ જતાં જતાં કહ્યું તો ખરું!

કુંડનું સ્થાપત્ય પણ કોતરણીથી ભરપૂર હતું. દંતકથાઓ આને 'રામકુંડ' કહે છે. પૌરાણિક દંતકથા છે કે મયૂર નામે એક કવિને શરીરે કોઢ થયો હતો, તેને આ વિસ્તારના ઋષિઓએ આ કુંડમાં સ્નાન કરીને સૂર્યપૂજા કરવાનો ઇલાજ સૂચવ્યો. કવિનો કોઢ મટી ગયો! આસપાસની દહેરીઓમાં મિત્રોએ જોઇ તે પાર્વતી, ગણપતિ, લક્ષ્મી, શિવ અને વિષ્ણુમૂર્તિઓ હતી. ધીરજ અને વિલ્સન કુંડની મોટી- મંદિરના દ્વાર સમ્મુખની દહેરી પાસે ઊભા હતા, ત્યાંથી જ બૂમ મારીને બોલ્યા- ''જળકુંડના ઇષ્ટદેવ શેષનાગ ઉપર સૂતા છે, બહેન! વિષ્ણુનારાયણ!'' આટલા દિવસોના મૂર્તિદર્શન પછી મિત્રો હવે મુખ્ય દેવતાઓની લાક્ષણિકતાઓ અને આસનો વગેરે જોઇને જ ઓળખવા લાગ્યાં હતાં. આમિર છેક નીચે ઝૂકી ઝૂકીને જોતો હતો, કૂંડના સામા છેડે. યાસ્મિને પૂછ્યું- ''વાં ક્યાં ફાંફે માર રિયા હૈ?'' શેખરે સ્મિત કરતાં જ કહ્યું- ''માનવથર શોધે છે એ તો! એ સ્પેશ્યલ કોર્સ કરવાનો છે, એમ કહેતો'તો!'' જો કે માનવથર વિશેની ઉત્સુકતા સૌને હતી. કુંડદર્શન કરીને સૌ મુખ્ય મંદિરના સભામંડપનાં પગથિયા ચડ્યાં, ત્યાં જ આખી, આડી પટ્ટીમાં- જંઘામાં-માનવથર હતો. સવારી, નૃત્ય ઉપરાંત મિથુન મૂર્તિઓ પણ હતી. ત્યાં વળી ઊભાં રહીને, જલકુંડ જોતાં લગભગ મંદિર જેટલા જ ભૂમિવિસ્તારમાં ગોઠવાયેલો કુંડ અનોખી શોભા ધારણ કરતો હતો. અહીંથી પેલી સામી દહેરીમાં વિષ્ણુમૂર્તિ દેખાતી હતી. સ્નાન કરીને શ્રદ્ધાળુઓ જ્યારે આ પગથિયાં ચડતાં ચડતાં આવતાં હશે ત્યારે સભામંડપની સુંદરતા ઓર દેખાતી હશે.

ચારે ખૂણે ચાર ઝરૂખા (શૃંગારચોકી) ધરાવતો સભામંડપ અનેક સ્તંભો પર ઊભેલો છે. ચોકીઓની અપરંપાર શોભા કોતરણીમાં છે. ઘસાઇ ગયેલી ચોકીને સાદા પથ્થરથી 'રિપ્લેસ' કરી છે. ફૂલવેલ અને મકરમુખની સપ્રમાણ કોતરણી છે. શૃંગારચોકીને પેલા રામકુંડવાળા 'સીતાની ચાવડી' કહે છે. કારણ નહિ પૂછવાનું! વિદ્વાનો લખે છે કે મંદિર 52' લાંબું અને 25' પહોળું છે. સભામંડપના કુલ 52 થાંભલા છે એમ કહેવાય છે. દરેક થાંભલા ઉપર રામાયણ-મહાભારતના કથાપ્રસંગો છે પણ હજારવર્ષના





ઘસારાએ સ્પષ્ટતા ભૂસી નાખી છે. ક્યાંક બહુ ધ્યાન આપીએ તો રામવનવાસનાં વાનરો, કૃષ્ણ અને બલરામ સાથે કુસ્તી કરતા બે મલ્લો ચાણુર અને મુષ્ટિક, ઋષિઓ અને અપ્સરા, રામ અને સુવર્ણમૃગ જેવા આકારો ક્યાંક પકડી શકાય છે. રચના બતાવતી રહી અને મિત્રો ધારી ધારીને જોતાં રહ્યાં. સભામંડપની છતની કોતરણીની બારીકી બેનમૂન છે. જો કે મંડળીને કુંભારિયાની છતો યાદ આવતી રહી. સભામંડપની સુંદરતા જોવા અને ઉકેલવા વારંવાર આવવું પડે એમ કહેતી મંડળી અંતરાલમાં થઇને નૃત્યમંડપ પહોંચી. પ્રમાણમાં વધારે ઊંચો-મોટો પણ અંધારિયો ખંડ હતો. ઊંચા થાંભલા પર સાદી કોતરણી હતી. ઋષિઓ અને મિથુન મૂર્તિઓ સ્પષ્ટ દેખાતી હતી. કલાકારનું અને તત્કાલીન સમાજનું અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અહીં છૂટ્ટા હાથે વેરાયેલું હતું. એનાથીયે અંધારિયા ગર્ભગૃહને જાળીથી બંધ કરેલું છે પણ પગથિયાં ચડીને ડોકિયું કર્યું તો નાક બંધ કરવાવારો આવ્યો. ઊંડો-અંધારો અને ગંધારો ખાડો! આખા જગતને અજવાળતા સૂર્યદેવનું આ મૂળ સ્થાનક?!

''અહીં કહેવાય છે કે સૂર્યની સોનાની મૂર્તિ હતી અને હીરાઝવેરાત પહેરાવેલાં હતાં. આખી એ મૂર્તિ લૂંટીને ખિલજી લઇ ગયો!'' રચનાએ ટોળમાં કહ્યું. ''બહેન, સાચ્ચે?'' ''હા-હા તો જ મિંયા તોડી જાય ને!'' કનુભાઇ જાણે ખાત્રીપૂર્વક બોલ્યા.

''ના, મૂર્તિ તો સોનાની નહીં હોય- ત્યારે એ પરંપરા નહોતી. પણ અલંકારો-મુગટ બધું બેશકિંમતી હશે એ ચોક્કસ. અને બેઠક નીચે ખજાનો પણ હશે જ. જેને લૂંટવા મૂર્તિ તોડી હશે. ઉપરનું શિખર પણ ઉડાડી મૂક્યું હશે કાં તો ઘણ કે ગદાના પ્રહારથી ભોંયભેગું કર્યું હશે.''

''શિખર તો ત્રણે પ્રકારનાં હશે અને ત્રણે એ જ રીતે તોડ્યાં છે. શિખર તો મંદિરનું નાક, મંદિરની ઓળખ... એને સલામત ના રખાય!'' વિલ્સને કપાતાં કાળજે કહ્યું. ''ફરી ફરીને એ જ સવાલ થાય છે કે આવી અદ્ભુત સુંદરતાં તોડતાં જીવ કેમ કરીને ચાલ્યો હશે?'' વંદનાનો વલોપાત.

"હું ફરી ફરીને એ જ જવાબ આપીશ - ધર્મ. ધર્મથી પ્રેરાયેલાઓએ જ આવું કલાત્મક સ્થાપત્ય કરાવ્યું અને ધર્મથી પ્રેરાયેલાઓએ જ એને જમીનદોસ્ત કર્યું. આ કે તે - ધર્મ 'પેશન' / ઝનૂન ફેલાવે છે એ ભૂલાય નહિ એટલે જ આ મંદિર દર્શન."

આ બધું શાંતિથી જોતા-સાંભળતા શેખરે ટમકું મૂક્યું- "લાગે છે કે આ મંદિર પેલા ક. મા. મુનશીએ નહિ જોયું હોય! અહીં એમને આર્યત્વની અસ્મિતાનું ખંડન ના લાગ્યું?!" "શેખર, સૂર્યદેવને એમણે પણ 'બહારના' માન્યા હશે", રચના.

ગર્ભગૃહના છ ખૂણે છ સૂર્યમૂર્તિઓ હતી. બરાબર જોઇ-સમજી શકાય એટલી સ્પષ્ટ દેખાતી હતી. સૌ સામે ઊભાં રહી ગયાં- નિહાળતાં ગયાં: "આ મુગટ જોયો? જરાક ઊભો-લાંબો છે."

"હાથ બે છે- અમુકના હાથ તો તૂટી ગયેલા છે પણ પેલી એક મૂર્તિના બે હાથ દેખાય છે - કમળ છે." "ને આમ શરીરે તો બીજા દેવોની જેમ ઘરેણાં વગેરે પહેર્યું છે, ધોતીયું પણ છે. પણ એ હાલ્યા... દેખો દેખો બૂટ! કૈસે ઉંચે ઉંચે હૈ- આજકાલ કે 'હન્ટર્સ શૂઝ' હી લગતે હૈં!" "આજુબાજુ બે પત્નીઓ - ઉષા ને સંધ્યા. અબે, સાત ઘોડે હૈ પર વો સારથિ નહીં હૈ" - "બતાયા થા ના કિ કુછ મેં હૈ કુછ મેં નહીં!" "સરવાળે, આ સૂર્ય બહારના દેવ પણ કોઇ દાનવ-રાક્ષસનો સંહાર કરવાના ક્રોધ વિનાના. ઉલ્ટું હાથમાં પૂર્ણતા અને પવિત્રતાનાં પ્રતીક કમળ લઇને સદાય ઊભા છે ખડે પડે!" વિલ્સને તમામ સૂર્યમૂર્તિઓની કલ્પનાને, અને કલાને, પુરુષદેહની સુંદર દઢતાને શબ્દોથી સલામ કરી. થોડી પળો મંડળી ત્યાં જોતી ઊભી.

ત્યાં બહાર કોલાહલ થયો એટલે સૌ ઝબક્યાં. બહારની જગતી - જંઘા - બધું જોવાનું બાકી જ છે. નીકળીને જમણી તરફની જંઘા જોવા વળ્યાં ત્યાં પેલું કોલાહલ કરતું ટોળું ગર્ભગૃહ પાસે પહોંચ્યું. સાધારણ ગ્રામીણ યાત્રાળુઓ હતાં.





ગર્ભગૃહની બહાર બૂટ-ચંપલ ઊતારતાં, ઊંચા- મકરમુખથી શોભતા ઓટલાને હાથે સ્પર્શી માથે અડાડતાં એ ભોળાં ગ્રામીણો અંદર પેઠાં.

મંડળી રચના સાથે બહારની જગતી ઉપરનાં મોટાં કદનાં દેવશિલ્પો જોતી'તી; ઇંદ્ર-બ્રહ્મા-ચંદ્ર-શિવ-પાર્વતી-લક્ષ્મીની આદમકદ મૂર્તિઓની દેહછટા, ચહેરાના ભાવ, હાથની મુદ્રા, પગના મરોડ... બસ, થયું કે જોતાં જ રહીએ. બહારના છ ખૂણાની છ સૂર્ય પ્રતિમાઓ જોઇ. અર્ધ ખંડિત મૂર્તિઓ ભવ્ય-સુંદર હતી. આસપાસની કોતરણીમાં ક્યાંક જૂની સાથે નવી પણ કરેલી હતી; જે સાવ જુદી પડી જતી હતી અને "આ તો જુઓ, કેવી ઉજળાં કપડાં પર મેલા થીંગડા જેવી લાગે છે, ભૈસાબ!" મીનાની નજરમાંથી નવું કહેવાતું શિલ્પ સાવ ઊતરી ગયું!

"સરખામણીનો તો સવાલ જ નથી... સોલંકી યુગના કલાકારો-શિલ્પીઓએ તો ખરે જ, કમાલ કરી છે! સિદ્ધપુર, પાટણ કુંભારિયા, જૂના સોમનાથ અને હવે આ... મોઢેરા! અફલાતૂન! બસ - કોઇ શબ્દ નથી મળતો બીજો!" વિલ્સન ખરે જ આફરિન હતો!

ભરી બપોરના તડકામાં આખું મંદિર તગતગતું હતું. રચનાએ આખી કલાકૃતિને નજરોમાં સમાવતાં કહ્યું: "આજકાલ પુરાતનપંથીઓએ આ મંદિરને ખગોલીય તથ્યો સાથે સાંકળવાનું શરૂ કરી દીધું છે. જેમ કે આખા મંદિરમાં 52 થાંભલા છે, જે વર્ષના અઠવાડિયાં છે. મંદિરની જગતી-ભમતીમાં કુલ 12 સૂર્યમૂર્તિઓ છે જે 12 આયામ-કલાક સૂચવે છે. દર મહિને એક એક મૂર્તિને સૂર્યનું પહેલું કિરણ વારાફરતી અજવાળતું હતું. આજે જે નથી રહી તે સૂર્યમૂર્તિના મુગટના હીરા ઉપર વર્ષના અમુક દિવસે સૂર્યકિરણ પડતું અને ગર્ભગૃહ પ્રકાશથી ભરાઇ જતું... વગેરે ધારણાઓ કરવામાં આવે છે. પ્રાચીન શાસ્ત્રોને 'વિજ્ઞાન' તરીકે ખપાવવાની આ યુક્તિ ધંધો બની જતાં વાર નહિ લાગે!"

આટલી વાત થતી હતી ત્યાં પેલાં ગ્રામીણોનું જૂથ બબડતું-ફફડતું બહાર નીકળ્યું: "લ્યો, ક્યે' છે કે સૂર્યમંદિર છે પણ અહીં તો મસાણ(સ્મશાન) જેવું અંધારું છે!"

"નર્યો ગંધાતો ખાડો છે! રામ રામ રામ રામ!"

"એલા, ઓલ્યા ટિકિટ દેવાવાળાયે કીધુંયે નંઇ કે આ તો હાવ ખંડિયેર છે!"

"બળ્યું! આ વાગળાં(ચામાંચિડિયાં)ના દરસન કરવા આંય લગી ધક્કો ખાધો!"

મંડળીને થયું કે હસવું કે ચિડાવું!? "જુઓ" રચનાએ કહ્યું.

"પણ આ લોકોનો પણ શો વાંક? વર્ષોથી પુસ્તકોમાં ને હવે મિડિયામાં, બચ્ચન સુદ્ધાં- આને 'સૂર્યમંદિર' કહેતાં હોય પછી તો મંદિરની જ અપેક્ષા હોય ને?!" ખંડેરને ખંડેરની રીતે જોવાનું આ દેશની સંસ્કૃતિએ કયારેય નથી શીખવાડયું. પણે ગ્રીસ-રોમ-ઇજિપ્ત જેવા દેશોમાં, હજારો વર્ષ જૂનાં શિલ્પ-સ્થાપત્યની કેવી જબરજસ્ત જાળવણી થાય છે! સેંકડો લોકો રોજેરોજ જોવા-જાણવા માણવા આવે જ છે... કોઇ પણ જાતના ધાર્મિક વળગણ વગર!"

શેખરે અણગમતી છતાં વાસ્તવિક વાત કરી.

"ખરું કહે છે તું શેખર! પણ હવે આવાં સાદાં ભોળાં દર્શનાર્થીઓને ઝાઝું નિરાશ થવું પડે તેમ નથી." રચનાએ મમરો મૂક્યો.

"કેમ? એવું શું થવાનું છે?" વંદનાને કૂતૂહલ થયું.

"આપણી ધર્મિષ્ઠ સરકાર, પુરાતનપંથી પ્રવાસન ખાતું અને ધર્મના ધંધાદારીઓ ભેગા મળીને થોડા જ સમયમાં સૂર્યની મૂર્તિ મૂકીને, ધામધૂમથી અહીં પૂજા-આરતી શરૂ કરાવી દેવાની પેરવીમાં જ છે!" રચના. "ઓહો! આજ સુધી સૂર્યને 'બહારના દેવ' માનીને ફરી યાદ ન કર્યા, કોઇ જિર્ણોદ્ધાર સુદ્ધાં ના કરાવ્યો ને હવે એકદમ બજાર ગરમ છે એમ સમજીને નવી દુકાન ખોલવાના થઇ ગયા?!" શેખર સિવાય બીજું કોણ?

"હા મિત્રો! તાજેતરમાં જ એક પ્રવાસી કસબીએ ઉત્તર ગુજરાતનાં સ્થાપત્ય વિશે પુસ્તક તૈયાર કર્યું છે- વડનગરને વખાણતા આ 'કોફી ટેબલ' ગ્રંથમાં





'ભાવના' વ્યકત કરી છે કે વડનગરમાં અંતરિયાળ પડેલી, આરસપહાણની બસોએક વર્ષ જૂની સૂર્યમૂર્તિને અહીં લાવીને, એની પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તો?! મતલબ કે હિંદુરાષ્ટ્રના થનગનભૂષણો કોઇ પણ સોનેરી સવારે અહીં મંદિર ધમધમતું કરી દેવામાં વાર નહિ લગાડે!"

"તબ તો બહેન, અગલી બાર ઔર કિસી સાથીઓં કો લેકર કે આપ જબ યહાં આયેંગી તો વો ઇલેક્ટ્રોનિક મશીન સે આરતી કી ગૂંજ મેં આપકો ભી શામિલ હોના પડ સકતા હૈ!" હમિદે હળવાશથી કહેલી વાતના ભારેખમ બોજ સાથે મંડળી અપ્રતિમ કલાસ્થાપત્યમાંથી બહાર નીકળી આવી.

સૂર્યપૂજા વિશ્વવ્યાપી વારસો છે. ઇજિપ્તમાં રા, રોમમાં એપોલો અને માયા સંસ્કૃતિ -દક્ષિણ આફ્રિકન સંસ્કૃતિ... સઘળે સૂર્યદેવની અને એમનાં સ્થાનકોની બોલબાલા છે. આપણે પણ મોઢેરાને એક ભવ્ય-સુંદર છતાં કરૂણ વિરાસત માનીને એની અતીતની આ ગરિમાને શા માટે અકબંધ ના રાખીએ... એ મુદ્દે વિમાસણ કરતી મંડળી જરાક ભારે હૈયે 'બહુચરાજી' તરફ આગળ વધી.

★★★

## મુકામ - 15

# બહુચરાજી / બેચરાજી

### *સમજણની સીમાઓ વિસ્તરતી જાય છે...*

''બહેન, આ 'બહુચરાજી' એ જ 'બેચરાજી'ને? એ તો 'પેલા લોકો'નાં માતાજી કહેવાય છે ને?'' મીનાએ સવાલ પૂછવાની સાથે હાથથી તાલી પાડવાનો ચાળો પણ કર્યો. કેટલાંક મિત્રોએ હસવું દબાવ્યું. રચના થોડી ગંભીર થઇ ગઇ: ''મીના, આપણે સંસ્કૃતિનાં વિદ્યાર્થીઓ છીએ, કોઇ પણ સમુદાય વિશેનો આપણો અભિપ્રાય સાવ લે-મેન / રસ્તે ચાલતા, સામાન્ય વર્ગના લોકો જેવો ના હોવો જોઇએ! ખરેખર તો સમાજ જેને 'પેલા લોકો' કહે છે એમને વિશે જાણવા - સમજવાની આ સારી તક છે.''

''ચાલો, બેચરાજીના બહાને બોલવા-ચાલવા ઉપર થોડી લગામ તો લાગશે!'' ધીરજે મીનાને ખિજવી.

''ચાલો, ચાલો, આ તો સારું થયું કે ત્યાં પહોંચતાં પહેલાં આ સમુદાય વિશે તમારે થોડુંક જરૂર પૂરતું જાણવું જોઇએ એની મને ખબર પડી. સારું, હવે મીના જ નહિ- તમે બધાં કહો, તમે 'પેલા લોકો' વિશે શું શું જાણો છો?''

''એમને પાવૈયા, હિજડા, ફૈબા, માસીબા એવાં નામથી બોલાવે છે.ક્યાંક મેં સંસ્કૃત શબ્દ પણ વાંચેલો-વ્યંડળ.'' વંદનાએ ઓળખ આપવાની શરૂઆત કરી.





''કોઇના ઘેર બાબો આવે, ત્યારે તાબોટા પાડતા વધામણી લેવા પહોંચી જતા હોય છે અને રીતસર ધરણા જેવું કરે, ચેનચાળા કરે, ગાળો બોલે...'' મીનાએ કહ્યું.

''ઔર યે સબ કરકે અપની મુંહમાંગી રકમ લેકર કે હી જાતે હૈં'' આમિરે ઉમેર્યું. ''ઉર્દૂ મેં ઉસે 'જનખા' કહતે હેં; નવાબોંકી બેગમોં કી સલામતી કે લિયે રખતે થે.'' હમીદે માહિતી આપી.

''ખબર નહિ, એ લોકો આવાં સ્ત્રીઓ જેવાં કપડાં શા માટે પહેરે છે? તમારામાં કંઇ ખામી છે એ વાત આમ જગજાહેર કરવાની શી જરૂર?'' બાદલે મુદ્દો મૂક્યો.

''એમનું સેક્સ્યુઅલ એક્સપ્લોઇટેન પણ થતું હોય છે - પુરુષો દ્વારા.''

''મેરે મન મેં અલગ સવાલ થા; યે લોગ જનમ સે હી ઐસે હી હૈંગે કે ઇનકો 'વૈસે' બનાયે જાતે હૈગે? યાસ્મિન બોલી.

''પણ હમણાં જ મેં ક્યાંક વાંચેલું કે આ લોકોનાં હવે સંગઠનો થયાં છે, એમને શિક્ષણ, રોજગાર-તાલીમો બધું આપીને નોર્મલ સમાજ સાથે ભેળવવામાં આવે છે.'' વિલ્સને થોડી મહત્વની અને સકારાત્મક માહિતી આપી.

''અમુક જગ્યાએ તો એ લોકો પોતે હક્ક માગવા આગળ આવ્યા છે અને પોતાનો જે છે તે રૂપે સમાજમાં સ્વીકાર થાય એવી ઝૂંબેશ પણ ચલાવી રહ્યા છે - દેશમાં અને દુનિયામાં પણ; ખરું ને બહેન?'' ધીરજ પણ કંઇ વધુ જાણતો હતો એવું લાગ્યું.

''પોલિટિકલ આઇડેન્ટીટી 'કિન્નર' નામે છે, ઇલેક્શનમાં ઉમેદવારી પણ કરે છે. સૌથી મોટી બાબત તો એ છે કે એમણે પોતે સ્ત્રી નથી, પુરુષ નથી પણ 'ત્રીજી જાતિ' છે એ મુદ્દો આખા સમાજને સમજાવ્યો છે અને એ રીતનો મતાધિકાર પણ મેળવ્યો છે!'' શેખરે ખૂબ મહત્વનો અને પ્રગતિશીલ લાગે તેવો મુદ્દો કહ્યો.

"હાં, મૈં ને ભી ઐસા હી સુના હૈ કિ છોટે બચ્ચોં કો પકડ કે લે જાતે હૈં ઔર કુછ કરકે ઉસે 'વૈસે' બના દેતે હૈં. હાયલ્લા, મુઝે તો ઈનકો દેખતે હી ડર લગતા હૈ!" પરવીને ઘણાંના મનની વાત મૂકી.

"ઓહોહોહો... તમારી પાસે તો ઘણા સવાલો છે.ખેર, થોડી સ્પષ્ટતા કરી લઈએ કે આપણે કહ્યું કે આ 'ખામી' છે પણ ખરું જોતાં એ 'અલગતા'છે. હવે તબીબી રીતે, મનોવૈજ્ઞાનિક (સાઇકોલોજીકલી) રીતે પણ એ નક્કી થઇ ગયું છે કે આને ખામી નહિ, જન્મજાત અલગતા કહેવી જોઇએ; જેમ સ્ત્રી, પુરુષ તેમ આ થર્ડ જેન્ડર, તૃતિય કે ત્રીજી જાતિ- એમ કહેવું જોઇએ.

તામારામાંથી કોઇને પ્રશ્ન થયો કે જન્મજાત હોય છે કે બનાવવામાં આવે છે તો મોટેભાગે જન્મજાત જ અલગતા હોય છે. કદાચ આપણા જેવા પછાત દેશમાં કોઈ બીજી અંધશ્રદ્ધાને કારણે કોઇકવાર ક્રૂરતાપૂર્વક 'બનાવતા' પણ હતા પણ હવે આવું પછાતપણું જોવા મળતું નથી. આ જ બતાવે છે કે હવે ધીમેધીમે સમાજ એમની આગવી ઓળખ સ્વીકારતો થયો છે.રહી વાત એમનો સ્ત્રીઓ જેવાં કપડાં પહેરવાની, તો એ પણ આખા સમાજની સાદી અને પછાત કહી શકાય એવી સમજણ છે કે જે પુરુષ નથી તે સ્ત્રી છે! ત્રીજા વિકલ્પની વૈજ્ઞાનિક સમજ નહોતી ત્યારે આ 'રિવાજ' નક્કી થયો ને પછી પરંપરા પડી ગઈ.પછી તમે એમની પેલી માગવાની વિચિત્ર ટેવ વિશે વાત કરી એ પણ સમાજનું પછાતપણું વધારે છે. એમની અલગતાને લીધે શિક્ષણ-રોજગારી વગેરેથી દૂર રહ્યા કેમ કે બાકીનો સમાજ ક્રૂર મશ્કરી કરે, ઉતારી પાડે અને સમજ્યા વગર હલકાં ગણે. પરિણામે એક મિથિકલ / કાલ્પનિક ભૂમિકા ઊભી થઇ હશે કે એમણે શુભપ્રસંગે માંગવું અને બદલામાં આશીર્વાદ આપવા. આપણા સમાજમાં મા બની ન શકે તે સ્ત્રીનું પણ અપમાન કરવામાં આવે છે. આખી પ્રજનન ક્રિયાથી દૂર હોવાથી એમને 'ફૈબા - માસીબા' જેવી પદવી આપીને, સ્વીકાર કરવાની પરંપરા શરૂ થઈ, જે ક્રૂર નથી પણ વખત જતાં હાસ્યાસ્પદ બની ગઈ. એની સાથે ધર્મ-ધાર્મિક વિધિઓ-માન્યતા વગેરે એવું જડબેસલાક બનાવવામાં આવ્યું કે આવા લોકો એ કહેવાતી 'ધાર્મિક મર્યાદાઓ' ઓળંગી ન શકે, પાપનો ડર સતત રહે. આ બધામાં સ્થાપિત હિતોનું આર્થિક હિત પણ





ખરું જ. પરંપરાઓ વિચારની બારીઓને બંધ જ કરી દે છે. વાતાવરણનું દબાણ પણ આવી બંધિયાર માનસિકતા ઘડે છે, મજબૂત બનાવે છે અને ચાલુ રાખે છે. આ આખો સમુદાય સમાજના પછાતપણાનો શિકાર બન્યો છે એમ કહેવાય.

હમણાં વાત થઈ તેમ હવે, આખા વિશ્વના ફલક ઉપર આ સમુદાયે નવી ચેતના અનુભવી છે ને ફેલાવી છે. ટ્રાન્સજેન્ડર જેવી ઓળખથી આ સમુદાયોનો સંપર્ક થાય છે, તેમની સાથે સંવાદ કરાય છે, એમની તકલીફોમાં સહાય કરાય છે અને અધિકારો માટેના સંઘર્ષ છેડાય છે. હવે જો એમને પેલા જૂના તાલીઓ પાડવાના કામ કરવા પડતાં હોય તો તેને માટે સમાજ જવાબદાર છે! બાકી તો શેખરે કહ્યું તેમ એમની સમાજિક ઓળખ બની છે, રાજકીય ભાગીદારી વધી છે."

"પન ઈસ મંદિર સે ઈન લોગોં કા ક્યા વાસ્તા?" યાસ્મિનને હજી પ્રશ્ન હતો.

"જેમ દરેક સમુદાયની પોતપોતાની કુળદેવી હોય છે તેમ આ સમુદાયની કહો કે ગુજરાતમાં વસતા, થોડાક માનસિક-સાંસ્કૃતિક અને આર્થિક રીતે પછાત આ સમુદાયની- કુળ દેવી છે - બહુચરાજી." રચનાએ જવાબ આપ્યો. "તો ક્યા ઔર જગહોં પર બહુચરાજીકી પૂજા નહીં કરતે હૈંગે?" પરવીન. "ના, અલગ અલગ પ્રદેશના તૃતિયજાતિ સમુદાયની અલગ અલગ દેવી હોય છે. જરૂરી પણ નથી કે બધા એવી દેવીને માનતા જ હોય પણ સામુદાયિક શિસ્તરૂપે દેવીની પૂજા-દીક્ષાવિધિ, અમુક રિવાજો વગેરે આ સમુદાયે અનુસરવા પડે છે (ફોલો કરવા પડે છે); જે વિધિઓ ગુપ્ત હોય છે. ધીમેધીમે આવી રહેલી જાગૃતિ, વૈકલ્પિક કામકાજની ખૂલી રહેલી તકો અને સંગઠનોના અરસપરસ સંપર્કોને કારણે કદાચ હવે આવી અંધશ્રદ્ધામાંથી મુક્ત પણ થઈ શકાશે."

"બહેન, યાસ્મિનવાળા પ્રશ્નનો જવાબ જરા વિગતવાર આપો ને?" મીના.

"આ એક અટપટો સવાલ છે. લોકમાન્યતાઓને શિસ્તમાં લાવવા શાસ્ત્ર રચાય છે કે શાસ્ત્રોને જ્યારે લોકોનાં અર્થઘટનો મળે ત્યારે બદલાવ આવે છે એ

પરસ્પર અસરવાળો આ કિસ્સો છે. મધ્યકાલીન ધર્મશાસ્ત્રોમાં ''બાલા ત્રિપુરસુંદરી'' નામની શક્તિની પૂજા થતી, તેનાં ગુણલક્ષણોનું સરલીકરણ કરીને, લૌકિક અર્થઘટન કરીને બહુચરાજી બન્યાં એમ કહી શકાય. પછીના સમયમાં (14થી 19મી સદી) અનેક સામાજિક-સાંસ્કૃતિક અંધાધૂંધી વખતે જાતજાતની દંતકથાઓ રચાઇ અને આ દેવીનો સંદર્ભ પેલા થર્ડ જેન્ડર ધરાવતા સમુદાય સાથે જોડાતો થયો. એટલી બધી દંતકથાઓ છે જે અતાર્કિક, અવૈજ્ઞાનિક હોવાની સાથોસાથ હાસ્યાસ્પદ પણ છે પણ સદીઓથી લોકમાનસમાં ઠસાવવામાં આવી હોવાથી ચાલતી રહે છે. મંદિરના પ્રાંગણમાં વેચાતી ધામના મહિમાની જાતજાતની ચોપડીઓમાં જાતજાતની દંતકથાઓ મળે છે. દુઃખની વાત એ છે આજકાલનાં યુવા અભ્યાસુઓ અને સંશોધકો આવી દંતકથાઓનો આધાર રાખીને છણાવટ કરે છે અને લેખો-પુસ્તકો લખે છે. ખરેખર તો આ સમુદાયમાં ભળી જઇને, એમની પાસેથી જ બહુચરામા સાથે તૃતિયજાતિના સંબંધ વિશે ઊંડી ખણખોતર કરવી પડે; પણ દંતકથાઓના ફાંસલામાં સંશોધકો અને તૃતિયજાતિનાં લોકો- એક સરખી રીતે ફસાયેલાં છે.''

''મારી ભલામણ છે કે આપણા મિત્રોએ આમાં રસ પડે તો ઊંડા ઊતરીને અભ્યાસ કરવા જેવો! આમાંની ત્રણચાર જાણીતી દંતકથાઓનું કેન્દ્રીય વસ્તુ (સેન્ટ્રલ થીમ) એ છે કે આ જગ્યાએ ઘણી વ્યક્તિઓનું જાતિપરિવર્તન થયું- બાજુના તળાવમાં ડૂબકી મારવાથી પુરુષની સ્ત્રી, સ્ત્રીનો પુરુષ, ઘોડાની-ઘોડી અને ઉલટું... એમ બન્યું. લૂંટારાઓનો સામનો કરવા સ્ત્રીએ પુરુષ વેશ લીધો અને એમનો સંહાર કર્યો. બળાત્કારી વિધર્મીઓ સામે પોતાના સ્તન કાપીને સ્ત્રીએ ત્રાગું કર્યું. સરવાળે પુરુષપ્રધાન વાતાવરણમાં સ્ત્રીઓએ (કથાનાં પાત્રોએ) પોતાની સ્ત્રૈણ કોમળતા છોડીને પુરુષત્વ- બહાદૂરી ધારણ કર્યાં. આ વાર્તાઓ જાતિપરિવર્તન ઉપરાંત પૌરુષી ક્રૂરતા પણ વર્ણવે છે. આ બહુચરામા જાણે એવા ક્રૂર પુરુષમાનસ સામે લડવાની શક્તિ આપે છે. પણ દુઃખની વાત એ છે કે આવું જરાક બુદ્ધિમાં બેસે તેવું કે તાર્કિક અર્થઘટન કરવાને બદલે ફક્ત જાતિ પરિવર્તનના ચમત્કારને જ સર્વેસર્વા ગણ્યો છે. મહિમા જાણે એનો જ થયો છે.'' ''ઓ બાપ રે! બેન કેવું અઘરું અઘરું બોલી ગયાં નહિ?'' મીનાએ કહ્યું. ''તો શું કરું? આવાં ધામો તમને એવા ઊંડા વિચારમાં નાખી દે કે પેલી





ભક્તિભાવના કે દર્શનની ઝંખના તો ક્યાંય ઊડી જાય! અધૂરામાં પૂરું - આ ધામને નિઃસંતાન લોકો માટે મહત્વનું ગણ્યું છે, જેનાં બાળકો માંદાં રહેતાં હોય, શારિરીક પડકાર સાથે જીવતાં હોય (કોઇને કોઇ અંગની ઊણપ વગેરે હોય) તેવાં માબાપ આ માતાને ખૂબ જ શ્રદ્ધા-ભક્તિથી ભજે છે, યજ્ઞ કરે, અર્પણ કરે ને બાધાઆખડી માને છે.''

''પણ એ તો દરેક દેવો માટે, માતાઓ માટે એટલું જ સાચું છે ને?''

''હા, વિલ્સન, પણ બહુચરાજી માટે ખાસ! ધામ જોઇને ખાત્રી થશે.''

છેવટે ગાડી ધામ પહોંચી. ઉત્તર ગુજરાતના પ્રવેશ દ્વારે, ખેતીપ્રધાન-ફળદ્રુપ પ્રદેશમાં મજાનું ધામ બંધાવેલું છે. અલકમલકની ચીજો, પૂજા-સામગ્રી અને ખાણીપીણીના લારીગલ્લા પાછળ 18મી સદીનો કિલ્લેબંધ પરિસર દેખાયો. ઈંટેરી કિલ્લામાં લાકડાના જબરજસ્ત કમાડવાળો દરવાજો હતો, બુર્જ હતા અને ઉપર નવું બનાવેલું ટકોરખાનું જૂનાની જ ડિઝાઇન જાળવીને બનાવ્યું હતું. અંદર પેસતા વિશાળ આરસબંધી ચોક જોયો, જે નવો જ બનાવાયો હતો. મધ્યમાં નવો યજ્ઞમંડપ હતો, જ્યાં કોઇ કિશોરની જનોઇવિધિ (યજ્ઞોપવિત) ચાલી રહી હતી. ઉમંગી સંગાવહાલાંએ મંડળીને પણ મીઠું મો કરાવ્યું. થોડી પળો વિધિ જોઇને ખૂણાના ઓટલે સૌ ગોઠવાયાં.

''યે ક્યા હો રહા હૈ, બેન?'' યાસ્મિનનો સવાલ.

''આમ તો લાંબી લપ કરવી પડે, પણ બ્રાહ્મણ જ્ઞાતિમાં, અમુક રાજપૂતોમાં અને સુથારોને પણ જનોઇ- પવિત્ર દોરો પહેરાવવાની વિધિ કરવામાં આવે છે.બહુ જૂની આર્યપરંપરા છે જેમાં હવે ફક્ત બ્રાહ્મણોમાં રહી ગઇ છે.જનોઇ પહેરે પછી જ બ્રાહ્મણ સાચો બ્રાહ્મણ બને- દ્વિજ બને; જેનાથી એને પુરોહિત થવાની લાયકાત મળી કહેવાય.''

''લાડવા લાયસન્સ મળ્યું કહેવાય - પણે સિદ્ધપુરમાં શ્રાદ્ધ કરાવતા પુરોહિતો હતા ને, એમને જ લાડવા ખાવા મળે!'' શેખરની મજાક બધાંને કેટલી સમજાઇ એની તો ખબર ના પડી પણ જોરદાર હાસ્ય તો ખખડી ઊઠ્યું!

સામે યજ્ઞમંડપની સાથે જ મંદિર શોભતું હતું. ગૂર્જર શૈલીનું, મધ્યમથી મોટા કદનું સફેદ આરસનું મંદિર નવું જ હતું- અંબાજીની જેમ સારી છતાં સાદી, જરાક જાડી કોતરણીથી શોભતું હતું. વિમાનશિખર ઉપર સોનેરી કળશો અને લાલ-કસુંબી ધજાઓ શોભાતી હતી. સામેના છેડે નવી બનાવેલી ભોજનશાળા, ધર્મશાળા વગેરે દેખાતું હતું. એક ઊંચી આરસની દીપમાળા જોઇ; નવાઇ લાગી. સમગ્ર વાતાવરણ સ્વચ્છ અને મોકળાશભર્યું હતું.

''મને યાદ છે, ભૂકંપ પહેલાંનું મંદિર પથ્થરનું બાંધેલું હતું; પણ ઉપર ક્યારેક વળી ઓઇલ પેઇન્ટ કરાવીને ભડકામણી છાપ ઊભી કરતું હતું. મૂળ ગૂર્જર શૈલીનું જ હતું પણ આનાંથી નાનું હતું. યજ્ઞમંડપ લાકડાના નકશીકામવાળો હતો. સમગ્ર છાપ થોડીક ગંદી અને 'ગૉડી' (ભભકદાર) પડી હતી. ફેરિયાઓ અંદર સુધી પેસીને ચાંદીના જીભ-હાથ-પગ-નાક-કાન વેચવા ફરતા હતા.''

''એ શું બહેન?'' વિલ્સનને સવાલ થયો.

''આપણે વાત થઇ હતી ને કે શારિરીક ઊણપવાળાં બાળકોને સાજાં કરવા બાધા માનવામાં આવે છે - તો એ માટે અંગો અર્પણ કરવાની પરંપરા છે. ચાંદીના પતરાંમાંથી આવાં નાનાં પ્રતીકો બને છે ને માતાજીને ચડાવાય છે. પહેલાં કેટલાક લોકો બકરાનો ભોગ પણ ચડાવતાં. અહીં ચોકમાં જ એક ખાસ નાનો ઓટલો હતો ત્યાં બકરાનો વધ થતો.''

''ઓ બાપ રે!'' વંદના હબકી ગઇ.

''હા, દેવીપૂજામાં કૂકડો-બકરો-પાડો સુદ્ધાં વધેરાય છે.ખૂબ આદિમ ધર્મ છે ને, એની વિધિ પણ આદિમ જ હતી; એ તો પેલી વૈષ્ણવભક્તિ દાખલ થઇ ને બધું બદલાયું! કલકત્તાનાં કાલિમાતાને, આસામનાં કામાક્ષી માતાને... બધે ભોગ ચડે છે; આજની તારીખમાં. પણ ગુજરાતની કહેવાતી ઉજળિયાત જ્ઞાતિઓએ આ ભોગની પરંપરા બંધ કરાવી. બીજું કારણ એ કે આ માતા, આ ધામ સાથે કોળી, ચારણ, રાજપૂતો જેવા સમુદાયો સંકળાયેલા હતા. પેલી દંતકથાઓમાંથી એટલી હકીકત તારવી શકાય તેમ છે પણ એવી કસરત કોણ કરે?- ખેર, એ સમાજો માંસાહારી પણ ખરા અને લડાયક પણ ખરા તેથી માતાની દંતકથાઓ અને આ ભોગ





/ બલિદાન વિધિ સાથે બધું બંધ બેસે તેવું છે.ખેર, હવે નવા પરિસરમાં તો એનું નામોનિશાન નથી. મંદિર જાણે કહેવાતા ઉજળિયાતોનું બનવા લાગ્યું છે.''

''મૂળ ક્યારે બંધાયેલું?'' કોણે બંધાવેલું?'' મીનાનો સનાતન પ્રશ્ન.

''ઓ હાં... આ રસપ્રદ વાતોમાં એ હકીકત આપવાનું ભૂલી ગઇ! મૂળે 18મી સદીથી કડી-પાટણ વગેરે ઉત્તર ગુજરાતના આ વિસ્તારોમાં ગાયકવાડ રાજાઓ રાજ કરતા. એમાં માનાજીરાવ ગાયકવાડે 19મી સદીમાં- 1835માં આ મંદિર બંધાવ્યું. કહે છે કે સ્થાનિક રાજાએ પહેલાં પણ સ્થાનક બાંધ્યું હતું પણ ગાયકવાડે બ્રાહ્મણવાદી પરંપરા, શાસ્ત્રીય વિચારણા મુજબનું મંદિર, પૂજાવિધિ વગેરે અહીં શરૂ કરાવ્યું. આ ગઢ, બુર્જ ને પેલી દીપમાળા / કહો કે દીપસ્તંભ-ટીપિકલ ગાયકવાડી-મરાઠી શૈલીનાં છે. ગાયકવાડે પૂજારીઓ પણ મરાઠી બ્રાહ્મણોને નિમ્યા હતા. સરવાળે અમુક દંતકથામાં વર્ણવેલા સ્થાનિક દેવસ્થાનની કાયાપલટ થઇ ગઇ. કદાચ મૂળ સંસ્કૃતિ- મૂળ મિજાજ પણ બદલાઇ ગયો. એ પછી ગુજરાત સરકાર અને ખાનગી ટ્રસ્ટે મળીને આ નવું મંદિર ગયા દાયકામાં જ બનાવડાવ્યું. ટ્રસ્ટોમાં કોળીઓ, પટેલો, બ્રાહ્મણોએ સાથે મળીને ફાળો આપ્યો. વોટબેંકના લોભે ભાજપે શાસન સંભાળતાંની સાથે અહીં આ જિર્ણોદ્ધાર કરાવ્યો. આ જ્ઞાતિઓ એમની મોટી વોટબેંક છે - OBC (ઓબીસી) જેણે નરેન્દ્ર મોદીને દેશ-વિદેશ બધે કાયમ ટેકો આપ્યો છે.''

''ચાલો બેન, મંદિર અંદરથી જોઇશું?'' વંદનાએ બધાંને દોર્યાં.

મંદિરની બહાર જગતી ને જળથર, હાથી, મકરમુખ, ફૂલવેલ વગેરે હતાં પણ અપ્સરાથર, દેવથર કે માનવથર નહોતાં. કારણ? એ જ જાણીતું! ''ઝટપટ પતાવવું પડ્યું હશે ને- ચૂંટણીઓ પહેલાં?'' - શેખરે તારણ કાઢ્યું.અંદર સભામંડપ મોટો હતો, ખાસાં શ્રદ્ધાળુંઓ પૂજા સામગ્રી સાથે લાઇન બનાવીને ઊભાં હતાં. અંદર પણ કોઇ શિલ્પકામ નહોતું. ખુલ્લો મંડપ હતો. ''બેન, ઇસે

દેખકર વો માતાકા મઢ યાદ આ ગયા'' - પરવીને ઠીક સાંકળ્યું. ગર્ભગૃહમાં લાલચુંદડી અને શણગાર સજાવેલી આંગી હતી. કૂકડાનું વાહન હતું. ''લો, આજે તમને મૂળવાહન જોવા મળ્યું. શાસ્ત્રો અને દંતકથાઓ મુજબ બહુચરમાને કૂકડો પ્રિય. મૂળ વાહન એ. પણ મોટાભાગે પરંપરા એવી છે કે રોજે જુદાં જુદાં વાહનો ઉપર આંગી સ્થાપાય. હવે તમને આંગી અને મૂર્તિનો તફાવત ખબર છે. આશાપુરામાં ઊભેલાં હતાં- અધૂરાં હતાં ને! અંબાજીનું વાહન નથી બદલાતું- વાઘ જ હોય. બાકી અમદાવાદમાં ભદ્રકાળી પણ રોજ જુદાં વાહન ઉપર બેસે.''

''કેવી કેવી પરંપરાઓ ને કેવી કેવી કલ્પનાઓ! કમાલ છે આ બધું!'' બાદલને હસવું કે ગુસ્સે થવું- સમજાતું નહોતું.

ભક્તોને દર્શન કરતાં મૂકીને મંડળી બહાર નીકળી. મંદિરની પાછળ એક અલગ જ પરિસર હતો. દરવાજામાંથી પેઠા તો વળી ત્યાં લાલપથ્થરની નવી



પરસાળો, જ્યાં મુંડનવિધિ થતી હતી. ચાંદીનાં પ્રતીકોની દુકાનો પણ હતી. પણ સૌથી મુખ્ય હતો પેલો કુંડ- જ્યાં જાતિપરિવર્તનના ચમત્કારો થયા હતા એમ કહેવાતું હતું. સરસ ફુવારા અને લાલપથ્થરની બાંધણીથી શોભતો હતો.

''આ બધા ઉપર ખરું પૂછો તો આર્થિક સ્થિતિમાં આવેલા પરિવર્તનની પીંછી ફરી વળી છે.'' રચનાએ તારણ કાઢ્યું.

''અને રાજકીય સપોર્ટ પણ કારણભૂત છે.'' શેખરે ઊમેર્યું.

''સાચી વાત. કાંટિયુંવરણ-મતલબ કે માથાભારે કહેવાતી કોમોની ખેતીવાડીને





લીધે, કંઇક જમીનો વેચવાને લીધે આર્થિક સ્થિતિ બદલાઇ છે.''

''જમીનો વેચી? એટલે?'' ધીરજે પૂછ્યું.

''કેમ, આ વિસ્તારમાં નેનો-ફોર્ડ-ફિયાટ... ને બીજું બધું થવા લાગ્યું છે- GSFC - GIDC... બધાંનાં પાટિયાં જોજો- બહાર નીકળો ત્યારે!'' શેખર બોલ્યો. ''અને ભાજપા જેવા રાજકીય પક્ષે આ કોમોને બધી રીતે ટેકો આપ્યો. મજાની વાત એ છે કે આ સમુદાયના લોકો પાસે પૈસો તો આવ્યો પણ શિક્ષણ કે એક્સપોઝર એટલાં નથી વધ્યાં; પરિણામે સામાજિક પછાતપણું અને સાંસ્કૃતિક બંધિયારપણું જેમનાં તેમ છે! મંદિર સુધર્યું પણ રિવાજો નહિ!'' રચનાએ વિશ્લેષણ કર્યું.

કુંડવાળા ચોકથી બહાર નીકળ્યાં તો એક મોટા ખંડમાં માટીની બનાવેલી નાના નાના બાબલાની મૂર્તિઓ હતી- મંડળી અચંબામાં; પણ હમિદે સાંકળ્યું- ''યે બાબાલોગ ભી ઉન ચાંદીકે પ્રતીકોં કી તરા હી હોંગે ના? જીસકી મન્નત પૂરી હુઇ હોગી ઉસને બનવાકે યહાં અર્પણ કિયે હોંગે!''

''બિલકુલ... અને મોટેભાગે દીકરાની જ માંગ હોય છે. બેબલીની મૂર્તિ જોવા નહિ મળે! 'પું' નામના નર્કમાંથી તો પુત્ર જ તારે ને?!'' વંદનાએ જે રીતે કહ્યું એમાં રચનાએ કશું ઊમેરવાપણું ના રહ્યું.

સરસ પરિસરમાં જોતી-ફરતી મંડળી એક જગ્યાએ અટકી ગઇ. એક ઓટલા ઉપર બે કિન્નરો બેઠેલાં- એક વૃદ્ધ અને એક તરૂણ. બંનેએ ગુજરાતી ઢબની સાડી વગેરે પહેરેલું. શાંતિથી બેઠેલાં. કોઇ ઉપદ્રવ કરે તેવા નહોતા. મંડળીએ રચના સામે જોયું, રચનાએ બોલ્યા વિના મંજૂરી આપી. પોતે સામા છેડાના ઓટલે બેઠી- રાહ જોતી.

પંદરેક મિનિટ મંડળીએ બંને કિન્નરો સાથે ગાળી. પાછાં આવીને દરેકે કંઇક ને કંઇક શેર કર્યું- ''બહેન, ઇન મેં તો હિંદુ-મુસલમાન દોનોં હોતે હૈં, સાથમેં હી રહતે હૈં.''

"આમ તો અમુક વિધિઓ ગુપ્ત રીતે કરવી પડે છે પણ હવે માંગવા કે એમ નથી જતાં. એમનાં એસોસિયેશન પણ બન્યાં છે."

"માનવ અધિકારવાળાઓએ પેલું સેક્સ્યુઅલ એક્સપ્લોઇટેશન (જાતીય શોષણ) ઘટાડવાના પ્રયત્નો શરૂ કર્યા છે."

"હવે અહીં બહુ લોકો નથી રહેતાં. દસબાર વર્ષ પહેલાં મંદિરનું રિનોવેશન શરૂ થયું ત્યારે જ ખાલી કરાવ્યું. હાલમાં મોટાભાગે એમના સમુદાયવાળા વડોદરા-અમદાવાદ એમ રહે છે. બસ, પછી બહુ વાતો ના કરી."

મિત્રોને સાંભળી લીધા પછી રચનાએ જૂનો અનુભવ 'શેર' કર્યો- વીસેક વર્ષ પહેલાં, જેસુઇટ ખ્રિસ્તી ધર્મ ગુરુઓ સાથે આવી હતી ત્યારે કિન્નરોનું મોટું ટોળું આમ બેઠેલું. અમને આવતાં જોઇને બધાં હુડૂડૂડૂ કરતાં આવ્યાં અને પેલાં ધર્મગુરૂઓને લગભગ ઘેરી લીધા, કંઇ કંઇ બોલવા લાગ્યા, ચાળા કરવા લાગ્યા... અમારા ભાઇઓ તો જે ભાગ્યા છે! પછીની ફિડબેક મિટીંગમાં 'બેચરાજી ના જવું' એવું સૂચન પણ આવ્યું- પણ હું અડગ હતી- એક તદ્દન લૌકિક સ્થાનિક આસ્થા અને બ્રાહ્મણવાદી પરંપરાના મિશ્રણ (ફ્યૂઝન) ને પણ જોવું તપાસવું પડે. સમાજે જેને આઘા રાખ્યા છે, અપમાનિત કર્યા છે એવા સમુદાયને કમ સે કમ જોવા જાણવાની નાની તક લેવી પડે... ને છેવટે એ લોકો માની ગયા. અમે વરસોવરસ આવતાં રહ્યાં. આજે એટલે જ, આ પરિવર્તન જોઉં છું ત્યારે કહી શકું કે એ ફ્યૂઝન હવે નથી રહ્યું- સંપૂર્ણ સમાવેશ થઇ ગયો છે. હિંદુધર્મનો આ સર્વસમાવેશી સ્વ-ભાવ (પ્રકૃતિ) છેવટે જીતી ગયો છે!"

રચનાના વિશ્લેષણને સૌએ સમજીને સાંભળ્યું. એક અવનવા અનુભવ કરાવનાર સ્થળની વિદાય લેતાં પહેલાં, સૌ મંદિર ટ્રસ્ટની ભોજનશાળામાં જમવા બેઠાં. સરસ ખુરશી-ટેબલ ઉપર, સ્ટીલના થાળી-વાટકામાં સાદું સ્વાદિષ્ટ ભોજન મિષ્ઠાન સાથે જમીને, બસમાં બેઠાં ત્યારે કનુભાઇ ખુશ હતા- મોટું ધામ જોઇને, મજાની ગુજરાતી થાળી જમીને!

★★★





**મુકામ - 16**

# ઊંટેશ્વરી માતા

## *ભારતીયકરણ, હિંદુકરણ કે ગુજરાતીકરણ?*

ઊંટેશ્વરીમાતા? યે કૈસા નામ?" હમિદનું આશ્ચર્ય. વંદના માટે તો આ પણ નવાઇ જ હતી- "અમુક સમુદાયની માતાજીઓનાં નામ ખાસાં વિચિત્ર હોય છે નહિ? બૂટ માતા, ચેહર માતા, વિહત માતા, વહાણવટી માતા... પણ આ તો વળી સાવ નવું!"

રચનાએ સસ્મિત કહ્યું- આ નવી માતા છે- સાતમા દાયકાની!"

યાસ્મિન મુગ્ધ- "હેં નયા અવતાર હુઆ હૈગા?"

"ના, અવતારવામાં આવી, એમ કહેવાય. આમ તો તમે હવે જાણો છો કે શક્તિપૂજા, દેવીપૂજા સૃષ્ટિ પરથી સૌથી પ્રાચીન ધર્મશ્રદ્ધા છે. એક તરફ જૂનામાં જૂની દેવીઓ પૂજાય છે તો બીજી તરફ આમ નવી નવી માતાઓ પણ સરજાય છે. જેમ કે છઠ્ઠા દાયકામાં 'શોધાયેલી' સંતોષી માતા.

"અરે બાત મત પૂછો યાર! શોલે સે ભી જ્યાદા હીટ રહેલી હોગી!" આમિરને તો એની દાદીઅમ્માએ કહેલું.

"જો કે આ ઊંટેશ્વરીની વાત જરા અલગ છે- એ મૂળમાં તો ઇસુનાં મા મરિયમનું એક રૂપ છે."

"મતલબ કે ખ્રિસ્તી માતા?" "અલ્યા, રાજકોટમાં વિલ્સને કીધું'તું તો ખરું!" ધીરજને યાદ હતું.

"હા વિલ્સન, તું આ લોકોને વિશે જરા માહિતી આપી શકે?"

"ઓ.કે. આમ તો આ મા મરિયમનું એક સ્વરૂપ છે. મા મરિયમનાં ઘણાં રૂપો છે જે આપણા દેશમાં અને યુરોપ-અમેરિકા વગેરે દેશોમાં પણ પૂજાય છે- લેટિન અમેરિકામાં ખાસ. એમનાં નામ ગુણલક્ષણો ઉપરથી, સ્થળ ઉપરથી પાડવામાં આવે છે. જેમ કે નિરાધારોની માતા, સદાસહાયક માતા, વેલાંકની માતા (તામિલનાડુનું ગામ) વગેરે. જો કે એક વાત સ્પષ્ટ કરી દઉં કે આપણે અંબાજી-બહુચરાજી-હર્ષદમાતા વગેરેનાં દર્શન કરતાં હતાં ત્યારે મેં જોયું કે માતાજી પ્રત્યેની શ્રદ્ધાભક્તિ ભલે સરખી હોય પણ હિંદુ ધર્મમાં અને ખ્રિસ્તીધર્મમાં 'માતા' વિશેની વિચારસરણી અલગ છે. અંબાજી વગેરે રાક્ષસોને મારવા, લોકોને બચાવવા હથિયારો સાથે કલ્પવામાં આવે છે પણ મરિયમમાતા તો ફક્ત ઇસુનાં મા છે, ક્યારેક અમુક ચમત્કાર વર્ણવાયા છે પણ મૂળ તો ઇસુ ઉપર પણ પ્રભાવ પાડી શકે એવાં એ હતાં એમ માનીને લોકો મરિયમ માતાની ખૂબ ભક્તિ કરે છે."

"આ મરિયમ માતા ખરેખર થઇ ગયાં?" મીના સિવાય બીજું કોણ?

રચનાએ કહ્યું- "હા, થયાં છે તો ખરાં પણ એમના વિશેના ચમત્કારો અને દંતકથાઓ વધુ અને હકીકત ઓછી એવું કહી શકાય."

"અમારામાં કેથલિક અને પ્રોટેસ્ટંટ એમ બે મુખ્ય પંથ છે. પ્રોટેસ્ટન્ટ મરિયમને ઇસુનાં મા તો માને છે પણ પૂજતા નથી; પણ કેથોલિક સમુદાય ઘણીવાર ઇસુ કરતાંય મરિયમની વધારે ભક્તિ કરે છે. અલગ દેવળો, અલગ તહેવાર, શોભાયાત્રા… બધું જ ચાલે છે ને પાછું દુનિયાભરમાં ચાલે છે." પ્રોટેસ્ટંટો 16મી સદીમાં, યુરોપના જૂનવાણી કેથલિક પંથની સામે વિરોધ કરનારા હતા. એના સ્થાપક માર્ટિન લૂથર તો પાદરી જ હતા." રચના.





"તમે કેવા?" ધીરજે પૂછ્યું.

"કેથલિક."

"તો તો તને ઊંટેશ્વરીની ખબર હશે ને?"

"નામ સાંભળ્યું છે પણ વધારે જાણતો નથી. અમે મૂળ તો છેક વસઇ-મહારાષ્ટ્રનાં, એટલે તળપદી વિગતો ના જાણીએ."

"મતલબ કે ઊંટેશ્વરીમાતા તળપદાં ગુજરાતી માતા છે. વાહ… આ અસ્સલ ગુજરાતીકરણ! બહેન, આ મુદ્દો બહુ લાંબી ચર્ચા માટેનો છે, નહિ?" શેખરને રચનાએ કહ્યું: "હા, પણ પહેલાં સ્થળ જોઇએ-સમજીએ પછી ફિડબેક તો છે જ!"

"બહેન, ઇતિહાસ?" બાદલનો પ્રશ્ન.

"ત્યાં જઇને વાત." બસને બૂડાસણ વળાંકે વાળવા કહીને રચના આરામથી બેઠી.

કડી પાસેના બૂડાસણ ગામને છેડે ઊભેલી ટેકરી ઉપર આ મંદિર છે. થોડી વારે બસ અટકી. મંડળી લીલીછમ લીમડીઓ, ગુલમહોર, સોનમહોર અને રળિયામણાં ફૂલ છોડથી છવાયેલી ટેકરી ઉપર ચડી. ગૂર્જર-નાગર શૈલીનું આરસપહાણથી બનાવેલું મધ્યમકદનું મંદિર દેખાયું.ગોળ-આમલક શિખર, વિમાન… બધું શોભતું હતું. પણ ટેકરી ઉપર, મંદિરની સામેના લાલમાટીથી છાયેલા મેદાનમાં એક નવતર શિલ્પ જોવા મળ્યું: ટેરાકોટા (પકવેલી માટી) ના ચૌદ(14) પાળિયા અર્ધગોળાકારે ગોઠવેલા હતા, દરેક ઉપર ઇસુની જુદી જુદી અવસ્થા બતાડતી ઉપસાવેલી છબીઓ અને નીચેની પટ્ટીમાં ગુજરાતી ભાષાના કવિઓની પંક્તિઓ જે સમર્પણ, સદ્ભાવ, માનવતાના સારાંશ સમી હોય!

વિલ્સને ચૌદ પાળિયા દેખાડતાં યાદ દેવડાવ્યું કે આપણે દીવમાં જે 14 સ્ટેશન ચર્ચમાં જોયાં હતાં, આ એનું ગુજરાતીકરણ… આય નવું! સરસ કવિતાઓનો



**ઊંટેશ્વરી મંદિર**

નવતર ઉપયોગ! બધાં પાળિયાઓ જોતાં હતાં ત્યાં રચનાએ સ્થાનિક પાદરી (ફાધર)ને મળીને, મિત્રોને ધામનો મહિમા સમજાવવા વિનંતી કરી. વયોવૃદ્ધ સ્પેનિશ ફાધર બધું જાતે બતાવવા ઉત્સાહપૂર્વક આવી પહોંચ્યા. સૌનું સ્વાગત કરતાં એમણે મીઠી-કાલી- ગુજરાતી ભાષામાં જ સમજૂતી શરૂ કરીઃ

''ગુજરાત પ્રાન્તમાં અમારો 'ઇસુસંઘ' લગભગ 150 વર્ષથી કામ કરે છે એ તમે જાણતા જ હશો. શિક્ષણ, આરોગ્ય, લોકહિતનાં અને માનવ અધિકારનાં કામ કરીએ છીએ. જમીન સુધારણા, ખેતીમાં નવા પ્રયોગો, નાના ને સીમાંત ખેડૂતોને પગભર કરવા, સિચાઇની નવી ટેક્નીક વિકસાવતા-અપનાવતા કરવા વગેરે કામ પણ ખરાં.'' શેખરે વચ્ચે જ લાક્ષણિક ઢબે પૂછ્યુંઃ ''અહીં ખ્રિસ્તી લોકોની વસ્તી કેટલી હશે?''

''1969થી આજ સુધીમાં 26 ગામો ઇસુપંથીઓનાં છે, આશરે 2500 (અઢી હજાર) લોકો હશે.'' ફાધરે ખ્રિસ્તી માટે નવો શબ્દ વાપરી બતાવ્યો.

''આમ આ વિસ્તારમાં ઠાકોર, કોળી, કોળી પટેલ અને રાવળ (રાવળિયા-ઊંટપાલકો) સમુદાયના વસ્તી છે પણ ઇસુપંથીઓમાં રાવળ કોમની સંખ્યા વિશેષ છે. તમે તો જાણો છો કે રાવળ કોમ ઊંટ પાળે છે, ઊંટ ગાડીઓ ફેરવે છે; ઊંટ એમની આજીવિકા છે. આ મંદિરનું નામ પણ એમણે જ રાખ્યું ને એટલે જ રાખ્યું- 'ઊંટેશ્વરી ધામ'. આવો પહેલાં દર્શન કરીએ પછી વધારે વાતચીત કરીશું.''





મંદિરની નજીક ગયાં તો લાંબી પરસાળ; ત્રણ ફોલ્ડમાં ખૂલતા દ્વારની બારસાખ અને તોરણની જગ્યાએ માતા મરિયમ અને બાળઇસુનું રંગીન કપચી (મોઝેઇક)થી બનાવેલું ચિત્ર-દેવદૂતો વધામણી કરતા દેખાડ્યા હતા. ગોળ અને વિમાનવાળાં શિખરો હતા. અંદર પ્રવેશ કર્યો તો ગૂર્જર શૈલી પ્રમાણેનું સભાગૃહ; પણ ચોરસ-વિશાળ. નીચે બેસવાની સાફ શેતરંજીઓ એક તરફ રાખી હતી. દીવાલ સરસી નાની સ્ટૂલવાળી ગાદીઓ પણ ખરી. બિલકુલ સામે, નાના અંતરાલમાં લાંબી પાટ, પિત્તળ અને મીનાકારીના ચિત્રવાળી. વચ્ચે ઊંટેશ્વરી-બાળઇસુનું પ્રતીક. પાટની પાછળ ગાદી; જ્યાં બેસીને પુરોહિત / યાજ્ઞિક / ફાધર પરમયજ્ઞ (ખ્રિસ્તી વિધિ) કરાવે. અને એનીયે પાછળ, ગર્ભગૃહમાં માતા મરિયમની, ગોદમાં લીધેલા બાળઇસુ સાથે ની 5 ફૂટ જેટલી પ્રતિમા. આરસની બનેલી પ્રતિમાને, કોતરીને જ, ગુજરાતી ઢબની સાડી પહેરાવી હતી. માથે ઓઢેલું. સહેજ લંબગોળ છતાં ગોળમટોળ લાગતું મીઠું



**ઊંટેશ્વરી માતા**

સ્મિત વેરતું મુખ ને રમકડા જેવા બાળ ઇસુ. તદ્દન વાસ્તવવાદી (રિયલિસ્ટીક) શૈલી હતી. મૂર્તિ જે વેદી ઉપર ઊભી હતી તે કમળપાંખડીની આછી રેખાઓવાળી હતી. ગર્ભગૃહમાં ડાબે-જમણે, હિંદુ મંદિરોમાં જ્યાં ગણેશ-હનુમાન હોય છે ત્યાં એક તરફ પવિત્ર વિધિના પ્રસાદની પેટી અને બીજી તરફ પલાંઠી વાળેલા એક સંન્યાસીની આરસ પ્રતિમા હતી. નીચે નામ કોતરેલું- સંત અનિરુદ્ધ.



**અંદરની છત**

બધું ધારીને જોતી મંડળીને હવે સંબોધીને ફાધરે કહ્યું- આ સંત અનિરુદ્ધ એટલે અમારા ઈસુસંઘના સ્થાપક ફ્રાન્સિસ ઝેવિયર. જે ભારતમાં, ગોવાના કિનારે ઊતર્યા અને ખ્રિસ્તીધર્મ અહીં લઇ આવ્યા.''

''પણ આ 'અનિરુદ્ધ' નામ કેવી રીતે?'' વંદનાને કુતૂહલ થયું.

''અનિરુદ્ધ એટલે કદી રોકી ન શકાય તેવો; 'ફ્રાન્સિસ'નો લેટિન ભાષામાં આ જ અર્થ થાય; અમે બંને સંસ્કૃતિને જોડી.''

આમ તો મંદિરમાં પેસતાં જ જે આકર્ષક ને અનોખું હતું તે અહીંના ભીંતચિત્રો અને ગોળ ગુંબજની અંદરની છત. ભીંતચિત્રો મોઝેઇકથી બનાવેલાં હતાં. માતા મરિયમને દૈવી વરદાન, ઈસુનો જન્મ, બાળપણ, પૈગંબરી પહેલો ચમત્કાર, વધ, સ્વર્ગારોહણ... વગેરે પ્રસંગોનાં ચિત્રો હતાં. મરિયમ મુખ્ય પાત્ર રૂપે હતાં. પીળી સાડી પહેરેલી સામાન્ય સ્ત્રી જેવી આકૃતિ હતી પણ ખૂબ ભાવવાહી ચિત્રો હતાં. શૈલીની વાત કરીએ તો ક્યાંક મિશ્રણ-ગુજરાતી અને પાશ્ચાત્ય- હતું. પણ પ્રસંગો ખૂબ વિગતે દર્શાવેલાં. પરંપરા બિલકુલ છોડી દીધી હતી પણ કળામાં વાસ્તવિકતાની





આપણા દેશમાં નવી કહેવાય એવી અલગ પરંપરા ઊભી કરી હતી. ફાધરે દરેક ચિત્ર સમજાવ્યું. ઉપર છતનું ચિત્ર તો 'તેરા'ના જૈન દેરાસરની યાદ અપાવી ગયું. કાચકામથી બનાવેલી રાસલીલા હતી. કૃષ્ણ-રાધા નહિ, પણ (દેશી પોષાક) કેડિયું-ચોરણી, ઘાઘરી-ઓઢણું પહેરેલાં ગ્રામીણ યુગલ દાંડિયા રમી રહ્યાં હતાં. સંગીતવૃંદ પણ હતું જે ઢોલ, નગારું, તબલાં, શરણાઇ, વાંસળી, તબલાં વગાડતું ગોળ ફરતું હતું. ખ્રિસ્તીધર્મમાં પણ સંગીત, ભજન, લોક સંગીતનું મહત્વ છે તે અહીં સરસ દેશી શૈલીમાં મૂકવામાં આવ્યું હતું. સમગ્ર રીતે જોતાં ગુજરાતનો ગ્રામીણ પરિવેશ ધરાવતું દેવળ અનોખી અનુભૂતિ કરાવતું હતું. સાથે ફરતા કનુભાઇ પણ આ નવો આનંદ માણતા હતા. બહાર નીકળીને ચોમેર ફરતાં મિત્રોએ તરત નોંધ્યું- આ મંદિર જેવું તો છે પણ મંદિર નથી. જળથર-વનથર-માનવથર... કયાં છે પેલી અદ્ભૂત અપ્સરાઓ? ક્યાં છે જાળી-ઝરૂખા-ગોખ-થાંભલા પણ ક્યાં છે? અંદરો અંદર ગણગણતા મિત્રોને રચનાએ સાનમાં સમજાવ્યું કે '' રાતે, ફિડબેક મિટિંગમાં...!'' રાતવાસો અહીં જ છે પછી શી ઊતાવળ છે?'' ફાધર કહે છે કે હજી જમવાની વર છે, આવો ત્યાં સુધી એકેક કપ ચા પીએ ને થોડી વાતો કરીએ.

લીમડાનાં વૃક્ષો નીચેના સરસ ચોગાનમાં ઠેરઠેર મૂકેલી પથ્થરની બેઠકો ઉપર સૌ ગોઠવાયાં. ચા પીતાં પીતાં જે વાતો થઇ એમાંથી કંઇક આ મુદ્દા મળ્યા જે આ ધર્મસંઘ, સંસ્થા હોવા ઉપરાંત લોક ભાગીદારી શી રીતે સક્રિય કરે છે તે દેખાયું.

''આ ધામની વિશેષતા એ છે કે અહીં જે કંઇ પ્રવૃત્તિ થાય છે તે ધર્મગુરૂઓ અને ઈસુપંથીઓની સહભાગિતાથી થાય છે. છેક 1969માં આ જમીનનો નિર્ણય લેવાથી માંડીને આ છેલ્લી નવરાત્રિ સુધીની બધી ઉજવણીઓના નિર્ણયો લોકોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરીને જ લેવાય છે.''

''અહીં બીજી કઇ કઇ પ્રવૃત્તિઓ ચાલે છે?'' વિલ્સને પૂછ્યું. ફાધરે સામે પૂછ્યું-

"ધાર્મિક પ્રવૃત્તિનું પૂછો છો કે સામાજિક?"

"બંને વિશે કંઇક કહો." "સામાજિક કહીએ તો ખેતીલાયક જમીન તૈયાર કરવી, કૂવા ગાળવા, પશુપાલન અને બહેનોનાં બચત મંડળો પણ ચાલે છે. ઉપરાંત થોડા સમયથી વિકલાંગ અને માનિસક રીતે પડકારજનક બાળકો સાથે આરોગ્ય, રમતગમત અને શક્ય હોય તો તેની સાથે રોજગારલક્ષી તાલીમો પણ આપવામાં આવે છે."

"ધાર્મિક પ્રવૃત્તિઓમાં રોજીંદા પરમયજ્ઞો, પ્રાર્થના, આરતી, મેળા અને ખાસ તો નવરાત્રિની આઠમનો મહામેળો - કેમ કે એ દિવસે ઊંટેશ્વરીનો સ્થાપના-દિન ઉજવાય છે. બાકી દર મહિનાની પૂનમે પણ ભજન-ભક્તિ ચાલે છે."

"અરે, આ લોકો પણ પૂનમ ભરે? નવરાત્રિ કરે?" મીનાને આશ્ચર્ય થયું."

"હા, ઘણાં વર્ષો પહેલાં અમને કહેલું કે આ ઉજળિયાતો આવા મેળા, ઉજવણી અને માનતા કરે છે ત્યારે અમને જવા દેતાં નથી, આઘાં રાખે છે. અમારેય આવા તહેવારો ઉજવવા છે. હવે આ તો એમના આત્માની ભૂખ હતી; એ ઠાર્યા વિના ચાલે?"

એ જ વખતે ચાના કપ લેવા સંસ્થાના કર્મચારી જશીબેન આવ્યાં તે પણ સાંભળતાં હતાં; તેમણે ઉમંગથી કહ્યું- "અરે, અમોં તો ગરબાયે લઇએ માતા મરિયમનાં! બધુંય આપડા જેવું જ!" હસતાં હસતાં કપ લઇને જતાં રહ્યાં. ફાધરે આગળ એ પણ જણવ્યું કે આ ઇસુપંથીઓ ધાર્મિક રીતે ખ્રિસ્તી છે પણ એમના બિનખ્રિસ્તી મૂળ સમુદાય સાથેના રોટી-બેટી વહેવાર ચાલુ જ છે! અમારું-ઇસુસંઘનું ખાસ વલણ છે કે સાંસ્કૃતિક આઘાત (કલ્ચરલ શોક) આપ્યા વગર સમાજમાં ખ્રિસ્તી મૂલ્યો ફેલાવવાં."

શેખરે જરાક તારસ્વરે પ્રશ્ન કર્યો- "એવા તે કયાં છે તમારા ખ્રિસ્તી મૂલ્ય!?" ફાધર હસી પડ્યા- "આમ તો બધા ધર્મો પ્રેમ, ભાઇચારો, દયાભાવ, સદાચાર, પરોપકાર અને શાંતિમય સહઅસ્તિત્વની વાત કરતા જ હોય છે પણ





ખ્રિસ્તી ધર્મ આ કરી દેખાડે છે. અમે લોકોને સહજપણે મળીએ, વખતોવખત એમનાં ઘર-કુટુંબની મુલાકાતે જઇએ, એમની અંગત તકલીફોમાં મદદ કરીએ, સાથે જમીએ અને ટાંટિયામાં જોર હોય ત્યાં સુધી સાથે રમીએ પણ ખરા! આને કારણે ખ્રિસ્તી મૂલ્યો એટલે શું એનાં લાંબાં ભાષણો નથી આપવા પડતાં." મંડળીને જાણીને રમૂજ પડી અને સારું પણ લાગ્યું.

ફાધરનો આભાર માનીને સૌ ઉતારે પહોંચ્યા. જમવાને હજી વાર હતી. આજે પ્રવાસની છેલ્લી રાત હતી. ફીડબેક મિટીંગ જમતાં પહેલાં જ કરવાની વાત થઇ ત્યારે ઊંટેશ્વરી સિવાય બીજી ચર્ચા નહોતી! બેચરાજી વિશે તો ત્યાં જ પેટભરીને વાતો થઇ ગઇ હતી એટલે મંડળીએ આ છેલ્લા સ્થળનું વિશ્લેષણ શરૂ કર્યું.

"આમ તો રાજકોટના ચર્ચ-પ્રેમમંદિરમાં ભારતીયકરણ કે સર્વધર્મ સમભાવનાં પ્રતીકો જોયાં હતાં અને ચર્ચા પણ કરી હતી કે ખ્રિસ્તી ધર્મનો, ભૌગોલિક સીમાઓ ઓળંગીને ફેલાયાનો ઇતિહાસ છે; એમાં આ એક મહત્વનું પ્રસ્થાન એટલે બને છે કે અહીં સ્થાનિક સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને ફેલાવો થયો છે. સંશોધન, જાતતપાસ અને સહભાગિતા ત્રણેના આધારે અહીં ઉત્તર ગુજરાતના લોકોને-દલિતો, શ્રમિકોને ગમે, ગૌરવ અપાવે અને મુખ્ય પ્રવાહ તરફ લઇ જાય એવો પ્રયત્ન છે. આપણે આદિવાસી ચર્ચ જોઇશું ત્યારે ઇસુસંઘના આ વલણ અને વિચારસરણીનું એક નવું પાસું જોવા મળશે." રચનાએ કહ્યું.

શેખરે વેધક રીતે કહ્યું- "બહેન, આ બધું પેલી વટાળ-પ્રવૃત્તિ માટેની જ કસરત ના કહેવાય?"

"કસરત નહિ; એને વ્યૂહરચના કહીશું. આ વ્યૂહરચનાની પાછળનો મુખ્ય હેતુ છે ધર્મનો પ્રસાર. ખ્રિસ્તી, ઇસ્લામ જેવા ધર્મોમાં અને હવે તો બૌદ્ધધર્મનું પણ એવું વલણ સ્પષ્ટ છે કે જેટલાં માથાં વધારે એટલો ધર્મ મોટો. મતલબ કે પોતાના ધર્મમાં ભેળવવાની વિવિધ વ્યૂહરચનાઓ દરેક ધર્મે કરી છે." રચના.

"પણ હિન્દુધર્મમાં તો એવું કંઇ નથી?" વંદના.

"હા, પણ પેલી જ્ઞાતિવ્યવસ્થાઓએ હિંદુધર્મનો પ્રચાર-પ્રસાર નહિ, પણ રક્ષણ તો જરૂર કર્યું છે. જે જન્મે હિંદુ તે જ હિંદુ- એ વ્યાખ્યા પણ શું બતાડે છે!" બાદલ.

"અને હવે... હિંદુત્વવાળાઓએ નવેસરથી હિંદુધર્મનો પ્રચાર-પ્રસાર શરૂ કર્યો છે એનું શું? આ લવ-જિહાદ અને 'ઘરવાપસી' ની પ્રવૃત્તિઓ હિંદુધર્મના પ્રચારનું જ એક રૂપ છે ને? વિચારજો." રચનાએ મુદ્દો મૂક્યો.

"મેરે મનમેં એક ઔર બાત ચલ રહી હૈ. યે દલિત ઔર સો કોલ્ડ(કહેવાતા) પછાત-છોટી જાતિઓંકે લોગોં કા હિંદુ ઔર હિંદુત્વવાદીઓને ઇતના અપમાન કિયા હૈ, કૂત્તેબિલ્લીસે ભી બદતર સમઝકર દૂર રખા હૈ ફિર ભી, યે લોગ ખ્રિસ્તી હોને કે બાદ ભી કયોં હિંદુઓ કે રીતિ-રિવાજ અપનાના ચાહતે હૈં?" હમિદના આ પ્રશ્નનો જવાબ શેખરે આપવાની કોશીશ કરી પણ કંઇક દુવિધા સાથેઃ "પોતાને જે કરવા નથી મળતું, જ્યાં જવા નથી મળતું એવું કરવાની છૂપી ઇચ્છા મનમાં ઉગતી રહે છે... એટલે કદાચ! વળી અમે અમારા દેવ ઉપજાવી દઇશું- અમે પણ તમારા જેવી વિધિઓ કરીશું... એવા કશાક અભિમાનથી?! આમ તો આને પણ 'આત્માની ભૂખ' જ કહેવાય ને?!"

"પણ મારે તમારું ધ્યાન એક નવા મુદ્દા તરફ દોરવું છે. જેમ કે ખ્રિસ્તીઓ જેને 'સ્થાનિકતા'- 'ભારતીયતા' કહે છે તે ખરેખર તો મુખ્યપ્રવાહના હિંદુધર્મનાં લક્ષણો જ છે- ફક્ત 'ઊંટેશ્વરી' સિવાય. મતલબ કે ખ્રિસ્તીધર્મ પણ મુખ્ય પ્રવાહ સ્વીકારે છે કેમ કે એ લાકો ઇચ્છે છે કે મુખ્ય પ્રવાહમાં એમનો સ્વીકાર થાય.

"મુઝે ભી કહીં કહીં યે લગા કિ જો કુછ મેનસ્ટ્રીમ મેં ચલતા હૈ વહ ઇતના પાવરફુલ હૈ કિ ઉસકી નકલ કરના હર કોઇ ચાહતા હૈ. ખ્રિસ્તી ધર્મ મેં આજ જો દેખા યા ફિર હમારેવાલે ભી અબ પદયાત્રાએં કરતે હૈં- નારિયેલ, ચુંદડી





સબ ચડાતે હૈં... સારા ઇસી કી નિશાની હૈ." આમિરે ભાગ્યે જ આવા મુદ્દા ઉપર ધ્યાન આપ્યું હોય પણ આજની વાત જુદી હતી.

"બહેન, તમને કદાચ ખબર હશે પણ મિત્રોને ખ્યાલ પણ નહિ હોય કે ખ્રિસ્તીઓએ કહેવાતા મુખ્ય પ્રવાહની નકલમાં જ્ઞાતિવ્યવસ્થાના ભેદભાવ પણ અપનાવી લીધા છે!" વિલ્સનના અવાજમાં પસ્તાવાભરી સચ્ચાઇ હતી.

"મતલબ?" મીનાનો સવાલ.

"ઇતિહાસ છે કે દક્ષિણ ભારતમાં સંત થોમસ- જે ઇસુના પટ્ટશિષ્યોમાંનો એક હતા- આવ્યા હતા અને ઇસુના મૃત્યુ પછી 52-54 વર્ષે અહીં ખ્રિસ્તી ધર્મપરિવર્તન થયેલું. કેરાલાના નામ્બુદ્રી બ્રાહ્મણો સૌથી પહેલાં ખ્રિસ્તી થયા હતા. ગુજરાત કરતાં આ અલગ સિનારિયો છે. પણ એની અસરો એ પડી કે દક્ષિણ ભારતમાં સવર્ણ ખ્રિસ્તીઓનાં ચર્ચ અને દલિત ખ્રિસ્તીઓનાં ચર્ચ આજની તારીખમાં અલગ છે." વિલ્સને પૂરું કર્યું.

"બાપ રે! હિંદુધર્મની જ્ઞાતિ વ્યવસ્થા ખરેખર મોટ્ટો અજગર છે, બધું જ- બધાંને જ ઓહિંયા કરી જાય છે."

"એ જ... પોઝિટીવલી આને 'સર્વસમાવેશિતા' કહેવાય છે જેનું ઉદાહરણ પેલું 'પ્રેમમંદિર'કે 'ઊંટેશ્વરી'કહી શકાય."

ધીરજે યાદ દેવાડાવ્યું- "ફાધર જો કે આ બધું ગામલોકોની મરજી મુજબ ઊભું કરવામાં આવ્યું છે એમ કહેતા હતા, મતલબ લોકોની માનસિકતા મોટોભાગ ભજવે છે."

"છતાં... મુખ્ય પ્રવાહને ખુશ રાખવા; મતલબ કે હિંદુઓને ખુશ રાખવાના આ પ્રયત્નો છે એમ કહેવાય. પેલા 14 સ્ટેશનના પાળિયા ઉપર પણ શિષ્ટ કવિઓની કવિતા છે.એ શું બતાવે છે? આ ગુજરાતીકરણ હોય કે ભારતીયકરણ હોય તો આ ચર્ચ કેમ બેગડાએ બંધાવેલી ઇમારતો જેવું નથી?

કેમ પેલા જૂનાગઢના મકબરા જેવું નથી? આનો મતલબ એ કે મુસ્લિમો ગુજરાતી કે ભારતીય કરતાં અલગ છે?!'' રચનાએ પાણીમાં પથરો નાખ્યો.

''બહેન, આ સવાલ તો આ ફાધર અને ગુજરાતના કે ભારતના તમામ ઈસુસંઘીઓને પૂછવા જેવો છે!'' શેખરે કહ્યું.

ત્યાં જ જમવાનો ઘંટ વાગ્યો. સૌ ભોજનખંડમાં પહોંચ્યા. આસન-પટ્ટા પાથર્યા હતા, થાળી-વાટકા મૂક્યા હતા. છાત્રાલયનાં વિદ્યાર્થીઓ સાથે ફાધર પણ મંડળી સાથે આવીને બેઠા. પલાંઠી વાળીને બેસતાં બોલ્યાઃ ''અમે અહીં સંપૂર્ણ શાકાહારી છીએ, હમેશાં... મારા સિખ્ખે!'' એમના અવાજમાં જે રણકો હતો, એ પેલો સવાલ સાંભળીને થોડો બેસૂરો નહિ થઈ જાય કે... અમુક સવર્ણો સિવાય કેટલા હિંદુઓ સંપૂર્ણ શાકાહારી છે?!''

વળતા દિવસે, આગળ નીકળતાં, આ ધામ વિશે કનુભાઈએ પોતાનો અભિપ્રાય આપતાં કહ્યુંઃ ''બેન, આવાં ખ્રિસ્તી થ્યાં એમાં 'મૂવાં નહિ ને પાછાં થ્યાં' એવું કહેવાય કે નહિ?!''

ધૂળ ઉડાડતી બસ ગ્રામીણ ક્ષેત્ર છોડીને હાઈવે ઉપર ચડી ગઈ.

★★★





**મુકામ - 17**

# અડાલજ

## *વાત અધૂરી - વાવ અધૂરી*

''મિત્રો આપણે અમદાવાદથી થોડાં જ દૂર છીએ, મતલબ કે નજીક છીએ અને હવે જ્યાં જઈ રહ્યાં છીએ તે આજનું અને ગુજરાત-પ્રવાસના આપણા આ તબક્કાનું છેલ્લું જોવાલાયક સ્થળ છે. આમ તો આ 15મી સદીના હિંદુ-મુસ્લિમ સ્થાપત્ય શૈલીના સમન્વયનો ખૂબ સુંદર નમૂનો છે પણ છેલ્લાં બાર-પંદર વર્ષથી એને સાંપ્રદાયિક રંગે રંગવાની કોશીશ પણ થઈ છે.'' રચનાએ કંઈક નવી વાત મૂકતાં મિત્રો થોડાં નવાઈ પામ્યાં.

''અહીં? અડાલજમાં? અહીં વળી એવું શું બન્યું છે?'' વંદનાએ સૌથી પહેલું પૂછ્યું.

''ક્યાંક અધૂરી રહી ગયેલી વારતામાં નવા અંકોડા જોડાયા છે. જઈને જોજો.''

ત્યાં જ અમદાવાદનાં નવા વિસ્તારો દેખાવા લાગ્યા. મઝાના હાઈવે ઉપર ગાડી પ્રવેશી. આસપાસ લીલાં વૃક્ષો અને રંગબેરંગી ફૂલઝાડની વચ્ચેથી બહુમાળી ફ્લેટ્સ ડોકિયાં કરવા લાગ્યાં. ત્રિભેટા જેવી જગ્યાએ 'અડાલજ ગામ' અને 'અડાલજની વાવ'નાં લીલાં ભૂરાં પાટિયાં દેખાયાં. બસ અમદાવાદનાં કોઈક પરાં જેવું ગામ વટાવતી ચાલી. સોસાયટીઓ, બજાર, દુકાનોનો છેડે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટની લાલ બસોનું સ્ટેન્ડ હતું-

એક બે બસો પણ ઊભી હતી. અને એનાંયે છેડે એક નાના મંદિરની ધજા દેખાઇ. સફેદ અને રંગીન કપચી (મોઝેઇક)નો ઘુમ્મટ દેખાયો. અડાલજનાં ગામદેવી અંબામાનું મંદિર વાવની અડોઅડ હતું. મૂળમાં કદાચ બંને એકમેક સાથે સંકળાયેલાં હોઇ શકે.

મિત્રો સાથે રચના પહેલાં તો મંદિરે પહોંચી. નાનું ને સુઘડ મંદિર અંદરથી રંગીન કાચ અને ટાઇલ્સ જડેલું હતું. ગામદેવીની મૂર્તિ હતી.

''આ મંદિર જાણે રણૂંજા, ઊંટેશ્વરી-બધાંની યાદ અપાવે તેવું છે, નહિ?'' મીનાએ જોડ્યું.''ક્યારે બંધાયું હશે, બહેન?''

''લેખિત ઇતિહાસ મુજબ 500 વર્ષ પહેલાં મૂળ મંદિર બંધાયું કહેવાય છે. ગર્ભગૃહ અને મૂર્તિની કલા જોતાં કહી શકાય તેમ છે. બાકી બહારનું મંદિર તો ત્રીસેક વર્ષ પહેલાં જ નવેસરથી બન્યું છે અને વરસોવરસ કંઇક નવું ને નવું બનતું જાય છે.''

મંદિરમાંથી નીકળીને મંડળી વાવના પરિસરમાં પહોંચી. ત્યાં ASI નાં પાટિયાંમાં જે ઇતિહાસ હતો તે વ્યવસ્થિત વિગતો દર્શાવતો હતો. જેમાં વિગતો હતી જે સૌએ ધ્યાનપૂર્વક વાંચી લીધીઃ વિક્રમ સંવત 1499માં (ઇ.સ.1445), સ્થાનિક રાજપૂત વાઘેલા રાજા વીરસિંહની રાણી રૂડાંબાંઇએ પોતાના મૃત પતિની સ્મૃતિમાં આ વાવ બનાવડાવીને સ્થાનિક પ્રજા તથા વટેમાર્ગુઓ માટે પાણી અને વિશ્રામની જરૂરિયાતો પૂરી કરી હતી.'' વિગતો સાફ હતી, કશી ઘાલમેલ દેખાઇ નહિ.

મંડળીએ પગથિયાં ચડીને વાવના બાંધકામમાં પ્રવેશ કર્યો. ખૂબ જ અદ્‌ભૂત કોતરણીવાળા ચાર ઝરૂખા-ચોકી જોઇને મંડળી સ્તબ્ધ. આખી ઇમારત રેતિયા પથ્થરની(સેન્ડ સ્ટોન) પણ બારીક-ઉમદા કોતરણીથી ભરપૂર. પળવાર તો ઉપલા પગથિયે ઊભાં રહીને નજર નાખી તો પાંચેય માળની ભવ્ય સુંદરતા જાણે ઉકલતી ગઇ. પેલી ચારે ખૂણે શોભતી ચોકી(શૃંગારચોકી)માં બેસીને-ઊભાં રહીને- બહારથી-અંદરથી ફોટા-સેલ્ફી ક્લીક કરવામાં પરોવાઇ ગયેલાં







**હિન્દુ - મુસ્લિમ મિશ્ર શૈલીની કોતરણી**

સાથીઓનું ધ્યાન રચનાએ એનાં શિલ્પો તરફ દોરવું પડ્યું- ''અલ્યા, ખબર છે મને- આજે છેલ્લો દિવસ છે ને આ છેલ્લી જગ્યા છે...'' વચ્ચે જ વિલ્સને ઉમેર્યું- ''અને સખ્ખત ખૂબસૂરત જગ્યા છે, પાછી!''

''હા, પણ એની ખૂબસૂરતી તો જુઓ; આજે આપણે લાક્ષણિક 'ગુજરાતી-અમદાવાદી' સ્થાપત્ય જોઇ રહ્યાં છીએ.''

મંડળીએ ધ્યાન આપ્યું. ''આ શૈલી સલ્તનત દરમ્યાન (15 થી 17મી સદી) અમદાવાદ, મહેમદાવાદ, ચાંપાનેર... બધે જોવા મળશે. સમજો કે આજથી એની શરૂઆત થઇ!''

''બહેન, થોડું થોડું શામળાજી-મોઢેરાની યાદ પણ અપાવે છે હોં!'' ધીરજ.

''એ સ્તો... આ ખૂબ વિશિષ્ટ-હિંદુ-મુસ્લિમ પરંપરાઓના મિશ્રણની શૈલી છે.જે પેલા હેરિટેજવાળાઓએ ઉજાગર કરવી જોઇએ. જુઓ, આમ તો ઝરૂખાથી માંડીને, નીચે ઉતરતાં- વાવનાં બંને પડખામાં સ્તર-રચના જળવાઇ છે.'' મિત્રોએ જોયું કે કમળની પાંદડીઓ, હાથી, મકરમુખની હારમાળાએ જળથર-વનથર મૂર્ત કર્યાં છે. ''આ ગોખલા અને એમાં લટકતાં કંદિલ(ધૂપદાન કે દીવા) પણ લાક્ષણિક છે.'' સાંકળની ઝીણી કોતરણી ખૂબ આકર્ષક લાગી. ''આ તો જૂનાગઢની પેલી ઉપરકોટવાળી મસ્જિદમાં જોયા હતા... પછી આજે જોયા.'' બાદલને બહુ દિવસ પહેલાં જોયેલી કલાકૃતિ યાદ આવી ગઇ. ''બરાબર છે, અને આ- પૂર્ણવિકસિત કમળ; આમ તો હિંદુ પ્રતીક પણ ઇસ્લામી સ્થાપત્યનો પ્રિય મોટિફ (ડિઝાઇન). સાથે હંસ, મોર, ફૂલવેલની

કોતરણી આપણે આજ સુધીનાં મંદિરોમાં જોતાં આવ્યાં છીએ. જૈન દેરાસરોમાં પણ છે. હવે જરા ઉપર, પેલા માળની નીચેના ભારોટને જુઓ. ‘‘અરે, અહીં તો ગણપતિ દેખાય છે! પણ શૈલી કંઇક અલગ છે!’’ વિલ્સનને હમિદે સુધાર્યો ‘‘લગતા હૈ યહ ઉપર સે, બાદ મેં લગાયા ગયા હોગા?’’ સવાલમાં જવાબ પણ હતો. બાકીની મંડળી તો સડસડાટ પગથિયાં ઊતરતી છેક નીચે, કૂવા સુધી પહોંચી ગઇ. રીતસર અષ્ટકોણ આકારનો કૂવો હતો, આઠેય કમાનો વિંધીને પેલી સામી ભીંતો સુધી ભૌમિતિક અને ફૂલવેલની શિલ્પાકૃતિઓ શોભતી હતી. સામેના છેડે- વાવના ઇષ્ટદેવ શેષશાયી વિષ્ણુ દેખાયા; જે ગુજરાતની વાવોના પારંપરિક દેવ છે એ હવે મંડળી જાણી ચૂકી હતી. અંદર ઊભાં રહીને ઠેઠ ઉપર નજર નાંખતાં નાંખતાં, સૌન્દર્ય પીતાંયે તરસ ના છીપી એવું લાગતું હતું. માંડ માંડ સૌ ઉપર આવ્યાં. ‘‘આ શીતળતા અને આ શાંતિનો લાભ, લાખ્ખો વટેમાર્ગુઓએ કેટલાંય વર્ષો સુધી લીધો હશે! ખરેખર, આપણી વાવો તો આપણા સમાજકલ્યાણનાં કામનેય કેટલી હદે સુંદર અને ભવ્ય બનાવી શકાય એના અદ્‌ભૂત નમૂના છે...’’ વિલ્સન લગભગ આફ્રિન હતો. ‘‘સાચી વાત છે. પશ્ચિમ ભારતમાં, રાજસ્થાન-ગુજરાતમાં વાવો વધારે મળી છે. દિલ્હીમાં પણ એક મધ્યકાલીન વાવ છે, મધ્યપ્રદેશ ને ઉત્તર પ્રદેશની સદહદે આવેલા ઓરછામાં પણ છે; આ બધી વાવોનું શિલ્પ-સ્થાપત્ય અને બાંધકામ-રચના જોતાં વાસ્તુકલાને પણ સલામ કહેવાનું મન થઇ જાય. પાણીની અછત, ગરમ અને સૂકું હવામાન અને મુસાફરીના થાકનો સામનો કરવા માણસે કેવી અદ્‌ભૂત છતાં સુંદરતા ભરપૂર સગવડો ઊભી કરી છે!’’ રચનાએ જરાક વિસ્તારથી વાત મૂકી.

‘‘પન વો રાણકી વાવ કી તરહ યહાં મૂર્તિયાં નહિ હૈં. વો તો પૂરી કી પૂરી મંદિર જૈસી હી લગ રહી થી; યહાં ઐસા ક્યોં નહિ હૈગા?’’ પરવીન. ‘‘રાણકી વાવ તો અપવાદ રૂપે અનોખી વાવ છે. આનાં કરતાં ઓછામાં ઓછાં 500 વર્ષ જૂની. શિલ્પ-સ્થાપત્યના ખ્યાલો (કોન્સેપ્ટ) પણ અલગ હશે અને કલાકારો-કારીગરો ઉપરાંત બનાવડાવનારની ભૂમિકા પણ અલગ. અહીં પણ ભારોટમાં ગણપતિ ઉપરાંત ગોપીઓ વલોણું વલોવે છે કૃષ્ણ મોરલી વગાડે છે-





એવી મૂર્તિઓ મૂકી તો છે- છૂટીછવાઇ છે અને તમે જ પકડયું એમ શૈલી પણ અલગ છે; મતલબ કે દેવોને ઊમેર્યા તો છે, પણ...’’ ‘‘કંઇ ઘાલમેલ?! જાણે ઉપરથી થોપ્યા હોય એવું?!’’ શેખરે છેવટે પૂછી નાખ્યું. ‘‘કશું કહી ન શકું; કારણ કે આવું કંઇ કહેવાયું-લખાયું નથી. ગુજરાતનાં શિલ્પ-સ્થાપત્યના જાણકાર લેખકો, નવા-જૂના ઇતિહાસ લેખકો... કે આજકાલનાં પ્રવાસન પતાકડાંઓએ આવા કોઇ મુદ્દા ઉપર આંગળી નથી મૂકી; પણ જે થીગડાં નજરે દેખાય છે એને વિશે આપણે તો મોકળા મને સમજવું પડે ને સ્વીકારવુંયે પડે... કે, આવું બધું બનતું હોય છે અને અહીં પણ બન્યું છે!’’ રચનાએ નકારાત્મક મિશ્રણ ઊર્ફે ઘાલમેલની શંકા વિશે સ્પષ્ટતા કરી આપી.

વાવની ઉપરનો ભાગ પણ અહીં તો સાબૂત હતો. નીચે જ્યાં માળ-ઓરડા હતા એના ઉપરની ખુલ્લી અગાશીઓ હતી. જે રચના અહી પહેલી વાર જોવા મળી. અગાશીમાંથી નીચે ઊતરવાની સીડીઓ પણ હતી. નીચે ત્રિકોણ ઓરડા હતા; જેની બારસાખો ઉપર પણ રામ, સીતાનાં શિલ્પ મેળ પડે કે ના પડે, તોયે રોપેલાં હતાં. અવનવી બાંધકામ-રચના જોઇને સૌ પાછાં ઉપર આવ્યાં. છેડે કૂવામાં ઘડો વગેરે નાખવાની ગરગડી અને પથ્થરનો વિશાળ થાળો હતો. વપરાઇને ઘસાયેલો હતો. સુંદરતામાં ઉપયોગિતા નહોતી ભૂલાઇ એ નોંધીને, મંડળી ઉપરથી નીચે ઊતરતી હતી, ત્યાં સામા છેડે- પેલી આગાશી ઉપર જ



**વાવની ભીતર**

પાંચ એકસરખી કબરો જોવા મળી; જૂનું ચણતર કામ હતું. ‘‘બહેન, વાવ તો વાઘેલા રાણીની છે, તો પછી આ કબરો કોની?.. ને ક્યાંથી?’’ બાદલનો સવાલ સચોટ હતો. અહીં વાવ જેવી

લોકોપયોગી જગ્યા ઉપર જ કબરો? ''એ જ! આ કોયડો મને પણ નથી સમજાયો. જાણકારો-વિદ્વાનોએ તો આનો ઉલ્લેખ સુદ્ધાં કરવાનો ટાળ્યો છે. કોઇ કોઇ જગ્યાઓ વિશે- જેમ કે તાજમહેલ-દંતકથાઓ છે કે કારીગરોનાં કાંડા કાપી લેવામાં આવતાં હતાં... પણ સાવ આમ મારી નખાયા હોય ને દફન કરી દીધાં હોય; એવો ઉલ્લેખ તો ક્યાંય નથી! ને વળી કોણે એ કૃત્ય કર્યું હોય; કોણ જાણે?!''

''યહાં પર દસ-બારા સાલ સે મ્યુઝિક ફેસ્ટીવલ વગેરે હોતા રહતા હૈ; હજારો લોગોં ને યહ દેખા હોગા; ફિર ભી કિસીકો ખટકા નહિ હોગા- ઝટકા નહિ લગા હોગા?! યહ બાત કુછ હજમ નહીં હુઇ!'' આમિરે મુદ્દાની વાત કરી. ''આ તો ભાઇ, 'હાથીદાંત સંસ્કૃતિ' ખરી ને! પાછી આવીતેવી વાતો જાહેર કરવામાં આની ને તેની લાગણી દુભાઇ જવાનીય બીક ખરી જ ને?!'' શેખરે પૂરું કર્યું ને સૌ નીચે ઊતરીને ચોકમાં આવ્યાં. ત્યાંની ભીંત ઉપર સરસ એકલવાયો મોર, ચાંચમાં મોતીની માળા લઇને કોતરાઇ ગયો હતો! વંદના ચૂપ રહી શકે?... ગણગણી ઊઠીઃ '' મોતી ચરંતો મારો છે મોર'' તો આ રહ્યો!

ત્યાં જ ઊભાં રહીને રચનાએ એક મુદ્દો મૂક્યો- ''આ સ્થાપત્ય સાચી રીતે મિશ્રસ્થાપત્યનો નમૂનો છે, પણ આ કબરોનું રહસ્ય ને આ મોર! એનો જવાબ નથી મારી પાસે. જુઓ, આખી ભીંત ઉપર સાવ એક જ કલાકૃતિ... ને તેય જરાક જુદા પ્રકારની- ચાંચમાં મોતીની માળા? સુંદર તો હોય પણ અજૂગતું હોય- મેળ ખાતું ન હોય કશુંક ઉપરાઉપરી હોય એ ખટકવું તો જોઇએ. આપણા પ્રવાસે આપણને આટલું શીખવ્યું તો ખાસું શીખ્યાં કહેવાય.'' ફક્ત ખટકીને અટકી ન જવાય, એ ખૂલીને કહેવું પણ જોઇએ... એ પણ શીખ્યાં જ ને?!'' શેખરની પૂર્ણાહૂતિ પછી, મંડળીએ મોતી ચરતાં મોર આગળ જ છેલ્લો ગ્રૂપ ફોટો લેવા કનુભાઇને વિનંતી કરી. કનુભાઇ પણ ક્યારના મંડળીને કંઇક કહેવા તલપાપડ હતા. બધાં છેક ઉપર આવ્યાં, પરિસરની બહાર નીકળ્યાં. છેક આગલા દરવાજાની બહાર મૂકેલા મોટા પાટિયા તરફ આંગળી ચિંધીને રચના





અને કનુભાઇ એક સાથે બોલી ઊઠ્યાં- ''હવે લો; આ વાંચો!'' અલબત્ત, બંનેના ટોનમાં કેટલો બધો ફરક હતો! મંડળી પાટિયું વાંચવા લાગી ને પત્યું.

આ વાવ જ્યારે બંધાઇ રહી હતી ત્યારે રૂડી રાણીને અમદાવાદના સુલતાન મોહમ્મદ બેગડાએ કહેણ મોકલ્યું કે મારી સાથે લગ્ન કરો- પણ રાણી અડગ રહ્યાં; ના માન્યાં. બાદશાહે સિપાહીઓને મોકલ્યા; રાણીએ એમની સાથે જવાને બદલે આ વાવમાં પડીને આત્મહત્યા કરીને પોતાનું શિયળ બચાવ્યું. વર્ષો સુધી વાવ ગોઝારી બનવાથી વણવપરાયેલી, અવાવરૂ પડી રહી હતી. છેક 18મી સદીમાં સહજાનંદ સ્વામી અહીંથી પસાર થતા હતા ત્યારે અહીં વિસામો લીધો. વાયકા જાણી. વાવને પાછી લોકોપયોગી બનાવવા પોતે નીચે ઊતર્યા. પાણીને સ્પર્શીને પવિત્ર કર્યું... ત્યાર પછી વાવ લોકો વાપરતા થયા. આ ઘટના સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોનાં ચરિત્રનાં પુસ્તકમાંથી અહીં ઊતારવામાં આવી છે. જે સંપ્રદાયનાં સત્કર્મોનો પ્રચાર કરે છે.

''પાટિયું નવું છે, નીચે સંપ્રદાયનું તિલકચિહ્ન છે જે બતાવે છે કે સંપ્રદાયનો મહિમા કરવા હમણાં હમણાંથી મૂકાયું છે.'' શેખર.

''પન ઉન સ્કોલરોને-પંડિતોને અપની કિતાબમેં ઐસી કહાની ક્યોં નહીં લિખી હૈગી?'' યાસ્મિનને વાજબી પ્રશ્ન થયો.

''ક્યોંકિ યે કહાની, કહાની હોગી; ઔર ક્યા?'' આમિરે જે સાદગીપૂર્વક કહ્યું એ પછી આ 'સ્થાનક' વિશે વધારે શું કહેવું?!

અડાલજ છોડીને બસ અમદાવાદ પરત થઇ રહી હતી. ઉત્તર ગુજરાતના પ્રવાસે ઐતિહાસિક સ્થાપત્ય અને દંતકથાઓના ખજાના ખોલી દીધા હતા. નક્કર સૌન્દર્ય અને માનવ-મનનો કલ્પના-વિહાર... બંનેની વચ્ચેની દૂરતા અને નિકટતાના સંદર્ભે સમજવાની કોશીશ કરતાં મિત્રો નવી સૌન્દર્યદૃષ્ટિ અને સમજણ સાથે પાછાં ફરી રહ્યાં હતાં... નવી દિશાઓ ફંફોસવાની ઉત્સુકતા સાથે.

★★★

# ... અને થોડુંક પછી

## *(સમાપનઃ ઉત્તર ગુજરાત)*

ઉત્તર ગુજરાતનો પ્રવાસ અડાલજ મુકામે પૂરો થયો ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. ગાંધીનગર-અમદાવાદ હાઇ-વે ઉપરના જાણીતા 'ઢાબા'માં મંડળી બેઠી હતી. ચિંતનભાઇ ઢાબે પહોંચી ગયા હતા. સાંજના ભોજનની સાથે ઉત્તર ગુજરાત-પ્રવાસનો આસ્વાદ લેતાં લેતાં આલોચના પણ શરૂ થઇ ગઇ હતી.

આજે શરૂઆત ધીરજે કરી- ''ભૌગોલિક રીતે ઉત્તર ગુજરાતમાં ડુંગરા અને મેદાનો- બંનેનું વૈવિધ્ય છે. રૂપેણ-બનાસ અને દંતકથાની સરસ્વતી જેવી ત્રણ દરિયામાં ન મળનારી ને પ્રમાણમાં દૂબળી-પાતળી નદીઓનો પ્રદેશ છે છતાં સિંચાઇની ટેકનિકથી ખેતી પ્રધાન પ્રદેશ બન્યો છે અને એની બધી જ સમૃધ્ધિ ખેતીથી જ છે એ સાફ સાફ દેખાયું.''

''એ બધો પૈસો જાણે સમાજ-વાડીઓ અને મંદિરો બાંધવામાં વપરાયો હોય એવું લાગ્યું. પણે સોમનાથ મંદિરમાં તો ફક્ત ગર્ભગૃહ જ સોનાનું જોયેલું પણ અહીં અંબાજીમાં તો પછીતથી લઇને શિખર સુધી સોનું જ સોનું!'' મીનાનો ઉદ્ગાર. ''આ સમાજ વાડીઓ અને મંદિરો જાણે જ્ઞાતિવ્યવસ્થાનો એકવીસમી સદીનો અવતાર બન્યાં લાગ્યાં. ભલે ભોજનશાળા બધાંને માટે હોય પણ ભીંતો તો જ્ઞાતિરત્નોની નામાવલિથી શોભતી હતી.'' શેખરની કોમેન્ટ.

''આમ તો હિંદુધર્મ જ વધારે નજરે ચડ્યો ને એમાંય વળી દેવી પૂજા... ને કુળદેવીપૂજા પૂરબહારમાં જોવા મળી.'' - બાદલનું નિરીક્ષણ.





''હાં... અંબાજી, ઊમિયાજી, બહુચરાજીકા અસર ખ્રિસ્તીઓં પર ભી પડા લગતા હૈ; ઊંટેશ્વરી માતા કે રૂપ મેં!'' પરવીને કહ્યું. ''વૈસે અંબાજી કી વજહ સે હી ઉત્તર ગુજરાત જાનામાના જાતા હૈ; પર દ્વારકા-સોમનાથ કી તરહ પૂરે દેશ સે આનેવાલે લોગ અંબાજી મેં નહીં દિખે. અંબામાતા લોકલ હી રહ ગઇ હૈં, બોલે તો!'' આમિરે ઠીક નોંધ્યું હતું. ''જો કે શિવ-શક્તિ બંનેની પૂજા ઉત્તર ગુજરાતમાં જોવા મળી પણ રૂદ્રમાળ તો સાવ ખંડેર અને વડનગરનું શિવમંદિર મરમ્મત થતું હતું એટલે કે પછી એમ જ- નિસ્તેજ લાગ્યું.'' વંદનાએ પોતાનો અભિપ્રાય આપ્યો. ''પ્રવાસન અને પુરાતત્વ વિભાગો વડનગરમાં જાણે ગાઢ ઊંઘમાંથી અચાનક ઝબકીને જાગ્યાં હોય એવું લાગ્યું! બૌદ્ધ સ્થળો ઉપર જવું'તું પણ કામ બંધ હતું, પરાણે પરાણે જાણે બધાં સક્રિય બન્યાં હોય એવું લાગ્યું!'' બાદલે વળી જરાક અકળામણથી કહ્યું. ''વડનગર તો રાજકીય કારણોસર એકદમ ધમધમવા માંડ્યું છે એ તમે સમજી શકો તેમ છો... પણ એક નવાજૂની જાણવા જેવી છે?'' ચિંતને દાઢમાં પૂછ્યું ને પછી પોતે જ જવાબ આપ્યોઃ ''વચ્ચે ગુજરાતના એક લોકપ્રિય અખબારે જાહેર કર્યું હતું કે વડનગરને હાલના વડાપ્રધાનની જન્મભૂમિ તરીકે પ્રવાસનમાં શામેલ કરવામાં આવશે...'' ચિંતન હજી તો આગળ કંઇ કહે એ પહેલાં મંડળીમાં હો-હાઃ ''મતલબ ઉનકા મકાન, ચાય કી દુકાન, સ્કૂલ... સબ દેખના પડેગા?'' આમિરની પૂછપરછ!

''હા, એવી જ જાહેરાત તો થઇ છે! રચનાબહેન નવા ગ્રૂપને લઇ જશે ત્યારે એ જોવાલાયક જગ્યાઓ તૈયાર થઇ ગઇ હશે!'' ચિંતન ટીખળ કર્યું. ''ખરું પૂછો તો તારણમાતા-ધારણમાતામાં જે કંઇ ચાલી રહ્યું છે એનું કંઇક નિયમન કરવાની જરૂર છે.'' ધીરજે મહત્વનો મુદ્દો મૂક્યો. ''હા, ગુજરાતના નવબૌદ્ધ દલિતોએ આ ધામને બૌદ્ધ વિરાસત તરીકે અપનાવીને, એની યોગ્ય માહિતી તૈયાર કરીને પ્રવાસન વિકસાવવું જોઇએ!'' શેખર બીજું કોણ?

''શેખર, ફક્ત નવબૌદ્ધ દલિતોને માથે શા માટે આ જવાબદારી નાખવી? વિરાસત તો બધાંની છે. વિરાસતના પણ ધર્માનુસાર ભાગલા પાડીશું?''

રચનાની આ ટકોરથી શેખર થોડો છોભીલો પડ્યો પણ આદતવશ એક નવો તર્ક એણે આગળ ધર્યો: ''કેમ, જૈનો આજ સુધી આ રીતે જ પોતાનાં દહેરાસરોને જાળવી રહ્યા છે ને? નવાંયે બંધાવે છે, જિર્ણોદ્ધાર પણ કરાવે છે - મને લાગે છે કે સો ટકા જવાબદારી એ લોકો જાતે જ ઊઠાવે છે! એમાં ખોટુંયે શું છે?''

''જૈનો પાસેથી કદાચ બધાં નાગરિકોએ શીખવાનું છે કે વિરાસતસમી ઈમારતોની દેખરેખ સામુદાયિક ફરજ છે, પુણ્યકાર્ય છે અને જે કંઇ ભવ્ય પરંપરા છે તે સૌ કોઇની છે- સાર્વજનિક છે. પ્રશ્ન ધર્મનો નથી, ફરજનો છે.'' ''સહી બાત હૈ. જૈસે 'રાણીવાવ' ઔર 'મોઢેરા કા સૂર્યમંદિર' આજ તો કિસી ભી ધર્મ-સંપ્રદાયકા નહીં હૈ પર પ્રવાસન ઔર પુરાતત્વને જીસ તરહ સે ઉન જગહોં કી સફાઇ વગૈરા જારી રખા હૈ વહ કાબિલે તારીફ હૈ. ઔર હમને દેખા હૈ કિ લોગ ભી ઉન જગહોં કી ઇઝઝત કરતે હૈં- સિખ ગયે હૈં.'' - હમિદે પાયાની વાત કરી.

''હા, પણ આપણે તારણ-ધારણ માતાની વાત કરતાં હતાં. ત્યાં જે સમસ્યા છે તે ઘાલમેલની છે, એક ઉપર બીજા ધર્મ-સંપ્રદાયની સરસાઇની છે અને ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુરના રૂદ્રમાળમાં પણ એ થયું છે- જેમ કે મૂળ શિવમંદિર તોડીને એના ઉપર મધ્યકાળમાં પણ મસ્જિદ બેસાડી દેવી, વળી એ બંધ થઇ જવી, વળી ચાલુ થવી, વળી ચોકીપહેરા નીચે બંધ કરાવવી પણ એ જ ચોકીદારો પાછા શિવલિંગ બેસાડીને પૂજા કરતા હોય! ઘાલમેલનીયે હદ હોય ને?! આવા કિસ્સામાં સત્તાધારીઓ કડકાઇ કેમ નહિ રાખતા હોય?'' ધીરજે મુદ્દાને વળી ઘૂંટ્યો.

''અરે, આવી સરસ અડાલજની વાવને પણ ફટ્ લઇને સાંપ્રદાયિક રંગ આપતાં કોઇ ખચકાતું નથી અને સત્તાધારીઓ, પ્રવાસન અને પુરાતત્વ આ બધું ચલાવી લે છે! સંસ્કૃતિ-સ્થાપત્ય-ઇતિહાસનું લોકશિક્ષણ સાચી રીતે થાય, એવું કોઇ નહિ ઇચ્છતું હોય?!'' બાદલનો વેધક સવાલ કોણ સાંભળશે? ''આમાં





તમને સર્વધર્મ સમભાવ, ધર્મનિરપેક્ષતા જેવાં મૂલ્યોની સદંતર અવગણના થતી દેખાય છે તેના પાયામાં લોકશાહી વિશેની કાચી અને ખોટી સમજણ, કહો કે શિક્ષણ-ઘડતર-કેળવણીનો અભાવ છે.'' ચિંતને પાયાની વાત કરી. ''આપણાં જેવાં સાંસ્કૃતિક કર્મશીલો સામે બહુ લાંબો એજન્ડા છે, કપરું કામ છે!'' રચનાએ જાણે યાદ દેવડાવ્યું.

''મારે માટે તો આખું ઉત્તર ગુજરાત શિલ્પસ્થાપત્યનો અદ્ભુત ખજાનો છે - શામળાજીનું મંદિર, પોળોનાં ખંડેરો, શારણેશ્વર, કુંભારિયા, રૂદ્રમાળ, રાણીવાવ, સહસ્રલિંગ તળાવ, મોઢેરાનું સૂર્યમંદિર, ઊંટેશ્વરી, અડાલજ... અધધધ... ગુજરાતની આ બેજોડ સ્થાપત્યકળા, એની પ્રતીકયોજના, મંદિરનું શાસ્ત્ર અને મૂર્તિઓનો મર્મ-કેટલું બધું જાણવા મળ્યું! સોલંકી અને સલ્તનતનો આ વારસો જ ખરેખરી ખુશ્બૂ ગુજરાતની લાગી છે, મને તો!'' વિલ્સન જાણે હજી સૌન્દર્ય સમાધિમાં હતો.

''સહી કહા! ઔર તો ઔર, હમ મુસલમાનોં કે લિયે તો મૂર્તિયાં-મંદિર-સારા કુછ પહલી બાર સમઝને કો મિલ રહા થા. કુછ શોકિંગ ભી થા પર જબ સમજદારી મિલી તો સહન કરને કી સિખ ભી મિલી. મુઝે તો લગા, ઐસે ટૂર સે દૂરિયાં કમ હો સકતી હૈ!'' પરવીને જાણે સૌનાં દિલની વાત કરી.

''જો કે મને અહીં ઇસ્લામી ઇમારતોનો અભાવ ખટક્યો છે હોં!'' શેખરે નવો પણ મહત્વનો મુદ્દો છેડ્યો. ''યાદ કરો-પાટણના કિલ્લાની શી હાલત જોવા મળી? પેલી બાબા ફરીદની મઝાર કેવી સુંદર... ને કેવી બિસ્માર! બાકી તો પાટણ અહમદાશાહની મૂળ રાજધાની! અરે આવી સુંદર અડાલજની વાવ ઉપર પણ છેડછાડ થઇ અને પેલા મીરા દાતાર પીર તો ચમત્કારી ના કહેવાતા હોત તો એને પણ...!'' શેખરની વાત ક્યાં ખોટી હતી?! ''ઔર તો ઔર; પાલનપુર કે એક મહલકો હોટલ બના દિયા જહાં જાના તો દૂર; દેખના ભી મહંગા પડે ઔર બાકી બચે મહલોં મેં કોર્ટ, મ્યુનિસિપાલિટી વગૈરા શુરૂ કર દિયા તાકિ જિતના હો સકે ઉતના જલ્દી હી ગંદા ઔર પુરાના હો જાવે!'' યાસ્મિનનો આક્રોશ.

"પ્રજાએ જાણે ઉત્તર ગુજરાતના ઇતિહાસનું વચલું પાનું જ ખત્તમ કરી દીધું છે- સલ્તનત જાણે હતી જ નહિ અને હતી તો તેણે જાણે મંદિરો ભાંગવા સિવાય બીજું કંઇ નહોતું કર્યું!" ચિંતન કહેતાં કહેતાં વિચારમાં ડૂબી ગયો!

"બની શકે કે 2002ના જનસંહારમાં હિંદુઓની ચડવણી અને આદિવાસીઓના હિંદુકરણમાં આવા જ ઇતિહાસનો દુરુપયોગ થયો હોય?!" વંદનાની શંકા નવી ચર્ચાનું બીજ વાવનારી નીકળી.

"બોલે તો 2002 કે મજલૂમોં કી કોલોનિયાં હમને દેખી. નયે સિરે સે અલગ કોલોની બનાનેકા, અલગ ગાંવ બસાનેકા જો સિલસિલા ચલા હૈ વહ કહાં જા કે રુકેગા? સાબરકાંઠાકે મુસલમાનોં કી તો જૈસી ઝિન્દગી હી બદલ ગઇ!" આમિર.

"અને પેલા માનગઢના આદિવાસી-સ્મારકને ભલે જોઇ ન શક્યાં પણ એના વિશે જે જાણવા મળ્યું એ તો ખરેખર ચિંતામાં મૂકી દેનારું હતું." મીનાના મુદ્દાને બાદલે ઉપાડી લીધો- "મારા મતે તો આદિવાસીઓનું હિંદુકરણ એ ભગત-સંપ્રદાયથી જ શરૂ થયું કહેવાય! લગભગ સો વરસે આ ભગવાં પરિબળોએ એનો પૂરો કસ કાઢ્યો!"

ચિંતનને લાગ્યું કે હવે કંઇક કહેવું જોઇએ - "આદિવાસીઓનો પ્રશ્ન કંઇ એકલા ગુજરાતનો નથી! દુનિયાભરમાં, આદિવાસીઓ જ્યારે મુખ્ય પ્રવાહ સાથે ભળે છે ત્યારે એમણે ઘણું બધું ગુમાવવું પણ પડે છે! તમે ચર્ચા કરી હશે કે ગુજરાતના આદિવાસીઓ ઉપર ઘણા અખતરા થયા- સારા હેતુથી થયા, ત્યારે પણ એમના મૂળ આદિમ સંસ્કારો ભૂંસાતા ગયા હતા. આજે તો એ સંસ્કૃતિ ટકે એવું કુદરતી વાતાવારણ પણ રહ્યું નથી અને રાજકીય માહૌલ પણ બદલાયો છે. એમના જળ-જંગલ-જમીનના હક ઉપર પહેલી તરાપ તો એ ગણાય કે એમને 'આદિવાસી' નહિ પણ 'વનવાસી' નામ મળ્યું! ખેર, હમણાં નહિ- તમે લોકો આદિવાસી વિસ્તારની મુલાકાત લેશો, એમને વિશે જરાક વધારે જાણશો ત્યારે વધારે મુદ્દા નીકળશે જેની ચર્ચા કરવી પડશે. પણ 'માનગઢ'





સંદર્ભે પણ એવું જ કહેવાય કે એક સંસ્કૃતિ ઉપર બીજી સંસ્કૃતિનું અતિક્રમણ- ચડાઇ! એ પછી અવળસવળ પણ હોઇ શકે કે તીરકામઠાં વગેરે સાથે સશસ્ત્ર ક્રાન્તિ માટે સજ્જ થનારા આદિવાસીઓનું રૂપાંતર, પોતાનાં ઘર ઉપર ધોળી ધજા બાંધનાર, ગળામાં ગુરૂકંઠી પહેરનાર, શાકાહારી અને ભગત-ભક્તિ વિચારધારામાં માનનારાં તરીકે થયું હોય- પણ એ છે તો એક જાતનું આક્રમણ જ!"

"... જેણે આદિવાસીઓની જીંદગી જ બદલી નાખી- અલગ રીતે!" રચનાએ સમેટ્યું.

"સહી મેં, ઉત્તર ગુજરાતમેં લોગોં કા ઔર ધર્મોકા વૈવિધ્ય તો દેખા, ફિર ભી હિંદુધર્મકા, પૈસેવાલી નાતજાતોં કા બોલબાલા ઝયાદા હી દેખને કો મિલા." હમિદે સાર તારવ્યો.

"આમ કૃષિસંસ્કૃતિ હોવા છતાં માળખાંકીય વિકાસ તરફની મક્કમ આગેકૂચ જોવી હોય તો ઉત્તર ગુજરાત સારું ઉદાહરણ છે." શેખરના સમાપનથી આ તબક્કાના પ્રવાસનું અને ફીડબેક મિટીંગનું પણ સમાપન થયું.

★★★

# પરિશિષ્ટ - 1

## પુરાતત્વવિદો અને સંશોધનકર્તાઓ

ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાસમાં ઈતિહાસ, પુરાતત્વ વિશેનાં સંશોધનો વિશે ઘણા ઉલ્લેખો થયા છે. જોવાલાયક જગ્યાઓના સંદર્ભે, સાંસ્કૃતિક આદાન-પ્રદાન સંદર્ભે અને કલાઓની સુરક્ષા, પ્રોત્સાહન તેમ જ વહીવટી નિર્ણયો લેનારા 18 અને 19મી સદીના યુરોપિયન સંશોધકો, ભારતીય સંસ્કૃતિના તજજ્ઞો, ભાષાવિજ્ઞાનીઓ, કલારક્ષકોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.અહીં એમાંના કેટલાક મહત્વપૂર્ણ વિદ્વાનોનો ટૂંકો પરિચય આપીએ છીએ.

### 1. *સર એલેક્ઝાન્ડર કનિંગહામ* (Alexander Cunningham)



**જન્મઃ** 1814, લંડન.

**અવસાનઃ** 1893, લંડન

મૂળે બ્રિટીશ એન્જિનીયર સર એલેક્ઝાન્ડરની નિમણૂંક બેંગાલ એન્જિનીયર ગ્રૂપમાં કરવામાં આવી હતી. જેના નેજા નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વને લગતાં સંશોધનો શરૂ થયાં હતાં. આગળ જતાં તેમણે પુરાતત્વનાં ઉત્ખનન/ ખોદકામ અને સંશોધનોને વ્યવસ્થિત રૂપ આપ્યું અને 'આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી- ઈ.સ.1861.

સર એલકેઝાન્ડર કનિંગહામના સંશોધન-અહેવાલો અને પુસ્તિકાઓના પ્રભાવ નીચે હિંદુસ્તાનમાં પુરાતત્વ-સંશોધનનાં અસંખ્ય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા. તેમને પુરાતત્વીય સંશોધનના જનક કહી શકાય.





### 2. *સર જહોન માર્શલ* (John Marshall)



**જન્મઃ** 1876, ચેસ્ટર, ઈંગ્લંડ.

**અવસાનઃ** 1958, ગિલફોર્ડ, ઈંગ્લંડ.

સર જહોન માર્શલ ઈતિહાસ અને પુરાતત્વના ક્ષેત્રે બહુ મોટું નામ કહેવાય. 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા'ના નિર્દેશક(ડાયરેક્ટર)પદે 1902થી 1928 સુધી કામગિરી બજાવનાર આ વિદ્વાન સંશોધકે જ હડપ્પા અને મોંએં-જો-દડોના ઉત્ખનન-સંશોધન કરાવ્યાં હતા. તદુપરાંત સાંચી, સારનાથ અને તક્ષશિલા જેવાં બૌદ્ધ સ્થાનકોના સંશોધન-ઉત્ખનનમાં તેઓ અગ્રેસર હતા. આ તમામ સંશોધનોના અહેવાલો અને અભ્યાસ ગ્રંથો એમનું અત્યંત મહત્વનું પ્રદાન કહી શકાય. ભારત / હિંદુસ્તાનના ઈતિહાસ-સંસ્કૃતિ અને પુરાતત્વના ક્ષેત્રે આર્યપૂર્વેની મહાન સિંધુ સભ્યતાના દરવાજા ખોલી આપનાર આ સંશોધકે નવી જ દિશાઓ ખોલી દીધી; જેને કારણે હિંદુસ્તાન તરફના દૃષ્ટિકોણ અને મૂલ્યાંકન ઉપર મોટો પ્રભાવ પડ્યો.

### 3. *પ્રો. રાખાલદાસ બેનરજી* (R. D. Banerji)



**જન્મઃ** 1885, બહેરામપોર- બંગાળ(બ્રિટીશ ઇંડિયા)

**અવસાનઃ** 1930, કલકત્તા-બંગાળ(બ્રિટીશ ઇંડિયા)

સિંધુ-સભ્યતાના સંશોધક પ્રો. રાખાલદાસ બેનરજી હિંદુસ્તાનના ઈતિહાસ-પુરાતત્વ-પ્રાચ્યવિદ્યાઓ-અભિલેખ વિદ્યાનાં પ્રથમ હિંદુસ્તાની તજજ્ઞ વિદ્વાનનું સન્માન ધરાવે છે.

સિંધુ સભ્યતાની જગ્યાઓની શોધખોળમાં તેઓ અગ્રેસર હતા. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પ્રધ્યાપક તરીકે રહી ચૂકેલા પ્રો.બેનરજીને હિંદુસ્તાનના 19મી સદીના નવજાગરણકાળના એક અગત્યના ઇતિહાસવેત્તા તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

## 4. *ડો.એસ.આર.રાવ* (Dr. S. R. Rao)



**જન્મઃ** 1922, કર્ણાટક.

**અવસાનઃ** 2013, કર્ણાટક.

ડો.એસ.આર.રાવનું નામ પણ સિંધુ-સભ્યતાનાં ઉત્ખનન-સંશોધન સાથે સંકળાયેલું છે. ખાસ તો 1954માં ગુજરાતમાં લોથલ ઉપરાંત રંગપુર-રોઝડી-દેશલપર વગેરે નાનીમોટી સાઇટ્સ ઉપર ખોદકામ કરાવીને પ્રાપ્ત નમૂનાઓનું પંજીકરણ, વર્ગીકરણ, વગેરે કરાવીને સંગ્રહાલય યોગ્ય સામગ્રી બનાવડાવવામાં તેમનો મોટો ફાળો છે. અમદાવાદ જિલ્લાનું ‘લોથલ મ્યુઝિયમ’ ડો. રાવનું મહત્વનું પ્રદાન કહી શકાય.

બેટ દ્વારકાનું ઉત્ખનન-સંશોધન એ બીજું મહત્વનું પ્રદાન છે. જ્યાં સિંધુસભ્યતાની સમાંતર સભ્યતાની નગરીના અવશેષો મળ્યા છે- ખાસ તો દીવાલ, લંગર, પાટડા આદિ. પરંતુ આ સંશોધનને મહાભારત જેવા અર્ધ ઐતિહાસિક સાહિત્ય સાથે જોડીને અહીં જ શ્રીકૃષ્ણે સ્થાપેલી કુશસ્થલી-દ્વારકા હતી એમ પ્રચાર કરવામાં આવે છે.

ડો. એસ.આર.રાવે સિંધુસભ્યતાની લિપિ ઉકેલવાનો દાવો કરીને આને ભારતીય આર્ય ભાષા સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે, જે વળી મૂળમાં જ સિંધુસભ્યતાના આવિર્ભાવ સાથે મેળ ખાતો નથી. એમનો આ દાવો ચર્ચાસ્પદ છે અને હજી સર્વસ્વીકૃત બન્યો નથી. આમ છતાં, ડો.એસ.આર.રાવનું નામ ગુજરાતના પુરાતત્વ-સંશોધનના ક્ષેત્રે અગ્રગણ્ય રહેશે.





## 5. *જેમ્સ બર્જેસ* (James Burgess)



**જન્મઃ** 1832, ઇંગ્લેન્ડ.

**અવસાનઃ** 1916, ઇંગ્લેન્ડ.

જેમ્સ બર્જેસ પુરાતત્વ, ભારતીય વિદ્યા(ઇન્ડોલોજી), ઇતિહાસ અને હિંદુસ્તાનની ભૂગોળવિદ્યાના ક્ષેત્રનું એક જ્વલંત નામ.કલકત્તા અને મુંબઇમાં એમની પ્રાધ્યાપક તરીકે નિમણૂંક કરવામાં અવી હતી. 1868થી 1873 સુધી તેઓ ‘બોમ્બે જ્યોગ્રોફિકલ સોસાયટી’ના મંત્રીપદે રહ્યા હતા. 1873માં વેસ્ટર્ન ઇન્ડિયાના ‘આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા’ના અધ્યક્ષપદે હતા અને સાઉથ ઇન્ડિયાના- 1881 દરમ્યાન આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના નિર્દેશક તરીકે(ડાયરેક્ટર) 1886-89 સુધી રહ્યા.

તેમણે ભારતીય વિદ્યા અને પુરાતત્વક્ષેત્રે અસંખ્ય ગ્રંથો લખ્યા છે; જેમાં ગુજરાત વિશેનાં કેટલાંક ઉલ્લેખનીય પુસ્તકો છે-

1. શત્રુંજય
2. સોમનાથ-જૂનાગઢ-ગિરનાર.
3. સિનરી એન્ડ આર્કીટેક્ચર ઇન ગુજરાત-રાજસ્થાન.
4. ડભોઇ.
5. જૈનધર્મ.

ગુજરાત વિશેના આ ગ્રંથોએ ગુજરાતના ઇતિહાસ-પુરાતત્વના અભ્યાસુઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

## 6. *પ્રો. રશબ્રૂક વિલિયમ્સ*

**જન્મઃ** 1890.

**અવસાનઃ** 1973

કચ્છના આ ઇતિહાસલેખક મૂળે તો બ્રિટીશ સરકારે નિમેલા કચ્છના કલેક્ટર હતા. પણ પૂર્વની સભ્યતા-સંસ્કૃતિ પ્રત્યેના એમના લગાવને કારણે, જિજ્ઞાસા

અને સન્માનને કારણે તેમણે પોતાના કાર્યક્ષેત્ર-કચ્છ-નો રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ લખ્યો- 'ધ બ્લેક હિલ્સ.'

આ ઉપરાંત આજે પાકિસ્તાનમાં છે એવા પ્રદેશોમાં પણ તેમણે વહીવટી અધિકારી તરીકે કામ કર્યું હતું. મધ્યપૂર્વના દેશોમાં પણ કામ કર્યું હતું. તેમણે જે તે પ્રદેશોના અનુભવો, સાંસ્કૃતિક ઇતિહાસ તેમ જ રાજકીય ચરિત્ર વિશે ખાસ્સું લખ્યું છે; જેમાંનાં કેટલાંક પુસ્તકો જાણીતાં છેઃ

1. પાકિસ્તાન અન્ડર ચેલેન્જ.
2. વૉટ અબાઉટ ઇન્ડિયા?
3. ઇન્ડિયા ઇન 1921-22,
4. એથ્નીક ડાયવર્સિટી ઇન ઇન્ડિયા.
5. હેન્ડબુક ફોર ટ્રાવેલર્સ ઇન ઇન્ડિયા, પાકિસ્તાન એન્ડ નેપાલ.
6. ધ ઇસ્ટ પાકિસ્તાન ટ્રેજેડી,
7. ગ્રેટ મેન ઓફ ઇન્ડિયા
8. ધ સ્ટેટ ઓફ ઇસ્રાયેલ... વગેરે

પ્રો. રશબ્રૂક વિલિયમ્સ 'ઓક્સફર્ડ ફેલો'હતા. તેમણે અલ્હાબાદ યુનિવર્સિટીમાં અર્વાચીન ભારતના ઇતિહાસનું અધ્યાપન પણ કર્યું હતું. B.B.C.ના ઇસ્ટર્ન સર્વિસીઝના નિયામક રહ્યા તેમ જ 'લંડન ટાઇમ્સ'ના સંપાદકમંડળમાં પણ હતા. 'રોયલ સેન્ટ્રલ એશિયન સોસાયટી' અને 'એન્સાઇક્લોપિડિયા બ્રિટાનિકા'માં લેખન પણ કર્યું હતું. સૂફીવાદ પ્રત્યેના તેમના આકર્ષણે સૂફીઓના સંપર્ક અને સૂફી સાહિત્યના અનુવાદનું પ્રદાન પણ કર્યું.

રશબ્રૂક વિલિયમ્સ 'પૌરસ્ત્ય વિદ્યાઓ (પૂર્વની વિદ્યાઓ)ના વિદ્વાન આશિક' હતા એમ કહી શકાય.





## 7. *પ્રો. મૅક્સ મૂલર* (Max Müller)




**જન્મઃ** 1823

**અવસાનઃ** 1900,

જર્મનીમાં જન્મેલા મૅક મૂલરનું પ્રાથમિક તેમ જ ઉચ્ચ શિક્ષણ લિપઝિગ-જર્મનીમાં થયું. ઇંગ્લેંડમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના વિદ્વાન પ્રાધ્યાપક તરીકે કારિકર્દી ઘડાયા પછી પૌરસ્ત્યવિદ્યા-ભારતીય વિદ્યાઓની શાખા અને તુલનાત્મક ધર્મના અભ્યાસની વિદ્યાશાખા ત્યાં તેમણે શરૂ કરાવી. પોતે પ્રાચ્યવિદ્યા અને ભારતીય વિદ્યાઓ વિષયક પુસ્તકો લખ્યાં અને લખાવ્યાં. હિંદુ ધર્મનાં ગ્રંથોના અંગ્રેજી અનુવાદના 50 પુસ્તકો 'સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ'ના નામ તૈયાર કરાવ્યાં.

સંસ્કૃત ઉપરાંત ગ્રીક, લેટિન, અરેબિક અને ફારસી ભાષાના તેઓ નિષ્ણાત ભાષાશાસ્ત્રી કહેવાયા.

## 8. *પ્રો.એ.બી.કીથ* (Arthur Berriedale Keith)




**જન્મઃ** 1879, સ્કોટલેન્ડ.

**અવસાનઃ** 1944.

આ સ્કોટીશ વિદ્વાન મૂળે બંધારણ-નિષ્ણાત હતા અને વિશ્વના ઘણા બધા દેશોના બંધારણ વિશેના અભ્યાસ ગ્રંથો તેમ જ સમીક્ષાગ્રંથો તેમણે લખ્યા છે. તદુપરાંત સંસ્કૃતભાષાના આ પંડિત ભારતીય વિદ્યાઓના પણ પ્રધ્યાપક હતા.

એડિનબરો યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાઓના અધ્યાપન દરમ્યાન તેમણે જે અનેક ગ્રંથો લખ્યા તેમાંના મહત્વના છે- 1.ઇન્ડિયન માયથોલોજી, 2.રિલિજીયન એન્ડ ફિલોસોફી ઓફ ધ વેદ અને ઉપનિષદ. 3.બુદ્ધિસ્ટ ફિલોસોફી ઇન ઇન્ડિયા અને 4.હિસ્ટ્રી ઓફ સંસ્કૃત લિટરેચર.

## 9. *સર વિલિયમ જોન્સ* (William Jones)



**જન્મ:** 1746, વેલ્શ.

**અવસાન:** 1794, કલકત્તા.

આ અંગ્રેજ ભાષાશાસ્ત્રી ભારતીય પ્રાચ્યવિદ્યાના વિદ્વાન તરીકે પ્રખ્યાત થઇ ગયા. ભારતીય આર્ય અને યુરોપિયન ભાષાઓના અસ્તિત્વ અને પરસ્પર સંબંધ વિષે વિચારનારા, આ પુરોગામી વિદ્વાને 'એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ'ની સ્થાપના કરી અને નવીન વિદ્યાશાખાઓ અને સંશોધનોની શરૂઆત કરી.

18મી સદીથી જ પર્શિયા, તુર્કસ્તાન અને મધ્ય પૂર્વના દેશોના અધ્યાપનની શરૂઆત કરનાર આ પંડિતે વિશ્વને પૂરવાર કરી આપ્યું કે હિંદુસ્તાન મદારીઓ, સાધુઓ અને રાજાઓનો જ દેશ નથી પણ ભવ્ય સાંસ્કૃતિક પરંપરા ધરાવતી પ્રાચીન ભૂમિ છે. કહી શકાય કે હિંદુસ્તાન પ્રત્યે પશ્ચિમના દષ્ટિકોણને બદલવાની એમણે પહેલ કરી હતી.

## 10. *જેમ્સ ટોડ* (James Tod)

**જન્મ**: 1782, ઇંગ્લેન્ડ

**અવસાન**: 1835, લંડન, ઇંગ્લેન્ડ

લેફનન્ટ કર્નલ જેમ્સ ટોડ બ્રિટીશ અધિકારી હતા પણ પૌરસ્ત્યવિદ્યાઓના વિદ્વાન પણ ખરા જ. પોતાની પદવી(પોસ્ટ)ના સંદર્ભે તેમણે પશ્ચિમ ભારત-રાજસ્થાન







તેમ જ બીજે પણ ઠીકઠીક પ્રવાસો કરેલા. ઇતિહાસ અને સંસ્કૃતિમાં રસ ધરાવનારા આ અધિકારીએ રાજપુતાનાનો ઇતિહાસ લખ્યો. 'રાજસ્થાન'નામે; જે ખૂબ ચિત્રાત્મક અને મનોરંજક પણ બન્યો છે. ઘણા ઇતિહાસકારોએ એમની પૂર્વ પ્રત્યેની પક્ષપાતની નીતિની ટીકા કરી છે પરંતુ 18મી સદીના હિંદુસ્તાનના ઇતિહાસ-લેખનમાં એમનો અનન્ય ફાળો એટલે પણ છે કે માત્ર રાજસ્થાન જ નહિ-કચ્છ, કાઠિયાવાડના રાજપૂત વંશોનાં મૂળ અને કૂળ વિશેની માહિતી પણ એમાં વિગતવાર મળે છે. વિરલ હિંદપ્રેમીઓમાં કર્નલ ટોડની ગણના અચૂક થતી રહેશે.

## 11. *રવીન્દ્રસિંગ બિષ્ટ* (Ravindra Singh Bisht)



**જન્મ**: જાન્યુઆરી, 1944, ઉત્તરપ્રદેશ, ભારત.

સિંધુ ઘાટી સંસ્કૃત વિષેના તજજ્ઞોમાં ડો. રવીન્દ્રસિંગ બિષ્ટનું નામ જાણીતું છે. તેનાં ઉત્ખનન, સંશોધન અને અધ્યયનના ક્ષેત્રે ખાસ તો ધોળાવીરામાં કરાવેલું એમનું કાર્ય મહત્વનું છે. તે ઉપરાંત હરિયાણા, જમ્મુ અને કાશ્મીરમાં થઇ રહેલા પુરાતત્વીય સંશોધનના સંચાલક ડો.બિષ્ટ છે. નાલંદા, વૈશાલી જેવા બિહારના સ્થાનકો તેમ જ લુધિયાના-પંજાબમાં પણ આ સંદર્ભે ઉત્ખનન સંશોધન શરૂ થઇ ગયાં છે; જેમાં તેઓ માર્ગદર્શક છે. આ ઉપરાંત દેશભરનાં પુરાતત્વીય સંગ્રહસ્થાનોના નિર્માણ અને સંશોધનમાં પણ તેમનો મહત્વનો ફાળો છે. ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' પુરસ્કાર આપ્યો છે.

ધોળાવીરા વિષયક લેખો અને સંશોધન ગ્રંથો એમનું મુખ્ય પ્રદાન છે.

## 12. એલેક્ઝાન્ડ કિનલોક ફોર્બ્સ (ફારબસ સાહેબ)

### (Alexander Kinloch Forbes)



**જન્મ:** 1821

**અવસાન:** 1865.

ફારબસ સાહેબના નામે જાણીતા આ અંગ્રેજ હાકેમે અમદાવાદના અને એક તબક્કે સમગ્ર ગુજરાતના સાંસ્કૃતિક જગતને 'આધુનિકતા'ના માર્ગે ચડાવવામાં કદાચ પહેલો પ્રથમ અને મહત્વનો ફાળો આપ્યો હતો.

1843માં બોમ્બે પ્રેસિડેન્સીના વહીવટી અધિકારી તરીકે ભારત આવેલા માનવતાપૂર્ણ અભિગમ ધરાવતા ફૉર્બ્સ સાહેબ અંગ્રેજોની ટીકાના પાત્ર બન્યા હતા.

1848માં અમદાવાદમાં તેમની નિમણૂંક થઇ ત્યારે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિનો અભ્યાસ તેમણે ગુજરાતીના જાણીતા કવિ દલપતરામ પાસે કર્યો. ત્યારથી જાણે ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કાર જગતને નવો વળાંક આપવા પ્રતિબદ્ધ થયેલા ફારબસ સાહેબે 1848માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની (હાલ ગુજરાત વિદ્યાસભા) સ્થાપના કરીને ભાષા સાહિત્યમાં સંશોધન-અભ્યાસોની શરૂઆત કરાવી. એમણે અમદાવાદની પહેલી મહિલાશાળા, પહેલું ગુજરાતી સામયિક (બુદ્ધિપ્રકાશ) શરૂ કરાવ્યાં ઉપરાંત પહેલું પુસ્તકાલય (આપારાવ ભોળાનાથ લાયબ્રેરી) ની સ્થાપના કરાવી. ગુજરાતના વિદ્વાનો, મહાજનો અને પ્રજાજનો સાથે મળીને શિક્ષણ જગતમાં પણ ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ શરૂ કરાવી.

કવિ દલપતરામની સાથે મળીને, ગુજરાત-સૌરાષ્ટ્રનો પુરાતત્વીય-લોકવિદ્યાના સંશોધન માટેનો લાંબો પ્રવાસ ખેડીને 'રાસમાળા-1,2'ના નામે ગુજરાત-સૌરાષ્ટ્રના મૌખિક સાહિત્યનો ગ્રંથ પ્રગટ કર્યો જે આજે પણ 1000 વર્ષના ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ (8મી સદીથી 19મી સદી સુધી) તરીકે અજોડ અને અનોખું પ્રદાન ગણાય છે.

★★★





# પરિશિષ્ટ - 2

## સફરનામા પુસ્તક શ્રેણી : સંદર્ભ સૂચિ


| | પુસ્તકનું નામ | લેખક/સંપાદક |
|---|---|---|
| 1. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ: ગ્રંથ - 7 | રસિકલાલ પરીખ / હરિપ્રસાદ શાસ્ત્રી |
| 2. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ: ગ્રંથ - 8 | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 3. | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ: ગ્રંથ - 9 *(શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન - સંશોધન કેન્દ્ર)* | હરિપ્રસાદ શાસ્ત્રી/ પ્રવીણચંદ્ર પરીખ |
| 4. | ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (સલ્તનત અને મોગલકાળ) *(એન.બી.એસ. બુક ડિપો)* | મૌલાના સઈદ અબુઝફર નકવી |
| 5. | ઈતિહાસનાં પાનાં પર રક્તછાંટા *(પીપલ્સ બુક હાઉસ)* | ભગવતશરણ ઉપાધ્યાય |
| 6. | મારૂં હિંદનું દર્શન *(નવજીવન પ્રકાશન મંદિર)* | જવહરલાલ નહેરૂ |
| 7. | સંસ્કૃતિ દર્પણ | ડો. આર.ટી. સાવલિયા |
| 8. | ગુજરાતમાં પ્રવાસન *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | ડો. મેહબૂબ દેસાઈ |
| 9. | યાત્રાપર્વ *(ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય)* | વાડીભાઈ જોશી |
| 10. | ગુજરાત અને ગુજરાતી *(નવભારત સાહિત્ય મંદિર)* | ચંદ્રકાંત બક્ષી |
| 11. | .મહાજનોની યશગાથા *(આર.આર. શેઠની કંપની)* | મકરન્દ મહેતા |

12. હિંદુ-મુસ્લિમ સપ્રમાણતા અને માનવીય જોડાણઃ સાંસ્કૃતિક અહેવાલ
    અજાણ્યું ગુજરાત
    (*ઉત્થાન, સફર અને સમર્થ*)

13. ગુજરાતની અસ્મિતા — રજની વ્યાસ
    (*અક્ષરા પ્રકાશન*)

14. સંસ્કૃતિ સંદર્ભ — રઘુવીર ચૌધરી

15. ગુજરાતની કીર્તિગાથા — ક.મા. મુનશી

16. આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો — મોહન દાંડીકર
    (*યજ્ઞ પ્રકાશન*)

17. પ્રવાસનઃ સિધ્ધાંત અને વ્યવહાર — ડો. મેહબૂબ દેસાઇ
    (*ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય*)

18. ગુજરાતની હિંદુદેવીઓનું પ્રતિમા વિધાન — ડો. રામજીભાઇ સાવલિયા, આશુતોષ સાવલિયા

19. ગુજરાત- સાંસ્કૃતિક પ્રવાસ (ટૂંકો પરિચય) — ડો. સરૂપધ્રુવ
    (*સંવેદન કલ્ચરલ પ્રોગ્રામ*)

20. તીર્થભૂમિ ગુજરાત — રઘુવીર ચૌધરી
    (*રંગદ્વાર પ્રકાશન*)

21. મિરાતે અહમદી — મીરઝા મોહમ્મદ હસન.
    અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
    (*સરખેજ રોઝા કમિટી*)

22. તારીખે અવાલિયા-એ-ગુજરાત — મીરઝા મોહમ્મદ હસન.
    મિરાતે અહમદી (પુરવણી) ભાગ- 3
    અનુઃ નિઝામુદ્દીન ફારૂખી ચિસ્તી
    (*એન.બી.એસ. બુક ડિપો*)

23. મિરાતે સિકંદરી — મોહમ્મદ સિકંદર
    (સિકંદરકૃત ગુજરાતના સુલ્તાનોનો ઇતિહાસ)
    અનુઃ આત્મારામ મોતીરામ દિવાનજી
    (*સરખેજ રોઝા કમિટી*)





**પુસ્તકનું નામ — લેખક/સંપાદક**

24. ગુજરાતનું ગૌરવઃ ઇતિહાસ સામે પડકારો — ડો. મંગુભાઇ પટેલ
    (ગુજરાત ઇતિહાસ પરિષદ 25મું અધિવેશન, જયપુર)
    (પ્રમુખ પ્રવચન)
    (*ગુજરાત ઇતિહાસ પરિષદ*)

25. ઇતિહાસ અને સાહિત્ય — ભોગીલાલ સાંડેસરા
    (*ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય*)

26. ઇતિહસઃ સ્વરૂપ અને પધ્ધતિ — રસિકલાલ પરીખ
    (*ગુજરાત યુનિવર્સિટી*)

27. ગુજરાતના ઘડવૈયાઃ સ્વ-વિકાસની પ્રયોગશાળા — મકરંદ મહેતા
    (13મી સદીથી19મી સદી સુધી, ગ્રંથ-1)
    (*અરૂણોદય પ્રકાશન*)

28. ગુજરાતની ઇતિહાસ સંશોધન પ્રવૃત્તિનું સિંહાવલોકન — હીરાલાલ પારેખ
    (ગુજરાતી સાહિત્ય સંમેલન : 12મું અધિવેશન)
    (*ગુજરાતી સાહિત્ય સંમેલન*)

29. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન — હીરાલાલ પારેખ

30. ઐતિહાસિક સંશોધન — દુર્ગાશંકર શાસ્ત્રી
    (*ગુજરાતી સાહિત્ય પરિષદ*)

31. સંપ્રદાયવાદ અને ભારતીય ઇતિહાસ લેખન — રોમિલા થાપર, હરબંસ મુખિયા, બિપિન ચંદ્ર
    (*લોકવાંગ્મય ગૃહ*)

32. તસ્વીરે ગુજરાત — વિષ્ણુ પંડયા
    (*પાર્શ્વ પ્રકાશન*)

33. 21મી સદીનું ગુજરાત — પ્રવીણ શેઠ અને બલદેવ આગજા
    (*પાર્શ્વ પ્રકાશન*)

| | | |
|---|---|---|
| 34. | ગુજરાતમાં સૂફી ઔલિયાઓએ લખેલા ફારસી ગ્રંથો (*એન.બી.એસ.બુકડિપો*) | દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી |
| 35. | પુરાણોમાં ગુજરાત (*ગુજરાત વિદ્યાસભા*) | ઉમાશંકરજોશી |
| 36. | તારીખે સલ્તનત-એ-ગુજરાત | |
| 37. | તારીખે અવાલિયા - એ- ગુજરાત (મિરાતે અહમદી) ભાગ-3 | |
| 38. | સૌરાષ્ટ્રનો ઇતિહાસ (1948 થી 1956) (*દર્શક ઇતિહાસ નિધિ*) | એસ.વી. જાની |
| 39. | ગુજરાત અને દરિયો (*દર્શક ઇતિહાસ નિધિ*) | મકરંદ મહેતા |
| 40. | A Cultural History of India | Basham |
| 41. | The Shaping of Modern Gujarat - Plurality, Hindutva and Behind. (*Penguin Books*) | AchyutYagnik, Suchitra Seth |
| 42. | Sufism & Bhakti in South Asia (*Orient Blackswann*) | Kavita Punjabi |
| 43. | An Introduction to the study of Indian History (*Popular Prakashan*) | D. D. Kosambi |
| 44. | Aryan Invasion Theory - Fabrications and Fallouts (A Distinctive Cultural Magazine of India, Vol-40, No-1, Issue-79) | Ed. P. Parameshwaram |
| 45. | History of International Trade and Customs Duties in Gujarat (*Darshak Ithihas Nidhi* ) | Makrand Mehta |





# પરિશિષ્ટ - 3

## ઉત્તરગુજરાત સંદર્ભ સૂચિ

| સંખ્યા | પુસ્તકનું નામ | લેખક / સંપાદક / અનુ. |
|---|---|---|
| 1. | તારંગાતીર્થ | શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી |
| 2. | શામળાજી યાત્રાળુઓનું પવિત્રધામ | શામળાજી વિષ્ણુ મંદિર સંસ્થાન |
| 3. | ઊંટેશ્વરી માતા મરિયા મંદિર | ગુજરાત ઇસુસંઘ |
| 4. | વડનગર - તસ્વીરોમાં | શૈલેશ રાવલ |
| 5. | The Idea of Gujarat (History, Ethnography and Text) (*Orient Black Swan*) | Edward Simpson |

## અમારાં પ્રકાશનો

**1. 'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00

**2. 'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00

**3. 'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

**4. 'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)

**5. 'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00

**6. હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00

**7. સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

**8. કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.

(યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)
2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો — રૂા. 25.00
3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00
4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)
5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00
6. **એક સરહદી ઈચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00





**9. ઉમ્મીદ હોગી કોઈ(2009)** — સરૂપ ધ્રુવ
(2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ)
(રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) — રૂા. 150.00

**10. કાવતરું ખરું; પણ કોનું ? (2011)** — રૂા. 20.00
(તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ)

***11. આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૪ પુસ્તકો (2013 )***

1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઈ પટેલ — રૂા. 75.00
3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00
4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00
5. **ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા** — **સરૂપ ધ્રવ** — રૂા. 125.00
6. **દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા** — **સુભાષ ગાતાડે** — રૂા. 75.00
7. **મૂડીવાદ અને આધુનિકતા** — **હિરેન ગાંધી**, **ડૉ. વિભૂતિ પટેલ** — રૂા. 125.00

**12. કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)**
(ન્યૂ સોશ્યાલિસ્ટ ઈનિશિયેટિવનું ઘોષણાપત્ર) — રૂા. 20.00

**13. શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014) (લેખ સંગ્રહ)** — હિરેન ગાંધી — રૂા. 50.00

**14. સ્ટ્રીટ થિયેટર(2014) (અનુભવો અને સંવેદનો)** — હિરેન ગાંધી — રૂા. 50.00

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હે ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી રૂ. 50.00
   (રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)
2. **હમ (2008)** રૂ.100.00
   (-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)
3. **ઐસા ક્યોં ? (2010)** રૂ. 150.00
   (સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)
4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
   (આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂ. 150.00

**વેબ સાઈટ : www.darshanahmedabad.org**

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**
પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.
**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**
9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.

# લેખકનો પરિચય




**ડૉ. સરૂપ ધ્રુવ**
જન્મ:1948
અભ્યાસ:એમ.એ. ; પી.એચ.ડી.
પ્રતિબદ્ધ સામાજિક-રાજનૈતિક કવયિત્રી-નાટ્ય લેખક-સાંસ્કૃતિક કર્મશીલ તથા ભાષા અને સંસ્કૃતિ શિક્ષક-અવૈધિક શિક્ષણકર્તા.


## પ્રકાશિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧. | મારા હાથની વાત | કાવ્ય સંગ્રહ | [1981] |
| ૨. | સળગતી હવાઓ | કાવ્ય સંગ્રહ | [1995] |
| ૩. | હસ્તક્ષેપ | કાવ્ય સંગ્રહ | [2003] |
| ૪. | સળિયારા સૂરજની ખોજમાં | ગીત સંગ્રહ | [2003] |

૫. હીરનો હીચકો
દલિત મહિલાઓના લોકગીતોનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ કરતું અભ્યાસ પુસ્તક [2001]

૬. 'કાળમુખો અંધાર ભેદવા'
વિશ્વભરની વિવિધ ભાષામાં સામ્પ્રદાયિકતા સંદર્ભે લખાયેલી કેટલીક વાર્તાઓ-કવિતાઓનાં કુલ 6 સંગ્રહનું સહસંપાદન. [2003]

૭. ઉમ્મીદ હોગી કોઈ (હિન્દી)
ગુજરાત જનસંહાર 2002ની સત્યઘટનાઓ ઉપર આધારિત કથાનક સંગ્રહ [2009]

8. આધુનિકતા એટલે.....
આધુનિકતાની ખોજમાં પુસ્તક શ્રેણી - 1 [2013]

9. મહિલાઓના સવાલો, મહિલા આંદોલનો અને આધુનિકતા
આધુનિકતાની ખોજમાં પુસ્તક શ્રેણી - 3 [2013]
સહલેખન : હિરેન ગાંધી

10. ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા [2014]